THE

Self-English Instructor.

ધી સેલ્ફ ઇંગ્લીશ ઇન્સ્ટ્રક્ટર.

અથવા

રાજભાષા.

ઇંગ્રેજી શિખવનાર ભોમિયો.

[આવૃત્તિ ૪ થી.]

પ્રસિદ્ધ કર્ત્તા,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણ દરવાજા—અમદાવાદ.

કીંમત રૂ. ૧-૪-૦.

THE
SELF-ENGLISH INSTRUCTOR

ધી સેલ્ફ ઇંગ્લિશ ઇન્સ્ટ્રક્ટર

અથવા

રાજભાષા.

(ઇંગ્રેજી શિખવનાર ભોમિયો.)

સુધારા વધારા સહિત.

રચનાર,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા—અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણ દરવાજા—અમદાવાદ.

ચોથી આવૃત્તિ. પ્રત ૩૦૦૦.

સને ૧૯૧૬. સંવત ૧૯૭૨.

કીંમત રૂપીઓ સવા.

શ્રી "સત્યનારાયણ" પ્રિ. પ્રેસમાં પટેલ મોતીલાલ
કાળીદાસે છાપી. ઠે. સીવીલ હૅસ્પીતાલ સામે
પાનાભાઇની વાડીમાં—અમદાવાદ.

બીજી તથા ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના.

આ પુસ્તકની પહેલી અને બીજી આવૃત્તિને જનસમાજ તરફથી ઘણોજ સારો આવકાર મળવાથી ટુંક સમયમા આ ત્રીજી આવૃત્તિની જરૂર પડી છે, તે તેના ઉપયોગીપણાની પુરતી સાબીતી છે. જે જે ગૃહસ્થોએ આ નાનકડા પુસ્તકને આવકારથી વધાવી લીધું છે, તેઓનો હું બેશક આભાર માનું છું. આ પુસ્તકને માટે બીજા ગૃહસ્થો, જાહેર વર્તમાન પત્રો અને આ પુસ્તક ઉપરથી અભ્યાસ કરી બીજા પુસ્તકો મંગાવેલા એવા હજારો પત્ર માહેલા થોડા પત્રો આમાં નામ સાથે આપેલા છે. અને તે આપનાં જે કાઇ સુચનાઓ અને પ્રશસા કરી છે તે માટે તેઓનો પણ હુ ઉપકાર માનું છું. તેઓએ કરેલી સુચનાઓ ઉપર આ ચોથી આવૃત્તિ વખતે ધ્યાન આપવામા આવ્યુ છે. અને હજી પણ જે કાંઈ સુચનાઓ કરવામા આવશે, તેના ઉપર યોગ્ય વિચાર કરવામા હું આનંદ માનીશ. આ આવૃત્તિમા ઘણોજ સુધારો અને વધારો કરવામા આવ્યો છે. લખાણ પણ ઘણુંજ વધેલું છે. એટલે સુધી કે અદ્યાપી સુધીમા બહાર પડેલાં આવી ઢબના પુસ્તકો પૈકીનું એક પણ એટલા પૃષ્ટનું છેજ નહી. તે ઉપરથી વાચનારને ખાત્રી થશે કે આ પુસ્તકની ઈમારત ઘણીજ સારી ઘડવામા આવી છે. તે બાબત તેની અનુક્રમણીકા જોવાથી ખાત્રી થશે.

આ પુસ્તક શીખનારને કઈ પણ શિખવામા અડચણ પડે અને કાઈ પણ ખુલાસો જોઇશે તો તે મને લખી જણાવશે તો હું તેને લખી મોકલીશ, અગર જો તે અમારી પાસે ઇંગ્રેજી શીખવામા કંઇ પણ સલાહ માગશે તો હું પણ તેને આપીશ.

જુજ અભ્યાસને માટે ઉપયુક્ત ડીક્ષનેરીયો પહેલી આવૃત્તીમાં સુચવવામાં આવી છે ને છતા જેઓને વિશેષ અભ્યાસની જીજ્ઞાસા છે તેઓ (ડી. ઈ. ગુ. ડી. બા. અંબાલાલ સા. દે. તથા સ્ટાન્ડર્ડ ડીક્ષનેરી વ્યાસ અને પટેલ કૃતનો) ખાસ ઉપયોગ કરવો, બીજી કાઈ ડીક્ષસનેરીપર વિશ્વાસ કરવો નહી અને તે અમારી મારફત મળી શકશે.

ત્રણ દરવાજા—અમદાવાદ. }
તા. ૧લી જાનેવારી સને ૧૯૧૬. } લી. મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

પ્રસ્તાવના.

બે બોલ.

આવી જાતનાં ઇંગ્રેજી શિખવનાર પુસ્તકો જોત જોતામાં પાંચ છ નીકળી ચુક્યાં છે અને એકનું દેખી બીજાને કરવાનું સુઝે છે, એવો અપવાદ દરેક નવા આવી જાતનાં પુસ્તક તૈયાર કરનાર પર મુકાય તેમાં નવાઈ નથી; પણ જો શિખનાર આ જાતના અત્યાર લગીમાં તૈયાર થયેલાં પુસ્તકો આ પુસ્તક સાથે તપાસશે તો તેને તુરતજ જણાશે કે આ પુસ્તકની ઇબારત તદ્દન આવી તેવી જાતના પુસ્તકો કરતાં જુદીજ છે. આ પુસ્તક તૈયાર કરવાનો હેતુ નિશાળે નહિ જનાર એવા ઘેર બેઠાં થોડું ઇંગ્રેજી શિખવા માગનારાઓને કંઈ સુલભ માર્ગ બતાવવાનો છે, અને તેથી તેનો ક્રમ એવો રાખવામાં આવ્યો છે કે જો શિખનાર આ પુસ્તકનો છ માસ સુધી નિયમિત અભ્યાસ કરે તો તેને રાજભાષા ઇંગ્રેજી રાજભાષાનું થરગતુ જ્ઞાન તેટલા અરસામાં થાય, અને તેટલો અભ્યાસ કર્યા પછી શિખનારે અંગ્રેજી ભાષાના ગ્રંથો, વર્તમાનપત્ર વગેરે વાચવાનો અભ્યાસ ચાલુ રાખવો (વધુ માટે શિખનારને સૂચના વાચો.)

આવી જાતનું પુસ્તકનું તૈયાર કરવાનો ઇરાદો મને સને ૧૮૯૧ ના ડિસેમ્બર માસમાં થયો હતો, અને તેનું કારણ A study of English via Bengalee (બેંગાલીદ્વારા અંગ્રેજીનો અભ્યાસ) એ નામનો ગ્રંથ એ હતો. પણ મનુષ્યનું ધારવું અને ઇશ્વરનું કરવું એ કહેણી પ્રમાણે મોડો પણ આજે તે ઇરાદો પાર પડયો છે અને તેનું ફળ શિખનાર તેનો લાભ લઈ આપશેજ એવી આશા છે.

આ ગ્રંથ એકજ ભાગમાં પુરો કર્યો છે અને તેનો હેતુ વધુ કિંમત રાખી પૈસાની લુટ કરવાનો નથી પણ થોડી કીંમતમાં વધુ જ્ઞાન આપવાનો છે. આ પુસ્તકમા જે કંઇ આવ્યું છે તે તેની જાતનાં આજ લગી નિકળેલા તેવાં પુસ્તકો કરતાં અઢીગણું મોટું છે, જ્યારે તેમા સમાવવામા આવેલી પદ્ધતી તદ્દન જુદીજ છે.

આ ગ્રંથ બાર ભાગમા પુરો કરવામાં આવ્યોછે;અને તે એક પછી એક શીખવાનો છે.

આ પુસ્તક તૈયાર કરવામા અનેક પુસ્તકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અને તે બધા ગ્રંથકારોનો અને મારા સ્નેહીઓએ જેણે મને વારંવાર અનેક સૂચના કરી છે તેનો આ પ્રસંગે સામટો ઉપકાર માનું છું.

આ પુસ્તક શિખનારને કંઇપણ શિખવામાં અડચણ પડે અને તેને કંઇપણ ખુલાસો જોઇએ તો તે જો મને લખી જણાવશે તો તુરતજ તેને તે લખી મોકલવામાં આવશે, એટલુંજ નહિ પણ તે નવા વાકયો પોતાની મેળે ગોઠવી મને સુધારવા મોકલશે તો તે પણ હું સુધારી મોકલીશ.

આ ગ્રંથકાર દરેક આ ગ્રંથ ખરીદનાર સાથે એટલી સરત કરે છે કે જો પુસ્તક ખરીધા પછી છ માસમાં તેને આ પુસ્તકનો અભ્યાસ કર્યા છતાં જો સાધારણ ઇંગ્રેજી ન આવડે તો તે દરેક એવા ખરીદી શિખનારને રૂ. ૧૦૦) નુકશાની આપવા બંધાય છે.

દરેક શિખનારને આ સાથે શિખનાર માટે આપેલી સુચના વાંચવા ખાસ ભલામણ કરવામાં આવે છે.

અમદાવાદ.
તા. ૧ લી મે ૧૯૦૧.

કર્તા—**રાજભાષા.**
ઠે. મહાદેવ રામચંદ્રને ત્યા–ત્રણ દરવાજા.

શિખનારને સૂચના.

આ પુસ્તકના બાર ભાગ કરવામા આવ્યા છે તેમાં શિખનારે પ્રથમ ભાગથી શરૂઆત કરવાની છે. કોઇપણ ભાષામા વ્યાકરણ પ્રથમ પાયો છે અને તેથી પહેલા ભાગમાં વ્યાકરણનું પહેલું પગથીયુ જે અક્ષર તેનું બ્યાન આપવામા આવ્યું છે, અક્ષરજ્ઞાન સારી રીતે આવડયું કે તેને વાચવાનું સુગમ પડવા માટે આ પહેલો ભાગ અવશ્ય કંઇપણ શિખ્યા પહેલા શિખવાના છે.

બીજા ભાગમાં—વ્યાકરણનું સાધારણ જ્ઞાન આપવામાં આવ્યું છે. આ ભાગ શિખનારથી શિખાય તો વધારે સારૂં છતાં અઘરો જણાય તો તેને મુકી દેવો, અને ત્રીજો ભાગ શિખ્યા પછી શિખવો.

ત્રીજો ભાગ—આ ભાગમા ૯૦ વાચનપાઠ આપ્યા છે. તે દરેક પાઠ શિખનારે દરરોજ પોતાના અનુકુળ વખત પ્રમાણે એક બે પાઠ શિખવાના છે. દરેક પાઠમાં શબ્દ તેના ઉચ્ચાર અને અર્થ આપવામાં આવ્યા છે તેમજ પાઠનો તરજુમો પણ આપ્યો છે એટલે શિખનારે પ્રથમ અર્થ તૈયાર કરવા અને પોતાને આવડે છે કે નહિ તે પોતાની મેળે તપાસવું. આમ ત્રણ માસમા શિખનારને સાધારણ વાંચતાં આવડે તેમ છે. પાઠનો ક્રમ નિસરણી માફક એક પછી એક વધુ અઘરો કરવામાં આવ્યો છે.

ચોથો ભાગ—આ ભાગમાં ફકત ઇંગ્રેજી વાંચનપાઠ આપ્યા છે જે તેમાં લખ્યા પ્રમાણે શિખવાના છે અને તેનો ક્રમ સાત માસ જેટલો છે.

પાંચમો ભાગ—આ ભાગમાં ફક્ત ગુજરાતી પાઠ આપવામાં આવ્યા છે. તે શિખનારે તેના ઇંગ્રેજી શબ્દ ડિક્ષનેરીમાંથી શોધી પોતાની મેળે ભાષાન્તર કરવા માટે છે. અને તે શિખનાર સુધારવા કર્તા તરફ મોકલાવશે તો તે સુધારશે. આનો ક્રમ એક માસનો છે.

આમ પાંચ ભાગ છ માસમાં શિખાય તેવી રીતે આ પુસ્તકની ગોઠવણી કરી છે અને પ્રથમ પાંચ ભાગ શિખ્યા પછી શિખનારે પોતાનું અગ્રેજી જ્ઞાન વધારવું હોય તો નીચે બતાવેલાં પુસ્તકોનો ઉપયોગ અનુક્રમે કરવો. પણ ભાષાન્તર માટે મીનીંગ બુકો નહિ વાપરતાં ફક્ત કારભારી કૃત ઇં. ગુ. ડિક્ષનરી રૂ. ૩ વાળી અને તેમનીજ ગુ. ઇં. ડિક્ષનરી રૂ. ૩ાા વાળી વાપરવી.

અંગ્રેજી વાંચવા સારૂ પુસ્તકોઃ—

Sandford and Merton (સેન્ડફર્ડ અને મર્ટન).
Lamb's, Tales from Shakespear (લેમ્સ્ ટેલ્સ્).
Gulliver's Travels (ગલીવર્સ ટ્રાવેલ્સ.)
Robinson Cruso. (રોબીન્સન ક્રુઓ)
Æsop's Fables (ઇસપ્સ્ ફેબલ્સ).
Arabian Knights (અરેબિયન નાઇટસ).

ગુજરાતીનું અંગ્રેજી કરવા સારૂ.

તરખડ કૃત ભાષાન્તર પાઠમાળા ભા. ૧.

રે. વેલ્સ કૃત ભાષાન્તર પાઠમાળા ભા. ૧ થી ૫.

કરણઘેલો.

મીસીસ ટેલર કૃત ગુજરાતી વાંચન સંગ્રહ.

આવી રીતે પાંચ ભાગ શિખ્યા પછી બાકીના સાત ભાગ આ પુસ્તકમાં લખ્યા પ્રમાણે શિખનારે પોતાના વખતને અનુસરીને તેનો અભ્યાસ કરવો.

આવી રીતે શિખનારે આ પુસ્તકનો ઉપયોગ કરવાનો છે. પણ લખવા વાંચવાનો જથુનો માવરો તે જ્ઞાન સંપાદન કરવાનો ધોરી માર્ગ છે.

શિખનારે ખાસ ઉપલી **બે ડિક્ષનેરી** હમેશાં પોતાની પાસે રાખવી અને તે આ બુકસેલર મારફતે મળી શકશે. બીજી કોઈ ડિક્ષનરીપર વિશ્વાસ કરવો નહિ.

વર્ત્તમાનપત્રોના અભિપ્રાય.

આ પુસ્તકમાં વ્યાકરણ શિખવા તરફ તથા શબ્દ સંગ્રહ, રૂઢ વાકયો, કહેવતો, અભ્યાસ પાઠો, મનોયત્નો, કાગળો વિગેરે સગ્રહ ઘણોજ આપવા તરફ સારૂ લક્ષ આપેલું છે.

દેશભક્ત વડોદરા.

એ ચોપડીમાં જણાવેલા રસ્તે કામ લેવાથી તેને થોડુ પણ ભાષાજ્ઞાન થઇ શકે તેવી રચના કરેલી છે,

કાઠિયાવાડ ટાઇમ્સ.

એ ચોપડી કોઈ બી શખ્સ જે કોઈ અગ્રેજી બોલવા, લખવા ઈચ્છતા હોય તેને માટે ઘણીજ સરસ છે

નવસારી પ્રકાશ.

આ પુસ્તકના બાર ભાગ પાડવામાં આવ્યા છે અને સાધારણ ગુજરાતી ભાષાનું જ્ઞાન ધરાવનાર રાજભાષા શિખવનાર કોઇ પણ જીજ્ઞાસુ ખતથી તેના એક એક ભાગનું અનુક્રમે અધ્યયન કરે તો પુસ્તક પુરૂ થતાં દરમિયાન તેને અંગ્રેજી ભાષાનો વ્યવહારીક કાર્યમાં જરૂર જેટલો સંસ્કાર થાય એવી પુસ્તકની કૃતી છે.

ગુજરાતી પંચ.

જે લોકો નોકરી કરી અભ્યાસ કરવા ધારે છે તેને અંગ્રેજી શિખવા માટે આ પુસ્તક એક સારી સગવડ કરી આપે છે. આજ સુધીમા જે પુસ્તક બહાર પડયા છે, તેમાંના કોઈ પણ પુસ્તક સાથે આ પુસ્તક સરખામણીમાં મૂકી શકાય તેમ છે.

પ્રજાબંધુ.

શિક્ષકની મદદ વિના અંગ્રેજી શિખનારાઓને માટે આ સમયમા જે કાંઇ સાધનો છે તેમાં આ પુસ્તક એક ઓર ઉમેરો કરેલો છે.

વિદ્યાર્થીજીવન

આ પુસ્તકનો સારો અભ્યાસ કરે તો અગ્રેજીનું સાધારણ જ્ઞાન મેળવી શકાય તેવું આ પુસ્તક છે અને તેથી દરેક અગ્રેજી શિખવા ઈચ્છનારને આ પુસ્તક વાપરવાની અમે ભલામણ કરીએ છીએ.

વિદ્યાવિનોદ.

વિદ્વાનોના અભિપ્રાય.

મિ. દત્તાત્રય કે. ગુપ્તે. બી. એ. અમદાવાદ ન્યુ ઇંગ્લીશ સ્કુલના માજી અને નાંદોદ હાઇસ્કુલના હેડ માસ્તર અંગ્રેજીમા લખે છે કે—મોટી ઉમ્મરે પહોંચેલાઓ જેઓ અંગ્રેજી શિખવા માગતા હોય તેના માટે તમારૂ પુસ્તક એક આશીર્વાદરૂપ છે.

મિ. આણુલાલ પારનેરીયા બી. એ. એલ. એલ. બી. વકીલ. અંગ્રેજીમાં લખે છે કે—" રાજભાષા " પુસ્તક વિષે મારો ઘણોજ સારો અભિપ્રાય છે. તેની ગોઠવણી ઘણીજ સહેલી છે. નિશાળે નહી જનારા અંગ્રેજી શીખનારે અવશ્ય તેનો ઉપયોગ કરવો.

મિ. હીરાલાલ મ. દેસાઇ બી. એ. ગોંડલ ગરાશિયા સ્કુલના આસિસ્ટંટ માસ્તર અંગ્રેજીમાં લખે છે કે—સેલ્ફ ઇંગ્લીશ ઇન્સ્ટ્રક્ટરનું પુસ્તક ઘણુંજ સારૂં તેમજ તેની ઇબારત વખાણવા લાયક છે, પુસ્તક અંગ્રેજી શીખવા ઇચ્છા રાખનારાએ જરૂર ખરીદવું જોઇએ.

મિ નારાયણ ભાસ્કર પંવડોદરા કેળવણી ખાતાના ડે. એ. ઇન્સ્પેક્ટર લખે છે કે—તેની રચના સારી છે, અને તે તમને બહુજ ઉપયોગી થઇ પડશે, એમાં શક નથી.

આ શિવાય બીજા વર્તમાન પત્રો અને વિદ્વાનોના ઘણાજ અભિપ્રાય આવેલા છે તે અમારા પાસે સંઘરેલા છે પણ જગ્યાના સંકોચને લીધે દાખલ કર્યા નથી. આવા અભિપ્રાયો એવી જાતના કોઇપણ પુસ્તક ઉપર મળ્યા હોય તો તે બતાવવા અમે ખુલ્લુ ચેલજ કરીએ છીએ.

આ પુસ્તક ઉપરથી અભ્યાસ કરનારા શું કહે છે ?

"રાજભાષા" નું પુસ્તક મોકલ્યું તે પહોચ્યું છે અને બીજી પણ "રાજભાષા" મોકલી આપશો. **જોશી ફુલચંદ સોમેશ્વર—કપડવણજ.**

તા. ૧૨–૭–૦૯.

"રાજભાષા" નું પુસ્તક મોકલ્યું તેની રચના ઘણી સારી છે અને મોટી ઉમરે પહોચેલો માણસ ખુશીથી અંગ્રેજી લખતાં વાચતાં શીખે તેવી તેની ગોઠવણ છે. **વિપ્ર કરૂણાશંકર ઉગીયાશંકર સમઢીઆળા** તા. ૨૯–૬–૦૯.

"રાજભાષા" નામનું પુસ્તક મોકલશો. આ પહેલાં એક "રાજભાષા" મંગાવી તે તમારા ધ્યાનમાં હશેજ **અબદુલ હુશન મુલ્લા યુજમઅલી પાલણપુર તા. ૧૧–૧–૦૯.**

"રાજભાષા" અંગ્રેજી બુક બહુજ સારી છે. હું પોતે અંગ્રેજી ભણેલો છું. પછી બીજા વાસ્તે મંગાવી હતી પણ બહુજ અક્કલ વાપરી છે. આ બુકનો અભ્યાસ કરતાં જલદી ઇગ્લીશ આવડે **છે. ઠાકોર ભાવસિંહજી કલ્યાણસિંહજી મુ. કાકરા સ્કુલ પો. આમલસાડ તા. ૨૩–૬–૦૮.**

"રાજભાષા" નું પુસ્તક શિખવા ઠીક પડે છે. Dhulabhai Dayabhai Head Constable Godhra.

તા. ૫–૮–૦૮.

"ધી સેલ્ફ ઈંગ્લીશ ઈન્સ્ટ્રકટર" વાંચી વાકેફ થઈ ઘણોજ ખુશી થયો છુ તો મારે બીજી પણ મંગાવવી છે તો આ કાગળ વાંચી જરૂર વી. પી. થી મોકલશો. **પુરોહિત સુગટરામ ગોકળદાસ જોડીઆ.** તા ૨૨–૯–૦૮

"રાજભાષા" ઈગ્લીશ ઈન્સ્ટ્રકટર નામનું પુસ્તક નથુભાઇ ખંડુભાઈ મીરપુર ગ્રામ્યશાળાના મહેતાજી ઉપર મંગાવ્યું અને આજરોજ બીજુ પુસ્તક નિચેના ઠેકાણે મોકલશો. **કાળા નારાયણ ગ્રામ્યશાળાના મહેતાજી મુ. સાગરી પો. મરોલી** તા. ૨–૩–૦૬.

" સેલ્ફ ઇંગ્લીશ ઇન્સ્ટ્રક્ટર " એ નામનું પુસ્તક મારા વાચવામાં આવ્યું છે, અને તે મને પસંદ છે માટે તે મોકલવા તસ્દી લેશો **દુધાભાઇ દાજીભાઇ એમ. ઈ. ગીશન નડીઆદ**

તા. ૨૩–૧૨–૦૮.

—●○●—

INDEX (અનુક્રમણિકા).

ભાગ ૨ જો.

ભાગ ૩ જો.

ભાગ ૪ થો.

ભાગ ૫ મો.

ભાગ ૬ ઠો.

ભાગ ૭ મો.

THE

SELF-ENGLISH INSTRUCTOR

અથવા

ઈંગ્રેજી ભાષા શિખવનાર ભોમિયો.

PART I.

ઇંગ્રેજ સરકાર આપણા દેશ ઉપર રાજ્ય ચલાવે છે અને તેથી તમામ કોર્ટોમાં આપણા રાજ્યકર્તાની ભાષા ચાલે છે, કાયદાઓ આપણા રાજ્યકર્તાની ભાષામાં છે, નોકરી મેળવનાર ઉમેદવારોને પણ તે ભાષાની ખાસ જરૂર પડે છે, મુખ્ય વ્યાપાર સંબંધી કાર્ય પણ તેજ ભાષામાં થાય છે, અને આ ભાષા તે ઇંગ્રેજી ભાષા છે, તે દરેક માણસે જાણવાની ખાસ જરૂર છે, અને તેથી ઈંગ્રેજી ભાષા રાજભાષા તરીકે લેખાય છે

ઇંગ્રેજી ભાષામાં ૨૬ અક્ષર છે. દરેક અક્ષરને ઇંગ્રેજીમાં a letter (એ લૅટર) કહે છે. **A** (એ) થી તે **Z** (ઝેડ) સુધીના તમામ અક્ષરોના સમુદાયને Alphabet (આલ્ફાબેટ્) અથવા મૂળાક્ષર કહે છે. A, B, C, (એ, બી, સી) વગેરે આ પંક્તિના અક્ષરો Capital letters (કૅપીટલ્ લૅટર્સ) મોટા અક્ષર અથવા મોટી એ. બી. સી. ના નામથી ઓળખાય છે; a, b, c, (એ, બી, સી,) આ અક્ષરો Small letters (સ્મૉલ લૅટર્સ્) અથવા નાની એ. બી. સી. ના નામથી ઓળખાય છે. અને *a, b, c,* આ અક્ષરો Italics (ઈટાલીક્સ્) નામથી ઓળખાય છે.

(**Italics** આ અક્ષરો ખાસ નામ વગેરે જણાવવામાં વપરાય છે.)

ઇંગ્રેજી મૂળાક્ષર.

A a એ B b બી C c સી D d ડી E e ઇ F f એફ્
G g જી H h એચ્ I i આઇ J j જે K k કે L l એલ્
M m એમ્ N n એન્ O o ઓ P p પી Q q ક્યુ
R r આર્ S s એસ્ T t ટી U u યુ V v વી
W w ડબલ્યુ X x એક્સ્ Y y વાય્ Z z ઝેડ્.

ઉપર બતાવેલા ૨૬ અક્ષરોમાં ૧ લા મોટી એ. બી. સી. માના છે અને બીજા નાની એ. બી. સી. માંના છે. જેમકે A મોટો એટલે Capital letters (કૅપીટલ્ લૅટર્સ્) માનો છે. અને a નાનો એટલે Small letters (સ્મોલ્ લૅટર્સ્) માનો છે.

ભણનારની સવડતા ખાતર ફરી નાની મોટી એ. બી. સી. નીચે પ્રમાણે આપી છે. આ અક્ષર ફક્ત છાપવામાં વપરાય છે. એટલે છાપેલી બુકો. અરજીઓ વર્તમાન પત્રો વગેરેમાં આ એ. બી. સી. વપરાય છે—પણ કાગળો લખવા વગેરેમાં વપરાતી એ. બી. સી. લખવાના નમુના સાથે આ કિતાબ પાછળ આપેલી છે. તે જુઓ.

મોટી એ. બી. સી. અગર *Capital Letters* (કૅપીટલ્ લૅટર્સ્).

A B C D E F G H I J K L M
N O P Q R S T U V W X Y Z.

(દરેક અક્ષરનો ઉચ્ચાર આપવામાં આવ્યો નથી. કેમકે પ્રથમ ઉચ્ચાર સાથે અક્ષરો લખવામાં આવ્યા છે. તે પક્કા કર્યાં પછી પોતાને બરાબર આવડે છે કે નહીં તે માટે ઉપલો અને નીચલો તબક લખવામાં આવ્યો છે.)

નાની એ. બી. સી. અથવા *Small letters* **(સ્મૉલ્ લૅટર્સ્.)**

a b c d e f g h i j k l m n o p q r s t u v w x y z.

1 2 3 4 5 6 7 8 9 10.

Figures **(ફીગર્સ્) યાને અંક.**

૧ એક	1 One	(વન્)
૨ બે	2 Two	(ટુ)
૩ ત્રણ	3 Three	(થ્રી)
૪ ચાર	4 Four	(ફોર્)
૫ પાંચ	5 Five	(ફાઈવ્)
૬ છ	6 Six	(સિક્સ્)
૭ સાત	7 Seven	(સેવન્)
૮ આઠ	8 Eight	(એઈટ્)
૯ નવ	9 Nine	(નાઇન્)
૧૦ દશ	10 Ten	(ટૅન્)
૧૧ અગીઆર	11 Eleven	(ઈલૅવન્)
૧૨ બાર	12 Twelve	(ટ્વેલ્વ્)
૧૩ તેર	13 Thirteen	(થર્ટીન્)
૧૪ ચઉદ	14 Fourteen	(ફોર્ટીન્)
૧૫ પંદર	15 Fifteen	(ફીફ્ટીન્)
૧૬ સોળ	16 Sixteen	(સીક્સ્ટીન્)
૧૭ સત્તર	17 Seventeen	(સૅવનટીન્)
૧૮ અઢાર	18 Eighteen	(એઈટીન્)
૧૯ ઓગણીસ	19 Nineteen	(નાઇન્ટીન્)
૨૦ વીસ	20 Twenty	(ટ્વૅન્ટી)
૨૧ એકવીસ	21 Twenty one	(ટ્વૅન્ટી વન્)
૨૨ બાવીસ	22 Twenty two	(ટ્વૅન્ટી ટુ)

૨૩ ત્રેવીસ	23 Twenty three	(ટવૅન્ટી થ્રી)
૨૪ ચોવીસ	24 Twenty four	(ટવૅન્ટી ફોર)
૨૫ પચીસ	25 Twenty five	(ટવૅન્ટી ફાઈવ્)
૨૬ છવીસ	26 Twonty six	(ટવૅન્ટી સીક્સ)
૨૭ સત્તાવીસ	27 Twenty seven	(ટવૅન્ટી સેવન્)
૨૮ અઠાવીસ	28 Twenty eight	(ટવૅન્ટી એટ્)
૨૯ ઓગણત્રીસ	29 Twenty nine	(ટવૅન્ટી નાઈન્)
૩૦ ત્રીસ	30 Thirty	(થર્ટી)
૩૧ એકત્રીસ	31 Thirty one	(થર્ટી વન્)
૩૨ બત્રીસ	32 Thirty Two	(થર્ટી ટુ)
૩૩ તેત્રીસ	33 Thirty three	(થર્ટી થ્રી)
૩૪ ચોત્રીસ	34 Thirty four	(થર્ટી ફોર)
૩૫ પાત્રીસ	35 Thirty five	(થર્ટી ફાઈવ્)
૩૬ છત્રીસ	36 Thirty six	(થર્ટી સીક્સ)
૩૭ સાડત્રીસ	37 Thirty seven	(થર્ટી સેવન્)
૩૮ આડત્રીસ	38 Thirty eight	(થર્ટી એઇટ્)
૩૯ ઓગણચાલીસ	39 Thirty nine	(થર્ટી નાઇન્)
૪૦ ચાલીસ	40 Forty	(ફોર્ટી)
૪૧ એકતાળીસ	41 Forty one	(ફોર્ટી વન્)
૪૨ બેતાળીસ	42 Forty two	(ફોર્ટી ટુ)
૪૩ તેંતાળીસ	43 Forty three	(ફોર્ટી થ્રી)
૪૪ ચુમાળીસ	44 Forty four	(ફોર્ટી ફોર્)
૪૫ પિસતાળીસ	45 Fourty five	(ફોર્ટી ફાઈવ્)
૪૬ છેતાળીસ	46 Forty six	(ફોર્ટી સિક્સ)
૪૭ સુડતાળીસ	47 Forty seven	(ફોર્ટી સેવન્)
૪૮ અડતાળીસ	48 Forty eight	(ફોર્ટી એઈટ્)
૪૯ ઓગણ પચાસ	49 Eorty nine	(ફોર્ટી નાઇન્)
૫૦ પચાસ	50 Fifty	(ફીફ્ટી)
૬૦ સાઠ	60 Sixty	(સિક્સટી)
૭૦ સીત્તેર	70 Seventy	(સેવન્ટી)
૮૦ એ સી	80 Eighty	(એઇટી)
૯૦ નેવું	90 Ninety	(નાઇન્ટી)
૧૦૦ સો	100 Hundred	(હન્ડ્રેડ)

૨૦૦ બસો	200 Two hundred	(ટુ હન્ડ્રેડ)
૩૦૦ ત્રણસો	300 Three hundred	(થ્રી હન્ડ્રેડ)
૪૦૦ ચારસો	400 Four hundred	(ફોર હન્ડ્રેડ)
૫૦૦ પાંચસો	500 Five hundred	(ફાઇવ્ હન્ડ્રેડ)
૧૦૦૦ હજાર	1000 Thousand	(થાઉઝન્ડ)
૧૦૦૦૦ દશ હજાર	10000 Ten thousand	(ટેન થાઉઝન્ડ)
૧૦૦૦૦૦ લાખ	100000 Lac (one hundred thousand)	(લૅક) (વન્ હંડ્રેડ થાઉઝન્ડ)
૧૦૦૦૦૦૦ દશલાખ	1000000 Million	(મીલીઅન્)
૧૦૦૦૦૦૦૦ કરોડ	10000000 Ten Millions	(ટૅન મીલીઅન્સ)
૧૦૦૦૦૦૦૦૦ દશ કરોડ	100000000 Hundred Millions	(હન્ડ્રેડ્ મીલીઅન્સ)
૧૦૦૦૦૦૦૦૦૦ અબજ	1000000000 Billion	(બિલિઅન્)

સ્વર અને વ્યંજન.

જેમ આપણી ગુજરાતી ભાષામા અ. આ. ઈ. વગેરે સ્વર ગણાય છે અને ક, ખ, ગ, ઘ વગેરે વ્યંજન ગણાય છે તેમ ઇંગ્રેજી ભાષામાં ઉપર બતાવેલા A B C (એ,બી,સી) પૈકીના ૨૬ અક્ષરો (મૂળાક્ષરો)માં **a** (એ) **e** (ઇ) **i** (આઇ) **o** (ઑ) **u** (યુ) એ સ્વર અક્ષરમા લેખાય છે અને કોઈ કોઈ સ્થળે **w** (ડબલ્યુ) તથા **y** (વાયૂ) સ્વરમાં ગણાય છે અને બાકીના અક્ષરો વ્યંજન છે.

ઈંગ્રેજી સ્વર અક્ષરો *Vowels.* (વૅાવેલ્સ્).

A a E e I i O o U u

ઈંગ્રેજી વ્યંજનો *Consonants* (કૅાન્સોનંટસ)

B b C c D d F f G g H h J j
K k L l M m N n P p Q q R r
S s T t V v W w x Y y Z z

ઇંગ્રેજી સ્વર અક્ષરોના જુદી જુદી રીતે થતા ઉચ્ચારો.

A એ	ઍ	=	pad (પૅડ્).
,,	એ	=	take (ટેક્).
,,	આ	=	bar (બાર્).
,,	ઑા	=	ball (બૉલ).
,,	ઓ	=	boat (બોટ્).
E એ	એ	=	bed (બેડ્).
,,	ઈ	=	me (મી).
,,	અ	=	her (હર્).
I આઇ	ઈ	=	kid (કીડ્).
,,	આઈ	=	bind (બાઇન્ડ્).
O ઓ	ઑા	=	rod (રૉડ્).
,,	અ	=	love (લવ્).
,,	ઓ	=	sole (સોલ).
,,	ઉ	=	loose (લુસ).
U યુ	અ	=	bud (બડ્)
,,	યુ	=	tube (ટ્યુબ્).
,,	ઉ	=	pull (પુલ).
,,	ઊ	=	rude (રૂડ્).
,,	ઍ	=	bury (બૅરી).
Y વાય	ઇ	=	system (સીસ્ટમ્)
,,	આય	=	buy (બાય્)

વ્યંજન અક્ષરોના જુદી જુદી રીતે થતા ઉચ્ચારો.

B. બી. નો ઉચ્ચાર બ જેવો થાય છે. જેમકે bad (બૅડ), bud (બડ); પણ જ્યારે તેની અગાઉ M આવે છે ત્યારે તે અનુનાસીક જેવો થાય છે. જેમકે Dumb (ડમ્) lamb (લૅમ્) thumb (થમ્) b નો ઉચ્ચાર થતો નથી

C સી. નો ઉચ્ચાર ક અને સ જેવો થાય છે, જ્યારે C ના પછી a, o, u, l, r, t અક્ષરો આવેછે ત્યારે તેનો ઉચ્ચાર ક જેવો થાય છે; જેમકે—Cat (કૅટ), cot (કૉટ્), cut (કટ્), class (ક્લાસ્), creak (ક્રીક્) અને catch (કૅચ્) અને જ્યારે તેની પછી e i અને y આવેછે ત્યારે તેના ઉચ્ચાર સ જેવા થાયછે જેમકે centre (સૅન્ટર), city (સીટી) અને cyprus (સાઈપ્રસ્) વળી જ્યારે તેની (c) પછી ea, ia, ie આવેછે ત્યારે તેના ઉચ્ચાર સ જેવા થાય છે, જેમકે ocean (ઓશન્) social (શોશ્યલ્) conscience (કોન્શન્સ્) અને scion (સાયન્).

ઉપર બતાવેલા ઉચ્ચારો શિવાય c નો ઉચ્ચાર નીચેના શબ્દોમાં બીલકુલ થતો નથીઃ—

Czar (ઝાર), czarina (ઝારીના), victual (વિટલ્), muscle (મસલ્)

C ની જોડે h મળવાથી તેનો ઉચ્ચાર બહુધા ચ જેવો થાય છે; જેમકે champion (ચૅમ્પીયન્) church (ચર્ચ) પણ કેટલીક વખત ક પણ થાયછે. જેમકે chorus (કોરસ) તેમજ કેટલીક વખત તેના સમુળગો ઉચ્ચારજ ઉડી જાય છે જેમકે yacht (યૉટ્).

D, ડી, આનો ઉચ્ચાર બહુધા ડ જેવો થાય છે, જેમકે God (ગૉડ), Rod (રૉડ), Road (રોડ) ઇ. તેમજ કેટલીક વખત જ જેવો ઉચ્ચાર થાય છે, જેમકે Graduate (ગ્રાજ્યુએટ્) Education (એજ્યુકેશન્) Immediate (ઇમીજીયેટ્) ઈ.

F ઍફ્, આ અક્ષરનો ઉચ્ચાર ફ જેવો થાય છે. Full (ફુલ્).

G જી, આ અક્ષરનો ઉચ્ચાર ગ અને જ જેવો થાય છે, જ્યારે આ અક્ષર (G) પછી a, o, u, l, r આવે છે ત્યારે બહુધા તેનો ઉચ્ચાર ગ જેવો થાય છે; જેમકેઃ— Get (ગેટ્), go (ગો), gum (ગમ્), glow (ગ્લો), grant (ગ્રાન્ટ્), અને જ્યારે તેની પછી e, i, અને y આવે છે ત્યારે બહુધા તેનો ઉચ્ચાર જ જેવો થાય છે. જેમકેઃ—genius (જીનીયસ) ginger (જીંજર), Egypt (ઇજીપ્ત્). N (એન્)ની પહેલાં જો G (જી) આવે તો (G) જી નો બીલકુલ ઉચ્ચાર થતો નથી, જેમકે sign

(સાઈન), gnat (નૅટ), gnaw (નૉ) G ની જોડે જો H (એચ) આવે તો ગ ના બદલે તેનો ઉચ્ચાર ઘ જેવો થાય છે; જેમકે ghost (ઘોસ્ટ) ghostly (ઘોસ્ટલી) ઇ. પણ જો gh ના પ્હેલાં i આવે તો તેનો બીલકુલ ઉચ્ચારજ થતો નથી; જેમકે High (હાઈ) light (લાઇટ), right (રાઇટ), fight (ફાઇટ), nigh (નાઇ) વળી *gh* નો કોઈ વખતે ફ જેવો ઉચ્ચાર થાય છે; જેમકે rough (રફ), tough (ટફ), cough (કફ), enough (ઈનફ) વગેરે.

H એચ, આનો ઉચ્ચાર હ તથા કેટલીક વખત અ જેવા થાય છે; જેમકે **hazard** (હૅઝર્ડ), hard (હાર્ડ), harm (હાર્મ), haste (હેસ્ટ) વગેરે તેમજ hour (અવર) honour (ઑનર), heir (એર) herb (અર્બ) વગેરે.

J જે, આનો ઉચ્ચાર જ જેવો થાય છે; જેમકે James (જેમ્સ), John જૉહન Jehangir (જહાંગીર) ઈ;— પણ ફક્ત hallelujah (હેલેલુયા) આમા ફક્ત ય જેવોજ થાય છે.

K કે, આનો ઉચ્ચાર ક જેવો થાય છે; જેમકે kind (કાઈન્ડ), kiss (કીસ), વગેરે પણ જ્યારે k ની પછી n (એન) આવે છે ત્યારે તેનો બીલકુલ ઉચ્ચાર થતો નથી; જેમકે knife (નાઇફ), knot (નૉટ), know (નો), knee (ની), ઇ.

L એલ, આનો ઉચ્ચાર લ જેવો થાય છે, જેમકે love (લવ) પરંતુ f અને k ના પ્હેલાં જ્યારે l આવે છે ત્યારે તેનો ઉચ્ચાર થતો નથી; જેમકે half (હાફ), calf (કાફ), તેમજ talk (ટૉક) ઇ

M એમ, આનો ઉચ્ચાર મ જેવો થાય છે જેમકે man (મૅન), mud (મડ), musk (મસ્ક) ઈ. પરંતુ comptroller (કોન્ટ્રોલર) જેવા શબ્દમાં m નો મ ને બદલે ન જેવો ઉચ્ચાર થઇ જાય છે

N એન, આનો ઉચ્ચાર ન જેવો થાય છે; જેમકે man (મૅન), gun (ગન), sun (સન), ton (ટન) ઇ. પણ thank (થૅંક), link (લીન્ક), bank (બૅન્ક) monk (મન્ક) જેવા શબ્દોમા તે અનુનાસીક થઇ ઙ જેવો થઈ જાય છે.

P પી, આનો ઉચ્ચાર પ જેવો થાય છે; જેમકે pulp (પલ્પ), peg (પેગ) cupboard (કબ્બોર્ડ) ઇ; પણ જ્યારે p (પી) s (એસ) ક t ટીના પ્હેલા આવે છે ત્યારે તેનો ઉચ્ચાર થતો નથી; જેમકે psalm (સામ), psalter (સૉલ્ટર) ptomby (ટામ્બી) ઈ.

Q ક્યુ. આનો ઉચ્ચાર ક જેવો પણ બહુધા કવ યુક્તાક્ષર જેવો થાય છે. હમેશાં દરેક શબ્દમાં Q (ક્યુ) પછી u (યુ) આવેજ છે, જેમકે Queen (ક્વીન્) Quarantine (ક્વૅારન્ટાઈન્), quire (કવાયર્) ઈ.

R આર્, આનો ઉચ્ચાર ર જેવો થાય છે, જેમકે Rupee (રૂપી), rule (રુલ્) Russia (રશીયા) ઈ. પણ જ્યારે r (આર્) ના પ્હેલાં a, e, i, o, u, (એ, ઈ, આઈ, ઓ, યુ, (સ્વરો આવે છે ત્યારે તેનો ઉચ્ચાર ર જેવો પણ જરા હલકો થાય છે;) જેમકે barn (બાર્ન્), farm (ફાર્મ્), term (ટર્મ્), verb (વર્બ્), girt (ગર્ટ્), dirt (ડર્ટ્), born (બૉર્ન્), torn (ટૉર્ન્), burn (બર્ન્), turn (ટર્ન્) ઈ

S એસ્, આનો ઉચ્ચાર સ જેવો થાય છે, જેમકે sun (સન્), son (સન્) ઈ. તેમજ ઝ જેવો થાય છે; જેમકે bosom (બુઝમ) અને pleasure (પ્લેઝર્), leisure (લીઝર્) આ શબ્દમાં જરા ઝ નો જાડો ઉચ્ચાર થાય છે (શિખનારે ઈંગ્રેજી ભણેલા પાસે આનો ઉચ્ચાર શિખવો); વળી sure (શ્યુર્), sugar (શુગર્) assure (એશુર),જેવા શબ્દોમાં શ જેવો ઉચ્ચાર થાય છે તેમજ island (આઇલૅન્ડ્), viscount (વાઇકાઉન્ટ), isle (આઇલ્) જેવા શબ્દોમાS(એસ્)નો બીલકુલઉચ્ચારજ થતો નથી.

T ટી, આનો ઉચ્ચાર ટ જેવો થાય છે, પણ કેટલાક ટ ના બદલે ત બોલે છે અને વળી કેટલાકનો મત એવો છે કે આનો ત જ ઉચ્ચાર થાય છે (બહુધા વપરાશમા ટ જ આવે છે, માટે અમારી ભલામણ ટ ઉચ્ચાર કરવાની છે), જેમકે talk (ટૉક્) to (ટુ) twill (ટવીલ્) ઈ; શીવાય કેટલીક વખત ચ, થ, અને ધ જેવો પણ ઉચ્ચાર થાય છે; જેમકે nature (નેચર્), mature (મેચ્યુઅર્); think (થીન્ક્), thought (થૉટ્), thump (થમ્પ્), this (ધીસ્) that (ધેટ્), the (ધ) ઈ. જ્યારે t ની સાથે i ભેગો થાય છે ત્યારે તેનો ઉચ્ચાર શ જેવો થાય છે, જેમકે partial (પાર્શલ્), martial (માર્શલ) ઈ.

V વી, આનો ઉચ્ચાર બહુધા વ જેવોજ થાય છે, જેમકે van (વાન્) vault (વૅાલ્ટ્,) vast (વાસ્ટ્), visit (વીઝીટ) ઈ.

W ડબલ્યુ, આનો ઉચ્ચાર જરા ધીમો વ જેવો થાય છે પણ કેટલાક તેને ઉવ જેવા ઉચ્ચારમા ગણે છે; કેમકે water (વૅાટર્–ઉવૅાટર્), way (વે–ઉવે),work (વર્ક્,) forward (ફૉરવર્ડ્) ઈ. કેટલીક વખત આનો (w) ઉચ્ચારજ થતો નથી; જેમકે blow (બ્લો), answer (એન્સર્), grow (ગ્રો) ઈ; જ્યારે w ની પછી r

(આર્) આવે છે ત્યારે પણ તેનો ઉચ્ચાર થતો નથી; જેમકે wrong (રૉન્ગ્) wrap (રૅપ્) wrist (રીસ્ટ્) ઈ.

X એક્સ્, આનો ઉચ્ચાર ક્ષ જેવો થાય છે કેટલાકો ક્સ્ ઉચ્ચાર કરે છે પણ ક્ષ ઉચ્ચાર કરે પીયતેના મોઢામાંથી ક્ષ જેવોજ ઉચ્ચાર થાય છે. જેમકે ox (ઑક્‌-ક્સ) exit (એક્‌ઝીટ્-ક્સીટ્) extent (એક્સ્‌ટેન્ટ્) ઇ. તેમજ ઝ જેવો પણ ઉચ્ચાર થાય છે; જેમકે Xenophon (ઝેનોફન્) તેમજ ગઝના જેવો પણ થાય છે; જેમકે example (એગ્ઝામ્પલ્), exist (એગ્ઝીસ્ટ્) ઈ.

Y વાય્, આનો ઉચ્ચાર ય જેવો થાય છે; જેમકે yard, (યાર્ડ્) york (યૉર્ક્), yes (યસ્) વળી ઈય જેવો પણ થાય છે; જેમકે year (ઇયર્), yet (યટ્) ઈ. કેટલીક વખત આઈના જેવો પણ ઉચ્ચાર થાય છે; જેમકે by (બાય) cry (ક્રાય્) અને વળી ઇ પણ કેટલીક વખત થાય છે, જેમકે purity (પ્યુરીટી) beauty (બ્યુટી), city (સીટી) ઈ.

Z ઝેડ, આનો ઉચ્ચાર બહુધા ઝ જેવો થાય છે, જેમકે Zeal (ઝીલ્), Zorastor (ઝોરાસ્ટર્), Zink (ઝીંક્)

અહીંઆં *ઇંગ્રેજી મૂળાક્ષરો (સ્વર અને વ્યંજનો) ના જુદી જુદી રીતે કેટલા ઉચ્ચારો થાય છે વગેરે દાખલા દલીલથી બતાવ્યું છે તે શિખનારે ખુબ ધ્યાનથી ખરૂં કરવું અને જ્યારે તેની ખાતરી થાય કે તેનું બરોબર તૈયાર કર્યું છે ત્યાર પછી આના પછી બતાવેલ ગુજરાતી મૂળાક્ષર ઇંગ્રેજીમા કેવી રીતે લખાય છે તે ખરા કરવા. પણ પહેલાં જ્યારે આ ઇંગ્રેજી વર્ણમાળા બરોબર તૈયાર થશે ત્યારે આગળ લખવું વાચવું બહુ સુગમ થઈ પડશે

ગુજરાતી મૂળાક્ષરો ઈંગ્રેજીમાં કેવી રીતે લખાય તે.

ગુજરાતી સ્વરો.

અ a આ a' ઈ i ઈ ee ઉ u ઊ oo એ e ઐ a i ઓ o ઔ au અં n,ng અઃ ah.

---

* કેટલાક ઈંગ્રેજીને અંગ્રેજી નામથી બોલે છે પણ આ શબ્દ English ઇંગ્લિશ ઉપરથી થયો છે અને તેથી ઈંગ્રેજી એ શબ્દ વધારે રૂઢ જણાય છે.

ગુજરાતી વ્યંજન.

ક્ k ખ્ kh ગ્ g ઘ્ gh ઙ્ ng ચ્ ch છ્ chh જ્ j
ઝ્ jh, ઝ્ z ટ્ t ઠ્ th ડ્ d ઢ્ dh ણ્ n ત્ t થ્ th
દ્ d ધ્ dh ન્ n પ્ p ફ્ f બ્ b ભ્ bh મ્ m ય્ y ર્ r
લ્ l વ્ v શ્ sh ષ્ sh સ્ s હ્ h ળ્ l ક્ષ્ ksh જ્ઞ્ jn.

જોડાક્ષર

ઇંગ્રેજી વાચવામાં તથા લખવામાં શિખનારને મદદ રૂપ થાય તેવા ઇરાદાથી નીચેના કેટલાક શબ્દ આપવામાં આવ્યા છે કે જે ઘણુ ભાગે શબ્દ નહિ પણ ઇંગ્રેજી લખવાની રીતભાત બતાવનાર શબ્દાંશ છે તે ધ્યાન દઈ ખરા કરવાથી ઘણો લાભ થશે.

SYLLABLES OF TWO LETTERS.

બે અક્ષરના શબ્દ.

* શબ્દ.	ઉચ્ચાર.	શબ્દ.	ઉચ્ચાર	શબ્દ	ઉચ્ચાર	શબ્દ	ઉચ્ચાર.	શબ્દ.	ઉચ્ચાર.
ba	બૅ-બા	be	બે-બી	bo	બો	bu	બ્યુ	by	બાય
ca	કૅ-કા	ce	સે-સી	co	કો	cu	ક્યુ	cy	સાય
da	ડૅ-ડા	de	ડે-ડી	do	ડો-ડુ	du	ડ્યુ	dy	ડાય
ga	ગૅ-ગા	ge	ગે-ગી	go	ગો	gu	ગ્યુ	gy	ગાય
ja	જૅ-જા	je	જે-જી	jo	જો	ju	જ્યુ	jy	જાય
ma	મૅ-મા	me	મે-મી	mo	મો	mu	મ્યુ	my	માય
pa	પૅ-પા	pe	પે-પી	po	પો	pu	પ્યુ	py	પાય
ta	ટૅ-ટા	te	ટે-ટી	to	ટો ટુ	tu	ટ્યુ	ty	ટાય

* સ્વર શબ્દ (a, e, i, o, u) ના ઉચ્ચાર જ્યારે તેઓ વ્યંજનાની જોડે જોડવામાં આવે છે ત્યારે કેટલા થાય છે તેવા દાખલા સાથે આગળ બતાવવામાં આવ્યું છે અને તેથી ફક્ત શિખનારની સગવડ ખાતર એક-બે ઉચ્ચારજ બતાવવામાં આવ્યા છે.

wa	હ્વૅ-વા	we	હ્વે-હ્વી	wo	હ્વો	wu	વ્યુ	wy	ઇવાયૂ
ya	યૅ-યા	ye	યે-ઇ	yo	યો				
za	ઝૅ-ઝા	ze	ઝે-ઝી	zo	ઝુ	zu	ઝયુ	zy	ઝાય્

ઉપર વ્યંજનની સામે સ્વર જોડાએ કેવા ઉચ્ચાર થાય તે બતાવ્યું છે. હવે નીચે સ્વરની સાથે વ્યંજન જોડાય ત્યારે કેવા ઉચ્ચાર થાય છે તે બતાવવામાં આવ્યું છે:—

ab	ઍબ્	eb	એબ	ib	ઇબ	ob	ઑબ	ub	અબ્
ac	ઍક્	ec	એક્	ic	ઈક્	oc	ઑક્	uc	અક્
ad	ઍડ્	ed	એડ્	id	ઇડ્	od	ઑડ્	ud	અડ્
al	ઍલ્	el	એલ્	il	ઈલ્	ol	ઑલ્	ul	અલ્
am	ઍમ્	em	એમ્	im	ઇમ્	om	ઑમ્	um	અમ્
as	ઍઝ્	es	એઝ્	is	ઇઝ્	os	ઑઝ્	us	અસ્

SYLLABLES OF THREE LETTERS.

ત્રણ અક્ષરના જોડાક્ષર.

bla	બ્લે	ble	બ્લી	bli	બ્લાઇ	blo	બ્લો	blu	બ્લિઉ
bra	બ્રે	bre	બ્રી	bri	બ્રાઈ	bro	બ્રો	bru	બ્રિઉ
cha	ચે-કે	che	ચી-કી	chi	ચાઇ-ચી	cho	ચો-કો	chu	ચિઉ
cra	ક્રે	cre	ક્રી	cri	ક્રાઈ	cro	ક્રો	cru	ક્રિઉ
fla	ફ્લે	fle	ફ્લી	fli	ફ્લાઇ	flo	ફ્લો	flu	ફ્લીયુ
sma	સ્મે	sme	સ્મી	smi	સ્માઇ	smo	સ્મો	smu	સ્મીયુ
tha	થે	the	થી	thi	થાઇ	tho	થો	thu	થિયુ
tra	ટ્રે	tre	ટ્રી	tri	ટ્રાઇ	tro	ટ્રો	tru	ટ્રીયુ

SYLLABLES OF FOUR LETTERS.

ચાર અક્ષરના જોડાક્ષરો.

spra	સ્પ્રે	spre	સ્પ્રી	spri	સ્પ્રાઇ	spro	સ્પ્રો	spru	સ્પ્રીયુ
phra	ફ્રે	phre	ફ્રી	phri	ફ્રાઈ	phro	ફ્રો	phru	ફ્રીયુ
scra	સ્ક્રે	scre	સ્ક્રી	scri	સ્ક્રાઇ	scro	સ્ક્રો	scru	સ્ક્રીયુ

ઉપરના જોડાક્ષરોના ઉચ્ચાર નક્કી તૈયાર કર્યા પછી ખાત્રી માટે નીચેનો પાઠ અર્થ સાથે આપવામાં આવ્યો છે જે શિખનારે ધ્યાનથી શિખવો.

Go up	(ગો અપ્)	ઉપર જાઓ.
Do it	(ડુ ઈટ્)	તે કરો.
I am in	(આઈ એમ ઈન્)	હું અંદર છું.
I try	(આઇ ટ્રાય્)	હુ યત્ન કરૂં છુ.
We cry	(ઉવી ક્રાય્)	અમે બુમ પાડીએ છીએ.
We go up	(ઉવી ગો અપ્)	અમે ઉપર જઇએ છીએ.
A fly	(એ ફ્લાય્)	એક માંખી.
The sky	(ધ સ્કાય્)	એ આકાશ.
Is he to go?	(ઇઝ હી ટુ ગો)?	શું તે જનાર છે ?

---

*સ્વર ઉચ્ચારણ—*Vowel Sound.*

A (એ) યા.

શબ્દ	ઉચ્ચાર.	અર્થ.	શબ્દ.	ઉચ્ચાર.	અર્થ.
Bad	(બૅડ્)	ખરાબ.	A fan	(એ ફૅન્)	પંખો.
Sad	(સૅડ્)	દીલગીર.	Can	(કૅન્)	શકવું.
A cat	(એ કૅટ્)	બીલાડી	A man	(એ મૅન્)	માણસ.
A rat	(એ રૅટ્)	ઉંદર,	A pan	(એ પૅન્)	તાવડી
A hat	(એ હૅટ્)	ટોપી.	Fat	(ફૅટ્)	જાડો.
Mad	(મૅડ્)	ગાંડો.	A cap	(એ કૅપ્)	ટોપી.
A lad	(એ લૅડ્)	છોકરો.			

---

* શરૂઆતમાં સ્વરના જુદી જુદી રીતે થતા ઉચ્ચાર બતાવવામાં આવ્યા છે પણ શિખનારના મગજમાં સારી રીતે ઠસે તેવા ઇરાદાથી અત્રે વધુ દાખલા અને પાઠ સાથે તે ફરી સમજાવવામાં આવ્યા છે.

વાચન પાઠ.

A bad cap (એ બૅડ્ કૅપ્) એક ખરાબ ટોપી.

A fat cat (એ ફૅટ્ કૅટ્) એક મોટી (જાડી) બીલાડી.

A mad lad (એ મૅડ્ લૅડ્) એક ગાંડો છોકરો.

Is it a fan ? (ઇઝ્ ઇટ્ એ ફૅન્) શુ એ પંખો છે ?

A rat in the pan (એ રૅટ્ ઈન્ ધી પૅન્) કડાઇમા એક ઉંદર.

E. (ઇ.) એ

Bed (બેડ્) પથારી.

Red (રેડ્) રાતુ.

Led (લેડ્) દોર્યું

Fed (ફેડ્) ખવરાવ્યું.

Let (લેટ્) દેવું, ભાડે આપવું.

Ten (ટેન્) દસ.

Men (મેન્) માણસો.

Hen (હેન્) મુરઘી.

Pen (પેન) કલમ.

Set (સેટ્) જથો, સંગ્રહ.

Go to bed (ગો ટુ બેડ્) સુવાને જાઓ, (બીછાને જાઓ.)

My cap is red (માય્ કૅપ્ ઇઝ્ રેડ) મારી ટોપી રાતી છે.

It is my pen (ઈટ્ ઈઝ માય પેન્) તે કલમ મારી છે.

Let me go (લેટ્ મી ગો) મને જવા દો.

He fed me (હી ફેડ્ મી) તેણે મને ખવાડ્યુ.

I. (આઇ.) ઇ

To bid (ટુ બીડ્) ફરમાવવું, આજ્ઞા કરવી.

Big (બીગ્) મોટુ.

To dig (ટુ ડીગ્) ખોદવું.

A fig (એ ફીગ્) એક અંજીર.

A kid (એ કીડ્) બકરીનું બચ્ચું.

A pig (એ પીગ્) એક ડુક્કર.

A pin (એ પીન્) ટાંકણી.

Tin (ટીન) કલઇ.

Sin (સીન્) પાપ.

To dip (ટુ ડીપ્) બોળવું.

A hip (એ હીપ્) કમરનું હાડું.

Fit (ફીટ્) લાયક.

A fit man (એ ફીટ્ મૅન્) એક લાયક માણસ.
Dip the pen (ડીપ્ ધી પેન્) કલમ બોળો.
A big pig (એ બીગ્ પીગ્) એક મોટું ડુક્કર.
It is his fig (ઇટ્ ઈઝ્ હીઝ્ ફીગ્) તે તેનું અંજીર છે.
Do no sin (ડુ નો સીન્) પાપ કરશો નહીં (મા)
It is a tin box (ઈટ્ ઈઝ્ આ ટીન્ બૉક્સ) તે પતરાની પેટી છે.
Dig a well (ડીગ્ આ વેલ્) કુવો ખોદો.

O (ઓ) ઑ.
A dog (એ ડૉગ્) કુતરો.
A cot (એ કૉટ્) ખાટલો.
A pot (એ પૉટ્) વાસણ.
A rod (એ રૉડ્) સોટી.

U (યુ) અ.
To cut (ટુ કટ્) કાપવું
A hut (એ હટ્) ઝુંપડું.
The sun (ધ સન્) સુર્ય
A Gun (એ ગન્) બંદુક

A dog and a cat (આ ડૉગ્ ઍન્ડ આ કૅટ્) એક કુતરો અને એક બીલાડી
A man ran to the hut (આ મન્ રન્ ટુ ધ હટ્) એક માણસ ઝુંપડા તરફ દોડયો.
He has cut his lip (હી હૅઝ્ કટ્ હીઝ્ લીપ્) તેણે તેનો હોઠ કાપ્યો છે.
He has got my cap (હી હૅઝ્ ગૉટ્ માય કૅપ્) તેની પાસે મારી ટોપી છે.

બીજા શબ્દો.

To cram (ટુ ક્રૅમ્) ગોખવું.
A plan (એ પ્લૅન્) યુક્તિ.
Thanks (થૅન્ક્સ) સાબાશી.
Frank (ફ્રૅન્ક) ભોળો.
Fled (ફ્લેડ) દોડી ગયો.
To shred (ટુ શ્રેડ) ચાળવું.
A theft (એ થેફ્ટ્) ચોરી.

A hand (હૅન્ડ) હાથ.
Sand (સૅન્ડ) રેતી.
Land (લૅન્ડ) જમીન.
A map (મેપ્) નકશો.
A bell (એ બેલ્) ઘંટ.
A well (એ વેલ્) કુવો.
Length (લેન્ગ્થ) લંબાઈ.

† સામાન્ય નામ પહેલાં હમેશાં ઇંગ્રેજીમાં ઇનડેફીનીટ આર્ટીકલ મુકવો. જેમકે A dog.

Crept (ક્રેપ્ટ્) પેટે ચાલ્યો.
Depth (ડેપ્થ્) ઊંડાઈ.
A brim (એ બ્રીમ્) કાનો.
A hill (એ હીલ્) ટેકરી.
A slip (એ સ્લીપ્) નજર ચુકથી થએલ ભુલ.
To miss (ટુ મીસ્) ખોવું.
A stick (એ સ્ટીક્) લાકડી.
A pinch (એ પીંચ્) ચુંટી.
Thrift (થ્રીફ્ટ્) કરકસર.
To drink (ટુ ડ્રીંક્) પીવું.
Strict (સ્ટ્રીક્ટ્) કઠણ.
To toss (ટુ ટૉસ્)ફે કવું, ઉછાળવું.
A crop (એ ક્રૉપ્) પાક, ફળ.
To scoff (ટુસ્કૉફ્) મશ્કરી કરવી.
A rock (એ રૉક્) ખડક.
Corn (કૉર્ન) અનાજ.
Strong (સ્ટ્રૉંગ્) મજબુત.
North (નૉર્થ) ઉત્તર.
A throng (એ થ્રૉંગ્) ટોળું.
Luck (લક્) નસીબ.
To shut (શટ્) બંધ કરવું.
To puff (ટુ પફ્) ફુલાઇ જવું તે.
A drum (એ ડ્રમ્) નગારૂ.
To thrust (ટુ થ્રસ્ટ્) ભોંકવું, ઘોસવું.
Blush (બ્લશ્) લાલી.
Durst (ડર્સ્ટ્) હિમ્મત કરી.
A trunk (એ ટ્રન્ક્) કપડાની પેટી.
Thirst (થર્સ્ટ્) તરસ, તૃષ્ણા.
A clock (એ ક્લૉક્) ઘડીયાળ.
A bust (એ બસ્ટ્) બાવલુ,મોંની છબી.
A ring (એ રીંગ્) વીંટી.
To stun (ટુ સ્ટન્) કાન ફોડવા.

That is my *clock (ધૅટ્ ઈઝ્ માય્ ક્લૉક્) તે (પેલું) મારૂ ઘડીયાળ છે.

Keep the *pin* in the box (કીપ્ ધ પીન્ ન ધ બૉક્ષ) ટાંકણી પેટીમાં રાખો.

Do not ring the bell (ડુ નૉટ્ રીંગ ધ બેલ્) ઘંટ વગાડતા નહી.

A *ram* is on the *rock* (આ રૅમ્ ઇઝ્ ઑન્ ધ રૉક્) એક ઘેટું ડુંગર (ખડક) ઉપર છે

He has a bad luck (હી હઝ્ આ બૅડ્ લક્) તે કમનશીબવાન છે (તેનું નશીબ વાંકુ છે.

* આ વાકયોમાં ક્યારે 'ઘડીઆળના બદલે બીજી ચીજનું નામ દેવું હોય તો તે ચીજનું ઇંગ્રેજી નામ મુકવું. જેમકે 'તે ચોપડી મારી છે' કહેવું હોય તો That is my book ઈ. આવી રીતે શિખવનાર નવાં વાક્ય ગોઠવે તે માટે આવા શબ્દ 'ઇટાલીકસ' માં મુકયા છે.

A *cap* is in his hand (આ કૅપ્ ઈઝ્ ઈન્ હીઝ્ હૅન્ડ) તેના હાથમા ટોપી છે.

The *duck* is in the pond (ધ ડક્ ઈઝ્ ઈન્ ધ પૉન્ડ) એક બતક તળાવમા છે

Nagin had a black *cat* (નગીન્ હૅડ્ આ બ્લૅક્ કૅટ્) નગીન પાસે એક કાળી બીલાડી હતી.

He fed it with milk (હી ફેડ ઇટ્ વીથ્ મીલ્ક્) તે તેને દુધ પાતો.

It ran at a dog and fell into the well (ઇટ્ રૅન્ ઍટ્ આ ડૉગ્ ઍન્ડ્ ફેલ્ ઇન્ટુ ધી વેલ્) તે કૂતરાની તર્ફ (પાછલ) દોડયો અને કૂવામા પડયો.

I have a *trunk* (આઈ હેવ્ આ ટ્રંક) મારી પાસે એક લોઢાની પેટી છે.

Shut up the shop (શટ્ અપ્ ધ શૉપ્) દુકાન બંધ કરો.

I go to Bombay (આઈ ગો ટુ બૉમ્બે) હુ મુબાઈ જાઉં છુ.

Bombay is a big city (બૉમ્બે ઈઝ્ આ બીગ્ સીટી) મુબાઈ એક મોટુ શહેર છે.

સ્વરોના લાંબા થતા ઉચ્ચાર.

A (એ). એ.

A face (એ ફેસ્) ચહેરો.

A cane (કેન્) નેતર.

Made (મેડ્) બનાવ્યું.

Lame (લેમ્) લંગડુ.

Pale (પેલ્) ફીકુ-કો.

Shame (શેમ્) શરમ.

He has no shame (હી હૅઝ્ નો શેમ્) તેને શરમ નથી.

His face is pale (હીઝ્ ફેસ્ ઇઝ્ પેલ્) તેનો ચહેરો ફીકો છે.

He has a cane (હી હૅઝ્ આ કેન્) તેની પાસે નેતર છે

He is lame (હી ઈઝ્ લેમ્) તે લગડો છે.

E (ઇ). ઈ.

Evening (ઈવ્નીંગ્) સાંજ.

*These (ધીઝ્) આ.

Complete (કમ્પ્લીટ્) સંપૂર્ણ

To deliver (ટુ ડીલીવર્) સ્હોંચવું.

---

* This (ધીસ્) આ—આનું બહુવચન these (ધીઝ) છે જ્યારે એક કરતાં વધારે ચીજ બતાવી હોય ત્યારે these વપરાય છે.

A complete book (આ કમ્પ્લીટ્ બુક્) આખી ચોપડી.
These are men (ધીઝ્ આર્ મેન્) આ માણસો છે.

I (આઇ). ઈ.

To bite (બાઇટ્) કરડવું. Mind (માઇન્ડ્) મન.
A kite (એ કાઇટ્) પતંગ. Kind (કાઇન્ડ્) દયાળું.
Mice (માઇસ્) ઉંદરો. Blind (બ્લાઈન્ડ્) આંધળું.
A blind man (આ બ્લાઇન્ડ્ મૅન્) એક આંધળો માણસ.
A fine kite (આ ફાઈન્ કાઇટ્) એક સુંદર પતંગ
He is kind (હી ઈઝ્ કાઇન્ડ્) તે દયાળુ છે

O (ઓ). ઓ

Bold (બોલ્ડ્) બહાદુર. Sold (સોલ્ડ્) વેચ્યું.
Gold (ગોલ્ડ્) સોનું. Told (ટોલ્ડ્) કહ્યું.
A bone (એ બોન્) હાડકું A home (એ હોમ્) ઘર.
He told me to go (હી ટોલ્ડ્ મી ટુ ગો) તેણે મને જવા કહ્યું.
He is bold (હી ઇઝ્ બોલ્ડ્) તે બહાદુર છે.
He sold gold (હી સોલ્ડ્ ગોલ્ડ્) તેણે સોનું વેચ્યુ
Go home (ગો હોમ્) ઘેર જાઓ.

U (યુ). યુ.

A tube (એ ટ્યુબ્) નળી. An use (યુઝ્) ઉપયોગ.
A tune (એ ટ્યુન્) રાગ. A lute (એ લ્યુટ્) વીણા.
A mule (એ મ્યુલ્) ખચ્ચર. To cure (ક્યુર્) સાજું કરવું.
Use no money (યુઝ નો મની) પૈસા વાપરશો નહીં
His tube is long (હીઝ્ ટ્યુબ્ ઇઝ્ લૉન્ગ્) તેની નળી લાંબી છે.
His tune is nice (હીઝ ટ્યુન્ ઈઝ્ નાઇસ્) તેનો રાગ સારો છે.

સ્વરોના મધ્ય ઉચ્ચાર.

A (એ). આ.

Harm (હાર્મ) ઈજા. Hard (હાર્ડ) કઠણ.
A farm (એ ફાર્મ) ખેતર. Large (લાર્જ) મોટું.
Do no harm (ડુ નો હાર્મ) ઈજા કરશો નહીં.
His farm is good (હીઝ ફાર્મ ઇઝ ગુડ) તેનું ખેતર સારૂ છે.

O (ઓ). ઉ.

To move (ટુ મુવ) ખસવું Whom (હુમ) કોને.
To prove (ટુ પ્રુવ) પુરવાર કરવું. Tomb (ટુમ્બ) ઘોર.
Do prove this (પ્રુવ ધીસ) આ સાબીત કરો.
Whom do you like (હુમ ડુ યુ લાઇક) તમે કોને ચાહો છો ?
Why do you move ? (હવાય ડુ યુ મુવ) તમે કેમ ખસો છો ?

U (યુ). ઉં.

A bull (એ બુલ) ગોધો, આખલો. To put (ટુ પુટ) મુકવું.
To pull (ટુ પુલ) ખેંચવું. A bush (એ બુશ) છોડ.
Put this into a box (પુટ ધીસ ઇન્ટુ આ બોક્સ) આ પેટીમા મુકો.
Pull a rope (પુલ આ રોપ) દોરડું ખેંચો.
This is a bull (ધીસ ઇઝ આ બુલ) આ આખલો છે.

સ્વરોના મિશ્ર ઉચ્ચાર

A=ઑ	A=ઉઆ.	I=અ.
A ball (એ બૉલ) દડો.	What (હ્વાટ) શું.	Sir (સર) સાહેબ.
Tall (ટૉલ) ઉંચો.	Want (ઉવૉન્ટ) જરૂર	To stir (ટુ સ્ટર) હલાવવું.
To call (ટુ કૉલ) બોલાવવું.	Was (ઉવૉઝ) હતું.	A girl (એ ગર્લ) છોડી
Malt (મૉલ્ટ) જવ.	E=અ.	First (ફર્સ્ટ) પહેલું-લો.
Salt (સૉલ્ટ) મીઠું.	A germ (એ જર્મ) જડ.	O=અ.

Small (સ્મૉલ્) નાનું. Term (ટર્મ્) વખત. To love (ટુ લવ્)ચહાવું.
A serf (એ સર્ફ્) ગુલામ. None (નન્) કોઈ નહીં.

U=ઉ. To come (ટુ કમ્)આવવું.
Arule (રૂલ) આંકણી.
The truth (ધ ટ્રુથ) સાચું

Go home (ગો હોમ્) ઘેર જાઓ.
Lose no time (લુઝ્ નો ટાઇમ્): વખત ગુમાવશો નહીં.
He is kind to me (હી ઇઝ્ કાઇન્ડ્ ટુ મી) તે મારાપર માયાળુ છે.
Give it to me, Sir, (ગીવ્ ઇટ્ ટુ મી સર) સાહેબ, તે મને આપો.
Call him by his name (કૉલ હીમ્ બાય્ હીઝ્ નેમ્) તેને તેનું નામ દઈ બોલાવો..
Let us go to dine (લેટ્ અસ્ ગો ટુ ડાઇન્) ચાલો આપણે જમી લઇએ.
The tube is full of water(ધી ટ્યુબ્ ઇઝ્ ફુલ્ ઑફ્ વૉટર્) નળી પાણીથી ભરેલીછે
Do not pull the cord (ડુ નૉટ્ પુલ્ ધી કૉર્ડ્) દોરડું તાણતા નહીં.
Dipthong Sounds (બે સ્વરો ભેગા મળવાથી થતા ઉચ્ચાર).

કેટલીક વખત અંગ્રેજીમાં એક કરતાં વધારે સ્વરો ભેગા મળે છે અને તેથી જુદી જુદી રીતે ભેગા થતા સ્વરોના ઉચ્ચાર અત્રે બતાવ્યા છે.

Ae (એ-ઇ) એ.	**Ai** (એ-આઇ) એ.	**Ao** (એ-ઓ) એ.
Aerial (એરીયલ્) હવાઈ.	A tail (એ ટેલ્) પૂછડી.	A gaol (એ જેલ્)કેદખાનું.
Aeronaut (એરોનૉટ્) આકાશગામી.	Rail (રેલ્) રેલ.	
Au (એ-યુ) ઑ.	**Au** (એ-યુ) ઑ.	**Aw** (એ-ડબ્લ્યુ) ઑ.
Lauds (લૉડ્ઝ) ઇશ્વર પ્રાર્થના.	Laugh (લાફ્) હસવુ.	A law (એ લૉ) કાયદો.
Launch (લૉન્ચ) ઝોકાવવું.	A draught (એ ડ્રાફ્ટ્) કોગળો.	A saw (એ સૉ) કરવત.
Ay (એ-વાય) એ.	**Ea** (ઇ-એ) અ.	**Ea** (ઇ-એ) ઇ.
A day (એ ડે) દીવસ	Earth (અર્થ) માટી.	East (ઇસ્ટ્) પૂર્વ.બાજુ.
Pray (પ્રે) પ્રાર્થના.	To learn (ટુલર્ન) શિખવું.	Least(લીસ્ટ્)ઓછામાં.
Ea (ઇ-એ) એ.	**Ee** (ઈ-ઇ) ઇ.	**Ei** (ઈ-આઇ) આઈ ઈ.
To break (ટુ બ્રેક) ભાગવું.	To keep (ટુ કીપ્) રાખવું.	Either (આઈધર-ઇધર) બેમાંનું એક.

Great (ગ્રેટ્) મોટું.
Ei (ઈ-આઇ) અ-ઍ.
Their (ધૅર) તેઓનું
An heir (એર) વારસ.
Eo (ઈ-ઓ) અ-ઍ.
George (જ્યૉર્જ) નામ છે.
A surgeon (સર્જન) શસ્ત્રવૈદ્ય

Heed (હીડ્) ધ્યાન આપવું.
Ei (ઈ આઈ) એ.
A neighbour (એ નેબર્) પાડોશી.
Reign (રેન્) રાજ
Eo (ઈ-ઓ) ઇ.
People (પીપલ્) લોક.

Neither(નાઈધર્-નીધર્) બેમાંનું એકે નહી.
Eo (ઈ-ઓ) એ.
A leopard (લેપર્ડ) ચિત્તો,

Ew (ઈ-ડબલ્યુ) યુ.
Few (ફ્યુ) થોડા
New (ન્યુ) નવું.

Ey (ઇ-વાય) એ
They (ધે) તેઓ.
A prey (એ પ્રે) શિકાર.

I-a (આઇ-એ) આય.
A giant (જાયન્ટ્) રાક્ષસ.
Pliant (પ્લાયન્ટ્) નરમ.

I a (આઈ-એ) આયે.
A diagram (એ ડાયેગ્રામ્) આકૃતિ, નકશો.

Ie (આઈ-ઈ) આઈ.
Hie (હાઇ) જલદી જવું.
Fie (ફાઈ) છટ, થુ.

I-e (આઈ-ઈ) ઈ.
A field (એ ફીલ્ડ્) ખેતર.
Chief (ચીફ્) મુખ્ય.

I-e (આઈ-ઇ) એ.
A friend (એ ફ્રેન્ડ્) મિત્ર.

Ii { આઈ-આઈ / ડબલ્આઈ } આઈ
A genii (એ જીનાઇ) ભૂત.

Iu (આઈ-યુ).
Iulus (ઇયુલસ).

Oa (ઓ-એ) ઍ.
Broad (બ્રૉડ્) પ્હોળું.
A board (એ બોર્ડ) પાટીયું.

Oa (ઓ-એ) ઓ.
A boat (એ બોટ્) મછવો,
A goat (એ ગોટ્) બકરો.

Oe (ઓ-ઈ) અ
Does (ડઝ્) કરે છે

Oe (ઓ-ઇ) ઉ.
A shoe (શુ) જોડું.

Oe (ઓ-ઈ) ઓ.
A roe (એ રો) સાબરી.
A toe (એ ટો) અંગુઠો.(પગનો)

Oi (ઓ-આઈ) ઑઇ.
Soil (સૉઇલ્) જમીન.
Toil (ટૉઇલ્) મહેનત.

Oo (ઓ-ઓ) અ. (ડબલ ઓ).
The blood (ધ બ્લડ્) લોહી.
A flood (એ ફ્લડ્) પૂર.

Oo (ડબલ ઓ) ઉ.
Good (ગુડ્) સારૂં.
Food (ફુડ્) ખોરાક.

Oo (ડબલ ઓ) ઑ.
A door (એ ડૉર્)બારણું.
A floor (એ ફ્લૉર્) પાટીઆની જમીન.

Ou (ઓ-યુ) અ.
Double (ડબ્લ્) બેવડું.
A cousin (એ કઝન્) પિત્રાઇ ભાઇ.
A country (એ કન્ટ્રી) દેશ

Ou (ઓ-યુ) ઑ.
A thought (એ થૉટ્) વિચાર.

Ou (ઓ-યુ) આઉ.
A house (એ હાઉસ્) ઘર.
A mouse (એ માઉસ્) ઉંદર.

Ou (ઓ-યુ) ઉ
A tour (એ ટુર) મુસાફરી
A group (એ ગ્રુપ્) સમુહ.

Ou (ઓ-યુ) ઓ.
Four (ફોર્) ચાર.
The soul (ધ સોલ્) આત્મા.

Ow (ઓ ડબ્લ્યુ) આઉ.
A fowl (એ ફાઉલ્) મરઘાની જાતનું પક્ષી.
A town (એ ટાઉન્) શહેર.

Ow (ઓ-ડબ્લ્યુ) ઓ.
A row (એ રો) હલેસવું.
To show (ટુ શો) બતાવવું.

Oy (ઓ-વાય) ઑય.
A boy (એ બોય્) છોકરો
A toy (એ ટોય) રમકડું.

Ua (યુ-એ) આ.
A guard (એ ગાર્ડ્) ચોકીદાર.
A guardian (એ ગાર્ડિયન્) વાલી, રક્ષક

Ua (યુ-એ) ઍ.
A quarry (એ ક્વૅરી) પથ્થરની ખાણ
Square (સ્ક્વૅર્) ચોરસ

Ue (યુ-ઈ) અ.
To conquer (ટુ કૉન્કર) જીતવું

Ue (યુ-ઈ) એ.
A guest (એ ગેસ્ટ) પરોણો.
To guess (ટુ ગેસ્) અટકળ કરવી.

Ue (યુ-ઈ) એય.
A querry (એ ક્વેરી) સવાલ

Ui (યુ આઈ) આઇ.
A guide (એ ગાઈડ્) ભોમિયો.
A guise (એ ગાઇઝ) વેશ

Ui (યુ-આઇ) ઇ.
To build (ટુ બીલ્ડ) બાંધવું
To gild (ટુ ગીલ્ડ) સોનાનો ઢોળ ચઢાવવો.

Ui (યુ-આઈ) ઉ
A fruit (એ ફ્રૂટ્) ફળ.
Juice (જ્યુસ) રસ

Ui (યુ આઈ) ઉઇ
Nuisance (ન્યુસન્સ) ગંદકી
Quick (ક્વીક) જલદી

TRIPTHONG SOUNDS.

ત્રણ સ્વરો ભેગા મળવાથી થતા ઉચ્ચારો.

Eau { ઓ. Beau (બો) આશકબાજ.
Eau { યુ. Beauty (બ્યૂટી) ખુબસુરતી.

Iew (આઈ-ઈ ડબ્લ્યુ) યુ
View (વ્યુ) દેખાવ.

Ieu (આઇ-ઇ-યુ) ઇયુ.
Adieu (ઍડ્યુ) છેલ્લી સલામ.

Wai (ડબ્લ્યુ-એ-આઇ) વેઈ.
A swain (એ સ્વેન્) ગામડીઓ.

અનુચ્ચારિત SILENT (સાયલન્ટ) અક્ષર.

B (ઉચ્ચાર વિના).   **C** (silent).   **D** (silent).
A debt (એ ડેટ્) દેવું.   A muscle (એ મસલ્) સ્નાયુ.   A hedge (એ હેજ્) વાડ.
A doubt (એ ડાઉટ્) સંશય   Scent (સેન્ટ્) સુગંધ.   A judge (એ જજ્) ન્યા-
G (silent).   **H** (silent).   **K** (silent) [યાધીશ.
A gnat (એ ન્યાટ્) મચ્છર.   An hour (અન્ અવર્) કલાક.   Know (નો) જાણવું
A sign (એ સાઇન્) નીશા-   Honour (ઑનર્) માન.   A knife (એ નાઇફ્)
L (silent).   [ની.   **N** (silent).   **P** (silent)   [ચપ્પુ
Could (કુડ્) શકવું.   A hymn (એ હીમ્) પવિત્રગીત.   A psalm (એ સામ) ગીત
A talk (એ ટૉક્) વાત.   A column (એ કૉલમ્) થંભ   Ptolemy (ટાલેમી)
S (silent).   **T** (silent)   **Ch** (silent)
An island (અન આઈલે-   A match (એ મ્યાચ) દીવા   Schedule (શીડ્યુલ)
[ન્ડ) ટાપૂ.   [સળી, જોડું.   [પત્રક.
A viscount (એ વાઈકૌન્ટ્)   An epistle (અન્ અપીસલ)   A yacht (એ યાટ્) મછવો.
Gh (silent)   [અમીર.   **Th** (silent)   [કાગળ
×Ought (ઑટ્) જોઈએ.   Asthama (એસમા) દમનો રોગ.
High (હાઇ) ઉંચું   An isthmus (અન ઇસ્મસ્) સંયોગીભૂમિ.
Ue (silent).
Rogue (રોગ્) લુચ્ચા
A tongue (એ ટંગ) ભાષા, જીભ

WORDS OF TWO SYLLABLES.

બે પદવાળા શબ્દ.

Ab-sent (અબ્-સેન્ટ્) ગેરહાજર.   A doctor (એ ડૉક્ટર) વૈદ, ડાક્તર.
A bas-ket (એ બાસકેટ્) ટોપલી.   An ob ject (એન ઑબજેક્ટ્) પદાર્થ.
An ans-wer (એન્ આન્સર્) જવાબ.   An ac-cent (અન્ ઍક્સેન્ટ્) ભાર, (શા-
A pas-sage (એ પ્યાસેજ્) માર્ગ   Al-tar (આલ્ટર્) પડથી. [બ્દ ઉપર).
Bad-ness (બૅડનેસ) બુરાઈ.   A chapter (એ ચાપ્ટર) પ્રકરણ
A scho-lar (એ સ્કૉલર્) વિદ્યાર્થી.   A cot-tage (એ કૉટેજ) ઝુંપડી.

× સહાયકારક ક્રિયાપદ છે. તેના અર્થ જોઇએ થાય છે.

He was absent (હી વૉઝ્ ઍબ્સન્ટ્) તે ગેરહાજર હતો. [ટોપલી.
A basket full of mangoes (એ બાસ્કેટ્ ફુલ ઑફ્ મૅન્ગોઝ્) કેરીથી ભરેલી એક
Doctor came to me (ડૉક્ટર્ કેઇમ્ ટુ મી) દાક્તર મારી પાસે આવ્યા. [ધાર્થી છે.
Chhagan is a good scholar (છગન ઈઝ્ આ ગુડ્ સ્કૉલર્) છગન એક સારો વિ-

y નો શબ્દના છેડે ઈ ઉચ્ચાર થાય છે તેવા શબ્દ.

A baby (એ બેબી) છોકરૂં.
Safely (સેફ્લી) સહીસલામત.
Glory (ગ્લૉરી) કીર્તિ
Rainy (રેઈની) વર્ષાદવાળું.
Likely (લાઇકિલી) ઘણું કરીને.
Tiny (ટાઈની) નાનું, ઝીનકુડિઉ.
Daily (ડેઇલી) દરરોજ.
Finely (ફાઇનલી) સારી રિતે. બેવટે.
Tidy (ટાઇડી) સ્વચ્છ, સારૂં.
Starry (સ્ટારી) તારાવાળું.
Lazy (લેઝી) આળસુ,
Kindly (કાઇન્ડલી) માયાળુ રીતે.

A sweet baby (આ સ્વીટ્ બેબી) એક વહાલું છોકરૂ.
A lazy boy (આ લેઝી બૉય્) એક આળસુ છોકરો.
A rainy day (આ રેઈની ડે) વર્ષાદવાળો દીવસ. [બોલે છે.
He speaks very kindly (હી સ્પીક્સ્ વૅરી કાઇન્ડલી) તે બહુ માયા ભરી રીતે
He goes daily (હી ગોઝ્ ડેઈલી) તે દરરોજ જાય છે.

FIRST SYLLABLE SHORT.

શબ્દના પહેલા પદનો ટુંકો ઉચ્ચાર થાય તેના શબ્દ.

Able (એબલ્) શક્તિવાન્, બાહોશ.
Idle (આઈડલ્) આળસુ.
The Bible (ધ બાઈબલ્) ખ્રીસ્તીઓનું ધર્મ. [પુસ્તક.
A fable(એ ફેબલ્)વાર્તા.(જોડી કાઢે
An eagle (એન ઈગલ્) ગરૂડપક્ષી.
A stable (એ સ્ટેબલ્)તબેલો.[લી)

An able man (એન્ એબલ્ મેન્) બાહોશ માણસ.
He sees an eagle (હી સીઝ્ ઍન્ ઈગલ્) તે ગરૂડ પક્ષી જુએ છે.
He is very idle (હી ઈઝ્ વેરી આઈડલ્) તે ઘણો આળસુ છે.

BOTH THE SYLLABLES SHORT.

બન્ને પદના ઉચ્ચાર ટુંકા એવા શબ્દ.

To at-tend (ટુ એટેન્ડ્) ધ્યાન આપવું.
To ex-cel (ટુ એક્ષેલ્) હઠાવવું.
To confess (ટુ કન્ફેસ્) કબુલ કરવું. (ગુનો)
It-self (ઈટ્સેલ્ફ્) તેની મેળે.
To construct (ટુ કન્સ્ટ્રક્ટ્) બનાવવું.
Dis-tress (ડિસ્ટ્રેસ્) દુ:ખ.
Until (અન્ટીલ્) જ્યાં સુધી.
Concert (કૉન્સર્ટ્) ગાનતાનનો. [મેલાવડો.
Unfit (અનફીટ) નાલાયક.
To in-struct (ટુ ઇનસ્ટ્રક્ટ) શિખવવું બતાવવું.

Attend to your duty (એટેન્ડ્ ટુ યૉર ડ્યુટી) તમારા કામ ઉપર લક્ષ આપો.
Try to excel others in doing good (ટ્રાય્ ટુ એક્ષેલ્ અધર્સ્ ઈન્ ડુઈગ ગુડ્) સારૂ કરવામાં બીજાને હઠાવો તેવો પ્રયત્ન કરો.
Be content with what you have (બી કન્ટેન્ટ્ ઉવીથ્ વ્હૉટ યુ હૅવ્) તમારી પાસે જે હોય તેથી સંતુષ્ઠ થાઓ.
Tell the truth (ટેલ્ ધ ટ્રુથ્) સાચે સાચું કહી દો.

BOTH SYLLABLES LONG.

બન્ને પદોના ઉચ્ચાર લાંબા થાય તેવા શબ્દ.

To be-have (ટુ બીહેવ્) વર્તવુ.
To re-late (ટુ રીલેટ્) વર્ણવું.
To re-fuse (ટુ રીફ્યુઝ્) ના કહેવી.
To re ceive (ટુ રીસીવ્) મળવુ.
To be-lieve (ટુ બીલીવ્) માનવું.
Be-low (બીલો) નીચે.
Be-fore (બીફોર્) અગાઉ,
De-lay (ડીલે) ઢીલ.

To behave well (ટુ બીહેવ્ વેલ્) સારી રિતે વર્તવું.
Believe me (બીલીવ્ મી) મારૂ કહ્યુ માનો.
Think before you speak (થીન્ક્ બીફોર્ યુ સ્પીક્) બોલ્યાં પહેલા વિચારો.
Delays are dangerous (ડીલેઝ્ આર્ ડેન્જરસ્) ઢીલ કરવી તે ભય ભરેલું છે.

FIRST SYLLABLES SHORT, SECOND LONG.

પહેલા પદનો ટુંકો ઉચ્ચાર અને બીજા પદનો લાંબો ઉચ્ચાર એવા શબ્દ.

A-fraid (એફ્રેડ્) બીધેલું.
A-lone (એલોન્) એકલો.
Un-ripe (અનરાઇપ્) પાકેલ નહીં તેવું કાચું.
To incline (ટુ ઈનક્લાઈન્) મન થવું.

To abuse (ટુ એબ્યુઝ્) ગાળદેવી. To surprise (ટુ સર્પ્રાઇઝ્) અજાયબ કરવું.
To awake (ટુ અવેક્) જગાડવું. To support (ટુ સપૉર્ટ્) આધાર આપવો.
Again (અગેન્) ફરીથી.

He was alone (હી વૉઝ્ અલોન્) તે એકલો હતો [તા અજાયબ થયો.
He was surprised to see you(હી વૉઝ સરપ્રાઇઝ્ડ ટુ સી યુ) તે તમને જો-
Awake it is time to get up (અવેક્ ઇટ્ ઇઝ્ ટાઇમ ટુ ગૅટ અપ્) જાગો,
ઉઠવાનો વખત થયો છે.

FIRST SYLLABLE LONG, SECOND SHORT.

પહેલા પદનો લાંબો ઉચ્ચાર અને બીજાનો ટુંકો એવા શબ્દ.

To begin (ટુ બીગીન) શરૂ કરવું. To re-turn (ટુ રીટર્ન) પાછું પ્હોંચાડવું.
To belong (ટુ બીલૉન્ગ) તાબે હોવું. To re-spect(ટુ રીસ્પેક્ટ્) માન આપવું.
Enough (ઇનફ્) પુરતું. To protect (ટુ પ્રોટેક્ટ્) રક્ષણ કરવું.

Come, begin your work (કમ્ બીગીન્ યૉર વર્ક) આવો, તમારૂં કામ શરૂ કરો.
Now, you have done enough (નાઉ યુ હૅવ ડન્ ઇનફ્) હવે તમે જોઇએ તે-
ટલું કર્યું છે. [મગનનું છે.
This house belongs to Magan(ધીસ્ હાઉસ્ બીલોન્ગસ્ ટુ મગન) આ ઘર
Return it to me (રીટર્ન ઇટ્ ટુ મી) તે મને પાછું પ્હોંચાડજો.

પદ બે પણ શબ્દ એક એવા શબ્દ

Beg-ged (બેગ્ડ્) માગ્યુ Lov-ed (લવ્ડ્) ચાહ્યુ.
Kill-ed (કીલ્ડ્) માર્યું. Sav-ed (સેવ્ડ્) બચાવ્યુ.
Call-ed (કૉલ્ડ્) બોલાવ્યુ. Mov-ed (મુવ્ડ્) હલાવ્યુ.
Mend-ed (મેન્ડેડ્) ઘડ્યુ. Halt-ed (હૉલ્ટેડ્) વીસામો ખાધો.
Mind-ed (માઇન્ડેડ્) ધ્યાન આપ્યુ. Tast-ed (ટેસ્ટેડ્) ચાખ્યુ.

WORDS OF THREE SYLLABLES.

ત્રણ પદવાળા શબ્દ.

Lo-ad-ed (લોડેડ્) ભર્યું. લાદ્યુ. Wasted (વેસ્ટેડ્) ગુમાવ્યુ.
An al-pha-bet (એન્ આલ્ફાબેટ્) મૂળાક્ષર. Ava-rice (ઍવેરીસ્) લોભ.

Ca-bi-net(કૅબીનેટ્) મસલતનની ઓરડી A go-vern-or(એ ગવર્નર) હાકેમ.
A ca-ta-logue (એ કેટલોગ્) યાદી. A tra vel-ler(એ ટ્રાવેલર્) મુસાફર
A gar-den-er(એ ગાર્ડનર્) બાગવાન. માળી A mini-ster (એ મીનીસ્ટર્) પ્રધાન.
To cru-ci-fy (ટુ ક્રુસીફાય્) ખીલા ઠોકી મારી નાંખવું. (ઈસુને માર્યો તેમ). To glo-ri-fy (ટુ ગ્લોરીફાય્) કિર્તિવાન કરવું.

લાંબા ઉચ્ચારવાળા શબ્દ.

Po-e-try (પોયેટ્રી) કવિતા. Se-cre-cy (સીક્રેસી) ભેદ.

(પહેલું અને બીજું પદ ટુંકું અને ત્રીજું લાંબું એવા શબ્દ).

Af-ter-wards (આફ્ટર્વર્ડઝ્) પછીથી. Com-pa ny (કમ્પની) મંડળી.
A but-ter-fly (એ બટર્ફ્લાય્) પતંગીયુ. Con-tra-ry (કાન્ટ્રરી) વિરુદ્ધ.
To sa-tis-fy (સૅટીસ્ફાય્) સંતોષ કo. Po-ver-ty (પૉવર્ટી) ગરીબાઈ

(પહેલા અને બીજા પદનો ઉચ્ચાર લાંબો અને છેલ્લાનો ટુંકો એવા શબ્દ).

Beau-ti-ful (બ્યુટીફુલ્) સુંદર Glo-ri-ous (ગ્લોરીઅસ્) જયવંત.
Vi-o-lent (વાયોલન્ટ્) જબર, સખત, Du-ti-ful (ડ્યુટીફુલ્) આજ્ઞાંકિત છોકરા માબાપને થાય તેવા.

(પ્રથમ પદ લાંબું અને બીજું અને ત્રીજું ટુંકું એવા શબ્દ).

An-e-ne-my (ઍનીમી) દુશ્મન. Har-mo-ny (હારમની) સલાહ શાંતી [(અર્થ)
To Rec-ti-fy (ટુ રૅક્ટીફાય્)સુધારવુ (ભુલ).To sig-ni-fy(ટુ સીગ્નીફાય્) બતાવવું.
An-al-ma-nac (એન્ ઍલ્મેનેક્) પંચાંગ. A dia-mond (એ ડાયમંડ્) હીરો.

(બીજું પદ ટુંકું અને પહેલું અને છેલ્લું લાંબું એવા શબ્દ).

Al-rea-dy (ઑલ્રેડી) ક્યારનુએ. Grate-ful-ly (ગ્રેટ્ફુલી) આભાર પૂર્વક.
I-vo-ry (અવરી) હાથીદાંત. Pri-vate-ly (પ્રાઇવેટલી) ખાનગી રીતે.

(બીજું પદ લાંબું અને પહેલું અને ત્રીજું ટુંકું એવા શબ્દ).

An a-ni-mal (એન એનીમલ) પશું. An ac-ci-dent (ઍન ઍક્સીડન્ટ) અકસ્માત્.
A me-di-cine (એ મેડીસીન) દવા. અથવા મેડસીન.
In-no-cent (ઇનોસન્ટ) નાદાન નિરઅપરાધી.
Dis-a-gree (ડીસએગ્રી) મતભેદ થવો.
In-cor-rect (ઇનકરેક્ટ) ખોટું, અશુદ્ધ
To dis-o-bey (ટુ ડીસઓબે) ન માનવું.
To enter-tain (ટુ ઍન્ટરટેઇન) પરોણાગત કરવી.
To re-pre-sent (ટુ રીપ્રીસેન્ટ) ને બદલે હાજર થવું.
To o-ver-flow (ટુ ઓવરફ્લો) ઉભરાઇ જવું, નદીમાં પુરઆવવું.
Con-tra-dict (કોન્ટ્રાડીક્ટ) વિરૂદ્ધ પડવું.
To un-der-take (ટુ અન્ડરટેક) માથે લેવું.
To in-ter-mix (ટુ ઈન્ટરમિક્ષ) ભેળ. સેળ થવું.
To un-der-stand (ટુ અન્ડરસ્ટૅન્ડ) સમજવું.

(Ti, Ci, અને Si ના શ તરીકે થતા ઉચ્ચારવાળા શબ્દ).

An action (એનએક્શન) ઇલાજ (કાયદામા)
A notion (એ નોશન) વિચાર.
A pension (એ પેન્શન) બેઠો પગાર.
A portion (એ પોર્શન) ભાગ, ટુકડો.
Ancient (એનશન્ટ) જુનું.
A Hosier (એ હોઝીયર) મોજાનો વેપારી.
A station (એ સ્ટેશન) મથક.
A version (એ વર્શન) ભાષાતર, હેવાલ.
Patient (પેશન્ટ) ધીરજવાન, દરદી
An option (એન ઑપશન) મરજી, ઇચ્છા
*Mission (મીશન) ઉદ્દેશ, ધર્મની મંડળી
A lotion (એલોશન) લગાડવાનું પાણી.
Partial (પાર્શીયલ) થોડું.
Gracious (ગ્રેશસ) કૃપાળુ.
Caution (કૉશન) સાવચેતી.
Special (સ્પેશીયલ) ખાસ.

(એક કરતાં વધુ પદવાળા શબ્દો. Polly Syllable).

Af-fec-ti-on (એફેક્શન) પ્યાર.
A com-pa-ni-on (કમ્પેનિયન) સોબતી.
A con-di-ti-on (એ કન્ડીશન) સરત.
De-vo-ti-on (ડીવોશન) ભકિત.
Cha-ri-ta-ble (ચૅરીટેબલ) ધર્માદા.
Mi-ser-a-ble (મીઝરેબલ) દુઃખી.
Ho-noura-ble (ઑનરેબલ) માનવંત.
Ve-ge-ta-ble (વૅજીટેબલ) શાકભાજી.

---

* ધર્મની મંડળી. As Irish Mission આયર્લેંડની ધર્મની મંડળી.

Dan-ger-ous-ly (ડેન્જરસલી) ભય-ભરેલી રીતે.
Or-di-na-ry (ઓર્ડીનરી) સાધારણ્
A cap-a-ci-ty (એ ક્યાપૅસીટી) પ્હોચ, શક્તિ.
Ri-di-cu-lous (રીડીક્યુલસ) હસવા જેવું.
Su-pe-ri-or (સુપીરીયર્)ઉપરી, ચઢીઆતું
La-bo-ri-ous(લેબોરીયસ)મહેનતુ.[રાક
Epi-de-mic (એપીમીડેક્) ચેપી રોગ.
In-of-fen-sive(ઇનઑફેન્સીવ)ગરીબ

ઉચ્ચારમાં એક પણ અર્થમાં જુદા એવા કેટલાક શબ્દ.

[ભણનારે આ શબ્દો ખાસ ધ્યાન આપી પોતાના અભ્યાસની સગવડના ખાતર બરોબર રીતે યાદ રાખવા.]

All (ઑલ્) બધા.
An awl (એન ઑલ્) આર, પરોણાની લોઢાની અણી.
To alter (ટુ ઑલ્ટર્) બદલવું.
An altar (એન ઑલ્ટર્) વેદી.
Air (એર્) હવા.
Ere (એર્) અગાઉ.
An heir (એન ઍર્) વારસ.
Ascent (એસસેન્ટ્) પહાડ ઉપર ચઢાવ.
An assent (એન્ એસ્સેન્ટ્) સમ્મતી.
Attendance (એટેન્ડન્સ્) હાજરી.
Attendants (એટેન્ડન્ટ્સ્) હજુરીઆ.
Bare (બેર્) ખુલ્લું.
A bear (એ બેર્) રિંછ.
To bear (ટુ બેર) ખમવું.
To beat (ટુ બીટ્) મારવુ.
A beet (એ બીટ્) એક જાતનું કંદ.
A berry (એ બૅરી) બોર.
To bury (ટુ બૅરી) દાટવુ.
Blew (બ્લ્યુ) ફુંક્યુ.
Blue (બ્લ્યુ) આશમાની
A boar (એ બોર્) ડુક્કર.
To bore (ટુ બોર્) કાણુ પાડવું;
A bough (એ બાઉ) ડાળી.
To bow (ટુ બાઉ) સલામ કરવી.
*Bread (બ્રેડ્) રોટલો.
Bred (બ્રેડ્) કેળવાયેલો
A cell (એ સેલ્) નાની ગુફા-ઓરડી.
To sell (ટુ સેલ્) વેચવું
A sale (એ સેલ્) વેચાણ્.
Sent (સેન્ટ્) મોકલ્યું.
A scent(એસેન્ટ્)સુગંધ(ફુલનીકે અત્તરની)
A celing (એ સીલીંગ્) છત.
Sealing (સીલીંગ્) સીક્કો મારવો તે.
A coarse (એ કોર્સ્) જાડું-ખડબચડું.
A course (એ કોર્સ્) ગતી માર્ગ.
A complement (એ કૉમ્પલીમેન્ટ્)

---

* ઇંગ્રેજીમાં bread નું બહુવચન નથી. બહુવચન કરવું હોય તો Loaves of bread લખવું.

Compliments(કૉમ્પ્લીમેન્ટ્સ) સલામ. Dear(ડીયર્) પ્યારૂં મોઘું.[ખુટતી સંખ્યા.

†A Deer (એ ડીયર્) હરણ	Dew (ડ્યુ) ઝાકળ.
Due (ડ્યુ) માગતું.	Faint (ફેઇન્ટ) ઝાંખું.
Feint (ફેઇન્ટ) ઢોંગ-છળ.	Fair (ફેર્) ઠીક-સુંદર, મેળો.
A fare (એ ફેર) ભાડું (રેલવેનું).	A flea (એ ફ્લી) ચાચડ.
Flee (ફ્લી) દોડી જવું.	Foul (ફાઉલ) અશુદ્ધ, ગંદુ.
Gilt (ગીલ્ટ) દોષ, ગુન્હો.	Gilt (ગીલ્ટ) ઢોળેલું. (સોનાથી).
A heart (એ હાર્ટ) અંતઃકરણ.	A hart (એ હાર્ટ) હરણ, કુરંગ.
A hare (એ હેર્) સસલું.	Hair (હેર્) વાળ
A heel (હીલ્) પગની એડી.	To heal (ટુ હીલ્) રૂઝવવું.
Here (હીઅર્) અહીંઆ	To hear (ટુ હીઅર્) સાંભળવું.
Hue (હ્યુ) રંગ.	To hew (ટુ હ્યુ) કાપવું.
Whole (હોલ્) આખું.	A hole (એ હોલ) કાણું.
	Knew (ન્યુ) જાણ્યું.
New (ન્યુ) નવું.	Lead (લેડ્) સીસું.
Led (લેડ્) દોર્યું.	To lessen (ટુ લેસન્) ઓછું કo.
A lesson (એ લેસન્) પાઠ.	Mean (મીન્) નીચ.
A mien (એ મીન્) ચહેરો.	Meat (મીટ્) માંસ.
To meet (ટુ મીટ્) મળવું.	To mete (ટુ મીટ્) પરિમાણ કo.
An oar (એન ઓર્) હલેસાં મારવા.	Ore (ઓર્) કાચી ધાતુ.
Peace (પીસ્) શાંતી-સલાહ.	A piece (એ પીસ્) કકડો.
A place (એ પ્લેસ) જગ્યા.	Plaice (પ્લેસ્) માછલીની એક જાત.
To pray (ટુ પ્રે) પ્રાર્થના કo.	A prey (એ પ્રે) શિકાર.
To raise (ટુ રેઝ્) ઉંચે ચઢાવવું.	Rays (રેઝ્) સૂર્યના કિરણ.
To raze (ટુ રેઝ્) પાડી નાખવું[મકાન]	Rain (રેન્) વર્ષાદ.
Reins (રેન્સ્) લગામ.	Riegn (રેન્) રાજ્ય.
Rest (રેસ્ટ્) આરામ.	Wrest (રેસ્ટ્) ખેંચી લેવું, ઝુંટી લેવું.
Right (રાઈટ્) ખરૂં.	A rite (એ રાઇટ્) ધર્મ ક્રિયા.
To write (ટુ રાઈટ્) લખવું.	To sail (ટુ સેઇલ્) હંકારવું.

† Deer નું બહુવચન પણ Deer છે.

A sale (એ સેલ્) વેચાણ.
Seen (સીન્) દીઠું.
To see (ટુ સી) જોવું
To sew (સો) શિવવું.
The soul (ધી સોલ) આત્મા.
A sum (એ સમ્) રકમ.
The Sun (ધી સન્) સૂર્ય.
Steel (સ્ટીલ્) ગજવેલ
Strait (સ્ટ્રેટ્) સાંકડું, સંકટ.
A tale (એ ટેલ્) વાત.
Their (ધૅર) તેઓનું
Too (ટુ) ઘણું, વળી.
Vain (વેન્) પતરાજીખોર
Waist (ઉવેસ્ટ્) કમ્મર.
Weak (ઉવીક્) નબળું.
Yew (યુ) એક જાતનું ઝાડ.
An ewe (એન ઇયુ) ઘેટી

A scene (એ સીન્) દેખાવ.
A sea (એ સી) સમુદ્ર
To sow (ટુ સો) વાવવું.
A sole (એ સોલ્) તળીયું.
Some (સમ્) કેટલું.
A son (એ સન્) પુત્ર.
To steal (ટુ સ્ટીલ્) ચોરી ક૦
Straight (સ્ટ્રેટ્) સીધું
A tail (એ ટેલ્) પૂછડી.
To tell (ટેલ્) કહેવું.
There (ધૅર) ત્યાં
Two (ટુ) બે.
A vein (એ વેન્) નાડી.
Waste (ઉવેસ્ટ્) નકામું નાખી દેવું.
A week (એ ઉવીક્) અઠવાડીયું.
You (યુ) તમે.

Part II. ભાગ ૨ જો.

Etymology (ઇટીમૉલોજી) શબ્દવિન્યાસ.

ઇંગ્રેજીમા શબ્દ (Word) કહો છે તેના સાત ભાગ કરવામાં આવ્યા છે, અને આ સાત ભાગ "The Parts of Speech" (ધી પાર્ટસ્-ઑફ્ સ્પીચ્)ના નામે ઓળખાય છે. તે સાત ભાગ નીચે પ્રમાણે છે—

A noun (એ નાઉન્) નામ.
An adjective (એન ઍડ્જેક્ટીવ્) વિશેષણ.
A pronoun (એપ્રોનાઉન્) સર્વનામ.
A verb (એ વર્બ્) ક્રિયાપદ.
An adverb (એન ઍડ્વર્બ) ક્રિયા વિશેષણ.
A preposition (એ પ્રૅપોઝીશન્) નામયોગી
A conjunction (એકન્જંકશન) વાકયયોગી.

કોઇ પણ ભાષાજ્ઞાન મેળવવામા તે ભાષાનું વ્યાકરણ ખાસ શિખવાની જરૂર છે અને તેથી અત્રે પણ ઉપર બતાવેલ શબ્દના ભાગ વિષે બોલવું ખાસ જરૂરનું છે.

Article (આર્ટીકલ્) ઉપપદ.

ઈંગ્રેજીમા મુકરર નામ કે સાધારણ નામ બતાવવા માટે નામની અગાઉ તેને આર્ટીકલ્ લગાડવામાં આવે છે, આર્ટીકલોની સંજ્ઞા A, An અને The છે. ઈંગ્રેજીમા આર્ટીકલો બે પ્રકારના છે. Definite (ડેફીનીટ્) નિશ્ચય બતાવનાર અને Indefinite (ઇન્ડેફીનીટ્) અનિશ્ચય બતાવનાર.

નિશ્ચય બતાવનાર (Definite Article) આર્ટીકલ્ The (ધ) છે અને તે નામની અગાઉ એકવચન તથા બહુવચન બન્નેમાં લાગે છે જેમકે:—Shut the door (શટ્ ધ ડોર્) બારણું બંધ કરો; (આ ઠેકાણે બારણા આગળ *the* પ્રત્યય લગાડવામાં આવ્યો છે તે ઉપરથી એમ જાણવું કે જેને બારણું બંધ કરવાનું કહેવામા આવે છે તે આદમી કયુ બારણું તે જાણતો હોવો જોઇએ. દાખલા તરીકે બે જણ વાત કરતા હોય અને બારીમાંથી ધુળ આવતી હોય તો કયું બારણું બંધ કરવું તે બેમાંથી એક જાણતોજ હોવો જોઇએ; તેમજ Eat the grapes (ઈટ્ ધ ગ્રેપ્સ્) દ્રાક્ષ ખાઓ; Give me the books (ગીવ્ મી ધ બુક્સ્) મને ચોપડીઓ આપો.

અનિશ્ચીત આર્ટીકલ્ (Indefinite article) ના પ્રત્યય A અને An છે. આ એક વચનના નામો નામને લાગે છે અને તે અમુક ચીજ બતાવતા નથી પણ એકાદનો ભાવાર્થ બતાવે છે. જેમકે:—Give me a book (ગીવ્ મી આ બુક્) મને ચોપડી આપો (આમા કઈ ચોપડી તે સમજાતુ નથી પણ પડેલી ચોપડીઓના ઢગલામાંથી અગર બીજી કોઇ ચોપડીમાથી એક આપો એવો ભાવાર્થ નીકળે છે.) તેમજ Eat an orange (ઈટ્ એન્ ઑરેન્જ્) નારંગીખાઓ (અહી આ નારંગી ખાઓ તેમાં નારંગીની જાણે પાસે રકાબી પડી હોય અને તેમાંથી એક નારંગી ગમે તે ખાવાનું કહેવામાં આવે છે.

A, અને An કયા સ્થળે વાપરવામા આવે છે. તેનો અત્રે ખુલાસો કરવો ઠીક થઈ પડશે. A પ્રત્ય બહુધા વ્યંજનોથી શરૂ થતા નામવાળા શબ્દની આગળ આવે છે એટલે A, E, I, O, U, Y અક્ષરોની શરૂઆતથી થતા શબ્દોને A કેટલાક અપવાદ્ શિવાય લાગતો નથી પણ તેવા શબ્દોને An લાગે છે:—જેમકે A boy (એ બૉય્) એક છોકરો; A cow (એ કૌ) એક ગાય; A hen (એ હેન્) એક મુરઘી A man (એ મૅન્) એક માણસ; A book (એ બુક્) એક ચોપડી આવા વ્યંજન અક્ષરથી શરૂ થતા શબ્દની આગળ A આવે છે અને સ્વર અક્ષરથી શરૂ થતા શબ્દને An લાગે છે જેમકે An egg (એન્ એગ્) એક ઇંડુ; An ox (એન્ ઑક્ષ્) એક બળદ; An ant (એન્ એન્ટ્) એક કીડી.

કેટલાક સ્વર અક્ષરોથી શરૂ થતા શબ્દો જેનો ઉચ્ચાર બહુધા યુ જેવો થાય છે. તેને ખાસ અપવાદ રૂપ An નહીં લાગતા A લાગે છે; જેમકે A European (એ યુરોપીયન્) એક યુરોપીઅન; A ewe (એ યુ) એક મેંઢી; A unit (એ યુનીટ્) એક સંખ્યા.

જેમ અપવાદ રૂપ ઉપર બતાવ્યા તેમ કેટલાક શબ્દને An ને બદલે A લાગે છે, તેમ કેટલાક વ્યંજન શબ્દથી શરૂ થતા શબ્દ જેના ઉચ્ચાર અ શબ્દ જેવા થાય છે તેને An લાગે છે; જેમકે:-An hour (એન્ અવર્) એક કલાક; An M. A. (ઍન્ ઍમ. એ.) એક ઍમ. એ. ની પરીક્ષામાં પાસ થયેલો.

જ્યારે The એક વચનવાળા નામની અગાઉ મુકવામાં આવે છે ત્યારે તે કંઈ અમુક ચીજ બતાવવું હોવું જોઈએ અગર જાત બતાવવું હોવું જોઇએ; જેમકે The cow is useful (ધ કાઉ ઇઝ્ યુઝ્ફુલ્) ગાય ઉપયોગી છે (અહીંઆં ગાયની જાત ઓળખાવવામાં આવે છે) દેશના વતનીઓ બતાવવામાં હમેશા *the* લગાડવામાં આવે છે; જેમકે The French (ધ ફ્રેન્ચ) ફ્રેન્ચલોક, The Chinese (ધ ચાઇનીઝ્) ચીના લોક, The Gujarati ગુજરાતી, પણ જ્યારે ભાષા કે બોલી બતાવવી હોય ત્યારે The લાગતો નથી; જેમકે French (ફ્રેન્ચ) ફ્રેન્ચ ભાષા, Greek (ગ્રીક્) ગ્રીક ભાષા ઇ.

આખી દુનિયામાં એકજ ચીજ છે કે જે ચીજ માટે The લગાડવામાં આવે છે જેમકે The Sun (ધ સન્) સૂર્ય; The moon (ધ મુન્) ચન્દ્ર, નદી પર્વતના નામોને The પ્રત્યય લાગે છે; જેમકે The Ganges (ધ ગેન્જીઝ્) ગંગા નદી; The Himalayas (ધી હીમાલયાઝ્) હિમાલય પર્વત. પણ જે પર્વત જ્વાળામુખીના નામે ઓળખાય છે તેવા પર્વતને The લાગતો નથી; જેમકે Etna is a volcano (એટના ઈઝ્ એ વોલ્કેનો) એટના એક જ્વાળામુખી પર્વત છે.

Duke (ડયુક્) Maharaja (મ્હારાજા,) Earl (અર્લ્) આદી અમુક સ્થાન Position (પોઝીશન્) બતાવનાર નામો આગળ *the* (ધ) લાગે છે. જેમકે The Duke of Wellington (ધ ડયુક ઓફ્ વેલીન્ગટન્) ઇ.

A (એ) આ પ્રત્યયનો કેટલાક આ અને કેટલાક એ ઉચ્ચાર કરે છે. The (ધ) કેટલાક ધ અને કેટલાક ધી ઉચ્ચાર કરે છે. ધી ઉચ્ચાર બહુધા, A, E I, O, U, Y વાળા સ્વર અક્ષરથી શરૂ થતા શબ્દો આગળજ થાય છે, વ્યંજનથી શરૂ થતા શબ્દો આગળ ધ બોલાય છે.

ભાષાન્તર કરવામાં He has a book (હી હૅઝ્ આ બુક્) તેની પાસે એક ચોપડી છે. એમ A નો અર્થ કરવો નહી પણ જે શબ્દને A પ્રત્યય લાગે છે તેમાં

એકપણું સમજી લેવાનું છે, પણ ભાષાન્તર કરવામાં ખરી રીતે તેનો અર્થ તેની પાસે ચોપડી છે. એ થાય છે.

નામની પહેલાં વિશેષણ આવ્યું હોય તો ઉપપદ (Article) વિશેષણના પ્હેલાં મુકવું-જેમકે A good boy (આ ગુડ બૉય) સારો છોકરો.

NOUNS (નાઉન્સ) નામ.

જે ચીજના, લોકના, સ્થાપના, જંતુ વગેરેના નામ આપણે સાંભળીએ છીએ તથા જોઇએ છીએ તેને વ્યાકરણમાં નામ (Noun નાઉન્) કહે છે; જેમકે Chandulal (ચંદુલાલ), A horse (હૉર્સ્) ઘોડો, A book (બુક્) ચોપડી, a school (સ્કુલ્) નિશાળ ઈ.

ઇંગ્રેજીમાં Noun (નાઉન્) નામના પાચ પ્રકાર છે:–૧ A proper Noun (પ્રૉપર્ નાઉન્) વિશેષ નામ, ૨ A common Noun (કૉમન્નાઉન્) સામાન્ય નામ, ૩ A Material Noun (મટીરીયલ્ નાઉન્) પદાર્થવાચક નામ ૪ A Collective Noun (કલેકટીવ્ નાઉન્) સમુદાયવાચક નામ, ૫ An Abstract Noun (ઍબ્સ્ટ્રૅક્ટ્ નાઉન્) ભાવવાચક નામ.

૧. જે નામ ફક્ત અમુક એક માણસ, જગ્યા અથવા ચીજ બતાવે છે તેને વિશેષ નામ (A proper Noun) કહે છે; જેમકે Ratanchand (રતનચંદ), Calcutta (કલકત્તા), Kohinur (કોહિનુર) વગેરે; (અહીં રતનચંદ, કલકત્તા, કોહીનુર એકજ છે અને તેથી તે વિશેષ નામ ગણાય છે.)

૨. જે નામ એક જાતનું અમુકપણું બતાવતું નથી અને સાધારણપણું બતાવે છે તે નામ A Common Noun (કૉમન્ નાઉન્), થી ઓળખાય છે; જેમકે a river (એ રીવર્) નદી; a boy (એ બૉય્) છોકરો; a book (બુક્) ચોપડી ઇ.

૩. જે નામ અમુક ધાતુ, ચીજ, વસ્તુ વગેરે બતાવે છે તે નામ A material Noun (મટીરીયલ્ નાઉન્) પદાર્થવાચક નામ કહેવાય છે, જેમકે Water (વૉટર્) પાણી; silver (સીલ્વર્) રૂપુ; gold (ગોલ્ડ્) સોનુ ઈ.

૪. જે નામ અમુક જથો બતાવે છે તે નામ. A collective Noun (કલેકટીવ્ નાઉન્) સમુદાયવાચક નામ કહેવાય છે. જેમકે A flock (ફ્લૉક્) ટોળુ; An army (આર્મી) લશ્કર; A fleet (ફ્લીટ્) વ્હાણનો કાફલો ઈ.

૫. જે નામ વસ્તુના ગુણ વગેરે બતાવે છે તેને An Abstract Noun (એબ્સ્ટ્રૅક્ટ્ નાઉન્) ભાવવાચક નામ કહેછે; જેમકે Health (હેલ્થ્) તંદુરસ્તી sweetness

(સ્વીટ્નેસ્) મળપણ; sleep (સ્લીપ્) ઉંઘ; kindness (કાઈન્ડ્નેસ્) કૃપા; Modesty (મોડેસ્ટી) સભ્યતા.

જેમ ગુજરાતીમાં નામને વચન, જાતી, વિભક્તિ વીગેરે લાગે છે તેમ ઇંગ્રેજીને પણ લાગે છે અને તેથી અત્રે તે વિષે કહેવું યોગ્ય છે.

NUMBER (નંબર) વચન

ઇંગ્રેજીમાં બે વચન છે Singular (સીંગ્યુલર્) એકવચન અને Plural (પ્લ્યુરલ્) બહુવચન. Singular (એકવચન) એકપણું બતાવે છે જ્યારે Plural (બહુવચન) એકથી આધિકપણું બતાવે છે.

ઈંગ્રેજીમાં ઘણું કરીને એકવચનનું બહુવચન કરવું હોય તો s ઍસ્ લગાડવામા આવે છે; જેમકે A Book (એ બુક્) ચોપડી. (એકવચન), Books (બુકસ્) ચોપડીઓ (બહુવચન); A boy (એ બૉય્) છોકરો; boys (બૉયઝ્) છોકરાં.

જે એકવચનવાળા નામના શબ્દોની છેડે s, ss, sh, ch, x, આવે છે તેવા શબ્દોને es લગાડવાથી બહુવચન થાય છે; જેમકે Pass નું Passes, fox (ફૉકસ્)લોંકડીનું foxes (ફૉકસીસ્)લોંકડીઓ, bunch*(બન્ચ્) લૂમખો, નું bunches.

જે નામના છેડે f અગર fe આવે છે તેનું બહુવચન થતા f અને fe, ves માં બદલાઇ જાય છે; જેમકે Life (લાઈફ્) જીવનનું lives; knife (નાઇફ્) ચપ્પુનું knives થાય છે વગેરે.

જે નામના છેડે y આવતો હોય અને તેના પહેલાનો અક્ષર વ્યંજન હોય તો તેનું બહુવચન થતા ies થાય છે; જેમકે Baby (બૅબી) છોકરનું, Badies, Lady (લેડી) સ્ત્રીનું ladies થાય છે પણ Toy (ટૉય્) રમકડું માં આગલો અક્ષર o સ્વર હોવાથી તેનું બહુવચન કરતા ફક્ત s જ ઉમેરવો પડે છે; જેમકે Toys (ટૉય્ઝ્) રમકડાં.

નીચે બતાવેલ કેટલાક નામનું બહુવચન જુદીજ રીતે થાય છે:—

એકવચન.	બહુવચન.	એકવચન.	બહુવચન.
A man (એ મૅન્) માણસ.	Men.	A foot (એ ફુટ્) પગ.	Feet.
A child (એ ચાઈલ્ડ્) છોકરૂં.	Children.	A Goose (એ ગુસ્) હંસ.	Geese.
An ox (ઍન્ ઑક્સ્) બળદ.	Oxen.	A tooth (એ ટુથ્) દાત.	Teeth.
A cow (એ કૌ) ગાય.	Cows, Kine	A mouse(એ માઉસ્)ઉંદર.	Mice.

* જો ch નો ઉચ્ચાર ચ થતો હોય તોજ es બહુવચનમા લાગે છે પણ જો તેનો ઉચ્ચાર ક થતો હોય તો ફક્ત s જ લાગે છે; જેમકે Stomach (સ્ટમક્) હોજરી Stomachs થાય છે.

નિચે બતાવેલ કેટલાક નામનું બહુવચન બે રીતે થાય છે અને તે બન્ને અર્થમાં જુદા છે.

એકવચન	બહુવચન.
Brother (બ્રધર્) ભાઈ	Brothers (બ્રધર્સ્) ભાઈઓ, એકજ માબાપના. Brethren (બ્રધરન્) જાતભાઈ.
Cloth (ક્લાથ્) કપડું.	Clothes (ક્લૉધ્ઝ્) પ્હેરવાનાં કપડાં. Cloths (ક્લોથ્સ્) જુદી જુદી જાતના કપડા શીવેલા નહીં પણ શીવ્યા સિવાયનાં.
Die (ડાઈ) પાસો.	Dies (ડાઇઝ્) સીક્કા પાડવાની છાપો. Dice (ડાઈસ્) પાસા.
Genius (જીનીયસ્) બુદ્ધિમાન	Geniuses (જીનીયસીઝ) બુદ્ધિવાન પુરૂષો. Genii (જીનીઆઈ) ઉપદેવતા, ભૂતો.
Fish (ફીશ્) માછલી.	Fish (ફીશ્) જુદી જુદી જાતની માછલીઓ. Fishes (ફીશીઝ્) માંછલીઓ.
Pea (પી)	Peas (પીઝ્) વટાણાના જુદા જુદા દાણા. Pease (પીઝ્) વટાણા. (અનાજ તરીકે)
Shot (શૉટ્) ગોળી.	Shot (શૉટ્) ગોળીઓ. Shots (શૉટ્સ્) જુદા જુદા કદની ગોળીઓ. છરા.

કેટલાંક નામ એવા છે કે જે હમેશ બહુવચનમાંજ વપરાય છે; જેવાં કે aborigines (ઍબોરિજીનીઝ્) મૂળ વતનીઓ, antipodes (એન્ટીપોડીઝ્) પ્રથ્વિની સામી બાજુએ રહેનારા લોક.

Sheep (શીપ્) બકરા; Deer (ડીયર્) હરણ, Swine (સ્વાઈન્) હંસ, ઈત્યાદી નામો એકવચન તેમજ બહુવચનમા સરખીજ રીતે વપરાય છે; જ્યારે એકવચન બતાવવું હોય ત્યારે A sheep, A deer, A sow (સાઉ) વગેરે ઉપપદ (article) કે પછી one sheep વગેરે લખી કે બોલી બતાવવાથી ખબર પડે છે.

નીચે બતાવેલાં નામ હમેશાં એકવચન છતાં બહુવચનના રૂપમાં વપરાય છે.

Assets (એસેટ્સ્) મરનારની મીલ્કત.

Ashes (એશીઝ્) રાખોડી.

Bowels (બાવેલ્સ્) આતરડાં.

Calends (કેલેન્ડ્ઝ્) પહેલો (રોમન લોકમા).

Dregs (ડ્રેગ્ઝ્ કચરો).

Entrails (એન્ટ્રેલ્સ્) આતરડા.

Premises (પ્રેમીસીસ્) મકાનની હદ.

Scissors (સીઝર્સ્) કાતર.

Spectacles (સ્પેક્ટેકલ્ઝ્) ચસ્મા.

Thanks (થૅન્ક્સ્) સાબાશી, આભાર.

Tidings (ટાઈડીંગ્સ્) સમાચાર.

Tongs (ટૉન્ગ્ઝ્) ચીમટો.

Lees (લીઝ્) કચેરો. Trousers (ટ્રાઉઝર્સ્) ચોરણો-ઇજાર.
Nuptials (નપશીયલ્ઝ્) વિવાહ. Victuals (વીટલ્ઝ્) ખોરાક
Pincers (પીન્સર્ઝ્) સાણસી. Vitals (વાઇટલ્સ) મર્મસ્થાન.
Pinches (પીન્ચીઝ્) ચીમટો. Wages (વેજીઝ્) મજુરી

Spectacles (સ્પૅક્ટેકલ્ઝ્) ચસ્મા, Scissors (સીઝર્ઝ્) કાતર વગેરેનુ બહુવચન કરવું હોય તો Pairs of Spectacles (પેર્સ્ ઑફ્ સ્પૅક્ટેકલ્ઝ્) ચસ્માની જોડો વગેરે કરી લખાય છે અને એક વચનમા વાપરવું હોય તો A pair of scissors (એ પૅર્ ઑફ્ સીઝર્સ્) કાતર (કાતરની જોડ) વગેરે કરી લખાય છે.

Amends (એમેન્ડઝ્) બદલો. Bellows (બેલોઝ્) ધમણ.
Gallows (ગેલોઝ્) ફાંસીનાં લાકડા. News (ન્યુસ્) સમાચાર.
Odds (ઑડ્ઝ્) વિષમતા, તકરાર.

વગેરે શબ્દ હમેશા બહુવચન દેખાતા છતાં એક વચનમાંજ વપરાય છે.

કેટલાક નામ એવા છે કે એક વચનમા તેમનો અર્થ જે થાય છે તે બહુવચનમા તદ્દન ફરી જાય છે, જેમાના થોડા નીચે આપ્યા છે.

એકવચન.	બહુવચન.
Compass (કમ્પાસ્) ચક્કર, ફેરો.	Compasses (કમ્પાસીઝ્) નકશા કરવાનું યંત્ર, કંપાસ, હોકા યંત્ર.
Corn (કૉર્ન્) અનાજ.	Corns (કૉર્નસ્) આટણ, ફોલ્લા, ચાઠાં.
Good (ગુડ્) સારૂં.	Goods (ગુડ્ઝ્) માલ-સામાન.
Vesper (વેસ્પર્) શુક્રના તારો, સાંજ.	Vespers (વેસ્પર્ઝ) સાંજનું ગીત.

વિશેષ નામનું (A proper Noun) બહુવચન થતુ નથી. પણ જ્યારે એકજ નામના વધારે પુરૂષો હોય ત્યારે આવા નામાં બહુવચનનો પ્રત્યય s કે es લગાડવામાં આવે છે; જેમકે Mehtas (મહેતાસ્) (મહેતા અડકવાળા બહુ હોય ત્યારે) Munims (મુનીમ્સ્) ઇ.

કેટલાક નામો મિશ્ર શબ્દવાળા હોય છે જે (Compound Words કમ્પાઉન્ડ્ વર્ડ્) મિશ્ર શબ્દ કહેવાય છે, તેવા નામોનું બહુવચન કરવું હોય તો પહેલા શબ્દને s કે es પ્રત્યય લગાડવામા આવે છે; જેમકે Father-in-law (ફાધર્ ઇન્ લૉ) સાસરાનું બહુવચન કરવું હોય તો s પ્રત્યય father ને લગાડાય છે (Fathers-in-law ફાધર્સ્ ઇન્ લૉ) સસરા.

GENDER (જેન્ડર્) જાતી.

જેમ ગુજરાતીમાં નર, નારી અને નાન્યતર ત્રણ જાતી છે, તેમજ ઇંગ્રેજીમાં પણ ત્રણ જાતી છે--૧ Masculine (મેસ્કયુલાઇન્) નર=a man (મેંન્) માણસ. a king (કીગ્)રાજા, a horse (હોર્સ્) ઘોડો, ઇ. ૨ Faminine (ફેમીનાઈન્)નારી=a woman (વુમન્) સ્ત્રી, A queen (કવીન્) રાણી, a mare (મેર્) ઘોડી. ૩. Neuter (ન્યુટર્) નાન્યતર=fish (ફીશ્) માછલી, water (વૉટર્) પાણી a pen (પેન્) કલમ ઇત્યાદિ.

કેટલાક નામ નર તેમજ નારીમાં હોય છે. આવા નામોને જે જાતી લાગે છે તે A common Gender (કૉમન્ જેન્ડર્) કહેવાય છે.

જેમકે Parent (પેરન્ટ્) મા કે બાપ, Child (ચાઈલ્ડ્) છોકરૂં, A person (પર્સન્) માણસ.

નર કે નારીજાતિના શબ્દો ઇંગ્રેજીમાં ત્રણ રીતે બહુધા બદલાય છે. ૧ તદન નવોજ શબ્દ થાય છે:—

નરજાતીના શબ્દો.	નારીજાતીમા કેવી રીતે બદલાય છે
A bachelor (એ બૅચેલર્) કુવારો.	A maid (એ મેડ્) કુવારીકા.
A beau (એ બો) વરણાગીયો	A belle (એ બેલ્) છેલછબીલી.
A boar (એ બોર્) ડુક્કર.	A sow (એ સાઉ) ડુકરી.
A bridegroom (એ બ્રાઈડ્ગ્રુમ્) વરરાજા.	A bride (એ બ્રાઇડ્) કન્યા.
A brother (એ બ્રધર્) ભાઇ.	A sister (એ સીસ્ટર્) બ્હેન.
A bull (એ બુલ્) આખલો.	A cow (એ કાઉ) ગાય.
A cock (એ કૉક્) મુરઘો.	A hen (એ હેન્) મુરઘી.
A dog (એ ડૉગ) કૂતરો.	A bitch (એ બીચ) કૂતરી.
A father (એ ફાધર્) પીતા.	A mother (એ મધર્) માતા.
A gentleman (એ જેન્ટલ્મેન્) ગ્રહસ્થ.	A lady (એ લેડી) શેઠાણી.
A horse (એ હૉર્સ્) ઘોડો.	A mare (એ મૅર) ઘોડી.
A husband (એ હઝ્બન્ડ્) ધણી	A wife (એ વાઇફ્) ધણીયાણી.
A king (એ કીંગ્) રાજા.	A queen (એ ક્વિન્) રાણી.
A nephew (એ નેફ્યુ) ભત્રીજો.	A niece (એ નીસ્) ભત્રીજી.
An uncle (એન અન્કલ્) કાકો.	An aunt (એન આન્ટ્) કાકી.
A widower (એ વીડોઅર્) રંડેલો.	A widow (એ વીડો) વિધવા.

A wizard (એ ૩વીઝાર્ડ) જાદુગર. A witch (એ ૩વીચ્) ડાકણ, જાદુ કર.

૨. નરજાતીના નામને ess, ix, ine પ્રત્ય લગાડવાથી નારીજાતિ થાય છે:--

નરજાતી.	નારીજાતી.
An actor (એન ઍક્ટર્) નટ.	An actress (એન ઍક્ટ્રેસ) નટી.
A arbiter (એન આર્બીટર્) પંચાતીઓ.	An arbitress (એન આર્બીટ્રેસ્) પંચાતીયણ.
An author (એન ઑથર્) ગ્રંથકાર.	An authoress (એન ઑથરેસ્) ગ્રંથકર્તા સ્ત્રી, ગ્રંથકારીણી.
A chanter (એ ચૅન્ટર્) ગાંધર્વ.	A chantress (એચ્યાન્ટ્રેસ્) ગાનારી.
An emperor (એન એમ્પરર) શહેનશાહ.	An empress (એન એમ્પ્રેસ) શહેનશાહબાનુ
An heir (એન ઍર્) વારસ	An heiress (એન ઍરસ્) (વારસ) સ્ત્રી
A hunter (એ હન્ટર્) શિકારી	A huntress (એ હન્ટ્રેસ્) શિકાર કરનારી
A lad (એ લૅડ્) છોકરો.	A lass (લૅસ્) છોડી. સ્ત્રીશિશક
A poet (એ પૉએટ્) કવિ.	A poetess (એ પોએટેસ્) કવિતા કરનારી.
A tutor (એ ટ્યુટર) શિક્ષક	A tuteress (એ ટ્યુટરેસ) શિખાડનારી.
An administrator (એન્ એડ્મીનીસ્ટ્રેટર્) રાજ્યકારોબાર ચલાવનાર.	An administratrix (એન્ એડ્મીનીસ્ટ્રેટ્રીક્સ્) રાજ્યકારોબાર ચલાવનારી.
An executor (એન્ એક્સીક્યુટર) વહીવટ કરનાર.	Executrix (એક્સીક્યુટ્રીક્ષ્) વહીવટ કરનારી.
A testator (એ ટેસ્ટેટર) વસિયતનામુ કરનાર	Testatrix (ટેસ્ટાટ્રીક્ષ) વસીયતનામુ કરનારી.
A hero (એ હીરો) વીર, શૂરવીર.	Heroine (હીરોઇન્) શૂરવીર સ્ત્રી.

૩. કેટલાક પુરૂષવાચક નામને સ્ત્રી લીંગ પ્રત્ય લગાડવાથી નારીજાતીમા બદલાય છે જેમકે:—

પુરૂષવાચક નામ.	સ્ત્રીવાચક નામ.
A he-goat (એ હી-ગોટ્) બકરો.	A she goat (એ શી ગોટ્) બકરી.
A he-bear (એ હી-બેર્) રીંછ.	A she-bear (એ શી-બેર્) રીંછડી.
A man-servant (એ મૅન્-સરવન્ટ્)ચાકર.	A maid-servant (એ મેડ્ સરવન્ટ્) ચાકરડી

CASE (કેસ) વિભક્તિ.

જેમ ગુજરાતીમાં સાત વિભક્તિ છે તેમ ઈંગ્રેજીમાં ફક્ત ત્રણજ છે:—૧ A nominative Case (એ નૉમીનેટીવ્ કેસ) પહેલી વિભક્તિ અથવા પ્રથમા (કર્તા) ૨. An objective Case (એન ઑબ્જેક્ટીવ્ કેસ) કર્મવાચક અથવા દ્વિતીયા અને ૩. A possessive Case (એ પઝેસીવ્ કેસ) છઠી વિભક્તિ અથવા સંબંધ વાચક

૧. ઇંગ્રેજીમા જે કર્તા બતાવે છે તે A nominative Case કહેવાય છે અને જે કરવાનું બતાવે છે તે કર્મ અથવા An objective Case કહેવાય છે. જેમકે Manilal lost a rupee (મનીલાલ લૉસ્ટ અ રૂપી) મણીલાલે રુપિઓ ખોયો. અહી આ Manilal કર્તા છે અને તેથી તે Nominative Case મા છે અને rupee (રૂપી) કર્મ છે તેથી તે Object અથવા કર્મ છે

ત્રીજી વિભક્તિ possessive Case (પઝેસીવ) છઠ્ઠી વિભક્તિના નામે ઓળખાય છે. આ વિભક્તિ ઇંગ્રેજીમા ઘણી ઉપયોગી છે અને તેનો ઉપયોગ of (ઑફ) અથવા 's (ઍપાસ્ટ્રોફિ એસ) થી થાય છે s ની અગાઉ જે, કામા જેવું ચીન્હ છે તે ઍપૉસ્ટ્રૉફિ (Apostrophe) કહેવાય છે. જેમ Amthalal's book (અમથાલાલસ્ બુક) અમથાલાલની ચોપડી અથવા A book of Amthalal (અ બુક્ ઑફ અમથાલાલસ્) અમથાલાલની ચોપડી આવી રીતે of અને 's નામને લગાડવાથી છઠ્ઠી વિભક્તિ થાય છે. પણ 's (ઍપૉસ્ટ્રૉફિ એસ) હમેશા of ના બદલે લગાડવામા આવતો નથી, કેમકે Doors of the house (ડૉર્સ ઑફ ધ હાઉસ) (ઘરના બારણા) ને બદલે A house's door કરી લખ્યુ હોય તો તે ઇંગ્રેજીમાં ખોટું છે પણ નીચેના કેટલાક દાખલા ઉપરથી 's ક્યા લગાડવો તે સહજ જણાઈ આવશે—

૧. અગાઉ કહી ગયા છીએ કે મિશ્ર શબ્દનું બહુવચન કરવું હોય તો s પહેલા પદને લગાડવામા આવે છે પણ જ્યારે આવા શબ્દોને છઠ્ઠી વિભક્તિનું રૂપ લગાડવું હોય ત્યારે (ઍપૉસ્ટ્રૉફી એસ) છેલ્લા પદને લગાડવામા આવે છે, જેમકે A father-in law's house (ફાધર ઈન્ લૉઝ હાઉસ) સાસરાનું ઘર. ઇ.

૨ મિશ્ર શબ્દ બહુ વચનમા વાપરેલા હોય તો of (ઑફ) પ્રત્ય લગાડવામાં આવે છે; જેમકે Gifts of the fathers-in law (ગીફ્ટસ ઑફ ધ ફાધર્સ ઈન્ લૉ) સાસરાઓ તરફથી મળેલી બક્ષીસો

૩. બન્ને નામને એકજ વિભક્તિ લાગતી હોય તો તે નામની વિભક્તિને A case-in Apposition (એ કેસ ઇન્ ઍપોઝીશન) કહેછે અને આવા નામને છઠ્ઠી વિભક્તિ

લગાડવી હોય તો 's બીજા નામને લાગે છે; જેમકે Timur the Tartars' invasion (ટૈમુર ધ ટાર્ટર્સ્ ઇન્વેઝન્) તાતારવંશી તૈમુરનો હુમલો અહીં આ Tartar અને Timur ની વિભક્તિ એકજ છે અને તેથી 's બીજા નામને (Tartar's) ને લાગ્યો છે.

૪. કેટલાક નામને of પ્રત્યય લાગેલો હોય છે અને આવા નામને જ્યારે 's લગાડેલા હોય ત્યારે of (ઑફ્) પછાડીના નામને લાગે છે, જેમકે Maharaja of Baroda's College (મહારાજા ઑફ્ બરોડાઝ્ કૉલેજ્) વડોદરાના મહારાજાની પાઠશાળા.

૫. કેટલાક નામોને ફક્ત 's જ લગાડવામાં આવે છે અને ત્યાર પછી તે કંઈ બીજાનો કબજો અગર સંબંધ બતાવે છે તે બીજું લખવામાં આવતું નથી પણ તે ભાવાર્થમાંજ રહે છે—જેમ. I bought this book from Messrs N. M. Tripathi and Co's. આ ચોપડી મેં એન. એમ. ત્રીપાઠીની દુકાનેથી ખરીદી.

ઉપલા દાખલા ઉપરથી જણાશે કે ઘણું કરી 's જીવવાળી વસ્તુઓને લગાડવામાં આવે છે અને નિર્જીવ વસ્તુઓને લગાડવામાં આવતા નથી, કેમકે A man's legs (અ મેન્સ્ લેગ્ઝ્) માણસના પગ કહી શકાય A chair's legs (અ ચેર્સ લેગ્ઝ) ખુરશીના પાયા કહી નહીં શકાય પણ Legs of a chair (લેગ્ઝ્ ઑફ્ અ ચૅર) કહી શકાય.

જો કોઈને સંબોધન કરી બોલાવવામાં આવે તો તે વિભક્તિ Case of Address (કેસ ઑફ્ ઍડ્રેસ) અથવા Vocative case (વૉકટિવ્ કેસ) સંબોધન વિભક્તિથી ઓળખાય છે; જેમકે Ram, go there (રામ, ગો ધેર) રામ, ત્યાં જા.

કર્તાની પછી ક્રીયાપદના બદલે જો કૃદંત આવે તો તે વિભક્તિ Nominative Absolute (નૉમીનેટીવ્ ઍબ્સોલ્યુટ) કહેવાય છે. His carriage being broken, he had to proceed on foot (હીઝ્ કેરેજ્ બીઇંગ્ બ્રોકન્, હી હૅડ્ ટુ પ્રોસીડ્ ઑન્ ફુટ્) તેની ગાડી ભાગી જવાથી તેને પગે ચાલવું પડ્યું. અહીં આ being broken (બીઇંગ્ બ્રોકન્) કૃદંત છે તેથી તે carriageની વિભક્તિ Nominative Absolute છે.

THE PRONOUNS (ધ પ્રોનાઉન્સ્) સર્વનામ.

નામના બદલે જે શબ્દ મુકવામાં આવે છે તેને Pronoun (પ્રોનાઉન્) સર્વનામ કહે છે; કેટલીક વખત વાક્યમાં વારેઘડીયે નામ લીધાને બદલે સર્વનામ

વાપરવામાં આવે છે; જેમકે Keshav is a good boy, he loves his brothers and sisters (કેશવ્ ઈઝ્ આ ગુડ્ બૉય્. હી લવ્ઝ્ હીસ્ બ્રધર્સ્ એન્ડ્ સીસ્ટર્સ્) કેશવ સારો છોકરો છે, તે તેના, ભાઈ બ્હેનને ચ્હાય છે; આ વાકયમાં **he** તે કેશવની જગ્યાએ છે અને તેને બદલે કેશવ મુકયું હોય તો તે સારૂં લાગતું નથી માટે વાર વાર નામને બદલે જે શબ્દ મુકવામાં આવે છે તે સર્વનામ અથવા Pronoun (પ્રોનાઉન્) કહેવાય છે.

ઇંગ્રેજીમા સર્વનામ (Pronoun) પાચ પ્રકારનાં છે. ૧ A personal Pronoun (પર્સનલ પ્રોનાઉન્) પુરૂષવાચક સર્વનામ, A demonstrative Pronoun (એ ડીમોન્સ્ટ્રેટીવ્ પ્રોનાઉન્) દર્શક સર્વનામ. ૩ An Indefinite Pronoun (એન્ ઈન્ડેફીનીટ્ પ્રોનાઉન્) અનિશ્ચિત સર્વનામ ૪ A relative Pronoun (એ રીલેટીવ્ પ્રોનાઉન્) સબંધક અથવા તત્પદાપેક્ષક સર્વનામ, અને ૫ An Interrogative Pronoun (એન્ ઈન્ટરોગેટીવ પ્રોનાઉન) પ્રશ્નાર્થ સર્વનામ છે.

પુરૂષ વાચક સર્વનામ I (આઈ) હું, Thou (ધાઉ) તું, He (હી) તે, She (શી) તેણી, It (ઈટ્) તે છે અને આનું બહુવચન We અમે, You (યુ) અથવા * Ye (ઇ) તમે અને They (ધે) તેઓ છે

This (ધીસ્) અને that (ધૅટ્) પેલું such (સચ્) આવું, so (સો) એવું, younder (યૉન્ડર્) પેલી તરફનું, the same (ધ સેમ્) તેજ વગેરે દર્શક Demonstrative Pronoun સર્વનામ છે.

This (ધીસ્) આ અને that (ધૅટ્) પેલુ નાં બહુવચન these અને those અનુક્રમે થાય છે બાકીનાનું બહુવચન તેનું તે કાયમ રહે છે.

One (વન્) એક વગેરે નિશ્ચય બતાવનાર સર્વનામ છે who (હુ) જે, that (ધૅટ્) જે, which (વ્હિચ્) જે અને what (વ્હૉટ્) કયું—અથવા શું; સબંધ બતાવનાર સર્વનામ છે Relative Pronoun જેમકે The boy **who** stands there (ધ બૉય્ હુ સ્ટૅન્ડ્ઝ્ ધૅર્) છોકરો જે ત્યાં ઉભો છે. ઇ અને What (વ્હૉટ્) જે તે, શબ્દ that અને which મળી થયેલો છે તેથી તે Compound Relative (કમ્પાઉન્ડરીલેટીવ્) સર્વનામ કહેવાય છે.

who (હુ) which (વ્હીચ્) અને what (વ્હૉટ્) પ્રશ્નાર્થ રૂપે વપરાય છે ત્યારે તે પ્રશ્નાર્થ સર્વનામ (Interrogative Pronoun) કહેવાય છે.

ADJECTIVES (ઍડજેકટીવ્સ્) વિશેષણ—ગુણવાચક.

જે શબ્દ નામની પ્હેલા સંખ્યા પરિમાણ, ગુણ આદિ બતાવે છે તેને વિશે-

* Ye, કવિતામાં વપરાય છે.

ષણ અથવા ગુણવાચક કહે છે; જેમકે ten boys (ટેન્ બૉયઝ્) દસ છોકરા. bad men (બૅડ્ મેન્) ખરાબ માણસો.

વિશેષણના નીચે બતાવ્યા પ્રમાણે જુદા ભેદ છે:—

1. Pronominal Adjectivos (પ્રોનોમીનલ્ એડજેક્ટીવ્ઝ્) સર્વનામનો સંબંધ બતાવનાર વિશેષણ. આ જાતના વિશેષણ ચાર પ્રકારના છે.—

૧. **Demonstrative Adjectives** (ડીમોન્સ્ટ્રેટીવ એડ્જેક્ટીવ્ઝ) This, that, these, those, the, yon yonder, such, very, ઇ.

૨. **Relative Adjectives** (રીલેટીવ એડ્જેક્ટીવ્ઝ) Which, who, અને what that, us.

૩. **Interrogative Adjecrives** (ઇન્ટરોગેટીવ્ એડ્જેક્ટિવ્ઝ) who, Which અને what

૪. **Possessive Adjectlves** (પઝેસીવ્ એડ્જેક્ટીવ્ઝ્) My, mine, our, ours, the thine your, yours, his, her, hers, its, their, theirs.

II. **Adjectives of quantity** (એડ્જેક્ટિવ્ઝ્ ઑફ્ ક્વૉન્ટીટી) જથા દર્શક વિશેષણ, જેવા કે:-Much, great, little, large, small, enough, more.

III. **Numeral Adjectives** (ન્યુમરલ્ એડ્જેક્ટિવ્ઝ્) સંખ્યા વાચક વિશેષણ. આ વિશેષણોના બે વિભાગ છે.

૧. **Adefinite Numeral Ajedctive** (એ ડેફીનીટ્ ન્યુમરલ્ એડ્જેક્ટિવ્) નક્કી સંખ્યા બતાવનાર વિશેષણ—જેમકે:-One (વન્) એક; two (ટુ) બે, three (થ્રી) ત્રણ ઇ. (આ એક, બે—ત્રણ એ **Cardinal Number** (કાર્ડીનલ્ નંબર) અંકવાચક સંખ્યા કહેવાય છે અને first (ફર્સ્ટ) પહેલો, second (સેકન્ડ્) બીજો. એ Ordinal Number (ઑર્ડીનલ્ નંબર) ક્રમવાચક સંખ્યા કહેવાય છે.

૨. **Indefinite Numeral Adjectives** (ઇન્ડેફીનીટ્ ન્યુમરલ્ એડ્જેક્ટિવ્ઝ્) અનિશ્ચીત સંખ્યા બતાવનાર વિશેષણ જેમકે All (ઑલ) બધા, Many (મૅની) બધા. an (ઍન્) એકાદ, a (એ-આ) એકાદ, some (સમ્) કેટલાક, certain (સર્ટન્) અમુક, several (સેવરલ્) કેટલાક, few (ફ્યુ) થોડા, most (મોસ્ટ્) ઘણાખરા, whole (હોલ્) તમામ, ઇત્યાદિ.

IV **Distributive Adjectives** (ડીસ્ટ્રીબ્યુટીવ્ એડ્જેક્ટિવ્ઝ્) વિભાજક વિશેષણ. જેમકે each (ઇચ્) દરેકજણ, every (એવરી) દરેક, either

ધર, neither (નીધર્) બેમાંથી એકે નહી, other (અધર્) બીજો each અને every અર્થમાં એક છે પણ તેના વપરાશમાં ભેદ છે

V. Adjectives of Quality (એડ્જેક્ટીવ્ઝ્ ઑફ્ ક્વૉલીટી) ગુણ વાચક વિશેષણ, જેમકે a cruel boy (એ ક્રુઅલ્ બૉય્) ઘાતકી છોકરો ઇ.

VI Comparative Adjectives (કમ્પેરેટીવ્ એડ્જેક્ટીવ્ઝ્) તુલના દર્શક વિશેષણ ઇંગ્રેજીમાં આવા વિશેષણો એક પછી એક વિશેષ તુલના બતાવે છે અને તેથી તે જે વિશેષપણું બતાવે છે તેને ડીગ્રી (Degree) કહેછે-આવી ત્રણ ડીગ્રી છેઃ- ૧ Positive (પૉઝીટીવ્) અસલ હોય તે, ૨ Comparative (કમ્પેરેટિવ્)બેમાંથી એક વધારે સારૂં ખોટું બતાવનાર (અન્યસાપેક્ષ તુલના) અને ૩ Superlative (સુપરલેટિવ્) તમામ ચીજોમા શ્રેષ્ઠપણું બતાવે છે---(સર્વસાપેક્ષ તુલના).

વિશેષણને er (ઈ—આર) પ્રત્ય લગાડવાથી Comparative degree (કમ્પેરેટિવ્ ડીગ્રી) થાય છે; જેમકે Bhai is taller than Rustom (ભાઇ ઇઝ્ ટૉલર્ ધૅન્ રુસ્તમ) રુસ્તમ કરતાં ભાઈ ઉંચો છે. અહીંઆ taller, Adjective of Comparative degree કહેવાય છે. અને est પ્રત્ય લગાડવાથી Superlative degree થાય છે-જેમકે Ram is the tallest of all boys(રામ બધા છોકરા કરતા ઉંચામા ઉંચો છે-અહીંઆ Tallest, Adjective of superlative degree કહેવાય છે. તેમજ કેટલાક વિશેષણોને more (મોર્) વધારે અને most (મોસ્ટ્) સૌથી વધારે પ્રત્ય લગાડવાથી Adjectives of Superlative degree થાય છે. જેમકે Careful (કૅરફુલ) સાવચેત તેનું Comparative (કમ્પેરેટિવ) કરવું હોય તો More careful (મૉર્ કૅર્ફુલ્) અને Superlative (સુપરલેટીવ) કરવું હોય તો Most careful (મોસ્ટ્ કૅર્ફુલ્) થાય છે.

આ શિવાય કેટલાક અનિયમીત વિશેષણો છે કે જેનું Comparative અને Superlative બીજીજ રીતે થાય છે. તેમાંના થોડાં નીચે આપ્યા છે.

Positive (પૉઝીટીવ)		**Comparative** (કમ્પેરેટિવ્).	**Superlative** (સુપરલેટીવ્).
Bad (બૅડ્) Evil (ઇવિલ્) Ill (ઇલ્)	ખોટું—ખરાબ.	* Worse (વર્સ્).	Worst (વર્સ્ટ્).

* અહીં આ શબ્દના દ્રુત ઉચ્ચારણ આપ્યા છે કેમકે તેમના અર્થ પ્રથમ આવેલા શબ્દ ઉપરથી વધારે અને સૌથી વધારે એટલોજ ઉમેરો કરવાનો છે એટલે વધારે ખરાબ અને સૌથી ખરાબ તેવીજ માફક બધાનું સમજવું.

Good (ગુડ) સારૂં.	better (બેટર)	best (બેસ્ટ્)
Far (ફાર) દૂર-છેટે.	farther (ફાર્ધર)	farthest (ફાર્ધેસ્ટ્)
Forth (ફોર્થ્) આગળ.	further (ફર્ધર્)	furthest (ફર્ધેસ્ટ્)
Fore (ફોર્) આગળ.	former (ફૉર્મર્)	foremost (ફોર્મોસ્ટ્) first (ફર્સ્ટ્)
Little (લીટલ) નાનું, થોડું.	less (લેસ)	least (લીસ્ટ)
Much (મચ્) / Many (મૅની) વધારે.	more (મોર્)	most (મોસ્ટ)
Nigh (નાઈ) પાસે.	nigher (નાઈઅર્)	nighest (નાઈએસ્ટ્) next (નૅક્સ્ટ્)
Near (નીયર્) પાસે, નજીક.	nearer (નીયરર્)	nearest (નીયરેસ્ટ્)next
Old (ઓલ્ડ) ઘરડું.	older (ઓલ્ડર્) elder (એલ્ડર્)	oldest (ઓલ્ડેસ્ટ્) eldest (એલ્ડેસ્ટ્)
Late (લેટ્) મોડું	later (લેટર્) latter (લૅટર્)	latest (લેટેસ્ટ્) last (લાસ્ટ્)

Old (ઓલ્ડ)નું કમ્પરેટીવ અને સુપરલેટીવ older, elder અને oldest અને eldest બે રીતે થાય છે. પણ તેના વપરાશમાં ફેર છે. મણીલાલ રવિશંકરથી મોટો છે એમ કહેવું હોય તો Manilal is older than Ravishanker (મનીલાલ ઇઝ્ ઓલ્ડર્ ધૅન્ રવિશંકર) એમ કહેવાય. આવી રીતે older અને oldest ઉમ્મર બતાવે છે, જ્યારે elder અને eldest વડીલપણું બતાવે છે; જેમકે Your elder brother (યૉર્ એલ્ડર્ બ્રધર્) તમારો મોટો ભાઈ ઈ.

Latter (લ્યાટર્) પાછલી / Last (લાસ્ટ્) છેલ્લી } નિયમ (order ઑર્ડર્) બતાવે છે. જેમકે Latter part of the book ચોપડીનો પાછલો ભાગ.

Later (લેટર્) જરાવાર પછી. / Last (લાસ્ટ્) છેલ્લો. } વખત time (ટાઇમ્) બતાવેછે. જેમકે He came lastતેછેલ્લો આવ્યો A little later on જરારહીને.

Comparative Degree વાળા વિશેષણ પછી than (ધૅન્) લગાડાય છે જેમકે Rustom is stronger than Peston રૂસ્તમ પેસ્તન કરતાં વધુ મજબુત છે.

Superlative degree વાળાં વિશેષણ પછી of પ્રત્ય લાગે છે; જેમકે Rustom is strongest of all men. રૂસ્તમ બધા માણસમાં સૌથી વધારે મજબૂત છે.

કેટલાક વિશેષણોનું Comparison (કમ્પેરીઝન્) સરખાવટ (તુલના) બીલકુલ છે નહીં. જેવા કે perfect (પરફેક્ટ) સંપુર્ણ, universal (યુનીવર્સલ) સાર્વજનિક, chief (ચીફ્) મુખ્ય, extreme (એક્સટ્રીમ્) છેવટનું.

કેટલાક નામ છતાં તેમની પછી બીજું નામ આવતું હોવાથી તે વિશેષણ થાય છે જેમકે gold ring (ગોલ્ડ્ રીંગ્) સોનાની વીંટી, corn field (કાર્ન્ ફીલ્ડ્) દાણાનું ખેતર, flower garden (ફ્લાવર્ ગાર્ડન્) ફુલવાડી. ઇ. આમાં gold, corn, flower નામ છતાં વિશેષણ છે.

કેટલાક નામની પ્હેલા શબ્દયોગી અવ્યય (Preposition પ્રેપોઝીશન્) આવવાથી તે અવ્યય સાથેનું નામ વિશેષણ થાય છે અને આવું નામ અને શબ્દયોગી અવ્યય મળ્યાથી થયેલું વિશેષણ વ્યાકરણમાં Adjective phrase (ઍડ્જેક્ટીવ્ ફ્રેઝ્) નામથી ઓળખાય છે—જેમકે A man of war (આ મ્યાન્ ઑફ્ વૉર્) મનવાર, A warrant of arrest (આ વૉરન્ટ્ ઑફ્ એરેસ્ટ્) કેદ પકડવાનો હુકમ.

VERB (વર્બ્) ક્રિયાપદ.

જે શબ્દ વડે કંઇ પણ કરવાનું અથવા થવાનું બતાવવામાં આવે છે તેને ક્રિયાપદ કહે છે, જેમકે I do (આઇ ડુ) હું કરૂં છુ, I see (આઈ સી) હું જોઉંછુ; He sleeps (હી સ્લીપ્સ્) તે ઉંઘે છે વગેરે વાક્યમા do, see, sleep ક્રિયાપદ છે.

ક્રિયાપદ બે પ્રકારનાં છે. સકર્મક (Transitive ટ્રાન્સીટીવ્) અને અકર્મક (Intransitive ઈન્ટ્રાન્સીટીવ્) જે ક્રિયાપદને કર્મ લાગે છે તે સકર્મક અને જેને કર્મ નથી હોતું તે અકર્મક; જેમકે I love him (આઇ લવ્ હીમ્) હુ તેને ચાહું છું. તેમાં I કર્તા છે અને him કર્મ છે તેથી love ક્રિયાપદ સકર્મક છે જ્યારે He sleeps (હી સ્લીપ્સ્) તે ઉંઘે છે; he walks (હી વૉક્સ્) તે ચાલે છે ઇત્યાદિ વાક્યમાં Sleeps, walks ક્રિયાપદોને કર્મ નથી તેથી તેઓ અકર્મક છે.

કેટલાક ક્રિયાપદોને બે કર્મ લાગે છે; આવા બે કર્મમાં એક કર્મ Direct object (ડીરેક્ટ્ ઑબ્જેક્ટ્)ઉપસ્થકર્મ અને બીજું In-direct object (ઇન્ડીરેક્ટ્ઑબ્જેક્ટ્) અનુપસ્થકર્મ કહેવાયછે; જેમકે He gave me a pen (હી ગેવ્ મી પેન્) તેણે મને કલમ આપી, આમાં "pen" direct object છે અને "me" indirect object છે [આવા વાક્યમાં શું આપ્યુ! એવો સવાલ મનમાં આણવો અને તે બીજ ડીરેક્ટ ઑબ્જેક્ટ્ જ્યારે કોને તે ઇન્ડીરેક્ટ્ સમજવું.]

કેટલાક અકર્મક ક્રિયાપદો સકર્મક થાય છે અને તેને કર્મ લાગે છે-જેમકે The groom walks the horse (ધ ગ્રુમ્ વૉકર્સ્ ધ હૉર્સ) ઘોડાવાળો ઘોડો ચલાવે છે; ઇ. આમા walks અકર્મક છે પણ અહીંઆં horse કર્મ થયું છે.

ક્રિયાપદનું કર્તા નામ હોય અને તેજ ક્રિયાપદને કર્મ ક્રિયાપદના જેવુંજ હોય તો તે કર્મ cognate object (કૉગનેટ્ ઑબ્જેક્ટ્) કહેવાય છે; જેમકે Ratilal dreamt a dream (રતિલાલ ડ્રેમ્ટ્ આ ડ્રીમ) રતીલાલને સ્વપ્નું આવ્યું, અહીંઆં dream (ડ્રીમ્) સ્વપ્નું cognate object છે.

કેટલાક ક્રિયાપદ કેટલી વખતે Neuter (ન્યુટર્) થાય છે અને કેટલીક વખત Active (એકટીવ્) થાય છે; જેમકે The window shakes (ધ વીન્ડો શેક્સ્) બારી હાલે છે. આમાshakes (neuter) ન્યુટર છે જ્યારે The high wind shakes the window (ધ હાઇ વીન્ડ્ શેક્સ્ ધ વીન્ડો) ભારે પવન બારી હલાવે છે. આમા shakes (active) છે. આવા કેટલાક ક્રિયાપદો નીચે આપ્યાં છે:—

Ring neuter) (રીંગ) ઘંટ વગાડવો--વાગવો. The bell rings (ધ બેલ રીંગ્સ્) ઘંટ વાગે છે

Ring (active) Ring the bell (રીંગ્ ધ બેલ્) ઘંટ વગાડો.

Move (n) (મુવ્) હલાવવું-હાલવું. Move a little જરા ખસો. [જરાખસેડો.

(a) Move the Desk a little (મુવ્ ધ ડેસ્ક્ આ લીટલ્) મેજ જરા ખસેડો.

Burn (n) બર્ન, બળવું-બાળવું. The candle burns (ધી કેન્ડલ્ બર્નસ્) મીણબતી બળે છે.

(a) Burn the candle (બર્ન્ ધ ક્યાન્ડલ્) મીણબતી બાળો.

Eat (n) ઇટ્, ખાવું--ખવરાવવું. He eats to live (હી ઇટ્સ્ ટુ લીવ્) તે જીવવા સારૂ ખાય છે.

(a) Eat what you can digest (ઈટ્ વ્હૉટ્ યુ કૅન્ ડાઇજેસ્ટ્) તમારાથી પાચન થાય તે ખાઓ.

Taste (n) ટેસ્ટ્, ચાખવું, ચખાડવું. Green grapes taste sour (ગ્રીન્ ગ્રેપ્સ્ ટેસ્ટ્ સાવર્) લીલી દ્રાક્ષ (અંગુર) ખાટી લાગે છે.

,, (a) Taste the Mango (ટેસ્ટ ધ મેન્ગો) કેરી ચાખો.

Write (n) રાઇટ્--લખવું. The pen writes well (ધ પેન્ રાઈટ્સ વેલ્) , કલમપેનથી સારૂં લખાય છે.

, (a) Write a letter (રાઈટ્ આ લેટર્) કાગળ લખો.

Fly (n) (ફ્લાય્) ઉડવું—ઉડાડવું. The gnat flies (ધ નૅટ્ ફ્લાઇઝ્) મચ્છર ઉડે છે.

„ (a) He flies a kite (હી ફ્લાઈઝ્ આ કાઇટ્) તે પતંગ ઉડાડે છે.

Grow (n) ગ્રો ઉગવું--ઉગાડવું. Oranges grow in Sylhet (ઓરેન્જીસ્ ગ્રો-ઈન સીલ્હેટ્) સીલ્હેટમાં નારંગી થાય છે (ઉગે છે).

„ (a) The Assamese grow tea (ધી આસામીઝ્ ગ્રો ટી) આશામના લોક ચાહ ઉગાડે છે.

Turn (n) ટર્ન્; ફરવું-ફેરવવું. Turn towards the blind (ટર્ન્ ટોવર્ડ્સ્ ધ બ્લાઇન્ડ્) આંધળા તર્ફ ફરો.

Turn (a) Your left hand (ટર્ન યૉર લેફ્ટ્ હૅન્ડ્) તમારો ડાબો હાથ ફેરવો.

Sell (n) સેલ્ વેચવું-વેચાવવું. The land sells dear (ધ લૅન્ડ્ સેલ્સ્ ડીયર્) જમીન મોંઘી વેચાય છે.

„ (a) Hiralal sells teas (હીરાલાલ સેલ્સ્ ટીઝ્) હીરાલાલ ચાહ વેચે છે.

Pass (n) પાસ્ જવું-ગાળવું. The Judge passes this way (ધી જજ્ પાસીસ્ ધીસ્ ઉવે) ન્યાયાધીશ આ રસ્તે થઈને જાય છે.

„ (a) I shall pass the Holidays at Nasik (આઇ શાલ્ પાસ્ ધ હૉલીડેઝ્ ઍટ્ નાસીક્) હું નાસીકમાં તહેવારના દીવસ પસાર કરીશ.

Recover (n) રીકવર્ આરામ થવો, સારી પેઠે થવું. He has recovered (હી હૅઝ્ રીકવર્ડ્,) તેને આરામ થઈ ગયો છે.

„ (a) He has recovered his health (હી હૅઝ્ રીકવર્ડ્ હીઝ હેલ્થ્) તેની તંદુરસ્તી પાછી હતી તેવી થઇ છે.

Spread (n) સ્પ્રેડ, પથરાવવું--પાથરવું. Evil news spreads soon (ઈવીલ્ ન્યુઝ સ્પ્રેડ્સ સુન્) ખરાબ ખબર જલ્દી બહાર પડી જાય છે.

„ (a) Spread the sheet over the bed (સ્પ્રેડ્ ધ શીટ્ ઓવર્ ધ બેડ્) પથારી પર ચાદર પાથરો.

કેટલાક ક્રિયાપદોને કર્તાના રૂપ લાગતાં નથી. આવા ક્રીયાપદ Impersonal Verb (ઇમ્ પર્સનલ્ વર્બ્) તરીકે ઓળખાય છે. જેમકે It rains (ઇટ્ રેઈન્સ્) વર્ષે છે, It hails (ઇટ્ હેઈલ્સ્) કરા પડે છે, It is very hot to day (ઇટ્ ઈઝ વેરી હૉટ્ ટુ ડે) આજ તાપ સખત પડે છે.

જે Active Verb (ઍક્ટીવ્ વર્બ) સકર્મક ક્રિયાપદને કર્તા તરીકે જે હોય તેજ કર્મ સ્વવાચક તરીક હોય તે ક્રિયાપદ Reflexive Verb (રીફ્લેક્શીવ્ વર્બ્) કહેવાય

છે; જેમકે He threw himself on the ground (હી થ્રુ હીમસેલ્ફ ઑન ધ ગ્રાઉન્ડ)છે તે પોતાની મેળે જમીન ઉપર પડી ગયો-આમા threw Reflexive Verb છે અનેhimfelf reflexive pronoun (રીફ્લેક્સીવ્ પ્રોનાઉન્)સ્વવાચક સર્વનામ છે. ક્રિયાપદના વધુ ભેદ માટે કોઇ સારૂ ઇંગ્રેજી વ્યાકરણ જોવા અમારી ભલામણ છે

VOICE (વૉઇસ્) ભેદ.

સકર્મક ક્રિયાપદોને ભેદ (Voice) લાગે છે. ભેદ બે પ્રકારના છે. Active (ઍક્ટીવ) મૂળભેદ અને Passive (પૅસીવ્) સહ્યભેદ

જે ક્રિયાપદને કર્તા સીધી રીતે લાગે છે તે ક્રિયાપદનો ભેદ Active voice (ઍક્ટીવ્ વૉઈસ્) મૂળભેદ, કર્તૃવાચ્ય અને જેને કર્તા આડી રીતે લાગે છે તે Passive voice (પૅસીવ્ વૉઈસ્) સહ્યભેદ અથવા કર્મણીવાચ્ય કહેવાય છે જેમકે He cuts the tree (હી કટ્સ ધ ટ્રી) તે ઝાડ કાપે છે તેમા cut નો ભેદ Active Voice છે. જ્યારે The tree is cut hy him (ધ ટ્રી ઈઝ કટ્ બાય હીમ્) તેનાથી ઝાડ કપાય છે આમા cut નો ભેદ Passive Voice છે.

જે સકર્મક ક્રિયાપદને બે કર્મ હોય અને તેને (Passive Voice) સહ્યભેદમા આણવું હોય તો એક કર્મ કાઢી નાખવું અગર તે રાખવું જેમકે.—I forgive you your fault (આઇ ફરગીવ્ યુ યૉર ફૉલ્ટ) હુ તમારા ગુનાની તમને માફી આપું છું. આમાં કર્મ બે છે, you અને fault અને ભેદ Active છે પણ આ વાક્યને સહ્યભેદ (Passive Voice) વાળુ કરવું હોય તો તે આ પ્રમાણે કરાય. Your fault is forgiven by me અથવા you are forgiven your fault by me (મારાથી તમારી ભૂલની માફી અપાઇ છે.)

MOOD (મૂડ) અર્થ-વાચ્ય.

ઇંગ્રેજીમાં Mood (વાચ્ય) ચાર પ્રકારના છે—૧ Indicative Mood (ઇન્ડીકેટીવ્ મૂડ) નિશ્ચયાર્થ ૨. Imperative Mood (ઇમ્પરેટીવ્ મૂડ) આજ્ઞાર્થ, ૩. Subjunctive Mood (સબ્જન્કટીવ્ મૂડ) સંશયાર્થ, અને ૪ Infinitive Mood (ઇન્ફીનીટીવ્ મૂડ) સામાન્યરૂપ.

Indicative Mood નિશ્ચય બતાવે છે જેમકે The book is in the Library (ધી બુક ઇઝ ઈન્ ધી લાઇબ્રેરી) ચોપડી લાઈબ્રેરીમાં છે. ઈ૦

Imperative Mood આજ્ઞા બતાવે છે જેમકે Do this (ડુ ધીસ) આ કરો.

Subjunctive Mood સંશય બતાવે છે. આ અર્થવાળાં ક્રિયાપદો પહેલાં if, although (ઑલ્ધો), though (ધો), until (અન્ટીલ્) till (ટીલ્) ere (ઍર) lest (લેસ્ટ) unless (અન્લેસ્) વગેરે શબ્દ લગાડવાથી થાય છે. જેમકે If the book be in the Library, you may take it (ઇફ્ બુક્ બી ઇન્ લાઇબ્રેરી યુ મે ટેક્ ઈટ્) જો ચોપડી લાઇબ્રેરીમાં હોય તો તમે તે લેજો. (અર્થાત કે જો ન હોય તો લેતા નહીં).

Infinitive Mood સામાન્યરૂપ બતાવે છે અને તેને ક્રિયાપદ પહેલાં to લગાડવામાં આવે છે જેમકે I told him to do this (આઇ ટોલ્ડ્ હીમ્ ટુ ડુ ધીસ) કરવાને મેં તેને કહ્યું.

Infinitive Mood કોઇ કોઈવાર ક્રિયાપદનું કર્તા તેમજ કર્મ હોય છે. તેમજ તે ક્રિયાપદ ત્રીજા પુરૂષમાં વપરાય છે જેમકે To err is human (ટુ ઍર ઇઝ્ હ્યુમન્) ભુલવું એ મનુષ્યનો સ્વભાવ છે તેમજ I love to study (આઈ લવ્ ટુ સ્ટડી) હું અભ્યાસ કરવાનું પસંદ કરું છું. અભ્યાસ મને પસંદ છે.

જે Infinitive કૃદંત કર્તાનો ઉદ્દેશ અગર હેતુ જણાવે છે તેને Gerandial Infinitive (જીરન્ડીયલ્ ઇન્ફીનીટીવ્) કહે છે.

Preposition (પ્રેપોઝીશન્) શબ્દયોગી, તેમજ Verbal Noun (વર્બલ્-નાઉન્) કૃદત નામથી Gerandial Infinitive નો અર્થ બતાવી શકાય છે જેમકે Death does not await the ripened bloom to seize its prey.

May (મે) might (માઇટ્) can (કૅન્) could (કુડ્) must (મસ્ટ્) shall (શૅલ્) should (શુડ્) will (ઉવીલ) would (ઉવુડ્) bid (બીડ્) dare (ડૅર્) need (નીડ્) make (મેક્) hear (હીયર) (let લેટ્) see (સી) ક્રિયાપદોને Infinitive Mood મા to પ્રત્ય લાગતો નથી તેમજ Passive મા let ક્રિયાપદને to લાગતુ નથી પણ બાકીના સકર્મક કીયાપદોને લાગે છે. જેમકે He was seen to fire the gun (હી ઉવૉઝ્ સીન્ ટુ ફાયર ધ ગન્) તોપ છોડતા તે જોવામાં આવ્યો હતો તેમજ He was let go (હી ઉવૉઝ્ લેટ ગો) તેને જવા દેવામાં આવ્યો હતો. અહીંઆ શિખનારે યાદ રાખવું કે let to go થતું નથી.

જે ભૂત ભવિષ્ય અને વર્તમાન બતાવે છે તેને કાળ (**Tenses**) કહે છે. કાળ ૬ છે:—૧ Present tense (પ્રેઝન્ટ્ ટેન્સ્) વર્તમાન કાળ, ૨ Past tense (પાસ્ટ્ ટેન્સ્) ભૂતકાળ, અને Future tense (ફ્યુચર્ ટેન્સ્) ભવિષ્યકાળ, ૪ Present Perfect tense (પ્રેઝન્ટ્ પર્ફેક્ટ્ ટેન્સ્) પૂર્ણ વર્તમાન, Past perfect tense

(પાસ્ટ્ પર્ફેક્ટ્ ટેન્સ્) પુર્ણ ભૂતકાળ અને ૬ Future perfect tense (ફ્યુચર્ પર્ફેક્ટ્ ટેન્સ્) ભવિષ્ય ભૂત છે.

૧ જે કાર્ય ચાલે છે તે વર્તમાનકાળ જેમકે He goes (હી ગોઝ) તે જાય છે.

૨ જે ક્રિયાપદ થએલું કામ બતાવે છે તે ભૂતકાળ કહેવાય છે જેમકે He touched the table (હી ટચ્ડ ધ ટેબલ્) તે મેજ અડયો.

૩ જે ક્રિયાપદ થવાનું કામ બતાવે છે તે ભવિષ્યકાળ (Future tense) કહેવાય છે જેમકે I shall see you (આઈ શાલ્ સી યુ) હું તમને મળીશ.

૪ જે ક્રિયાપદ થોડીવારપર થયેલું કાર્ય બતાવે છે તે Present perfect tense ભૂતવર્ત્તમાન કહેવાય છે, જેમકે He has gone home તે ઘેર ગયો છે.

૫ જે ક્રિયાપદ કંઈપણ કાર્ય થયા પ્હેલાનું કામ બતાવે છે તે Past perfect tense દ્વિતભૂત કહેવાય છે; જેમકે—Ram had gone home before his brother came to his lodging (રામ હૅડ્ ગૉન્ હોમ્ બીફોર્ હીઝ્ બ્રધર્ કેમ્ ટુ હીઝ્ લૉજીંગ્) રામ તેનો ભાઈ તેના રહેઠાણે આવ્યો (તે) પહેલા તે ઘેર ગયો હતો.

૬ જે કામ થઈ ગયા સબંધી ભવિષ્ય બતાવવું અગર અમુક કાર્ય આ વખતે થયુ હશે તે બતાવવા જે ક્રિયાપદ વપરાય છે તેને Future perfect tense ભવિષ્યવર્તમાન કહે છે જેમકે I shall have finished my work before *9 o'clock in the morning (આઈ શૅલ્ હૅવ્ ફીનીશ્ડ્ માય્ વર્ક્ બીફોર્ નાઇન્ ઑ'ક્લૉક્ ઇન્ ધ મૉર્નીંગ્) સવારમાં નવ વાગ્યા પહેલાં હું મારૂ કામ પુરૂ કરી રહીશ.

Present perfect tense કરવામાં to haveનું રૂપ વપરાય છે અને Past perfect કરવામા to haveનું ભૂતકાળ had વપરાય છે, તેમજ have પણ વપરાય છે; જેમકે I have walked (આઈ હેવ્ વૉક્ડ્) હું ચાલ્યો છુ તેમજ He had gone (હી હૅડ્ ગૉન્) તે ગયો હતો. ઇ.

Future tense ભવિષ્યકાળ બતાવવામાં shall અને will ક્રિયાપદ પહેલાં મુકવામા આવે છે જેમકે I shall go (આઈ શૅલ્ ગો) હું જઇશ.

Future perfect tense બતાવવામાં shall have અને will have વપરાય છે.

---

*વખત કહેવમાં એક-બે-ત્રણ વગેરે વાગ્યાનું કહેવું હોય તો o'clock કહેવાય છે. o આગળ (ઍપોસ્ટ્રૉફી) મુકવામા આવે છે તેનું કારણ 'o પછીના f (of) આધાર છે. એટલે of clock (ઑફ્ ક્લૉક) છે.

Conjugation (કૉન્જ્યુગેશન) ક્રિયાપદનાં રૂપાખ્યાન.

ક્રિયાપદનાં રૂપાન્તરને ઇંગ્રેજીમાં Conjugation કહે છે. નીચે કેટલાક ક્રિયાપદોનાં રૂપાંતર આપ્યાં છે જે શિખનારે ધ્યાનપૂર્વક મોઢે કરવાં કેમકે ભાષા જ્ઞાનમાં તે બહુ ઉપયોગી છે.

To be (ટુ બી) થવું, હોવું. (Intransitive)).

Indicative Mood નિશ્ચાર્થ.

Singular એકવચન.	Plural બહુવચન.
1. I am હું છું.	We are અમે છીએ.
2. Thou art તું છ.	*Ye or you are તમે છો.
3. He is તે છે	They are તેઓ છે.

Past tense ભૂતકાળ.

1. I was હું હતો.	We were અમે હતા.
2. Thou wast તું હતો.	You were તમે હતા.
3. He was તે હતો.	They were તેઓ હતા.

Present Perfect tense ભૂત વર્તમાનકાળ.

I have seen મેં દીઠું છે.	We have seen અમે દીઠું છે.
Thou hast seen તેં દીઠું છે.	You have seen તમે દીઠું છે.
He has seen તેણે દીઠું છે.	They have seen તેઓએ દીઠું છે.

Past perfect tense દ્વિત્વ ભૂતકાળ.

I had seen મેં દીઠું હતું.	We had seen અમે દીઠું હતું.
Thou hadst seen તેં દીઠું હતું.	You had seen તમે દીઠું હતું.
He had seen તેણે દીઠું હતું.	They had seen તેઓએ દીઠું હતું.

Future tense ભવિષ્યકાળ.

I shall or will be હું હોઇશ.	× We shall or will be.

* Ye (યી) you ના બદલે અગાઉ ઇંગ્રેજીમા વપરાતું હતું અને હજુ કરી ઇંગ્રેજી ધર્મ પુસ્તક બૈબલમાં તેનો વપરાશ વધારે છે પણ હાલ તેનો ઉપયોગ થતો નથી પાદરીઓ કદાચ કરતા જણાય છે. Ye, કવિતામાં વપરાય છે.

× અહીં અર્થ લખવામાં નથી આવ્યા તેનું કારણ માત્ર એટલુંજ કે શીખનારે પોતાની મેળે જાણી લેવું કે અમે હોશું-તમે હશો વગેરે થાય તેમજ બીજાં રૂપાન્તરો માટે આગળ સમજવું. Thou શબ્દ તિરસ્કાર અર્થે કે પ્યારને અર્થે વપરાય છે. Oh Thou fool, Oh Thou my dear mother.

Thou shalt or wilt be તું હોઈશ. You shall or will be.
He shall or will be તે હશે. They shall or will be.

Future perfect tense પૂર્ણ ભવિષ્યકાળ.

I shall or will have been. We shall or will have been.
Thou shalt or wilt have been. You shall or will have been.
He shall or will have been. They shall or will have been

SUBJUNCTIVE MOOD સંશયાર્થ ભેદ.

Present tense વર્તમાનકાળ.

If I be જો હું હોઉં. If we be.
If thou be જો તું હોય. If you be
If he be જો તે હોય. If they be.

Past tense ભુતકાળ.

If I were જો હું હોત. If we were.
If thou were જો તું હોત. If you were.
If he were જો તે હોત. If they were.

IMPERATIVE MOOD આજ્ઞાર્થ.

Be or be thou થાઓ અથવા તમે થાઓ. Be or be you.

Infinitive Mood સામાન્ય ભેદ (૬૫).

To be નું વર્તમાન કૃદન્ત કાળમાં being અને ભૂતકાળમાં been.

રૂપાંતર સદર પ્રમાણે.

To love ચાહવું (Transitive સકર્મક ક્રિયાપદ)

Indicative Mood નિશ્ચાર્થ ભેદ.

Present tense વર્તમાનકાળ.

Present tense વર્તમાનકાળ. Past tense ભુતકાળ.

Singular. Plural Singular. Plural.

I love.	We love.	I loved.	We loved.
Thou lovest.	You love.	Thou loved.	You loved.
He loves.	They love.	He loved	They loved.

Future tense ભવિષ્યકાળ.

I shall or will love.	We shall orwill love
Thou shalt or wilt love.	You shall or will love.
He shall or will love.	They shall or will love.

SUBJUNCTIVE MOOD. સંશયાર્થ ભેદ.

Present Tense વર્તમાનકાળ.		Past Tense ભૂતકાળ.	
If I love.	If we love	If I loved.	If we loved.
If thou love.	If you love	If thou loved,	If you loved.
If he love.	If they love.	If he loved.	If they loved.

Imperative Mood આજ્ઞાર્થ ભેદ.

Love or love thou or do thou love.	Love or love ye or you or do ye love.

Infinitive Mood. સામાન્ય ભેદ (૩૫).

વર્તમાન, To love. પૂર્ણવર્તમાન to have Loved.

કૃદંત (Participle)

વર્તમાન loving. ભૂત loved પૂર્ણભૂત Loved.

---

* ઉપર To love એટલે ચ્હાવું આપ્યું છે અને અગાઉ To be ના રૂપાન્તરમાં હરેક કાળમા કેવી રીતે રૂપાન્તર થાય છે તે અર્થ સાથે જણાવ્યું છે માટે અત્રે બધા રૂપાન્તરના અર્થ આપ્યા નથી પણ શિખનારે જાણવું કે વર્તમાનમાં હું, તું, તે, અમે, તેઓ ચાહે છે-ભવિષ્યમાં ચાહશું વગેરે કરવા.

Indicative Mood. નિશ્ચયાર્થ ભેદ.

To be loved (passive) ચાહ્યું હોવું.

I am loved.	We are loved.
Thou art loved	You are loved.
He is loved.	They are loved.

Subjunctive Mood. સંશયાર્થ ભેદ.

If I be loved.	If we be loved.
If thou be loved.	If you be loved.
If he be loved.	If they be loved.

IMPERATIVE MOOD.

Be thou loved.	Be you loved.

INFINITIVE MOOD.

વર્તમાન – To be loved પૂર્ણવર્તમાન. To have been loved.

વર્તમાન. Being loved ભૂત Been loved. Participle કૃદન્ત.

પૂર્ણ Having been loved.

ચાલુ કાર્ય બતાવવા માટે બહુધા to be ના રૂપાન્તર વાપરવા પડે છે અને તેની કેટલીક સમજ સારૂ નીચે રૂપાન્તર આપ્યા છે તે ધ્યાનમાં રાખવાં.

I amreading (આઇ એમ્ રીડીંગ્) હું વાચું છું, આને ચાલુ વર્તમાન (Present progressive) કાળ કહે છે.—આમાં વાચવાનું કાર્ય હમેશ ચાલુ રહેલું છે Present Progressive (પ્રેઝન્ટ્ પ્રોગ્રેસીવ્).

I was reading (આઇ વૉઝ્ રીડીંગ્) હું વાચતો હતો. Past Progressive.

I shall be reading હું વાચતો હોઇશ. Future progressive.

I have been reading હું વાચ્યા કરૂં છું Present perfect. „

I had been reading હું વાચ્યા કરતો હતો. Past perfect „

I shall have been reading હું વાચ્યા કરતોહોઇશ Future Perfect „

Auxiliary Verbs. (ઑગ્ઝીલીયરી વર્બ્સ્) સ્હાયકારક ક્રીયાપદ.

1. Can અને could આ બે ક્રિયાપદ શકયતા બતાવે છે. જેમકે The crow can fly (ધ ક્રો કેન ફ્લાય્) કાગડો ઉડી શકે છે.

2. May અને Might થવા વિષે બતાવે છે જેમકે It may rain soon (ઈટ્ મે રેન્ સુન્) વર્ષાદ જલદી વર્ષે તેમજ તે અનુમતી બતાવે છે જેમકે You may go (યુ મે ગો) તમે જાઓ, અને વળી તે ઈચ્છા અને આશીર્વાદ આપવામા પણ વપરાય છે May God bless you (મે ગૉડ્ બ્લેસ્ યુ) પ્રભુ તમને સુખી કરે.

Shall અને will સાહ્યકારક.

3. ભવિષ્યકાળની નીશાની બતાવવામા આ બે સાહ્યકારક ક્રિયાપદ વપરાય છે, જેમકે I shall go(આઇ શાલ્ ગો) હું જઈશ He will go (હી ઉવીલ્ ગો) તે જશે.

Shall અને Will વપરાશમા જુદા જુદા અર્થ બતાવે છે પહેલો પુરૂષ એક વચન અને બહુવચનમા Shall ઇચ્છા બતાવે છે જેમ કે I shall go to morrow હુ કાલે જઇશ (અહીં જવું તે નક્કી નથી પણ જવાની મરજી છે) જ્યારે બીજા અને ત્રીજા પુરૂષમા એક અને બહુ વચનમા will પણ ઇચ્છા બતાવે છે. જેમકે God will reward you (ગૉડ્ ઉવીલ્ રીવાર્ડ યુ) પ્રભુ તમને બદલો આપશે. પ્રતિજ્ઞા કરવામા અથવા નિશ્ચય બતાવવામા પહેલા પુરૂષમા will વાપરવામા આવે છે જેમકે I will give you a beautiful picture (આઈ ઉવીલ્ ગીવ્ યુ આ બ્યુટીફુલ્ પીક્ચર્) હું તમને એક સુંદર ચિત્ર આપીશ (અહીંઆ આપીશ નિશ્ચયપણું બતાવે છે) અંગીકાર. આદેશ અગર ભય બતાવવામા બીજા અને ત્રીજા પુરૂષમા shall વપરાય છે, You or they shall be rewarded તમને અથવા તેઓને બદલો મળશે (અહીંઆ અંગીકાર બતાવે છે.) 2. Thou shalt not steal તુ ચોરી કરીશમા (અહીંઆ કરીશમાં આદેશ બતાવે છે). He who steals shall be punished (હી હુ સ્ટીલ્સ્ શાલ્ બી પનીશ્ડ્) જે ચોરી કરશે તેને શિક્ષા થશે (અહીંઆ શિક્ષા થશે એ ભય બતાવે છે, સવાલ પૂછવામા ત્રણે પુરૂષમા shall વપરાય છે જેમકે Shall I get it? (શાલ્ આઇ ગૅટ્ ઈટ્) મને શું તે મળશે? Shall you go? શું તમો જશો? Shall he return to morrow શું તે કાલ સવારે આવશે?

કાંઇ પણ વિષે જાણવાની આવશ્યકતા હોય તો તે વિષેના સવાલ પૂછવામાં

બીજા અને ત્રીજા પુરૂષમાં will વપરાય છે પણ પહેલા પુરૂષમાં તે બીલકુલ વપરાતું નથી. જેમ કે What will you do? (હ્વૉટ્ હ્વીલ્ યુ ડુ) તમે શું કરશો?

SHOULD (શુડ્) WOULD (વુડ્).

કંઇ કરવાનુ ઉચીતપણુ બતાવવામા should વપરાય છે જેમકે You should not tell a lie (યુ શુડ્ નૉટ્ ટેલ્ આ લાય્) તમારે ખોટું કહેવું નહી.

કંઇ નામરજી અથવા મેલુ મન બતાવવામા Would વપરાય છે જેમકે He would not help me (હી વુડ્ નૉટ્ હૅલ્પ્ મી) તે મને મદદ કરશે નહી તેમજ અભ્યાસ બતાવવામા Would વપરાય છે. જેમકે He would tell some story at table (હી વુડ્ ટેલ્ સમ્ સ્ટોરી ઍટ્ ટેબલ્) જમતી વખત તે કંઇ વાત કહેશે (આહીંઆ કહેવું તે અભ્યાસ અથવા ટેવ બતાવે છે.)

STRONG AND WEAK VERBS.

નીયમિત અને અનીયમિત ક્રિયાપદ.

જે ક્રિયાપદને ભુતકાળમા અને ભૂતકૃદતમા d, ed અથવા કે t પ્રત્ય લાગતો નથી તે ક્રિયાપદ Strong Verb (સ્ટ્રૉન્ગ વર્બ) કહેવાય છે એટલે અનિયમિત ક્રિયાપદ કહેવાય છે જેમકે Arise, arose, come, came અને જે ક્રિયાપદને ભુતકાળ અને ભૂતકૃદતના રૂપમા d, ed અને t પ્રત્ય લાગે છે તે ક્રિયાપદ Weak Verb (વીક વર્બ) નિયમીત કહેવાય છે જેમકે Love, loved; allow allowed, mean meant

નિચે કેટલાક અનિયમીત ક્રિયાપદ આપ્યાં છે જે ખુબ ધ્યાન આપી મોઢે કરવાં.

Present Tense.	**Past Tense.**	**Past Participle.**
To arise (ટુ એરાઇઝ્) ઉઠવું.	Arose (એરોઝ્)	Arisen (એરીઝન્)
,, awake (,, અવેક) જાગવું	Awoke (અવોક્)	Awaken (અવેકન્)
,, bear (,, બેર્) ખમવુ	Bore (બોર્)	Borne (બોર્ન)
,, ,, ,, જનમવું	,,	Born (બોર્ન)
,, beat (,, બીટ્) મારવું.	Beat (બીટ્)	Beaten (બીટન્)
,, *bid (,, બીડ્) ફરમાવવું.	Bade (બેડ્) bid	Bidden (બીડન્)

---

* જે ઠેકાણે જે શબ્દનો એકથીઅધિક ઉચ્ચાર થાય છે તે લખ્યો નથી તેમજ તેના તે શબ્દ માટે " નીશાન વાપરવામા આવ્યું છે. વર્તમાનકાળમાંજ ફક્ત શબ્દના અર્થ લખવામાં આવ્યા છે બાકી વાંચનારે જાણી લેવા.

,, bite (,, બાઈટ્) કરડવું.	Bit (બીટ્)	Bitten (બીટન્)bit.
,, bind (,, બાંધવું.)	Bound (બાઉન્ડ્)	Bound.
,, break (,, બ્રેક્) ભાગવું.	Broke (બ્રોક્)	Broken (બ્રોકન્)
,, bring (,, બ્રીંગ) આણવું.	Brought (બ્રૉટ)	Brought.
,, build (,, બીલ્ડ) બાંધવું.	Built (બીલ્ટ્)	Built.
,, buy (,, બાય્) ખરીદવું.	Bought (બૉટ્)	Bought.
,, Catch (,, કૅચ્) ઝીલવું.	Caught (કૉટ્)	Caught.
To clothe (,, ક્લોધ્) કપડાં પહેરવા	Clothed (ક્લોધ્ડ્) Clad (ક્લૅડ્)	Clothed Clad (ક્લૅડ્)
,, come (,, કમ્) આવવું.	Came (કેમ્)	Come.
,, deal (,, ડીલ્) વ્યવહાર ક૦	Dealt (ડેલ્ટ્)	Dealt
,, draw (,, ડ્રૉ) ખેંચવું.	Drew (ડ્રુ)	Drawn (ડ્રૉન્)
,, drink (,, ડ્રીન્ક્) પીવું.	Drank (ડ્રૅન્ક્)	Druuk (ડ્રંક)
,, drive (,, ડ્રાઇવ) હાંકવું	Drove (ડ્રોવ્)	Driven (ડ્રીવન્)
,, eat (,, ઇટ્) ખાવું.	Ate (એટ્)	Eaten (ઈટન્)
,, feel (,, ફીલ્) લાગવું.	Felt (ફેલ્ટ્)	Felt
,, flee (,, ફ્લી) ઉડી જવું	Fled (ફ્લેડ્)	Fled.
,, fall (,, ફૉલ) પડવું.	Fell (ફેલ્)	Fallen (ફૉલન્)
,, fight (,, ફાઇટ્) લડવું.	Fought (ફૉટ્)	Fought.
,, find (,, ફાઈન્ડ્) જડવું.	Found (ફાઉન્ડ)	Found.
,, fly (,, ફ્લાય્) ઉડવું.	Flew (ફ્લ્યુ)	Flown (ફ્લોન)
,, give (,, ગીવ્) આપવું.	Gave (ગેવ્)	Given (ગીવન્)
,, go (,, ગો) જવું.	Went (વેન્ટ્)	Gone. (ગૉન્)
,, hang (,, હૅન્ગ્) ફાંસી દેવી.	Hanged (હૅન્ગ્ડ્)	Hanged.
,, ,, (,, ,,) લટકાવવું.	Hung (હંગ)	Hung
,, have (,, હૅવ્) પાસે હોવું.	Had (હૅડ્)	Had.
,, keep (,, કીપ્) રાખવું.	Kept (કેપ્ટ્)	Kept.
,, leave (,, લીવ્) છોડવું.	Left (લેફ્ટ્)	Left.
,, lose (,, લુઝ) ખોવું.	Lost (લૉસ્ટ્)	Lost .
,, lie (,, લાય) ખોટું બોલવું.	Lied (લાઈડ્)	Lied.

„ lie („ લાઈ) પડી રહેવું.	Lay (લે)	Lain (લેન્)
„ lay („ લે) મૂકવું.	Laid (લેઈડ્)	Laid
„ make („ મેક્) બનાવવું.	Made (મેડ્)	Made.
„ ride („ રાઈડ્) ઘોડાપર બેસવું.	Rode (રોડ્)	Ridden (રીડન્)
„ see („ સી) જોવું.	Saw (સૉ)	Seen (સીન)
„ shake (શેક્) હલાવવું;	Shook (શુક્)	Shaken (શેકન્)
„ shoot („ શુટ્) ગોળી મારવી.	Shot (શૅાટ્)	Shot.
„ sing („ સીંગ્) ગાયન કરવું.	Sang (સૅન્ગ્)	Sung (સન્ગ્)
To slay (ટુ સ્લે) કાપવું.	Slew (સ્લ્યુ)	Slain (સ્લેન્)
„ speak („ સ્પીક્) બોલવું.	Spoke (સ્પોક્)	Spoken (સ્પોકન્)
„ stand („ સ્ટૅન્ડ્) ઉભારહેવું.	Stood (સ્ટુડ્)	Stood.
„ steal („ સ્ટીલ્) ચોરી કઙ.	Stole (સ્ટોલ્)	Stolen (સ્ટોલન્)
„ swear („ સ્વૅાર્) સોગન ખાવા	Swore (સ્વોર્)	Sworn (સ્વોર્ન્)
„ swim („ સ્વીમ્) તરવું.	Swam (સ્વૅામ્)	Swam.
„ say („ સે) કહેવું	Said (સેડ્)	Said.
„ seek („ સીક્) ખોળવું	Sought (સૉટ્)	Sought.
„ sell („ સેલ્) વેચવું.	Sold (સોલ્ડ્)	Sold.
„ sleep („ સ્લીપ્) ઉંઘવું	Slept (સ્લેપ્ટ્)	Slept.
„ spend („ સ્પેન્ડ્)ખરચવું.	Spent. (સ્પેન્ટ્)	Spent.
„ teach („ ટીચ્) શિખવવું.	Taught (ટૉટ્)	Taught.
„ tell („ ટેલ્) કહેવું.	Told (ટોલ્ડ્)	Told.
„ think („થીંક્) વિચારવું.	Thought (થૉટ્)	Thought.
„ take („ ટેક્) લેવું.	Took (ટુક્)	Taken (ટેકન્)
„ write („ રાઇટ્) લખવું.	wrote (રોટ્)	Written
„ weep („ ઉવીપ્) રડવું.	Wept (ઉવેપ્ટ)	Wept.

ADVERB (ઍડ્વર્બ્) ક્રિયાવિશેષણ.

જેમ નામનો ગુણ બતાવનાર વિશેષણ (Adjective) કહેવાય છે તેમ ક્રિયાપદનો ગુણ બતાવનાર ક્રિયાવિશેષણ (Adverb) કહેવાય છે. જેમકે Ram speaks slowly (રામ સ્પીક્સ્ સ્લોલી) રામ ધીમેથી બોલે છે (અહીંઆ ધીમેથી શબ્દ બોલવા (ક્રિયાપદનો) ગુણ બતાવે છે તેથી તે ક્રિયાવિશેષણ છે.

Adverb ક્રિયાવિશેષણની નીચે લખ્યા પ્રમાણે જાત છે:—

(1) Adverb of time (ઍડ્વર્બ્ ઑફ્ ટાઈમ્) વખત બતાવનાર ક્રિયાવિશેષણ Ago (એગો) અગાઉ, always (ઑલ્વેઝ્) હમેશા, early (અર્લી) વ્હેલા, never (નેવર્) કદી નહીં, now (નાઉ) હમણા, soon (સુન્) જલ્દીથી presently (પ્રેઝન્ટ્લી) તુરતજ, sometimes (સમ્ ટાઇમ્સ) કટલીક વખત then (ધેન્) તે વખત, to day (ટુડે) આજ, to morrow (ટુમોરો) આવતી કાલે, yesterday (યસ્ટર્ડે) ગઇ કાલે, daily (ડેઇલી) દરરોજ, hourly (અવર્લી) કલાકે કલાકે, when (હ્વેન્) જ્યારે, afterwards (આફ્ટર્ વર્ડ્સ) પછીથી, immediately (ઇમીડીયેટ્લી) તુરતજ, often (ઑફ્ન્) વારવાર, instantly (ઇન્સ્ટન્ટ્લી) તુરતજ આ બધા વખત બતાવનાર ક્રિયા વિશેષણો છે.

(2) Adverb of place (ઍડ્વર્બ્ ઑફ્ પ્લેસ્) જગ્યા-સ્થળ બતાવનાર ક્રિયા-વિશેષણ:--Above (અબવ્) ઉપર, apart (ઍપાર્ટ્) છેટે, asunder (અસન્ડર્) અળગું backward (બૅકવર્ડ્) પછાડી, downward (ડાઉનવર્ડ) નીચે else where (ઍલ્સ્હ્વેર) બીજે કઇ, far (ફાર્) છેટે, forth (ફોર્થ્) આગળ, forward (ફૉર્વર્ડ્) અગાડી, hence (હેન્સ્) હવે પછી here (હીઅર્) અહીં hither (હીધર્) અહીં, thence (ધેન્સ્) ત્યારથી, there (ધેર્) ત્યાં, thither (ધીધર્) ત્યાં, whence (હ્વેન્સ્) ક્યાંથી, where (હ્વેર્) જ્યાં, whither (વીધર્) જ્યાં yonder (યૉન્ડર્) પેલીપાર-આ બધા સ્થળ બતાવનાર ક્રિયા વિશેષણો છે

(3) Adverb of number (ઍડ્વર્બ્ ઑફ્ નમ્બર્) સંખ્યા બતાવનાર ક્રિયા વિશેષણ:—once (વન્સ) એકવાર; twice (ટવાઇસ) બવાર thrice (થ્રાઇસ) ત્રણવાર.

(4) Adverb of manner (ઍડવર્બ ઑફ્ મેનર્) રીત બતાવનાર ક્રિયા વિશેષણ-How (હાઉ) કેમ. well (વેલ્) સારૂ. ill (ઇલ્) ખરાબ, ખોટું thus (ધસ્) આમ, so (સો) એવું, એમ.

બે ત્રણ શબ્દ ભેગા મળી જે ક્રિયાવિશેષણ થાય છે તેને Adverbial phrase (ઍડ્વર્બીયલ્ ફ્રેઝ) કહે છે:—Up and down નીચે ઉપર, now and then અહીં, તહીં, now a days root and branch જડમૂળથી through and through ખુબ બારીકાઇથી વગેર વિશેષણો Adverbial phraseથી ઓળખાય છે.

વિશેષણની માફક ઇંગ્રેજીમાં ક્રિયાવિશેષણનું પણ comparison. (કમ્પૅરી-

અન) સરખામણી (તુલના) થઇ શકે છે જેમકે soon (સુન) જલદીથી તેનું sooner (સુનર) અને soonest: bravely (બ્રેવલી) બહાદુરીથી નું more bravely અને most bravely થાય છે.

કેટલાક અમુક શબ્દો જે પોતે ક્રિયાવિશેષણ નથી છતાં કોઇ કોઇ વાર તેઓ ક્રિયા વિશેષણનું કામ કરે છે જેમકે:—I shall go home હું ઘેર જઇશ. અહીંઆં home ક્રિયાવિશેષણ છે, drink deep (ડ્રીક્ ડીપ્) ખુબ પીઓ (દારૂ) I worked all day મેં આખો દીવસ કામ કર્યું.

before (બીફોર) પહેલાં, after (આફ્ટર) પછી; since (સીન્સ) ત્યા લગી in (ઇન) માં-down.(ડાઉન) નીચે up (અપ્) ઉપર વગેરે નામયોગી (preposition) હોવા છતા કોઇ વખત ક્રિયાવિશેષણ થાય છે.

કેટલાક વિશેષણ (Adjective) ને ly પ્રત્ય લગાડવાથી ક્રિયા વિશેષણ થાય છે જેમકે nice (નાઇસ) સુંદર વિશેષણ છે અને તેને ly લગાડવાથી nicely (નાઇસ્લી) થાય છે જે ક્રિયાવિષેણ છે.

કોઇ શબ્દયોગી (preposition) ને જ્યારે કર્મ (object) લાગતું નથી અને તે જ્યારે કોઈ ક્રિયાપદ કે વિશેષણની જોડે આવે છે ત્યાર તે પણ ક્રિયા વિશેષણ થાય છે જેમકે:—They wandered about the town (ધે વૉન્ડર્ડ ઍબાઉટ્ ધી ટૌન) તેઓ શહેરની આસપાસ ફર્યા

PREPOSITION (પ્રેપોઝીશન્) શબ્દયોગી અવ્યય.

જે સકર્મક ક્રિયાપદને દ્વીતિઆ અથવા Objective case લાગે છે અને આ દ્વિતિઆ તરીકે જે શબ્દ લાગે છે તે શબ્દયોગી કહેવાય છે—

નિચેના શબ્દ શબ્દયોગી (Preposition) તરીકે વપરાય છે. about (ઍબાઉટ્) વિષે, above (ઍબવ્) ઉપર, across (ઍક્રૉસ્) મા થઇને after (આફ્ટર) પછી, against (અગેઇન્સ્ટ્) સામા, along (એલૉન્ગ્) સાથે, amid (ઍમીડ્) દરમીયાન, amidst (એમાડસ્ટ્) મા, among (એમૉન્ગ્) માં, ભેગા, amongst (ઍમોન્ગસ્ટ્) ભેગા, around (અરાઉન્ડ) આસપાસ, at (ઍટ્) તરફ before (બીફોર) પ્હેલા, behind (બીહાઇન્ડ) પાછળ, below (બીલો) નીચે beneath (બીનીથ્) નીચે. beside (બીસાઈડ્) પાસે, besides (બીસાઈડ્ઝ) શિવાય, between (બીટવીન્) વચ્ચે, beyoud (બીયૉન્ડ) પેલીપાર, by (બાય) થી-પાસે, down (ડાઉન્) નીચે, during (ડ્યુરીન્ગ) દરમીયાન, except(એક્સેપ્ટ્)

શિવાય, for (ફૉર્) સારૂ, form (ફ્રૉમ્) પાસેથી, થી, in (ઈન્) માં, into (ઈન્ટુ) મા, near (નીયર્) પાસે, nigh (નાઈ) પાસે, off (ઑફ્) દૂર, of (ઑફ્) નો, ની, નું-ના, on (ઑન્) ઉપર, over (ઓવર્) ઉપર, round (રાઉન્ડ) આસપાસ, save (સેવ્) શિવાય, since (સીન્સ્) જ્યારથી, through (થ્રુ) મા throughout (થ્રુઆઉટ્) આખો વખત, till (ટીલ્) જ્યાં સુધી, to (ટુ)ને, towards (ટોવર્ડ્ઝ્) તર્ફ, under (અન્ડર) નીચે, underneath (અન્ડર-નીથ્) નીચે;unto (અન્ટુ) માં; up (અપ્) ઉપર, upon (અપૉન) ઉપર, with (વીથ) સાથે, within (વીધીન્) માં, without (વીધાઉટ્) શિવાય,

બે ત્રણ શબ્દ ભેગા મળવાથી જે શબ્દયોગી (preposition) નું કામ કરે છે તેને Prepositional phrase (પ્રેપોઝીશનલ ફ્રેઝ્) કહે છે. જેવાં કે:-in spite of (ઇન્ સ્પાઇટ્ ઑફ્) છતાં, on account of (ઑન્ ઍકાઉન્ટ્ ઑફ્), લીધે according to (ઍકૉર્ડીંગ્ ટુ) ના પ્રમાણે, in accordance with (ઈન્ ઍકૉર્ડન્સ્ વીથ્) પ્રમાણે, by the help of (બાય્ ધ હૅલ્પ્ ઑફ્) ની મદદથી of course (ઑફ્ કોર્સ) અલબત.

CONJUNCTION (કન્જન્કશન) વાક્યયોગી અવ્યય.

જે શબ્દવડે બે અથવા વધુ શબ્દ અથવા વાક્ય જોડાય છે તેને અવ્યય (Conjunction) કહે છે જેમકે Manilal and Ishvarbhai went there (મણીલાલ ઍન્ડ્ ઇશ્વરભાઈ વેન્ટ્ ધૅર્) મણીલાલ અને ઈશ્વરભાઇ ત્યાં ગયા વાક્યયોગી અવ્યય Conjunction ત્રણ પ્રકારના છે —

१. Copulative Conjunction (કાપ્યુલેટિવ્ કન્જંક્શન્)સંયોજક અવ્યય.And (ઍન્ડ્) અને, also (ઑલ્સો)વળી, likewise (લાઇક વાઇઝ્) તેમજ,as well as (એઝ્ વેલ્ એઝ્) તેમજ.not only (નૉટ્ ઓન્લી) એટલુંજ નહી, but (બટ્) તોપણ. then (ધૅન્) તે વખતે, now (નૌ) હમણા,

२. Adversative Conjunction(ઍડ્વરસેટિવ્ કન્જન્કશન્) વિયોજક અવ્યય. But (બટ્) તે પણ yet (યટ્) તોપણ, still (સ્ટીલ્) હજુ સુધી. only (ઓન્લી) ફક્ત nevertheless (નેવર્ધલેસ્) છતાં,however (હોએવર) તોપણ. Elative Conjunction (ઇલેટિવ્ કન્જન્કશન્) હેતુ બોધક અવ્યય:-Therfore (ધૅરફૉર્) એટલા માટે. wherefore (વેરફૉર્) તે કારણ માટે, hence (હૅન્સ્) તેથી, whence (વેન્સ્) જ્યારથી, consequently (કૉન્સીક્વન્ટલી) તેથી, so that (સો ધૅટ્) તેથી, (so then સોધૅન્) એથી.

એ ત્રણ શબ્દ ભેગા મળ્યાથી જે આવ્યય (Conjunction)નું કાર્ય સાધે છે તેને Compound Conjunction (કૉમ્પાઉન્ડ કન્જંક્શન) કહે છે જેમકે:— As if જાણે કે, as to તે પ્રમાણે, in order that તેટલા માટે કે only but એટલુંજ નહી પણ ઇ૦

After, before, for, notwithstanding શબ્દયોગી (preposition) હોવા છતાં કોઇવાર તે વાકયયોગી (Conjunction) રૂપે વપરાય છે.

N. B. Interjection (ઈન્ટરજેક્શન) કેવળપ્રયોગી સંબોધકને વ્યાકરણના ભાગમાં ગણતા નથી પણ જે આશ્ચર્ય, હર્ષ, દુઃખ વગરેના ઉદ્ગારો બતાવે છે તેને Interjection સંબોધક કહે છે. જેમકે Ah! આહ! અરે Alas! (ઍલાસ) દીલગીર, !O! (ઓ)! અરે! Tush (ટશ) ધિક્કાર! Hurrah! (હુરા) હર્ષનો પોકાર; Aho? આહા! Indeed! (ઈન્ડીડ) ખરેખર, Fie! (ફાઈ) ધિક્કાર! Shame! (શેઈમ) શરમ! ઇ૦

SYNTAX (શીન્ટેકસ) વાકય વિન્યાસ.

કર્તા અને ક્રિયાપદ બન્ને જ્યારે હોય ત્યારે એક વાકય બને છે. કર્તાને વ્યાકરણમાં Nominative (નોમીનેટીવ્ અથવા Subject (સબ્જેકટ) કહે છે. જ્યારે ક્રિયાપદને Verb (વર્બ) ક્રિયાપદ કહે છે જેમકે Manilal goes (મણીલાલ ગોઝ) મણીલાલ જાય છે આમા Manilal એ Subject (સબ્જેકટ) છે અને goes એ Verb (વર્બ) ક્રિયાપદ છે.

નીચે લખેલા વ્યાકરણના ભાગો વાક્યના કર્તા અથવા Subject (સબ્જેકટ) તરીકે હોઈ શકે છે:—

૧. Noun (નાઉન) નામ. જેમકે The fire burns (ધ ફાયર બર્નસ્) દેવતા સળગે છે આમા fire એ કર્તા Subject છે.

૨. Pronoun (પ્રોનાઉન) સર્વનામ, He writes રાઇટસ્ લખે છે આમાં He એ કર્તા અથવા Subject Infinite છે.

૩. Infinitive (ઈન્ફીનીટીવ્) સામાનાર્થ To err is human (ટુ એર્ ઇઝ્ હ્યુમન) મનુષ્ય ભૂલને પાત્ર છે આમાં To err એ કર્તા અથવા Subject છે.

૪. Gerundial Infinitive (જીરન્ડીયલ ઇન્ફીનીટિવ્) નિશ્ચાર્થકૃદંત, જેમકે walking is healthful (વૉકીંગ્ ઇઝ્ હેલ્થફુલ્) ચાલવું એ તંદુરસ્તી ભરેલું છે આમાં walking એ કર્તૃપક્ષ અથવા Subject છે.

૫. Adjective used as a noun(ઍડ્જેક્ટિવ્ યુઝ્ડ ઍઝ્ નાઉન્)નામને બદલે વપરાયેલું વિશેષણ જેમકે The virtuous are happy (ધ વર્ચ્યુઅસ્ આર્ હૅપી) સદ્‌ગુણી માણસ સુખી હોય છે આમાં Virtuous એ કર્તા અથવા Subject છે.

વાક્ય પાચ પ્રકારના હોય છે:--1. Affirmative એફરમેટીવ્ નિશ્ચાર્થ. Birds fly 2. Negative નેગેટીવ્ નિષેધાર્થ. He, does not go 3. Interro gative ઈન્ટ્રોગેટીવ્ નિશ્ચાર્થ Are you happy? 4. Exclamatory એકસ્કલેમેટરી આશ્ચાર્થ. 5 Optative ઑપ્ટેટીવ્ ઇચ્છાર્થ.

૧. જે વાકયમા એકજ કર્તા (Subjoct) અને એકજ ક્રિયાપદ (Predicate) હોય છે તે સાદું અથવા Simple (સીમ્પલ્) વાકય કહેવાય છે. જેમકે The sun shines સૂર્ય પ્રકાશે છે, Ram mends his pen રામ તેની કલમ ઘડે છે.

૨ જે વાકયમાં મુખ્ય એકજ કર્તૃપક્ષ (Subject) અને મુખ્ય એકજ ક્રિયાપક્ષ (Predicate) હોય અને તે ઉપરાત એક અથવા બે કે વધુ ક્રિયાપદ (finite verb) હોય તે વાકયને Complex અથવા સંયુક્ત વાકય કહે છે જેમકે I dreamt that I stood on a hill (આઈ ડ્રેમ્ટ્ ધૅટ્ આઇ સ્ટુડ્ ઑન્ આ હીલ્) મને એવું સ્વપ્નું આવ્યુ કે હું ટેકરીપર ઉભો; આમા dreamt એ મુખ્ય વાકય છે અને એમાં I કર્તા અથવા Subject છે અને dreamt આ ક્રિયાપદ અથવા Predicate છે. જ્યારે that I stood on a hill એ બીજું વાકય છે જે Subordinate Sentence (સબૉર્ડીનેટ્ સેન્ટન્સ્) ઉપવાકય કહેવાય છે.

૩. જે વાકયમા એક મુખ્ય વાકય હોય અને તે ઉપરાત બીજા ત્રણ ચાર નાના વાકયો હોય તે Compound sentence (મિશ્ર) વાકય કહેવાય છે. as Procure pure water to drink & cleanlinen to wear. (પ્રોક્યુર્ પ્યુર્ વૉટર્ ટુ ડ્રીન્ક્ ઍન્ડ ક્લીન્ લીનન્ ટુ વેર્) પીવાને સ્વચ્છ પાણી અને પહેરવાને સાફ શણનું કપડું લાવો.

૪ અંગ્રેજીમા જે વચનમાં કર્તા હોય તેજ વચનમા ક્રિયાપદ પણ હોય છે જ્યારે ત્રીજા પુરૂષ એકવચન અને વર્તમાનકાળમા હોયે છે ત્યારે ક્રિયાપદને s લાગે છે જેમકે તે સાભળે છે કહેવું હોય તો ઇંગ્રેજીમા He hears (હી હીયર્સ્) કહેવાય છે અહીંઆ hear ક્રિયાપદ છે અને તેને ત્રીજો પુરૂષ એકવચન લાગેલું હોવાથી s લાગ્યો છે. અને બહુવચનમા s લાગતો નથી જેમકે:--They hear (ધે હીયર્) તેઓ સાંભળે છે.

(અ) જ્યારે કર્તા એકવચનમાં હોય અને વાક્યને and લગાડી જુદા પાડી વધુ કર્તા એક વચનમાં બતાવ્યા હોય ત્યારે આ કર્તાઓને જે ક્રિયાપદ લાગે છે તે હમેશા બહુવચનમાં હોય છે, જેમકે:—He and I are here (હી ઍન્ડ્ આઈ આર્ હીયર્) તે અને હુ અહીં છીએ. Ravishanker and his father are there રવિશંકર અને તેના પીતા ત્યાં છે.

(બ) જ્યારે કર્તા એકવચનમાં હોય અને or અગર nor લગાડી વધુ કર્તા બતાવ્યા હોય ત્યારે જે ક્રિયાપદ આ એકથી વધુ કર્તાને લાગે છે તે વળી વાકય ત્રણ પ્રકારના છે. જેમકે simple સાદુ Complex સંયુક્ત અને Compound મિશ્ર

હમેશાં એકવચનમાં હોય છે જેમકે; Either Ram or Gopal has taken this રામ અથવા ગોપાળ એ બેમાંથી એક જણે તે લીધુ છે Neither the boy nor the girls was present છોકરો અથવા છોડી એ બેમાંથી એક હાજર ન્હોતુ.

(ક). જ્યારે વાકયમા એક કર્તા એકવચનમાં હોય અને બીજો કર્તા બહુવચનમાં હોય અને તે જ્યારે or અથવા nor થી જોડાયા હોય ત્યારે જે ક્રિયાપદ તેમને લાગે છે તે બહુવચનમાં હોય છે; જેમકે :—He or they were offended at it તે અથવા તેઓ તેથી ગુસ્સે થયા હતા. Neither the Captain nor the sailors were saved માલ કે ખારવાઓમાંથી એકે બચવા પામ્યુ નહી

(ડ). જ્યારે એકથી વધુ વાકય હોય અને તેમાં પ્રથમ વાકયનું જે ક્રિયાપદ જે કાળમાં હોય તેજ કાળમાં બીજા વાકયનું પણ ક્રિયાપદ હોય છે; જેમકે:— He says that Trikam is not here તે કહે છે કે ત્રીકમ અહીં નથી. He told me that his father was ill તેણે મને કહ્યું કે મારા પિતા માદા છે.

PUNCTUATION (પંકચ્યુએશન) વિરામચિન્હ.

ચિન્હ	ઇંગ્રેજી નામ.	ઉચ્ચાર	ગુજરાતી નામ.
,	The comma	ધ (કૉમા).	કૉમા, અલ્પવિરામ ચિન્હ.
;	The semi-colon	ધ (સેમીકોલન)	અર્ધવિરામ ચિન્હ.

: The colon ધ (કોલન) અપૂર્ણવિરામ ચિન્હ.
. The full stop ધ (ફુલસ્ટૉપ) પૂર્ણવિરામ ચિન્હ.
? The note of Interrogation. ધ (નોટ્ ઑફ્ ઇન્ટરોગેશન) પ્રશ્નાર્થ ચિન્હ.
! The note of Exclamation (નોટ્ ઑફ્ ઍક્સક્લેમેશન) આશ્ચર્યકારક ચિન્હ.

જે વાક્યમાં સહજ થોભવાનું હોય ત્યાં, કામા અથવા અલ્પવિરામ ચિન્હ મુકવામાં આવે છે જેમકે Ratilal, Brijbhukhan, Chandulal and Manilal went home રતિલાલ બ્રીજભુખણ, ચંદુલાલ અને મણીલાલ ઘેર ગયા.

જે વાક્યમાં જરા વધુ થોભવું પડે છે તે વાક્યના છેડે સૅમીકોલન યાને અલ્પવિરામ ચિન્હ લગાડવામાં આવે છે જેમકે I am innocent of the blood of the honest person; see to it. આથી જરા જ્યાં વધુ અટકવાનું હોય ત્યા કોલન અથવા અપૂર્ણ વિરામ ચિન્હ મુકવામાં આવે છે; જેમકે Do not flatter yourself with the hope of perfect happiness: there is no such thing in the world.

જ્યારે બહુજવાર થોભવાનું હોય અને વાક્ય તદ્દન પુરૂ થતુ હોય, ત્યારે ફૂલસ્ટૉપ અથવા પૂર્ણ વિરામ ચિન્હ મુકવામાં આવે છે; જેમકે I have done my work. મે મારૂ કામ કર્યું છે.

જ્યારે સવાલ પૂછવામાં આવે ત્યારે ? પ્રશ્નાર્થ ચિન્હ યાને નોટ્ ઑફ્ ઇન્ટરોગેશન મુકવામા આવે છે; જેમકે Where is my brother? મારો ભાઇ ક્યા છે?

જ્યારે કઇ આશ્ચર્ય બતાવવું હોય ત્યારે ! આશ્ચર્યકારક ચિન્હ અથવા નોટ ઑફ્ Exclamation મુકવામાં આવે છે; જેમકે Oh! what a disaster! અરે કેવું દુ:ખ.

CAPITAL LETTERS (કૅપીટલ લૅટર્સ) મોટા અક્ષર.

૧. પહેલા પુરૂષ સર્વ નામનો I હમેશાં મોટી એ. બી. સી. અથવા Capital letters (કેપીટલ લૅટર્સ) માનો વપરાય છે.

૨. આશ્ચર્ય અથવા ઉદ્‌ગાર બતાવવામાં O હમેશા મોટા અક્ષરમાંનો Capital letters નો વપરાય છે.

૩ જ્યારે માણસનું નામ લખવુ હોય ત્યારે પણ તે નામનો પ્હેલો અક્ષર Capital letters મોટા અક્ષરમાંનો હોય છે; જેમકે:—Ravishanker રવીશંકર, Manilal મણીલાલ Chandulal ચંદુલાલ, John (જોન) ઇ.

૪. પ્રજાનું નામ બતાવવું હોય ત્યારે પણ મોટા અક્ષરમાંનો પ્હેલો અખર લખવામાં આવે છે; જેમકે The English ઇંગ્રેજ; The Gujarati ગુજરાતી, The Bengalees; The Parsis પારસી વગેરે.

૫. પ્રભુનું નામ અથવા તેના બદલે જે સર્વનામ લખવામાં આવ્યુ હોય તેનો પ્હેલો અક્ષર મોટા અક્ષરમાનો લખાય છે; જેમકે God (ગૉડ્) પ્રભુ; Almighty (ઑલ્માઇટી), નિયંતા; Omnipotent (ઑમ્નીપોટન્ટ્) સર્વવ્યાપક. ઇ.

૬. દીવસ અને મહિનાના નામો તથા તહેવારના નામોના પ્રથમ અક્ષર મોટા અક્ષરમાંથી લખવામાં આવે જે; જેમકે Monday (મન્ડે) સોમ, Sunday (સન્ડે) રવિ. Jannuary(જાન્યુઆરી), Good-Friday (ગુડફ્રાઇડે), Dewali (દીવાળી), ઈ

૭. ઈલ્કાબ અને ઓદ્ધાનાં નામોમાં પણ પ્રથમ અક્ષર મોટા અક્ષરમાનો લખવામાં આવે છે; જેમકે The Inspector (ઇન્સ્પેક્ટર) પરિક્ષક, The Governor (ગવર્નર્) સુબો, Dewan Bahadur દિવાન બાહાદુર, Rao Sahib રાઓ સાહેબ ઇ.

૮ દરેક ચોપડીના નામનો પહેલો અક્ષર મોટા અક્ષરમાનો લખવામાં આવે છે; જેમકે Grammar (ગ્રામર્), Arithmetic (એરિથમેટીક્) ગણિત છે.

૯ દરેક વાકયની શરૂઆતનો પહેલો અક્ષર પણ મોટા અક્ષરમાનો લખવામા આવે છે; જેમકે There is a man at the door દરવાજા આગળ માણસ છે.

૧૦. કવિતાની દરેક લીટીનો પહેલો અક્ષર મોટા અક્ષરમાનો હોય છે; જેમકઃ—

I am the monarch of all I survey.
My right there is none to dispute.

૧૧. જ્યારે કોઇનું ભાષણ કે બોલેલા શબ્દો લખવા હોય ત્યારે તે બોલનો પ્રથમ અક્ષર મોટા અક્ષરમાનો લખવામા આવે છે; જેમકે He answered-"We are seven" તેણે જવાબ દીધો કે અમે સાત છીએ.

૧૨. ખીતાબના અક્ષર પણ મોટા જોઇએ જેમકે:-B. A., M. A. ઈત્યાદિ

મોટા અક્ષરો કયાં લખવા તે ઉપર બતાવ્યું છે. આ પાઠ ખુબ ધ્યાનથી તૈયાર કરવાનો છે કેમકે લખતા દરેક વખત તેના નિયમની ખાસ જરૂર પડવાની.

Translation (ટ્રાન્સ્લેશન્) ભાષાન્તર.

ગુજરાતી ભાષા બોલવા તથા લખવામા સાધારણ નિયમ પ્રથમ કર્યા પછી

કર્મ અને છેવટે ક્રિયાપદ આવે છે પણ ઇંગ્રેજીમા પહેલા કર્તા પછી ક્રિયાપદ અને છેવટ કર્મ આવે છે-જો આ હુ મારે ઘેર ગયો તનું ઇગ્રજી કરવું હોય તો હુ ગયો ઘેર એમ ઇગ્રેજીમાં લખાય છે; જેમકે I went home.

આવી રીતે ઇંગ્રેજી અને ગુજરાતી ભાષાનો ભેદ હોવાથી શિખનારે ઉપર વ્યાકરણના જે નિયમ લખ્યા છે તે તેમજ પ્રથમ ભાગમાં બતાવેલું અક્ષર જ્ઞાન પક્કી રીતે કરવું અને ત્યાર પછી આગળ આપેલા અભ્યાસ પાઠ કરવાથી ભાષા ત્તર કરવાનું તથા વાચવાનુ સહેલ થઇ પડવાનું-અરે કેટલાક વાકયો સમજ પડ-વાની ખાતર ભાષાન્તર સાથે લખ્યા છે તે ધ્યાનથી વાંચવા.

*હુ આ ચોપડી વેચીશ	I shall sell this book.
હુ ત્યા જઇશ.	I shall go there.
મેં મારી ચોપડી ખોઈ.	I lost my book
હું ઘેર જઇશ.	I shall go home.
તમારો ડગલો પહેરો	Put on your coat.
તમે કોણ છો ?	Who are you ?
શું તે માંદો છે ?	Is he ill ?
મને તરસ લાગે છે.	I feel thirsty
મને ભુખ લાગે છે.	I feel hungry
તમે ઉતાવળા કેમ બોલો છો ?	Why do you speak aloud ?
મને ઉંઘ આવે છે	I feel sleepy.
શુ આ કોટડીમાં પાંચ માણસ છે ?	Are there five men in this room ?
શું મને કોઇ મદદ કરશો નહીં ?	Will no one help me ?
તમારી તબીયત કેમ છે ?	How do you do ?
કયાં જાઓ છો ?	Where are you going ?
તમારૂ ઘર કયા છે ?	Where is your house ?
વાંચતી વખત વાત કરતા નહીં.	Do not talk when you are reading
તે ગાતો ગાતો આવે છે	He comes singing.
આ વીંટી સોનાની છે.	This is a gold ring.
આ પેટીમાં રૂપીઆ છે	This box contains rupees.

* વાકયોમા આવતા ઘણાખરા શબ્દો આગળ આવી ગયેલા હોવાથી અને તેના ઉચ્ચારો બતાવેલા હોવાથી અત્રે વાકયોના ઉચ્ચાર લખ્યા નથી.

મારા પિતા અમદાવાદ ગયા છે	My fathei is gone to Ahme dabad.
મારા ભાઇનું નામ રતનચંદ છે	My brother's name is Ratanchand.
તે મારા ઉપર મહેરબાન છે.	He is very kind to me (examination.
તેણે મેટ્રીક પાસ કરી છે.	He has passed the Matriculation)

અહીંઆ વ્યાકરણ અને પરચુરણ બાબતો સબધી પાઠો પુરા થાય છે—શિખનારે તે ધ્યાનથી ખરા કરવાના છે કેમકે આખી ઇંગ્રેજી ભાષા લખવા વાચવામાં તે હીંદતા અને ચાલતા સાધારણ ચાવીરૂપ છે, અને જો તે બરોબર રીતે ખરા કરવામા આવે તો લખતાં વાચતા ઘણુજ જલદી આવડવાનું.

PART III.

ભાગ ૩ જો.

Reading Lessons વાંચન પાઠ.

હવે અત્રે વાચવા અને ભાષાન્તર કરવા માટે જુદા પાઠો અર્થ, ઉચ્ચાર અને તરજુમા સાથે લખવામા આવ્યા છે તેમા શિખનારે પ્રથમ વાચતાં શિખવું—પછી દરેક શબ્દના Spelling (સ્પેલીંગ્) જોડણી ખરી કરવી અને પછી અર્થ તૈયાર કરવા અને અર્થ તૈયાર કર્યા પછી પોતાને પાઠનો તરજુમો આવડે છે કે નહીં તે જોવું, અને જ્યા ભુલ પડે ત્યા તરજુમો જોવો—બાકી ગોખવાથી કદી ઇંગ્રેજી આવડવાનું નથી. ઇંગ્રેજી ભાષામાં લખતા Spelling (જોડણી) ની ઘણી જરૂર પડે છે, માટે આ મોઢ કરવાની ખાસ જરૂર છે.—જ્યાર સારી રીતે જોડણી આવડશે ત્યારે આગળ લખવું વાચવું ઘણુજ સુગમ થવાનું.

Lesson I. પાઠ ૧.

શબ્દ.

A (એ) એક.	I (આઇ) હું	O (ઓ) અરે.
He (હિ) તે.	No (નો) ના.	Am (ઍમ્) છું.
Me (મિ) મને	So (સો) એવું, એમ	As (ઍઝ્) જેમ, તેમ.
We (વી) અમે	Go (ગો) જવું.	At (ઍટ્) તક
Ye (યી) તમે.	To (ટુ) તક, પ્રતિ.	If (ઇફ્) જો
Be (બી) થવું, હોવું.	Do (ડુ) કરવું.	In (ઇન્) મા અદર.
My (માય્) મારૂં.	By (બાય્) પાસે	It (ઇટ્) તે.

વાંચન પાઠ.

I do (આઇ ડુ) હું કરૂં છું
We go (ક્વી ગો) અમે જઇએ છીએ.
Be so (બી સો) એવું થાઓ.
By me (બાય્ મી) મારાથી
To me (ટુ મી) મારા પ્રતિ.
I am (આઈ ઍમ્) હું છું.
Go in (ગો ઈન્) અંદર જાઓ.
Be it so (બી ઈટ્ સો) તે એવું થાઓ.
Go ye (ગો યી) તમે જાઓ.
Do so (ડુ સો) એવું કરો.

Lesson II. પાઠ ૨.

*To do (ડુ ડુ) કરવું
To be (ટુ બી) થવું, હોવું,
To go (ટુ ગો) જવું
Of me (ઑફ્ મી) મારૂં.
On us (ઑન્ અસ્) અમા-રા ઉપર.
Of (ઑફ્) નો, ની, નું, ના
On (ઑન્) ઉપર.
Or (ઑર્) અથવા.
Is (ઇઝ્) છે.
In it (ઇન્ ઇટ્) તેમા.
An ox (એન્ ઑક્સ્) બળદ
Up (અપ્) ઉપર.
Us (અસ્) અમને.
At it (ઍટ્ ઈટ્) તે તર્ફ.
If (ઈફ્) જો.

He is (હી ઇઝ્) તે છે (માણસ)
It is (ઇટ્ ઈઝ્) તે છે. (વસ્તુ)
I am up (આઈ એમ્ અપ્) હું ઉપર છું
He is up (હી ઈઝ્ અપ્) તે ઉપર છે.
Is he? (ઇઝ્ હી) શું તે છે?
Am I? (એમ્ આઈ) શું હું છું?
Am I up? (એમ્ આઈ અપ્) શું હું ઉપર છું.
Is he up? (ઇઝ્ હી અપ્) શું તે ઉપર છે.

Lesson III. પાઠ ૩.

Bad (બૅડ્) ખરાબ.
A bed (અ બેડ્) પથારી.
Bid (બીડ્) ફરમાવવું.
A lad (એ લૅડ્) છોકરો.
Red (રેડ્) રાતુ.
A kid (અ કીડ્) બકરીનું બચ્ચું.
Fat (ફૅટ્) જાડો.
Get (ગેટ્) મેળવવુ.
To sit (ટુ સીટ્) બેસવું.
A cat (એ ક્યાટ્) બીલાડી.
Pet (પેટ્) વ્હાલુ.
Fit (ફીટ્) લાયક.
A man (અ મૅન્) માણસ.
Men (મેન્) માણસો.
A pin (એ પીન્) ટાંકણી.
Ran (રૅન્) દોડયો.
A pen (અ પેન્) કલમ.
Did (ડીડ્) કર્યું.

A bad lad (ખરાબ છોકરો).
A kid and a lad (બકરીનું બચ્ચું અને છોકરો).

* ઇંગ્રેજીમાં કરવું વગેરે ક્રિયાપદો જ્યારે એકલા બતાવવામા આવે છે ત્યારે To તેમની આગળ લાગે છે પણ લખવા વગેરેમાં to કાઢી નાખવામા આવે છે. જેમકે કરવું To do અને હું કરૂં છું એમા I do લખાય છે.

A mad man (ગાંડો માણસ).
A fat ox (જાડો બળદ).
A pat cat (વ્હાલી બીલાડી).
A long pen (લાંબી કલમ).
Go to bed (સુવા જાઓ).
It is red (તે રાતું છે).
The hot sun (સખત તાપ).
Sit on it (તેના ઉપર બેસો).
Men ran (માણસો દોડયા)
Get me a pen (મને કલમ આણી આપો).
He did it (તેણે તે કર્યું).
He ran (તે દોડયો),
A fit man (લાયક માણસ).
A pen and a pin (એક કલમ અને ટાંકણી)
A red pen (રાતી કલમ).
A fat cat (જાડી બીલાડી).

Lesson IV. પાઠ ૪.

God (ગૉડ્) પરમેશ્વર. A hut (એ હટ્) ઝુપડું. Ten (ટેન્) દસ.
A rod (એ રૉડ્) સોટી. A betel nut (એ બીટલ્ નટ્) સોપારી*
A dog (એ ડૉગ્) કુતરો. Mad (મૅડ્) ગાંડો. Big (બીગ્) મોટું.
Fog (ફૉગ્) ધુમસ. Sad (સ્યાડ્) દીલગીર A son (એ સન્) છોકરો.
Hot (હૉટ્) ગરમ. A mat (એ મૅટ્) સાદડી. A box (એ બૉક્સ) પેટી.
A pot (એ પૉટ્) વાસણ. A map (એ મૅપ્) નકશો. A fox (એ ફાક્સ)લોકડી.
The sun (ધ સન્) સૂર્ય A cap (એ કયાપ્) ટોપી. A jug (એ જગ્) કુંજો.
A gun (એ ગન્) બંદુક. A bag (એ બૅગ્) કોથળી. Him (હીમ્) તેને
But (બટ્) પણ His (હીઝ્) તેનું. Not (નૉટ્) ના, નહી.
To cut (ટુ કટ્) કાપવું. Yes (યસ્) હા. A rat (એ રૅટ્) કોળ.
Men (મેન્) માણસો.

The sun is hot (ધ સન્ ઇઝ્ હૉટ્) સુર્ય તપી ગયો છે
Yes, I go (યસ્ આઈ ગૉ) હા, હું જાઉ છું;
Cut this pen (કટ ધીસ્ પેન્) આ કલમ કાપો
Ten men and an ox (ટેન્ મૅન્ ઍન્ડ ઍન્ ઑક્સ્)દસ માણસ અને એક બળદ.
O my God (ઓ માય્ ગૉડ) ઓ મારા પ્રભુ
Yes, it is his pen (યસ્ ઇટ્ ઈઝ્ હીઝ્ પેન્) હા તે કલમ તેની છે.
He is a fit man (હી ઈઝ્ આ ફીટ્ મૅન્) તે લાયક માણસ છે
This is my cap (ધીસ્ ઇઝ્ માય્ કૅપ્) આ મારી ટોપી છે

---

* A betel nut. (એ બીટલ નટ) સોપારી.

I bid him (આઇ બીડ્ હીમ્) હું તેને હુકમ કરૂછુ.

This is his jug (ધીસ્ ઇઝ્ હીઝ્ જગ્) આ કુંજો તેનો છે.

Lesson V. પાઠ ૫.

He (હી) તે (નરજાતી).	Who (હુ) કોણ.	A spy (એ સ્પાય્) દુત.
She (શી) તે નારીજાતી.	To fly (ટુ ફ્લાય્) ઉડવુ.	To cry (ટુ ક્રાય્) બુમ મારવી.
The (ધ) તે-એ.	Sky (સ્કાય) આકાશ.	To try (ટુ ટ્રાય્) યત્ન કરવો.
Thy (ધાય) તારૂ	Shy (શાય્) શરમાળ.	Sly (સ્લાય્) લુચ્ચો.

We try (વી ટ્રાય્) અમે યત્ન કરીએ છીએ

I cry (આઇ ક્રાય) હું બુમ મારૂ છુ.

We go (વી ગો) અમે જઇએ છીએ.

We do (વી ડુ) અમે કરીએ છીએ

The sky is blue (ધ સ્કાય્ ઇઝ્ બલ્યુ) આકાશ આસમાની છે

Try to do it (ટ્રાય્ ટુ ડુ ઈટ્) તે કરવાને પ્રયત્ન કરો

Lesson VI. પાઠ ૬.

An ant (ઍન્ ઍન્ટ્) કીડી	An act (ઍન્ ઍક્ટ્) કાયદો, કામ	An inn (ઍન્ ઇન્) ધર્મશાળા
And (ઍન્ડ) અને.	To add (ટુ ઍડ્) ઉમેરવું	Ink (ઈન્ક્) રૂસનાઇ.
An ass (એન્ ઍસ્) ગધેડું	All (ઑલ્) સકળ, બધા,	An inch (એન્ ઈન્ચ) તસુ.
Ash (ઍશ્) રાખ્યા.	An end (એન્ એન્ડ્) છેડો.	Old (ઓલ્ડ્) ઘરડુ.
An art (એન આર્ટ) હુન્નર.	An egg (એન એગ) ઈંડુ.	Off (ઑફ્) દુર
An arm (ઍન્ આર્મ્) હાથ	Ill (ઈલ) માંદો	An orb (ઍન્ ઑર્બ્) વર્તુળ.

He is shy (હી ઇઝ શાય્) તે શરમાળ છે

It is dry (ઇટ્ ઈઝ્ ડ્રાય) તે સુકુ છે

She is ill (શી ઈઝ્ ઈલ્) તે માંદી છે.

An ox and an ass (ઍન્ ઑક્સ્ ઍન્ડ્ ઍસ્) એક બળદ અને એક ગધેડો.

Lesson VII. પાઠ ૭.

To ring (ટુ રીંગ્) વગાડવું.	Milk (મીલ્ક્) દુધ.	To sing (ટુ સીંગ્) ગાવું

To bring (ટુ બ્રીંગ્) આણવું. A fish (એ ફીશ્) માછલી. To hurt (ટુ હર્ટ્) ઈજા ક૦
To drink (ટુ ડ્રીંક્) પીવું. Silk (સીલ્ક) રેશમ. To trust (ટુ ટ્રસ્ટ્) ભરસો
To mend (ટુ મેન્ડ્) ઘડવું. A bell (એ બેલ્) ઘંટ. To tell (ટુ ટેલ્) કહેવું. [રા.
To send (ટુ સેન્ડ્) મોકલવું. A bench (એ બેન્શ્) પાટલી. To sell (ટુ સેલ્) વેચવું.
To stand (સ્ટૅન્ડ્) ઉભા રહેવું. A lamp (એ લૅમ્પ્) દિવો. Must (મસ્ટ્) જોઇએ
(સહાયકારક ક્રિયાપદ)

Bring silk (બ્રીન્ગ્ સીલ્ક્) રેશમ આણો,
Drink milk (ડ્રીન્ક્ મીલ્ક્) દુધ પીઓ
Mend the pen (મેન્ડ્ ધ પેન્) કલમ ઘડો.
Do not hurt it (ડુ નૅાટ્ હર્ટ્ ઇટ્) તેને ઇજા કરતા નહી.
Stand upon the bench (સ્ટૅન્ડ્ અપૅાન્ ધ બેન્ચ્) પાટલી ઉપર ઉભા રહો
You sing well (યુ સીંગ્ વેલ્) તમે ઠીક ગાઓ છો.
Ring the bell (રીંગ્ ધ બેલ્) ઘંટ વગાડો.
Sit on it (સીટ્ ઑાન્ ઇટ્) તેના ઉપર બેસો.
It is a lamp (ઇટ્ ઇઝ્ આ લ્યામ્પ્) તે દિવો છે.

Lesson VIII. પાઠ ૮.

Glass (ગ્લાસ) કાચ. A tank (એ ટૅન્ક) તળાવ Each (ઇચ્) દરેક.
Brass (બ્રાસ્) પીતળ. A bank (એ બૅન્ક) કિનારો Damp (ડૅમ્પ્) ભેજવાળુ
Dress (ડ્રેસ) કપડાં. Well (વેલ્) સારૂ, કુવો. Glad (ગ્લૅડ્) ખુશ.
A hand (એ હૅન્ડ્) હાથ Still (સ્ટીલ્) શાંત. Just (જસ્ટ્) તુરતજ.
Rich (રીચ્) પૈસાદાર. Such (સચ્) એવું. Both (બોથ્) બન્ને

Sit still (સીટ્ સ્ટીલ્) ચુપકીથી બેસો.
It is damp (ઈટ્ ઈઝ્ ડૅમ્પ્) તે ભેજવાળું છે
He is glad (હી ઇઝ્ ગ્લૅડ્) તે ખુશ છે.
I am sad (આઈ ઍમ્ સૅડ્) હું દીલગીર છું.
This is glass (ધીસ્ ઇઝ્ ગ્લાસ્) આ કાચ છે.
He is rich (હી ઇઝ્ રીચ્) તે પૈસાદાર છે.
He is just (હી ઇઝ્ જસ્ટ્) તે ન્યાયી છે.

Just go and bring it (જસ્ટ્ ગો એન્ડ્ બ્રીન્ગ્ ઇટ્) હમણાંજ જાઓ અને તે લાવો.
We must trust in God (વી મસ્ટ્ ટ્રસ્ટ્ ઇન્ ગૉડ્) આપણે પરમેશ્વરપર ભરોસો રાખવો જોઇએ.

Lesson IX. પાઠ ૯.

Much (મચ્) વધારે.	Then (ધેન્) તે વખતે.	Fus (ફસ્) રવા.
Fat (ફૅટ્) જાડું.	These (ધીઝ્) આ	Fire (ફાયર્) દેવતા.
Fate (ફેટ્) દશા	There (ધૅર્) ત્યાં.	First (ફર્સ્ટ્) પહેલો.
Far (ફાર્) દૂર.	Her (હર્) તેણીનું.	For (ફૉર્) સારૂ.
To fall (ટુ ફૉલ્) પડવું.	A fin (એ ફીન્) માછલીની પાખ	Fore (ફોર્) આગાડ.
The (ધ) તે.	Fine (ફાઇન્) સુંદર.	To (ટુ) ને, પ્રતિ.
To move (ટુ મુવ્) હાલવું.	Us (અસ્) અમને.	To put (ટુ પુટ્) મુકવું.
Some (સમ્) કઇક.	An use (એન યુસ્) ઉપયોગ.	Sure (શ્યુઅર્) નક્કી.

I am sure of it (આઇ ઍમ્ શ્યુઅર્ ઑફ્ ઇટ્) તે વિષે મને ખાત્રી છે.
Give me some water (ગીવ્ મી સમ્ વૉટર્) મને થોડું પાણી આપો
The well is far off (ધ વૅલ્ ઇઝ્ ફાર્ ઑફ્) કુવો બહુ દુર છે.
This is a tank (धीस् ઇઝ્ આ ટૅન્ક્) આ તળાવ છે.
There is no water (ધૅર્ ઇઝ્ નો વૉટર્) પાણી નથી.
Give me your hand (ગીવ્ મી યૉર્ હૅન્ડ્) તમારો હાથ મને આપો.
Move on (મુવ્ ઑન્) આગળ ચાલો.
Put this into a box (પુટ્ ધીસ્ ઇન્ટુ આ બૉક્સ્) આ પેટીમાં મુકો.
This is for me (ધીસ્ ઇઝ્ ફૉર્ મી) આ મારા માટે છે.
She came then (શી કેમ્ ધેન્) તે ત્યારે આવી.
See, you do not fall (સી યુ ડુ નૉટ્ ફૉલ્) જુઓ, તમે પડો નહીં
Give us some milk (ગીવ્ અસ્ સમ્ મીલ્ક્) અમને થોડું દુધ આપો.

Lesson X. પાઠ ૧૦.

Aid (એડ્) મદદ	Bread (બ્રેડ્) રોટલો.	A road (એ રોડ્) રસ્તો.
Air (ઍર્) હવા.	To see (ટુ સી) જોવું.	A shoe (એ શુ) પગરખું.

Law (લૉ) કાયદો. A deer (એ ડીયર) હરણ. A door (એ ડૉર) બારણું.
To lay (ટુ લે) મુકવું. To seize (ટુ સીઝ્) ઝાલવું. Blood (બ્લડ) લોહી.
To eat (ટુ ઈટ્) ખાવું. A rein (એ રેઇન્) લગામ. Poor (પુઅર્) ગરીબ.
To earn (ટુ અર્ન્) કમાવું. Few (ફ્યુ) થોડાં A boy (એ બૉય્) છોકરો.
An aunt (ઍન્ આન્ટ્) કાકી, મા શી, ફોઈ. Their (ધૅર્) તેઓનું. Good (ગુડ્) સારૂં.
An ear(ઍન્ ઇયર્) કાન. A key (એ કી) ચાવી. An eye (ઍન્ આઇ)આંખ.
A heart(એ હાર્ટ્)અંતઃકરણ.A friend(એ ફ્રેન્ડ)મિત્ર. Oil (ઑઇલ્) તેલ.

This is a poor boy (ધીસ્ ઇઝ્ આ પુઅર્ બૉય્) આ છોકરો ગરીબ છે.
He eats bread (હી ઈટ્સ્ બ્રેડ) તે રોટલો ખાય છે
Here is a key to the door (હીયર્ ઇઝ્ આ કી ટુ ધ ડૉર્) અહીં આ બારણાની કુંચી છે.
Put some oil into the lamp (પુટ્ સમ્ ઑઈલ્ ઈન્ટુ ધ લૅમ્પ્) દિવામા થોડું તેલ પુરો
See, this deer is running (સી, ધીસ્ ડીયર્ ઈઝ્ રની ગ્) જુઓ આ હરણ દોડે છે
My aunt gave me bread (માય આન્ટ્ ગેવ્ મી બ્રેડ) મારી કાકીએ મને રોટલો આપ્યો.
I eat it (આઇ ઇટ્ ઇટ્) હું તે ખાઉ છુ.
Do not lose your heart (ટુ નૉટ્ લુઝ્ યૉર્ હાર્ટ) હિમ્મત હારી જતા નહી.
This boy is my friend (ધીસ્ બૉય્ ઈઝ્ માય ફ્રેન્ડ) આ છોકરો મારો મિત્ર છે.

Lesson XI. પાઠ ૧૧.

Fie (ફાઈ) ધીક્કાર. A tour (એ ટુર્) સ્વારી. To buy (ટુ બાય) ખરીદવું.
To show(ટુ શો)બતાવવું How (હાઉ) કેમ. You (યુ) તમે. [ચિઠી.
Broad (બ્રૉડ) પ્હોળું. Low (લો) નીચું. An ewe (ઍન્ યૂ) મેંઢી.
Grey (ગ્રે) ભૂરૂં. Four (ફોર) ચાર. Owe (ઑ) લેણ, રીં.
A fiend (એ ફીન્ડ)સેતાન.A guard (એ ગાર્ડ) ચોકિયાત.Out(આઉટ્) બહાર
A foe (એ ફો) દુશ્મન. Blue (બ્લ્યુ) આશમાની. Flue (ફ્યુએલ્) બળતણ.

This road is broad (ધીસ્ રોડ્ ઇઝ બ્રોડ) આ રસ્તો પ્હોળો છે.
He is on tour (હી ઇઝ્ ઑન્ ટુર્) તે સ્વારીમાં છે.
Fie to him (ફાઇ ટુ હીમ્) તેને ધીક્કાર છે.
I wish to buy it (આઇ વીશ્ ટુ બાય ઇટ્) હું તે ખરીદવા ચાહું છું.
His eye is blue (હીઝ્ આઈ ઈઝ્ બ્લ્યુ) તેની આંખ ભુરી છે.
Go out and call him (ગો આઉટ્ ઍન્ડ કૉલ્ હીમ્) બહાર જાઓ અને તેને [બોલાવો.

Lesson XII. પાઠ ૧૨.

Bold (બોલ્ડ) બહાદુર.	Kind (કાઈન્ડ) માયાળુ	A girl (એ ગર્લ) છોકરી.
Strong(સ્ટ્રોન્ગ)મજબુત.	Weak (વીક) નબળુ.	A daughter (એ ડૉટર) [દીકરી.
Long (લૉન્ગ) લાંબુ	Poor (પુઅર) ગરીબ.	A child (એ ચાઇલ્ડ) [છોકરું.
Idle (આઈડલ) આળસુ.	Short (શૉર્ટ) ટુંકુ	Lord (લૉર્ડ) પ્રભુ.
Cold (કોલ્ડ) ઠંડુ	Children(ચીલ્ડ્રન)છોકરા.	New (ન્યુ) નવું.
Dull (ડલ) મુઢ.	Women(વુમેન)સ્ત્રીઓ.	Old (ઓલ્ડ) જુનું.

I am ill (આઈ ઍમ્ ઇલ) હુ માંદો છુ
She is well (શી ઈઝ વૅલ્) તેણી સારી છે
He is a good man (હી ઈઝ્ આ ગુડ્ મૅન્) તે સારો માણસ છે.
This road is very long (ધીસ્ રોડ ઇઝ્ વેરી લૉન્ગ્) આ રસ્તો બહુ લાંબો છે.
He is a bad boy (હી ઇઝ્ આ બૅડ્ બોય્) તે ખરાબ છોકરો છે.
God is good and kind (ગોડ્ ઇઝ્ ગુડ્ ઍન્ડ કાઈન્ડ)પ્રભુ સારો અને માયાળુ છે.
I am glad to see you(આઇ ઍમ્ ગ્લેડ્ ટુ સી યુ)તમને જોઇ હુ ઘણો ખુશીથયોછુ.
This man is short (ધીસ્ મૅન્ ઇઝ શૉર્ટ) આ માણસ ઠીંગણો છે.
She is a good girl (શી ઈઝ્ આ ગુડ્ ગર્લ) તેણી સારી છોડી છે.
Poor children eat (પુઅર્ ચીલ્ડ્રન્ ઇટ્) ગરીબ બચ્ચા ખાય છે.
This is a new book (ધીસ્ ઈઝ્ આ ન્યુ બુક્) આ ચોપડી નવી છે.
This man is old (ધીસ્ મૅન્ ઈઝ્ ઓલ્ડ) આ માણસ ઘરડો છે.

Lesson XIII. પાઠ ૧૩.

A father (એ ફાધર્) બાપ. A wife (એ વાઈફ્) વહુ. This (ધીસ્)આ.

A mother (એ મધર) મા.	An uncle (ઍન્ અન્કલ્) કાકો	That (ધૅટ્) પેલું.
A brother (એ બ્રધર્) ભાઈ.	These (ધીઝ્) આ (બહુવચન).	A son (એ સન્) દીકરો.
Cousin (કઝન્) પીત્રાઇભાઈ.	Those (ધોઝ્) પેલા ,,	A daughter (એ ડૉટર્) દીકરી.
A nephew (એ નેફ્યુ) ભત્રીજો.	Young (યન્ગ્) જુવાન,	A husband (એ હઝબન્ડ્) ધણી.
A niece (એ નીસ્) ભત્રીજી.	Brave (બ્રેવ્) બહાદુર	

My mother was kind (માય્ મધર્ વૉઝ્ કાઇન્ડ્) મારી મા માયાળુ હતી

His father was poor (હીઝ્ ફાધર્ વૉઝ્ પુઅર્) તેનો બાપ ગરીબ હતો.

Your brother and sister are well (યૉર્ બ્રધર્ ઍન્ડ્ સીસ્ટર્ આર વેલ્) તમારા ભાઇ અને બ્હેન સારી પેઠે છે.

Her uncle and aunt were ill (હર્ અન્કલ્ ઍન્ડ્ આન્ટ્ વૅર્ ઇલ્) તેણીની કાકા [અને કાકી માંદા હતા.

Her husband is strong (હર્ હઝ્બન્ડ્ ઈઝ્ સ્ટ્રૉન્ગ) તેણીનો ધણી જોરાવર છે.

His wife is weak (હીઝ્ વાઇફ્ ઈઝ્ વીક) તેની સ્ત્રી નબળી છે.

It is not old (ઇટ્ ઈઝ્ નૉટ્ ઓલ્ડ્) તે જુનું નથી.

It is new (ઇટ્ ઈઝ્ ન્યુ) તે નવું છે.

Is she kind ? (ઇઝ્ શી કાઇન્ડ્) તે સ્ત્રી શું માયાળુ છે ?

These men were rich (ધીઝ્ મેન્ વૅર્ રીચ્) આ માણસો પૈસાદાર હતા.

Those men were poor (ધોઝ્ મેન્ વૅર્ પુઅર) પેલા માણસો ગરીબ હતા.

His uncle and aunt are well (હીઝ્ અન્કલ્ ઍન્ડ્ આન્ટ્ આર્ વેલ્) તેનાં કાકા કાકી સારા છે

Lesson XIV. પાઠ ૧૪.

Who (હુ) કોણ.	When (વેન્) જ્યારે, ક્યારે.	Lame (લેમ્) લંગડું.
Whose (હુઝ્) કોનું.	High (હાઇ) ઉંચુ	Low (લો) નીચું.
Whom (હુમ્) કોને.	Base (બેઝ્) નીચ, અધમ.	Mean (મીન્) હલકું.
Which (વીચ્) જે.	Deep (ડીપ્) ઊંડું.	Clear (ક્લીઅર્) ચોખ્ખું.
What (વૉટ્) કયું,શું.	Neat (નીટ્) ચોખ્ખુ.	Clean (ક્લીન્) સાફ.
Here (હીઅર્) અહીં.	Dear (ડીયર્) વ્હાલું.	Cheap (ચીપ્) સસ્તું.

Where (હ્વૅર્) ક્યાં. Great (ગ્રેટ્) મોટું. Small (સ્મૉલ્) નાનું.
Then (ધૅન્) તે વખતે. Large (લાર્જ) મોટું. Little (લીટ્લ્) નાનું.
There (ધૅર્) ત્યાં. Dead (ડૅડ્) મુએલું. Blind (બ્લાઇન્ડ્)આંધળું.
Now (નાઉ) હમણાં. Deaf (ડૅફ્) બ્હેરૂં. Dumb (ડમ્) મુગું.

I shall be glad to see him (આઇ શૅલ્ બી ગ્લૅડ્ ટુ સી હીમ્) તેને હું ખુશીથી મળીશ.
He will be tall when grownup (હી હ્વીલ્ બી ટૉલ્ હ્વૅન્ ગ્રોન્ અપ્) તે જ્યારે [મોટો થશે ત્યારે તે ઉચો થશે.
She will be blind when old (શી હ્વીલ્ બી બ્લાઇન્ડ્ હ્વૅન્ ઓલ્ડ્) ઘડપણમા તેણી આંધળી થશે.
Your uncle was lame (યૉર્ અન્કલ્ હ્વૉઝ્ લેમ્) તમારો કાકો લંગડો હતો.
His sister was dumb (હીઝ્ સીસ્ટર્ હ્વૉઝ્ ડમ્) તેની બ્હેન મુંગી હતી.
My cousin is deaf (માય કઝન્ ઇઝ્ ડૅફ્) મારો પીતરાઇ ભાઈ બ્હેરો છે.
If you are idle you will be poor (ઇફ્ યુ આર્ આઇડ્લ્ યુ હ્વીલ્ બી પુઅર્) જો તમે આળસુ થશો તો તમે ગરીબ થશો [મા અને બચ્ચુ સારાં છે.
The mother and the child are well (ધ મધર્ ઍન્ડ્ ધ ચાઇલ્ડ્ આર્ હ્વૅલ્)
Where is that blind man who here? (હ્વૅર્ ઈઝ્ ધૅટ્ બ્લાઇન્ડ્ મૅન્ હુ હ્વૉઝ્ હીયર) પેલો આંધળો માણસ જે અહીં હતો તે ક્યાં છે? [દીકરી છે?
Whose daughter is this girl? (હુઝ્ ડૉટર્ ઈઝ્ ધીસ્ ગર્લ) આ છોડી કોની

Lesson XV. પાઠ ૧૫.

A book (એ બુક્) ચોપડી. Water (હ્વૉટર્) પાણી. A scholar (એ સ્કૉલર્) } વિદ્યાર્થી
A pen (એ પેન્) કલમ. Fire (ફાયર્) દેવતા A pupil (એ પ્યુપીલ્)
A slate (એ સ્લેટ્) પથ્થરપાટી. The moon (ધી મુન્) ચંદ્ર. A student (સ્ટુડન્ટ)
A school (એ સ્કુલ) નિશાળ. A day (એ ડે) દિવસ. Home (હોમ્) ઘર
A master (એ માસ્ટર્) } શિક્ષક Time (ટાઇમ્) વખત. Earth (અર્થ)માટી.
A teacher (એ ટીચર્) Rest (રેસ્ટ્) આરામ. Air (ઍર્) હવા.
A tutor (એ ટ્યુટર્) Paper (પેપર્) કાગળ.

A name (એ નેમ્) નામ. A pencil (એ પેન્સીલ્) સીશાપેન. A star (એ સ્ટાર્)તારો.
A house (એ હાઉસ્) ઘર. Ink (ઇન્ક્) રૂસનાઈ. A night (એ નાઇટ્)રાત.
A garden (એ ગાર્ડન્) બાગ. A college (એ કૉલેજ)પાઠશાળા. Work (વર્ક્) કામ.
Land (લૅન્ડ્) જમીન Age (એજ્) ઉમ્મર Made (મેડ્) બનાવ્યું.

I have a pen (આઈ હૅવ્ આ પેન્) મારી પાસે કલમ છે.
He has a pencil (હી હૅઝ્ આ પેન્સીલ્) તેની પાસે સીસાપેન છે.
She has a paper (શી હૅઝ્ આ પેપર્) તેણીની પાસે કાગળ છે.
They have no ink (ધે હૅવ્ નો ઇન્ક્) તેમની પાસે શાહી નથી.
He is at school (હી ઇઝ્ ઍટ્ સ્કુલ્) તે નિશાળમાં ભણે છે.
What is your name? (હૉટ્ ઇઝ્ યૉર્ નેમ્) તમારૂ નામ શું છે ?
Where is your house? (હ્વૅર્ ઇઝ્ યૉર્ હાઉસ્) તમારૂ ઘર ક્યાં છે ?
What is your age? (હ્વૉટ્ ઈઝ્ યૉર્ એજ્) તમારી ઉમ્મર કેટલી છે ?
What is the name of your brother? (હ્વૉટ્ ઈઝ્ ધ નેમ્ ઑફ્ યૉર્ બ્રધર્) તમારા ભાઈનું નામ શું છે ?
Were you in the garden? (હ્વૅર્ યુ ઈન્ ધ ગાર્ડન્) તમે શું બગીચામાં હતા ?
God made the earth, the sun, the moon and the stars (ગૉડ્ મેડ્ ધી અર્થ, ધ સન્, ધ મુન્ ઍન્ડ્ ધ સ્ટાર્સ્) પરમેશ્વરે પૃથ્વી, સૂર્ય, ચંદ્ર અને તારા બનાવ્યા.
Day is the time for work (ડે ઈઝ્ ધ ટાઈમ્ ફૉર્ વર્ક્) કામ કરવાનો વખત દીવસ છે.
Night is the time for rest (નાઈટ્ ઈઝ્ ધ ટાઇમ્ ફૉર્ રેસ્ટ્) આરામ લેવાનો વખત રાત છે.

Lesson XVI. પાઠ ૧૬.

*To come (ટુ કમ્) આવવું. To drive (ટુ ડ્રાઇવ્) હાંકવું. To put on (ટુ પુટ્ઑન્) પહેરવું.
To talk (ટુ ટૉક્) વાત કરવી. To bathe (ટુ બેધ્) ન્હાવું. To put off (ટુ પુટ્ઑફ્) ઉતારવું.
To say (ટુ સે) કહેવું. To eat (ટુ ઇટ્) ખાવું. To break (ટુ બ્રેક્) ભાગવું.

---

* ક્રિયાપદમાં ઉચ્ચારમાં ટુ લખવો.

To see (ટુ સી) જોવું. To sleep (ટુ સ્લીપ્)ઉંઘવું. To read(ટુ રીડ્)વાંચવું
To smell (ટુ સ્મેલ્) સુંઘવું. To make(ટુ મેક્) બનાવવું. To play(ટુ પ્લે)રમવું.
To ride(ટુ રાઇડ્)ઘોડે બેસવું. To hold (ટુ હોલ્ડ્) પકડવું. From(ફ્રોમ્)ની તર્ફથી
To swim (ટુ સ્વીમ્) તરવું. To learn (ટુ લર્ન) શિખવું. Down (ડાઉન્) નીચે.
To walk (ટુ વૉક્) ચાલવું. To write (ટુ રાઇટ્) લખવું. With (વીથ્) સાથે.
To speak (ટુ સ્પીક્)બોલવું. To drink (ટુ ડ્રીંક્)પીવું. Among(એમન્ગ્) માં.
To tell (ટુ ટૅલ્) કહેવું. To dream(ટુ ડ્રીમ્)સ્વપ્નુ આવવું. Between (બીટ્વીન્) બેવચ્ચે.
To hear (ટુ હીયર્)સાંભળવું. To take (ટુ ટેક્) લેવું About(એબાઉટ્)આશરે
To touch (ટુ ટચ્) અડવું To catch(ટુ કૅચ્)પકડવું. After(આફ્ટર)પછીથી

Come in (કમ્ ઇન્) અંદર આવો. Come up (કમ્ અપ્) ઉપર આવો
Go in (ગો ઇન્) અંદર જાઓ. Go down (ગો ડૌન્) નીચે જાઓ.
Go out (ગો આઉટ્) બ્હાર જાઓ. Cet up (ગેટ્ અપ્) ઉઠો.
Walk in (વૉક્ ઇન્) અંદર ચાલો. Stand up (સ્ટેન્ડ્ અપ્) ઉભા થાઓ
Do not talk (ડુ નૉટ્ ટૉક્) વાત કરતા નહીં.
Do not sleep (ડુ નૉટ્ સ્લીપ્) ઉંઘતા નહી.
Can you tell me ? (કયાન્ યુ ટૅલ્ મી) તમે મને કહી શકશો ?
What is your brother ? (વૉટ્ ઇઝ્ યૉર્ બ્રધર્) તમારો ભાઇ શો ધંધો કરે છે ?
We may go (વી મે ગો) અમે જઇએ.
He may come (હી મે કમ્) તે આવે.
You can go (યુ કેન્ ગો) તમે જાઓ.
He must do it (હી મસ્ટ્ ડુ ઈટ્) તેને તે કરવુંજ જોઇએ.
You ought to do it (યુ ઑટ્ ટુ ડુ ઇટ્) તમારે તે કરવું જોઈએ.
They will walk (ધે વીલ્ વૉક્) તેઓ ચાલશે.
Put off your shoes (પુટ્ ઑફ્ યૉર્ શુઝ્) તમારા જોડા કાઢી નાંખો.
Can you read and write ? (કૅન્ યુ રીડ્ ઍન્ડ્ રાઇટ્) તમે વાંચી લખી જાણો છો.
He can read and write (હી કૅન્ રીડ્ ઍન્ડ્ રાઈટ્) તે વાંચી લખી શકે છે.
But she can neither read nor write (બટ્ શી કૅન્, ઇધર્ રીડ્ નૉર્ રાઈટ્) પણ તે વાંચી કે લખી શકતી નથી.

She can ride (શી કૅન્ શાઇડ્) તે ઘોડે બેસી શકે છે.
He could swim (હી કુડ્ સ્વીમ્) તે તરી શકયો.
Can you run? (કૅન્ યુ રન્) તમે દોડી શકો છો?　　[ન જોઈએ.
We must not be idle (વી મસ્ટ્ નૉટ્ બી આઇડલ્) આપણે આળસુ થવું
You must be kind to all (યુ મસ્ટ્ બી કાઇન્ડ્ ટુ ઑલ્) તમારે બધા તરફ માયાળુ થવું જોઇએ
May I go out (મે આઇ ગો આઉટ્) હું બ્હાર જઉં?
Yes, you may go out (યસ્ યુ મે ગો આઉટ્) હા, તમે બ્હાર જાઓ.

Lesson XVII. પાઠ ૧૭.

A church (એ ચર્ચ)દેવળ.　Leaves (લીવ્ઝ્) પાદડાં, A box (એ બૉક્સ)પેટી.
Churches(ચર્ચિઝ)દેવળો.　Knife(એ નાઇફ્) ચપ્પુ.Boxes(બૉક્સીઝ્)પેટીઓ.
A class (એ કલાસ્) વર્ગ.　A Knife(એ નાઈફ્)ચપ્પુ.A city (એ સીટી)શહેર.
Classes(કલાસીઝ્) વર્ગો.　A hero (હીરો) વિર. Cities(સીટીઝ્) શહેરો.
A leaf (એ લીફ્) પાદડું.　Heroes (હીરોઝ) વિરપુરૂષો.

How many brothers and sisters have you? (હૌ મૅની બ્રધર્સ્ એન્ડ્ સીસ્ટર્સ હૅવ્ યુ) તમારે કેટલા ભાઇ બ્હેન છે?
I have two brothers and three sisters (આઇ હૅવ્ ટુ બ્રધર્સ્ ઍન્ડ થ્રી સીસ્ટર્સ્) મારે બે ભાઇ અને ત્રણ બહેનો છે.
How many children have you? (હૌ મૅની ચીલ્ડ્રન્ હૅવ્ યુ) તમારે કેટલાં છોકરાં છે?
I have nine children, four sons and five daughters (આઈ હૅવ્ નાઇન્ ચીલ્ડ્રન્, ફોર્ સન્સ્ ઍન્ડ્ ફાઈવ્ ડૉટર્સ) મારે નવ છોકરા, ચાર દીકરા અને પાંચ છોકરીઓ છે
I have three boxes (આઇ હૅવ્ થ્રી બૉક્સીસ્) મારી પાસે ત્રણ પેટીઓ છે
He has two knives (હી હૅઝ્ ટુ નાઇવ્ઝ્) તેની પાસે બે ચાકુ છે.
How many churches are there in this city? (હૌ મૅની ચર્ચીઝ્ આર્ ધૅર્ ઈન્ ધીસ્ સીટી) આ શહેરમા કેટલા દેવળો છે?
There are four churches here (ધૅર્ આર્ ફોર્ ચર્ચીઝ્ હીયર) અહીંઆ ચાર દેવળો છે.
How many teachers are there in your school? (હૌ મૅની ટીચર્સ આર ધૅર્ ઇન્ યૉર્ સ્કુલ્) તમારી નિશાળમા કેટલા શિક્ષકો છે?

There are eight teachers in our school (ધૅર્ આર્ એઈટ્ ટીચર્સ્ ઈન્ અવર્ સ્કુલ્) અમારી નિશાળમાં આઠ માસ્તરો છે.

How many pupils are there in your school (હાઉ મૅની પ્યુપીલ્સ્ આર્ ધૅર્ ઇન્ યૉર્ સ્કૂલ) તમારી નીશાળમાં કેટલી કલાસો છે. [મળી નવ વર્ગ છે.

There are in all nine classes.(ધૅર્ આર્ ઈન્ ઑલ્ નાઇન્ કલાસીસ) બધા

How many puplis are there in all? (હૌ મૅની પ્યુપીલ્સ્ આર ધૅર ઇન ઑલ્) બધા મળી કેટલા નિશાળીઆ છે? [૩૦૦ વિદ્યાર્થી છે

There are about 300 pupils.(ધૅર આર ઍબાઉટ થ્રી હન્ડ્રેડ પ્યુપીલ્સ)આશરે

How old is the Head Master of your school? (હૌ ઓલ્ડ ઇઝ ધ હેડ માસ્ટર ઑફ યૉર સ્કુલ) તમારી નિશાળના માસ્તરની કેટલી ઉમ્મર છે?

He is about forty (હી ઇઝ્ ઍબાઉટ્ ફોર્ટી) તેની આશરે ૪૦ વર્ષની ઉમ્મર છે.

Lesson XVIII. પાઠ ૧૮.

A king(એ કીંગ્) રાજા. A judge(એ જજ્)ન્યાયાધીશ. Peace (પીસ્) સપ
A Queen(એ કિવન્)રાણી. North (નૉર્થ) ઉત્તર. A night(અનાઈટ્)રાત્ર.
A palace(એપૅલેસ)મહેલ. South(સાઉથ) દક્ષિણ. Sleep (સ્લીપ્) ઉંઘ.
A court(એ કોર્ટ્)કચેરી. East(ઈસ્ટ્) પૂર્વ. Thirst(થર્સ્ટ્)તરસ.
High court(હાઇકોર્ટ્)વડી અદાલત. West(વેસ્ટ્) પશ્ચિમ Tears(ટીયર્સ્) આસુ

The king's* palace (ધ કીંગ્સ્ પેલેસ્) રાજાનો મહેલ.

The palace of the king (ધ પૅલેસ્ ઑફ્ ધ કીંગ્) રાજાનો મહેલ.

The queen's garden (ધ ક્વીન્સ્ ગાર્ડન્) રાણીનો બગીચો. [ન્યાયાધીશો,

The judges of the high court (ધ જજીસ્ ઑફ્ ધહાઈકોર્ટ્)હાઇકોર્ટનાજજો,

Who is the judge of judges? (હુ ઈઝ્ ધ જજ્ ઑફ્ જજીસ્) ન્યાયાધીશનો એ ન્યાયાધીશ કોણ છે?

God is the judge of judges (ગૉડ ઈઝ્ ધ જજ્ ઑફ્ જજીસ્) પ્રભુ ન્યાયાધીશનોએ ન્યાયાધીશ છે.

Who is the king of kings? (હુ ઇઝ્ ધ કીંગ્ ઑફ્ કીંગ્સ્) રાજાઓનો રાજા

---

* 's (ઍપોસ્ટ્રૉફી ઍસ્) વાસ્તે અગાઉ વ્યાકરણના ભાગમાં કહેવામાં આવ્યું છે તે સંબંધી ત્યાં જોવું કેમકે તે ખાસ સમજવાનું છે.

God is the king of kings (ગૉડ઼ ઈઝ઼ ધ કીંગ઼ ઑફ઼ કીંગસ઼) પ્રભુ રાજાઓનો-ઓ રાજા છે.

Is it East or West? (ઈઝ઼ ઈટ઼ ઇસ્ટ઼ ઑર઼ વેસ્ટ઼)તે પૂર્વ દિશા છે કે પશ્ચિમ?

Is it north or south? (ઈઝ઼ ઈટ઼ નોર્થ઼ ઑર઼ સાઉથ઼) તે ઉત્તર છે કે દક્ષિણ?

The sun rises in the east, and sets in the west (ધ સન઼ રાઈસીઝ઼ ઈન઼ ધી ઇસ્ટ઼ ઍન્ડ઼ સેટ્સ઼ ઇન઼ ધ વેસ્ટ઼) સૂર્ય પૂર્વમા ઉગે છે અને પશ્ચિમમાં આથમે છે.

When we turn our face to the east, our right hand is to the south and our left hand is to the north (વ્હેન઼ વી ટર્ન઼ અવર઼ ફેસ઼ ટુ ધી ઇસ્ટ઼, અવર઼ રાઇટ઼ હૅન્ડ઼ ઈઝ઼ ટુ ધ સાઉથ઼ ઍન્ડ઼ અવર઼ લૅફ્ટ઼ હૅન્ડ ઈઝ ટુ ધ નૉર્થ઼) જ્યારે આપણે પૂર્વ દીશા ભણી મો કરીએ છીએ ત્યારે આપણો જમણો હાથ ઉત્તર દિશા તરફ હોય છે અને ડાબો હાથ દક્ષિણ દિશા ભણી હોય છે.

Lesson XIX. પાઠ ૧૯.

Air (ઍર઼) હવા. Storm (સ્ટૉર્મ઼) તોફાન. A cloud(એક્લાઉડ઼)વાદળુ.

Wind(વીન્ડ઼)પવન.Fog (ફૉગ઼) વાવાઝોડુ, ધુમસ. Rain (રેઈન઼) વર્ષાદ.

A hail (એહેલ઼)કરા.Sometime (સમ્ટાઇમ઼) કોઇ વખત. Indigo (ઇંડીગો) ગળી. [ઠો જાંબુડી રંગ.

Snow (સ્નો) બરફ઼ An orange(ઍન઼ ઑરેન્જ઼)નારંગી Violet (વાયોલેટ) આ-

A rainbow (એ રેઇનબો) મેઘ ધનુષ. Yellow (યલો) પીળુ. Black (બ્લૅક઼) કાળુ.

A colour (એ કલર઼) રંગ Green (ગ્રીન઼) લીલું. White (વ્હાઇટ઼) સફેદ.

Red (રેડ઼) રાતુ. Blue (બ્લ્યુ) આશમાની. Purple(પર્પલ઼)જાંબુડી.

There is no wind or storm (ધૅર઼ ઇઝ઼ નો વીન્ડ઼ ઑર઼ સ્ટૉર્મ઼) પવન કે વાવાઝોડું કંઈ નથી.

There has been no rain for some time (ધૅર઼ હૅઝ઼ બીન઼ નો રેન઼ ફૉર઼ સમ઼ ટાઇમ઼) કેટલોક વખત થયા વર્ષાદ નથી.

The rain comes from the clouds (ધ રેન઼ કમ્સ઼ ફ્રૉમ઼ ધ ક્લાઉડસ઼) વર્ષાદ વાદળામાથી આવે છે.

Have you seen a rainbow? (હૅવ઼ યુ સીન઼ આ રેન઼બો)તમે મેઘ મનુષ્ય જોયુ છે?

Yes, it has seven colours (યસ઼, ઈટ઼ હૅઝ઼ સેવન઼ કલર્સ઼)હા તેને સાત રંગ હોય છે

What are they? (વ્હૉટ઼ આર઼ ધે) તે ક્યા ક્યા?

Red, orange, yellow, green, blue, indigo and violet (રેડ, ઑરેન્જ્ યલો, ગ્રીન્, બ્લ્યુ, ઇન્ડીગો ઍન્ડ્ વાયોલેટ્) રાતો, નારંગી, પીળો, લીલો, આસમાની, ગળીયેલ અને જાંબુડી.

Some clouds are black and some are white (સમ્ ક્લાઉડસ્ આર્ બ્લૅક ઍન્ડ્ સમ્ આર્ વ્હાઇટ્) કેટલાંક વાદળાં કાળા હોય છે અને કેટલાક સફેદ હોય છે.

Lesson XX. પાઠ ૨૦.

Rest (રેસ્ટ્) આરામ.	Care (કૅર્) સંભાળ	Tears (ટીયર્સ્) આંસુ.
Pains (પેઇન્સ્) મહેનત.	Lord (લૉર્ડ) પ્રભુ.	Faith (ફેઇથ્)વિશ્વાસ.
Hunger (હન્ગર્) ભૂખ.	Angry (ઍન્ગ્રી)ગુસ્સાભેર.	A path (એ પાથ્) માર્ગ.
A wish (એ વ્હીશ્) ઇચ્છા	A voice(એ વૉઇસ્)અવાજ.	Though (ધો) જો કે.

Night is the time for rest (નાઇટ્ ઇઝ્ ધ ટાઇમ ફૉર રેસ્ટ્) આરામ લેવાનો વખત રાત્રી છે

The pain of thirst and hunger were upon me and I had no sleep (ધ પેઇન્સ્ ઑફ્ થર્સ્ટ્ ઍન્ડ્ હન્ગર્ વૅર્ અપૉન્ મી ઍન્ડ આઇ હૅડ્ નો સ્લીપ) તરસ અને ભુખનું દુઃખ મેં સહન કર્યું અને મને ઊંઘ પણ આવતી ન્હોતી.

I thought in my mind that God was angry with me(આઇ થૉટ્ ઇન્ માય્ માઇન્ડ્ ધૅટ્ ગૉડ્ વૉઝ્ ઍન્ગ્રી વીથ્ મી) મેં મારા મનમાં વિચાર્યું કે પ્રભુ મારા ઉપર ગુસ્સે છે.

Have faith in the Lord (હૅવ્ ફેથ ઇન્ ધ લૉર્ડ) પ્રભુ પર વિશ્વાસ રાખો.

Be of good courage, and quit the paths of those that do not fear God, and then you will have peace of mind and all that you wish (બી ઑફ્ ગુડ્ કરેજ્ ઍન્ડ્ ક્વીટ્ ધ પાથ્સ્ ઑફ્ ધોઝ્ ધૅટ્ ડુ નૉટ્ ફીયર્ ગૉડ્, ઍન્ડ્ ધૅન્ યુ વ્હીલ્ હૅવ્ પીસ્ ઑફ્ માઇન્ડ્ ઍન્ડ્ ઑલ્ ધૅટ્ યુ વીશ્) સારી હીમ્મત રાખો અને જેઓ પ્રભુથી બ્હીતા નથી તેમનાથી દૂર રહો અને પછી તમારૂં મન શાંત થશે અને જે જોઇએ તે મળશે.

Lesson XXI. પાઠ ૨૧.

Life (લાઇફ્) જીવન. To trust (ટુ ટ્રસ્ટ્) ભરસો કરવો. Wages(વેજીસ)મજુરી.

Short (શૉર્ટ્) ટુંકી. A fool (એ ફુલ્) મૂર્ખ. A death (એ ડૅથ્) મરણ.
The soul (ધ સોલ્)આત્મા Sin (સીન્) પાપ. To die (ટુ ડાઈ) મરવું,

---

Life is short (લાઈફ્ ઈઝ શૉર્ટ્) જીન્દગી ટુંકી છે.
Life and death are in the hands of God (લાઈફ્ ઍન્ડ્ ડેથ આર્ ઈન્ ધ હૅન્ડ્ઝ્ ઑફ્ ગૉડ્) જીવન અને મરણ પ્રભુના હાથમાં છે.
The wages of sin is death (ધ વેજીસ્ ઑફ્ સીન્ ઈઝ્ ડેથ્) પાપની મજુરી તે મ્હોત છે
The soul never dies (ધ સોલ્ નેવર્ ડાઈઝ્) આત્મા કદી મરતો નથી
Do not hear him (ટુ નૉટ્ હીયર્ હીમ) તેનું કહ્યું સાભળતા નહીં.
Trust in the Lord and he will do yon good (ટ્રસ્ટ્ ઈન્ ધ લૉર્ડ્ ઍન્ડ્ હી વીલ્ ડુ યુ ગુડ) પ્રભુમા ભરૂસો રાખો અને તે તમારૂ સારૂ કરશે.
Zome say there is no God (સમ્ સે ધેર્ ઈઝ્ નો ગૉડ્) કેટલાક કહે છે કે પ્રભુ (નથી.
These are fools (ધીઝ્ આર્ ફુલ્સ્) આ લોક મૂર્ખ છે.

Lesson XXII. પાઠ ૨૨.

To call (ટુ કૉલ) બોલાવવું. A note (એ નોટ્) ચીઠી To bath(ટુ બેથ્)ન્હાવું
A hall (એ હૉલ્) ઓરડો Soon (સુન્) તુરતજ. A river(એ રીવર્) નદી.
To take care (ટુ ટેક્ કેર્) સભાળ લેવી. Gone (ગૉન્) ગયેલો. Close (ક્લોઝ્) પાસે.
A bout (અબાઉટ્) આશરે. A mile (એ માઇલ્) મૈલ. Alone (એલોન્) એકલો.
Boat (બોટ્) વ્હાણ, નાવ. Rode (રોડ) ઘોડાપર બેઠો. A temple(એટેમ્પલ્)દેવ
Apalanquin(એ પેલેનક્વીન્) પાલખી. All the way (ઑલ ધ વે) આખા રસ્તે. Ever (એવર્) કદી.

Call that tall man who is in the hall (કૉલ્ ધૅટ્ ટૉલ્ મૅન હુ ઈઝ ઇન્ ધ હૉલ્) પેલો ઉંચો માણસ જે ઓરડામા છે તેને બોલાવો.
Take care or you will fall (ટેક્ કેર્ ઑર્ યુ વીલ્ ફૉલ્) સાંભળજે નહી તો [તમે પડી જશો.
Is it far off ? (ઇઝ ઈટ્ ફાર્ ઑફ્) શુ તે બહુ દુર છે ?
Why a re these man standing here ? (વ્હાય આર્ ધીઝ મેન્ સ્ટૅન્ડીંગ્ હીઅર) આ માણસો અહી કેમ છે (ઉભા છે) ?

What do they want (હ્વૉટ્ ડુ ધે વૉન્ટ્) તેઓ શું માગે છે ?
Tell them to go there (ટેલ ધેમ્ ટુ ગો ધેર્) તેમને ત્યાં જવા કહો.
Has he gone out ? (હૅઝ્ હી ગોન્ આઉટ્) તે શું બ્હાર ગયો છે?
Will you give him this note ? (હ્વીલ્ યુ ગીવ્ હીમ્ ધીસ્ નોટ્) આ ચીઠી તમે તેને આપશો.
It is from his son (ઈટ્ ઇઝ્ ફ્રૉમ્ હીઝ્ સન્) તે તેના છોકરા પાસે આવી છે.
He will be glad to have it (હી હ્વીલ્ બી ગ્લૅડ્ ટુ હૅવ્ ઇટ્) તે મળવાથી તે ખુશી થશે.
Where is he gone to ? (હ્વૅર્ ઇઝ્ હી ગોન્ ટુ) તે ક્યા ગયો છે ?
Is he gone to the Bazar ? (ઇઝ્ હી ગૉન્ ટુ બઝાર્) શુ તે બજારમાં ગયો છે ?
No, he is gone to bathe in the river Sabarmati (નો હી ઈઝ્ ગૉન્ ટુ બેધ્ ઇન્ ધ રીવર્ સાબરમતી) ના, તે સાબરમતિ નદીમાં ન્હાવા ગયો છે.
He is a wise man (હી ઇઝ્ આ હ્વાઈઝ્ મૅન્) તે ડાહ્યો માણસ છે.
Is the river close to his house ? (ઇઝ્ ધ રીવર્ ક્લોઝ્ ટુ હીઝ્ હાઉસ્) શુ નદિ તેના ઘરની પાસે છે ?
No it is about a mile off (નો ઈટ્ ઈઝ્ ઍબાઉટ્ આ માઇલ્ ઑફ્) ના તે આશરે એક મૈલ દુર છે.
Did he go to Tharipuri ? (ડીડ્ હી ગો ટુ થારીપુરી) તે શું થારીપુરી ગયો ?
Yes, he is gone there (યસ્ હી ઇઝ્ ગૉન્ ધૅર્) હા, તે ત્યા ગયો છે.
How did he go ? (હાઉ ડીડ્ હી ગો) તે કેવી રીતે ગયો ?
Did he go by a boat or Palanaquin ? (ડીડ્ હી ગો બાય બોટ ઓર પેલેન્કવીન્) તે મચ્છવામાં ગયો કે પાલખીમા ગયો.
He rode all the way (હી રોડ્ ઑલ્ ધી વે) તે આખે રસ્તે ઘોડાપર બેસીને
Did he ride on his white horse or on his black mare ? (ડીડ્ હી રાઈડ્ ઑન્ હીઝ્ વ્હાઈટ્ હાૅર્સ ઑર્ હીઝ્ બ્લૅક્ મેર્) તે તેના ધોળે ઘોડે બેસી ગયો કે તેની કાળી ઘોડીપર ?
No, I went with him to see his uncle (નો, આઇ વૅન્ટ્ વીથ હીમ્ ટુ સી હીઝ્ અન્કલ્) ના, હુ તેની સાથે તેના કાકાને જોવા ગયો.

Lesson XXIII પાઠ ૨૩.

Sugar (શુગર્) ખાંડ. To fetch (ટુ ફેચ્) આણવું. To send (ટુ સેન્ડ્) મોકલવું.

Little (લીટલ્) નાનું. To lend (ટુ લેન્ડ) ધીરવું Stocking (સ્ટૉકીંગ) મોજું.
Salt (સૉલ્ટ્) મીઠું. A rupee (એ રૂપી) રૂપીઓ. A shirt (એ શર્ટ) પ્હેરણ.
Worship (વર્શીપ્) પુજા. The sunrise (ધ સનરાઈઝ્) સૂર્યોદય. Caste (કાસ્ટ્) જ્ઞાતી.
Sunset (સનસેટ્) સૂર્યાસ્ત. Please (પ્લીઝ્) મહેરબાની કરીને.

Good morning (ગુડ્ મૉર્નીંગ) સુપ્રભાત (સવારની સલામ).
Good bye (ગુડ્ બાય્) સલામ (ગમે ત્યારે કરવી હોય ત્યારે).
Good morning Sir ! (ગુડ્ મોર્નીંગ્ સર્) સાહેબ સલામ ? (સવારના)
How do you do ? (હાઉ ડૂ યુ ડુ) તમે કેમ છો ?
I am very well (આઇ એમ્ વૅરી વૅલ્) હું સારી પેઠે છું.
I thank you (આઈ થૅન્ક્ યુ) હું તમારો આભાર માનું છું.
Bring me milk (બ્રીન્ગ્ મી મીલ્ક્) મને દુધ આણી આપો.
Bring me some sugar (બ્રીન્ગ્ મી સમ્ શુગર્) મને થોડી ખાંડ આપો (આણી આપો.)
Bring me some paper and pen (બ્રીન્ગ્ મી સમ્ પેપર્ ઍન્ડ્ પેન્) મને થોડા કાગળ અને કલમ આપો.
Fetch me a knife (ફેચ મી આ નાઈફ્) મને ચાકુ આણી આપો.
Lend me ten rupees (લેન્ડ્ મી ટેન્ રૂપીઝ્) મને દસ રૂપીઆ ઉછીના આપો
Send them a few chairs (સૅન્ડ્ ધૅમ્ આ ફ્યુ ચૅર્સ) તેમને થોડી ખુરશીઓ મોકલો.
I have silken stockings (આઈ હૅવ્ સીલ્કન્ સ્ટૉકીન્ગ્સ્) મારી પાસે રેશમી મોજાછે.
You have a silken shirt (યુ હૅવ્ આ સીલ્કન્ શર્ટ) તમારી પાસે રેશમી પેરણ છે.
Where do you come from ? (હ્વૅર્ ડુ યુ કમ્ ફ્રૉમ્) તમે ક્યાંથી આવો છો ?
I come from Baroda (આઇ કમ્ ફ્રૉમ્ બરોડા) હું વડોદરેથી આવું છું
What is your name ? (હ્વૉટ્ ઇઝ્ યૉર્ નેમ્) તમારૂં નામ શું છે ?
My name is Manilal (માય્ નેમ્ ઈઝ્ મનીલાલ) મારૂં નામ મણીલાલ છે.
What is your father's name ? (હ્વૉટ્ ઈઝ્ યૉર્ ફાધર્સ્ નેમ્) તમારા પિતાનું નામ શુ છે ?
My father's name is Ratilal (માય્ ફાધર્સ્ નેમ્ ઈઝ્ રતિલાલ) મારા પિતાનું નામ રતિલાલ છે.
What caste are you ? (હ્વૉટ્ કાસ્ટ્ આર્ યુ) તમે શી જ્ઞાતી છો ?
I am a Jain (આઇ એમ્ આ જૈન) હું જૈન છું.

Where are you going to ? (વેઅર્ આર્ યુ ગોઇન્ગ્ ટુ) તમે ક્યાં જાઓ છો.
I am going to Bhuleshwar (આઇ એમ્ ગોઇંગ ટુ ભુલેશ્વર) હું ભુલેશ્વર જાઉં છું.
Have you ever been to Nariad ? (હૅવ યુ એવર્ બીન્ ટુ નરીઆદ્) તમે કદી નડીઆદ ગયા છો ?
Yes I have often been there to see my friend (યસ્ આઈ હૅવ્ ઑફન્ બીન્ ધેર્ ટુ સી માય્ ફ્રેન્ડ) હા, હું મારા મિત્રને મળવા ત્યાં ઘણીવાર ગયો છું.
Do you know where the Gosai's temple is ? (ડુ યુ નો વેઅર્ ધ ગોસાંઇસ્ ટેમ્પલ્ ઇઝ્) ગોસાંઇનું મંદિર ક્યાં છે તે તમે જાણો છો ?
Yes, it is in Dosiwada's street (યસ્ ઇટ્ ઇઝ્ ઇન્ ડોસીવાડાસ્ સ્ટ્રીટ્) હા, તે ડોસીવાડાની પોળમાં છે.

Lesson XXIV. પાઠ ૨૪.

A theatre (અ થીએટર્) નાટકશાળા. To let (ટુ લેટ્) ભાડે આપવું. Truth (ટ્રુથ) સાચું
The Post office (ધ પોસ્ટ્ ઑફીસ્) ટપાલ ઑફીસ. To Write (ટુ રાઈટ્) લખવું. Gold (ગોલ્ડ્) સોનું.
A brick (એ બ્રીક્) ઇંટ. To me (ટુ મી) મને. A Watch (અ વૉચ) [ઘડીઆળ
A stone (એ સ્ટોન્) પથ્થર. A mango (એ મૅન્ગો) કેરી. To tear (ટુ ટેર) ફાડી નાખવું.
Study (સ્ટડી) અભ્યાસ. Like (લાઇક્) જેવું. A book (એબુક્) ચોપડી
A bedroom (બેડ્રૂમ્) સુવાનો ઓરડો. Reading (રીડીંગ) વાચતો. A lesson (એલેસન્) પાઠ.
To spell (ટુ સ્પેલ્) જોડણી કરવી. A word (અ વર્ડ્) શબ્દ. A play (પ્લે) ખેલ.

This is a theatre (ધીસ્ ઇઝ્ આ થીએટર્) આ નાટકશાળા છે
It is a post office (ઇટ્ ઈઝ્ આ પોસ્ટ્ ઑફીસ્) તે ટપાલ ઑફીસ છે
Is it a brick house ? (ઈઝ્ ઇટ્ આ બ્રીક્ હાઉસ્) શું તે ઈંટોનું ઘર છે ?
Is it a stone bridge ? (ઈઝ્ ઇટ્ આ સ્ટોન્ બ્રીજ) શું તે પથ્થરનો પૂલ છે.
This is my study room (ધીસ્ ઇઝ્ માય્ સ્ટડી રૂમ્) આ મારો અભ્યાસ કરવાનો ઓરડો છે.
This is his bed room (ધીસ્ ઇઝ્ હીઝ્ બેડ્ રૂમ્) આ તેનો સુવાનો ઓરડો છે.
Is this house to let ? (ઇઝ્ ધીસ્ હાઉસ્ ટુ લેટ્) શું આ ઘર ભાડે આપવાનું છે ?

Write to me at Surat (રાઈટ્ ટુ મી ઍટ્ સુરત્) મને સુરત લખજો.

Yes, I will write to you there (યસ્ આઈ ઉવીલ્ રાઈટ્ ટુ યુ ધૅર્) હા, હું તમને ત્યાં લખીશ.

Do you wish for any mangoes? (ડુ યુ ઉવીશ્ ફૅાર્ એની મેન્ગોઝ્) તમારે [કેરીઓ ખાવાની ઇચ્છા છે ?

I should like some (આઇ શુડ્ લાઇક્ સમ્) હું થોડી લઈશ.

Here are five (હીઅર્ આર્ ફાઇવ્) અહીંઆં પાચ છે.

Lesson XXV. પાઠ ૨૫.

To shine(ટુ શાઈન્) પ્રકાશવું Down-stairs(ડાઉનસ્ટૅર્સ્)નીચે Tongue(ટન્ગ્)જીભ.

Little (લીટલ્) નાનું Lie still(લાઈસ્ટીલ)ચુપકીથી પડી રહેવું. Tooth(ટુથ્) દાંત.

Papa (પપા) બાપા To look (લુક્) જોવું Teeth(ટીથ્) દાત

A carpet(અકાર્પેટ્)ગાલીચો.An eye (આઈ) આંખ. A nose (એ નોઝ્) નાક.

To break(ટુ બ્રેક્)ભાગવું. To Tick-tick (ટુટીક્ટીક્) ટક ટક. To hear(ટુ હીઅર્) સાંભળવું.

Once(વન્સ્) એકવાર. An ear (ઍન્ ઇઅર્) કાન. To see(ટુ સી)જોવું.

To talk(ટુ ટૅાક્)વાત કરવી. To eat (ટુ ઈટ્) ખાવું. To smell (સ્મેલ્) સુગંધ આવવી.

To walk (ટુ વૅાક્)ચાલવું. Open your eyes (ઓપન્ યૅાર્ આઈઝ્) તમારી આંખ. ડોળા ઉઘાડો,

---

The sun shines (ધ સન્ શાઈન્સ્) સૂર્ય પ્રકાશે છે.

Open your eyes, little boy (ઓપન્ યૅાર્ આઇઝ્ લીટલ્ બૅાય) નાના છોકરા. [તારી આંખ ઉઘાડ.

Go down stairs (ગો ડાઉન્ સ્ટેર્સ્) નીચે જાઓ.

Papa, where is Manek (પપા, હવૅર ઇઝ્ માનેક) બાપા, માણેક ક્યાં છે?

Ah, where is the little boy? (આહ્, હવૅર્ ઈઝ્ ધ લીટલ્ બૅાય્) અરે નાનો છોકરો ક્યાં છે?

Ah, here he is lying still (આહ્ હીઅર્ હી ઇઝ્ લાઇંગ સ્ટીલ્) અરે તે [અહીં પડી રહ્યો છે.

Do not stir (ડુ નૅાટ્ સ્ટર્) હાલતા નહીં.

Open the door (ઑપન્ ધ ડૅાર્) બારણું ઉઘાડો.

Take a chair (ટેક્ આ ચૅર્) ખુરશી લ્યો.
Sit upon the carpet (સીટ્ અપૉન્ ધ કાર્પેટ્) ગલીચા ઉપર બેસો.

Here is a slate for you and there is a pencil (હીયર્ ઈઝ્ આ સ્લેટ્ ફૉર્ યુ એન્ડ્ ધૅર્ ઈઝ્ આ પેન્સીલ્) અહીંઆ તમારે માટે પથ્થર પાટી છે અને પેલી પેન્સીલ છે

I want papa's watch (આઈ વૉન્ટ્ પપાસ્ વૉચ્) મારે બાપાનું ઘડીયાળ જોઇએ છે.

No, you will break the glass (નો યુ વીલ્ બ્રેક્ ધ ગ્લાસ્) ના, તમે કાચ ભાગી નાંખશો.

You broke it once (યુ બ્રોક્ ઈટ્ વન્સ) તમે એકવાર તો તે ભાગ્યો.

Look at it (લુક્ ઍટ્ ઈટ્) તે તર્ફ જુઓ.
Put it to your ear (પુટ્ ઇટ્ ટુ યૉર ઇયર્) તે તમારા કાને લગાડો.

What does it say? (હવૉટ્ ડઝ્ ઇટ્ સે ?) તે શુ કહે છે ?

Tick, tick, tick (ટીક્, ટીક્, ટીક્) ટક, ટક, ટક.

What are eyes for (હવૉટ્ આર્ આઇઝ્ ફૉર્) આંખો શા માટે છે ?

For seeing (ફૉર સીઇંગ) જોવા માટે.
What are ears for (હવૉટ્ આર ઈઅર્સ્ ફૉર) કાન શા માટે છે ?

For hearing (ફૉર હીયરીંગ્) સાંભળવા માટે.
What is tongue for (હવૉટ્ ઈઝ ટંગ્ ફૉર) જીભ શા માટે છે ?

For talking (ફૉર ટૉકીંગ્) વાતો કરવા માટે.
What are teeth for (વૉટ્આર ટીથ ફૉર ?) દાત શા માટે છે ?

For eating (ફૉર ઇટીંગ્) ખાવા માટે.
What is the nose for? (હવૉટ્ ઇઝ ધ નોઝ ફૉર્) નાક શા માટે છે ?

For smelling (ફૉર સ્મેલીંગ) સુઘવા માટે.

What are legs for? (હવૉટ્ આર લેગ્સ્ ફૉર) પગ શા માટે છે ?

For walking (ફૉર વૉકીંગ્) ચાલવા માટે

Lesson XXVI પાઠ ૨૬.

To put on (ટુ પુટ્ ઑન્) પહેરવું. A great way off (આ ગ્રેટ વે ઑફ્) ઘણે દુર.
A field (એ ફીલ્ડ્) ખેતર. A sheep (એ શીપ્) ઘેટું. A lamb (લૅમ્બ્) ઘેટુ.
A cow (કાઉ) ગાય. A tree (એ ટ્રી) ઝાડ. A bird (એ બર્ડ્) પક્ષી.

Fetch your cap (ફૅચ્ યૉર્ કૅપ્) તમારી ટોપી લાવો.
Put on your shoes (પુટ્ ઑન્ યૉર્ શુઝ્) તમારા જોડા પ્હેરો.
Where is that man going? (હ્વૅર્ ઈઝ્ ધૅટ્ મૅન્ ગોઇંગ્)પેલો માણસ ક્યાં જાયછે?
He does not see us (હી ડઝ્ નૉટ્ સી અસ્) તે આપણને જોતો નથી.
He rides away (હી રાઈડ્ઝ્ અવે) તે ઘોડે બેસી ચાલ્યો જાય છે.
Now we can not see him at all (નૌ હ્વી કૅન્ નૉટ્ સી હીમ્ ઍટ્ ઑલ્) હવે આપણે તેને બીલકુલ જોઈ શકતા નથી.
Let us go into the fields and see the sheep and the lambs and the cows and the trees and the birds (લેટ્ અસ્ ગો ઇન્ટુ ધ ફીલ્ડ્સ્ ઍન્ડ્ સી ધ શીપ્ ઍન્ડ્ ધ લૅમ્બ્ ઍન્ડ્ ધ કૌઝ્ ઍન્ડ ધ ટ્રીઝ્ ઍન્ડ્ ધ બર્ડ્ઝ્) ચાલો આપણે ખેતરમાં જઈએ અને ઘેટા, મેંઢાં, ગાયો, ઝાડ અને પક્ષી જોઈએ.

Lesson XXVII. પાઠ ૨૭.

To pray (ટુ પ્રે) પ્રાર્થના કરવી Some body (સમ્ બૉડી) કોઈ જણ. Pretty (પ્રેટી) સુંદર.
Just now (જસ્ટ નાઉ) હમણાંજ. Good night (ગુડ્ નાઈટ્) રાતની સલામ.
The moon (ધ મુન્) ચંદ્ર. Night (નાઈટ) રાત્રિ. A sight (સાઈટ્) દ્રષ્ટી આંખ.
Sleepy (સ્લીપી) ઉંઘણસી To pull off (પુલ્ ઑફ્) ખેંચી નાખવું.

Pray, give me a mango (પ્રે ગીવ્ મી આ મેન્ગો) અરે મને કેરી આપો. (હું પ્રાર્થના કરૂં છું કે મને કેરી આપો)
Here is one (હીઅર્ ઈઝ્ વન્) અહીંઆ એક છે.
I want some more (આઇ્ હ્વૅાન્ટ્ સમ્ મૉર) મારે કેટલીક વધુ જોઇએ છે.
Here are ten (હીઅર્ આર્ ટૅન્) અહીંઆં દશ છે.
Now what will you do with all these (નાઉ) હ્વૉટ હ્વીલ્ યુ ડુ હ્વીથ ઑલ્ ધીઝ્) હવે તમે આ બધીને શું કરશો?
I will eat some myself and give some to my brothers and sister આઈ હ્વીલ્ ઈટ્ સમ્ માયસેલ્ફ્ ઍન્ડ્ ગીવ્ સમ્ ટુ માય્ બ્રધર્સ્ ઍન્ડ્ સીસ્ટર્સ્) હું પોતે થોડી ખાઇશ અને થોડી મારા ભાઈ અને બ્હેનોને આપીશ.
Look at the moon (લુક્ ઍટ્ ધ મુન્) ચંદ્ર સામા જુઓ.
O! pretty moon! (ઓ પ્રેટી મુન્) અરે સુંદર ચંદ્ર!

The moon shines at night when the sun is out of sight (ધી મુન શાઇન્સ એટ્ નાઇટ્ હ્વેન્ ધ સન્ ઇઝ આઉટ્ ઑફ્ સાઇટ્) જ્યારે સૂર્ય દેખાતો બંધ થાય છે. (દૃષ્ટી બ્હાર જાય છે) ત્યારે ચંદ્રમા રાત્રે પ્રકાશે છે.

Is the sun out of sight ? (ઇઝ ધ સન્ આઉટ્ ઑફ્ સાઇટ્) શું સૂર્ય દેખાતો બંધ થયો છે ?

Then it is time for little boys to go to bed (ધેન્ ઇટ્ ઇઝ ટાઇમ્ ફૉર લીટલ્ બૉયઝ ટુ ગો ટુ બેડ્) ત્યારે નાના છોકરાને સુવાનો વખત થયો છે

Poor little boy, he is sleepy (પુઅર , લીટ્લ્ બૉય હી ઈઝ સ્લીપી) ગરીબ, નાનો છોકરો, તે ઉંઘણસી છે

Pull off his shoes (પુલ્ ઑફ્ હીઝ શુઝ) તેના જોડા ખેંચી કાઢો.

Let him go to sleep (લૅટ્ હીમ્ ગો ટુ સ્લીપ્) તેને ઉંઘવા દો

† Good night (ગુડ્ નાઇટ્) રાતની સલામ. (જુદા પડતી વખતે)

Lesson XXVIII. પાઠ ૨૮.

To know (ટુ નો)જાણવું. Right (રાઇટ્)સાચું -બરોબર.Wrong (રોન્ગ)ખોટું.
To think (ટુ થીન્ક્)વિચારવું.Went (વ્હેન્ટ) ગયો Early (અર્લી) વહેલો
Came (કમ્) આવ્યો. Thirsty (થર્સ્ટી) તરશ્યો. Hungry(હંગરી)ભુખ્યા
Warm (ઉવૉર્મ્) ગરમ. To start(ટુ સ્ટાર્ટ્)નીકળવું Time (ટાઇમ્) વખત
Set off (સેટ્ ઑફ્) જુદું કરવું. True (ટ્રુ) સાચું. No body (નો બોડી) કોઈ નહીં
To listen (ટુ લીસન્) ધ્યાન દઇને સાંભળવું. A word (એ ઉવર્ડ) શબ્દ. Enough (ઇનફ્) બસ, જોઇએ તેટલું.
A letter(એ લેટર્)પત્ર કાગળ. Near (નીયર) પાસે. Seldom (સેલ્ડમ્) કવચીત.
A window(એ ઉવીન્ડો)બારી Care(કેર્) સંભાળ. To look (ટુ લુક્) જોવું.

† ગુડ નાઈટ્ આનો અર્થ શુભ રાત્રી થાય છે તેમજ ગુડ્ મૉર્નીંગનો અર્થ સુપ્રભાત અને ગુડ્ ઈવનીંગ્ (Good evening) નો અર્થ શુભ સાયંકાળ થાય છે. આ બધા વાકયો સલામ માટે વપરાય છે એટલે સવારના પ્હોરથી તે સાંજના ચાર વાગ્યા સુધી 'ગુડ્ મૉર્નીંગ્' સાંજના ચારથી રાત્રીના આઠ સુધી ગુડ્ ઈવનીંગ્ અને રાત્રીના આઠ પછી સવાર સુધી ગુડ્ નાઇટ્ એમ વપરાય છે. ગુડ્ નાઈટ્ તો જુદા પડતી વખતે રાત્રે વાપરવામાં આવે છે.

I know it (આઇ નો ઇટ્) હું તે જાણું છું.
You are right (યુ આર રાઇટ્) તમે બરોબર છો, (તમારૂં કહેવું બરોબર છે.)
He was wrong (હી વૅાઝ રૅાન્ગ) તે ખોટો હતો. (તેનું કહેવું ખોટું હતું.)
I think so (આઇ થીન્ક્ સો) હું એમ ધારૂં છું
He went out early (હી વેન્ટ્ આઉટ્ અર્લી) તે વ્હેલો બ્હાર ગયો
I came late (આઇ કેમ્ લેટ્) હું મોડો આવ્યો
He is thirsty (હી ઈઝ થર્સ્ટી) તે તરસ્યો છે.
I am hungry (આઈ ઍમ્ હન્ગ્રી) હું ભુખ્યો છું
She is sleepy (શી ઈઝ્ સ્લીપી) તેને ઉંઘ આવી છે
I am cold (આઈ ઍમ્ કોલ્ડ) હું થડો છું
You are warm (યુ આર વોર્મ્) તમે ગરમ છો.
We must star now (વી મસ્ટ્ સ્ટાર્ટ્ નાઉ) હવે આપણે નીકળવું જોઇએ.
It is time to set off (ઇટ્ ઈઝ્ ટાઇમ્ ટુ સેટ્ ઑફ્) જુદા પડવાનો તે વખત છે.
That is not true (ધૅટ્ ઇઝ્ નૅાટ ટ્રુ) તે સાચું નથી. [કહેવું એમ નથી.
I do not say that (આઈ ડુ નૅાટ્ સે ધૅટ્) હું તે (સબંધી) કહેતો નથી (મારૂં
I did not listen to him (આઇ ડીડ્ નૅાટ્ લીસન્ ટુ હીમ્) તેના (કહેવા ઉપર) મેં ધ્યાન આપ્યું નહી (તેનું કહેવું મેં સાંભળ્યું નહિ
That will do (ધૅટ્ વીલ્ ડુ) તે ચાલશે. (તે બસ થશે)
It is enough (ઇટ્ ઈઝ ઈનફ્) તે બસ છે. (તે પુરતું છે.)
What are you doing? (વોટ્ આર યુ ડુઇંગ) તમે શું કરો છો?
What do you want? (વૅાટ્ ડુ યુ વાન્ટ્) તમારે શું જોઈએ છે?
Where do yoh come from? (વૅર ડુ યુ કમ ફ્રૅામ) તમે કયાથી આવોછો?
What o'clock is it? (વૅાટ્ ઑ'ક્લૅાક ઈઝ્ ઈટ્) (તે) કટલા વાગ્યા છે?
Are there any letters for me? (આર્ ધૅર્ ઍની લેટર્સ ફૅાર્ મી) મારા નામના કાગળ છે કે?
Sit down by me (સીટ્ ડાઉન્ બાય મી) મારી પાસે બેસો.
Let us taken a walk (લેટ્ અસ્ ટેક આ વૅાક્) ચાલો આપણે ફરીએ.
Open the door (ઑપન્ ધ ડૅાર્) બારણું ઉઘાડો.
Shut the window (શટ્ ધ વીન્ડો) બારી બંધ કરો.
Look at it (લુક્ ઍટ્ ઈટ્) તે તરફ જુઓ

Lesson XXIX પાઠ ૨૯.

To believe (ટુ બીલીવ્)માનવું. Quiet(ક્વાએટ્) ચુપ. Away (અવે) દુર.
To give (ટુ ગીવ્) આપવું. A chair(એ ચૅર)ખુરશી.To make(ટુ મેક્)બનાવવું
To call (ટુ કૉલ્) હાક મારવી. To day (ટુ ડે) આજે To night(ટુનાઇટ્) રાત્રે,
Noon(નુન્)સંધ્યાકાળ.Afternoon(આફ્ટરનુન્) બપોર.

Evening (ઈવ્નીન્) સાંજ. Midnight (મીડ્નાઇટ્) મધરાત્રી.
Yesterday (યસ્ટરડે) ગઇ કાલ. A week (એ ઉવીક્ અઠવાડિયું).
Fort night(ફૉર્ટ્ નાઇટ્) પખવાડીયુ. A month (એ મન્થ) મહીનો.
A year (એ ઈયર્) વરસ. Next(નેક્સ્ટ્) પાસે. Always(ઑલ્વેઝ્)હમેશાં.
Never (નેવર) કદિ નહી. Possible (પૉસીબલ્) શકય.

Do not believe him (ડુ નૉટ્ બીલીવ્ હીમ્) તેનું માનતા નહી.
Do what I tell (ડુ ઉવૉટ આઈ ટેલ્) હું કહું તે કરો.
Be quick (બી ક્વીક્) જલ્દી કરો, (ઉતાવળા થાઓ.)
Go away (ગો અવે) ચાલ્યા જાઓ—જતા રહો.
Give me a chair (ગીવ્ મી આ ચૅર) મને ખુરશી આપો.
Get out of bed (ગેટ્ આઉટ્ ઑફ્ બેડ્) પથારીમા બ્હાર આવો
Make him get up early (મેક્ હીમ્ ગેટ્ અપ્ અર્લી) તેને વ્હેલા ઉઠાડવાનુ [કરો.
Call me at five o'clock (કૉલ્ મી ઍટ્ ફાઇવ્ ઓક્લૉક્) મને પાચ વાગે બોલાવજો.
I am going to Bombay to day (આઇ એમ્ ગોઈંગ ટુ બૉમ્બે ટુડે) આજ હુ મુંબાઈ જાઉં છું.
He will come here to-night (હી ઉવીલ્ કમ્ હીઅર ટુ નાઇટ્) તે આજ રાત્રે [અહી આ આવશે.
She will go there to morrow(શી ઉવીલ્ ગો ધૅર ટુ મૉરો) તે કાલે ત્યાં જશે.
They came here yesterday (ધે કેમ્ હીઅર યસ્ટરડે) તેઓ અહી આ ગઇ કાલે આવ્યા.
I went out for a walk in the morning(આઈ ઉવેન્ટ્ આઉટ્ ફૉર આ ઉવૉક્ (ઈન ધ મૅાર્નીંગ) સવારે હું ફરવા ગયા.
I was at school at noon (આઇ ઉવોઝ્ ઍટ સ્કુલ્ ઍટ્ નુન્) બપોરે હું નિશાળ આગળ હતો
[બપોરે હું તમને મળીશ.

I will see you in the afternoon (આઇ ૬વીલ્ સી યુ ઈન્ ધી આફ્ટર્નુન.)
I got up at midnight(આઇ ગૉટ્ અપ્ ઍટ્ મીડ્નાઈટ્) મંધ રાત્રીએ હું ઉઠયો.
He was here with us for a week (હી ૬વાઝ હીઅર ૬વીધ્ અસ્ ફૉર આ વીક્) એક અઠવાડીયા સુધી તે અમારી સાથે અહી હતો.
I will go to Dakor in a fortnight (આઈ ૬વીલ્ ગો ટુ ડાકોર ઈન્ આ ફૉર્ટ્નાઇટ્) હું એક પખવાડિયાંમાં ડાકોર જઇશ. [આવતે મહીને આવશે.
He will come here next month(હી ૬વીલ્ કમ્ હીઅર નેક્સ્ટ્ મન્થ)તે અહી -
I shall go to school next year(આઈ શાલ્ ગો ટુ સ્કુલ્ નેક્સ્ટ્ ઈઅર) આવતે વર્ષે હું નિશાળે જઇશ.

LESSON XXX. પાઠ ૩૦.

દિવસના નામ.	મહિનાના નામ.	
Sunday (સન્ડે) રવિવાર.	January (જાન્યુઆરી)	August (ઑાગસ્ટ્).
Monday (મન્ડે) સોમવાર.	February (ફેબ્રુઆરી)	September (સપ્ટેમ્બર).
Tuesday(ટયુઝ્ડે)મંગળવાર.	March (માર્ચ).	October (ઑાકટોબર).
Wednesday (૬વેડ્નસ્ડે) બુધવાર.	April (ઍપ્રીલ્).	November (નૉવેમ્બર)
Thursday (થર્સ્ડે)ગુરૂવાર.	May (મે)	December (ડીસેમ્બર.)
Friday (ફ્રાઈડે) શુક્રવાર.	June (જ્યુન્).	
Saturday (સૅટર્ડે) શનિવાર.	July (જુલાઇ).	

What day is to day ? (૬વૉટ્ ડે ઈઝ્ ટુ ડે) આજે શો વાર છે ?
To day is Sunday (ટુ ડે ઈઝ્ સન્ડે) આજે રવિવાર છે.
What will be to-morrow ? (૬વૉટ્ ૬વીલ્ બી ટુ મૉરો) આવતે કાલ શો વાર
To morrow will be Monday (ટુ મૉરો ૬વીલ્ બી મન્ડે) આવતી કાલે સોમવાર થશે. તે પછીના દિવસે શો વાર છે.
And what will the next day be ? (ઍન્ડ્ ૬વૉટ્ ૬વીલ્ ધ નેક્સ્ટ્ ડે બી) અને
Tuesday (ટયુઝ્ડે) મંગળવાર છ [વાડીયું થાય છે.
Seven days make a week(સેવન્ ડેઝ્ મેક્ આ વીક્) સાત દીવસ મળીને અઠ-

Four weeks make a month (ફોર ઉવીક્સ્ મેક્ આ મન્થ્) ચાર અઠવાડિયાનો એક માસ થાય છે. [બાર માસનું એક વરસ થાય છે.
And twelve months make a year (ઍન્ડ્ ટવેલ્વ્ મન્થસ્ મેક્ આ ઇઅર)
What will be the next year ? (ઉવૉટ્ ઉવીલ્ બી ધ નેક્સ્ટ્ ઈયર) આવતુ વર્ષ કયું બેસશે ?
Twenty hundredth (ટવેન્ટી હન્ડ્રેડ્થ્) બે હજારમુ

નોટ—અહીંઆ એકમાસના ક્રમનો અભ્યાસ પુરો થાય છે—આપેલા પાઠોમાં વાક્યો એવાં સ્હેલાં આપવામા આવ્યા છે કે દરેક શિખનાર હોંશથી શિખી શકે— તેમજ અર્થ-ઉચ્ચાર અને તરજુમો પણ સમજાય તેવી રીતે આપેલો છે.આ પાઠો એકવાર પુરા કર્યા પછી ફરી તપાસી જવા અને ત્યાર પછી પોતાનો અભ્યાસ આગળ ચલાવવો. ૩૦ પાઠમાં આપેલા શબ્દ ઉપરથી શિખનારે બીજા નાના વાક્યો પોતાની મેળે બનાવવા તેમજ પાછળ આપેલા વાંચન પાઠો જોઈ તરજુમો કરવાનો તેમજ ભાષાંતર પાઠો ઉપરથી ઇગ્રેજીમા વાક્યો રચવાનો મહાવરો રાખવો

હવે પછી આવતા પાઠોમા ફક્ત શબ્દ તેના ઉચ્ચાર અને અર્થ આપવામાં આવ્યા છે–પણ વાક્યોના ઉચ્ચાર આપવામાં આવ્યા નથી કેમકે આટલો અભ્યાસ થયા પછી શિખનારને પોતાની મેળે વાંચતાં આવડવું જોઈએ અને કદાચ ભૂલ પડે તો શબ્દ જોઈ વાક્ય બેસારવુ; પણ શિખનાર પોતાની મેળે તરજુમો કરી શકે અને તે ખરો છે કે નહી તેની ખાત્રી કરવી તેમજ તરજુમાં ઉપરથી ઈગ્રેજીમાં વાક્યો કરવાનો અનુભવ કરવા વાક્યો પછી ગુજરાતીમા તરજુમો આપ્યો છે તે જોવો અને પોતાથી બનતી મહેનત લઈ શિખવું

LESSON XXXI. પાઠ ૩૧.

A head (એ હેડ્) માથું. A tongue (એ ટગ્) જીભ A back (એ બૅક્) પીઠ.
A face (એ ફેસ્) ચહેરો. A cheek (એ ચીક્) ગાલ. A breast (બ્રેસ્ટ્) છાતી.
An eye (ઍન્ આઈ) આંખ A shoulder (એ શોલ્ડર) ખભો. A hair (એ હૅર) વાળ.
An ear (ઍન્ ઇઅર) કાન. A hand (એ હૅન્ડ્) હાથ. Flesh (ફ્લેશ્) માસ.
A nose (એ નોઝ) નાક. A foot (એ ફુટ્) પગ. Blood (બ્લડ્) લોહી.

A mouth (એ માઉથ્)મોઢું. A finger (એ ફીંગર્) આગળી. A bone (એ બોન્)હાડકુ.

A tooth (એ ટુથ્) દાત. Neck (નેક્) ગળું. A pupil (એ પ્યુપીલ્) ડોળો, કીકી

---

1. He put it on his head 2. Your face is pale. 3. Why don't you apply oil to your hair ? 4. They are of the same blood. 5. The eye and the ear are the chief organs of men for seeing and hearing. 6. He looks behind his back. 7 Mother told me that he had no hands 8 His bone is broken. 9. He has no eyes 10 The mouth is used for putting food into it. 11 He cut his finger and lost blood 12. He caught him by his neck and brought him here. 13. Give me your hand.

૧ તે તેણે તેના માથા ઉપર મુકયુ. ૨ તમારો ચ્હેરો ફીકો છે. ૩. તમે તમારા વાળ ઉપર તેલ કેમ લગાડતા નથી ? ૪. તેઓ એકજ લોહી (જાત)ના છે. ૫ આખ અને કાન મનુષ્યની જોવા અને સાભળવાની મુખ્ય ઇદ્રીઓ છે. ૬ તેની પીઠ પાછળ જુએ છે. ૭ મારી માએ મને કહ્યુ કે તેને હાથ નથી. ૮. તેનું હાડકુ ભાગેલુ છે. ૯. તેને આખ નથી. ૧૦ મો અનાજ મુકવાના (ખાવા) કામમા વપરાય છે. ૧૧ તેણે તેની આગળી કાપી અને લોહી ખોયુ (વ્હેવા દીધુ). ૧૨. તેણે તેનું ગ[illegible] ઝાલ્યુ અને તને અહીં આણ્યો. ૧૩. તમારો હાથ મને આપો

Lesson XXXII. પાઠ ૩૨.

Great (ગ્રેટ્) મોટુ.	Glad (ગ્લૅડ્) ખુશી	Idle (આઇડલ્)આળસુ.
Little (લીટલ્) નાનુ.	Sad (સૅડ્) દીલગીર.	Busy (બીઝી) ઉદ્યોગી.
Large (લાર્જ) મોટુ.	Deaf (ડેફ્) બ્હેરો	Kind (કાઇન્ડ્)માયાળુ.
Small (સ્મૅાલ્) નાનું	Dumb (ડમ્બ) મુગો.	Very (વેરી)અતિશ-ઘણુ.
Strong(સ્ટ્રૉન્ગ્)મજબુત	Blind(બ્લાઈન્ડ) આધળો.	Rich (રીચ્) પૈસાદાર.
Weak (વીક્) નબળુ.	Lame (લેમ્) લગડો.	Poor (પુઅર્) ગરીબ.

1 He is a good man. 2. She is a bad woman. 3. That man is very poor 4. He is deaf, dumb and blind. 5. You are very kind. 6. It is large. 7 That is small. 8. They are strong. 9. We are weak. 10 I am glad 11. He is sad. 12. That man is lame. 13. He is an idle boy. 14 She is very busy. 15 She is a little girl. 16. He is a great man. 17. The rich help the poor.

---

૧. તે સારો માણસ છે ૨ તે ખરાબ સ્ત્રી છે. ૩. તે માણસ ઘણો ગરીબ છે. ૪. તે બહેરો, મુગો અને આંધળો છે ૫. તમે ઘણા માયાળુ છો. ૬. તે મોટું છે ૭ પેલું નાનું છે. ૮. તેઓ મજબુત છે (જોરમાં છે) ૯. અમો નબળા છીએ. ૧૦ હું ખુશીછું ૧૧. તે દીલગીર છે. ૧૨. પેલો (તે) માણસ લગડો છે ૧૩. તે આળસુ છોકરો છે ૧૪. તે ઘણી કામમા છે ૧૫. તે નાની છોકરી છે. ૧૬. તે મોટો માણસ છે ૧૭ પૈસાદાર ગરીબને મદદ કરે છે

Lesson XXXIII. પાઠ 33.

The earth(અર્થ્) પૃથ્વિ.	Red (રેડ્) રાતુ.	Hot (હૉટ્) ગરમ
Water (ઉવૉટર્) પાણી.	Blue (બલ્યુ) આશમાની	Cold (કોલ્ડ્) ઠંડુ.
Fire(ફાયર્) આગ;આતશ.	Green (ગ્રીન્) લીલુ .	Bright(બ્રાઇટ્)ચળકતુ
The sky (સ્કાય)આકાશ.	Yellow (યલો) પીળુ	Dark (ડાર્ક) અંધારૂ
A cloud (એ કલાઉડ્)વાદળુ	Black (બ્લૅક) કાળું.	Long (લૉન્ગ્) લાબું.
A star (એ સ્ટાર્) તારો.	White (વ્હાઈટ્) સફેદ.	Short (શોર્ટ્) ટુંકુ.

---

1. The earth and the sky. 2. The sun and the moon. 3. Fire, air, water and earth 4 A large cloud 5. A small star. 6. Fire is hot. 7. The water is cold. 8 The sky is blue. 9. A red cloud. 10. The black sea. 11 A bright star. 12. A dark night. 13. Two hands 14 Ten fingers 15. Seven brothers and two sisters. 16. The two boys and the three girls. 17. All boys are not good. 18. Some are bad.

---

૧. પ્રથ્વિ અને આકાશ. ૨. સૂર્ય અને ચંદ્ર. ૩. અગ્ની, વાયુ, જળ, અને પૃથ્વિ, ૪. મોટુ વાદળું. ૫. નાનો તારો. ૬ દેવતા ગરમ છે. ૭. પાણી ઠંડુ છે. ૮. આકાશ આશમાની છે. ૯. રાતું વાદળું. ૧૦. કાળો સમુદ્ર. ૧૧. ચળકતો તારો. ૧૨. અંધારી રાત. ૧૩. બે હાથ. ૧૪. દસ આગળી. ૧૫. સાત ભાઈ અને બે બ્હેનો. ૧૬ બે છોકરા અને ત્રણ છોડીઓ. ૧૭. બધા છોકરા સારા નથી. ૧૮. કેટલાક ખરાબ છે.

Lesson XXXIV. પાઠ ૩૪.

A dress (એડ્રેસ્) પોષાક.	A few (એ ફ્યુ) થોડા	This (ધીસ્) આ.
A brush(એ બ્રશ્)બ્રશ,પીછી.	Who (હુ) કોણ.	That (ધૅટ્) પેલુ.
A church (એ ચર્ચ્) દેવળ.	Which (હ્વીચ્) જે	Both(બોથ્)બન્ને જણ.
A box (એ બૉક્સ્) પેટી	Each (ઈચ્) દરેક.	Love (લવ્) ચહાવું.
A hero (એ હીરો) વિરપુરૂષ.	Every (એવરી) દરેક.	Keep (કીપ્) રાખવું,
A leaf (એ લીફ્) પાદડુ	None (નન્) કોઇ નહી.	Walk (વૉક્)ચાલવું
Life (લાઈફ્) જીંદગી.	Any (એની) કોઈપણ.	Tell (ટેલ્) કહેવું.
A child (એ ચાઇલ્ડ્) છોકરૂ	Whole (હોલ્) આખું.	Speak (સ્પીક્)બોલવું.

1. Put on your dress. 2. There are seven churches in my town. 3 He turned out a hero. 4. Every body ought to do it 5 There is none to hear. 6. Love every body and you will be loved by him 7. Who is there at the door? 8. Speak slowly. 9. Life is short. 10 Do you ever brush your cap? 11. What is on your head? 12 There are seven mangoes, give one to each man. 13 My father and mother love them both. 14 What book is this? 15. It is a copy of student's dictionary. 16. Have you ever gone to Calcutta? 17. I have never been there. 18. I have heard much of that city.

૧ તમારા કપડાં (પોષાક) પહેરો. ૨ મારા શહેરમા સાત દેવળ છે ૩. તે વિરપુરૂષ નિકળ્યો. ૪. દરેક જણે તે કરવું જોઇએ ૫. કાઈ સાભળનાર નથી. ૬ દરેક માણસને ચાહો અને તમે તેનાથી ચહાશો. ૭. બારણા આગળ કોણ છે ૮. ધીમેથી

બોલો. ૯. જીંદગી ટુંકી છે. ૧૦. તમારી ટોપીને કદી તમે બ્રશ મારો છો (સાફ કરો છો).? ૧૧. તમારા માથા ઉપર શું છે? ૧૨ અહીંઆ સાત કેરીઓ છે તે દરેકને એકેક આપો. ૧૩. તે બંનેને મારો પિતા અને માતા ચ્હાય છે. ૧૪ આ ચોપડી કઈ છે? ૧૫. તે સ્ટુડન્ટસ ડીક્ષનરી (અભ્યાસીનો શબ્દાર્થ કોષ)ની પ્રત છે ૧૬ તમે કદી કલકતે ગયા છો? ૧૭. હું ત્યા કદી ગયો નથી. ૧૦. તે શહેર વિષે મેં ઘણું સાભળ્યું છે.

Lesson XXXV. પાઠ ૩૫.

Clean (ક્લીન્) સાફ	Shame (શેમ્) શરમ.	Lying (લાઇંગ્)પડેલો
To wash (ટુ વૅાશ્) ધોવું	Harm (હાર્મ્) ઇજા.	Spread (સ્પ્રેડ્)પથરાવુ
Playing (પ્લેઇંગ્) રમતાં.	Silly (સીલી) મૂર્ખો	Wide (વાઇડ્) પ્હોળુ
Since (સીન્સ્) ત્યારથી.	Like (લાઈક્) જેવુ.	To stay (ટુ સ્ટે)થોભવું
Dirty (ડર્ટી) ગંદો.	A snake (એ સ્નેક્) સાપ.	Lift (લીફ્ટ્) ઉચકવું.
To spoil(ટુ સ્પૅાઇલ્)બગાડવું.	Kind (કાઈન્ડ્) માયાળુ.	Raise (રેઇઝ્)ચઢાવવું.

1. Your face is not clean, did you wash it? 2 Yes, but I have been playing since. 3. Look at your hands too, how dirty they are? 4. You will spoil your book. 5 What shall I do then? 6. Go and wash your face and hands. 7. I don't* like to take so much pains, as I have done once to day 8. O for shame! 9. Then you are a dirty boy. 10. No one will sit by you 11 Why, what harm shall I do to any one? 12 What a silly boy! 13. Don't you know that no one likes a dirty boy? 14 Oh it is so nice to have one's face and hands and books clean 15. I saw a snake to-day. 16. Where did you see it? 17 I saw it lying on the path. 18. What kind of snake was it and how large? 19 Oh it was as long as my arm; and it spread out its head so wide. 20 Did you go near it? 21. Yes, I went near, and stayed till it lifted up its head. 22. You, should not go near such a snake.

* Don't (ડોન્ટ્) એ શબ્દ do not શબ્દનું ટુંકુ રૂપ છે—અને ઇંગ્રેજીમા વાત કરતા તે ઘણીવાર વપરાય છે.

૧ તમારૂ મો (ચહેરો) સાફ નથી, તમે તે ધોયું ? ૨ હા, પણ તે વખતથીએ હુ રમુછુ ૩. તમારા હાથ પણ જુઓ તે કેવા ગદા છે. ૪ તમે તમારી ચોપડી બગાડશો. ૫ ત્યારે હુ શુ કરૂ ? ૬. જાઓ, અને તમારૂ મો અને હાથ ધુઓ(સાફ કરો)૭ હું એટલી બધી મહેનત (તસ્દી) લેવી દુરસ્ત ધારતો નથી કેમકે આજે એકવાર મે તે કર્યું છે. ૮. અરે, જરા શરમાઓ. ૯ ત્યારે તમે ગદા છોકરા છો. ૧૦. તમારી પાસે કોઇ બેસશે નહી. ૧૧. કેમ, હું બીજા કોઈને શી ઈજા કરીશ ? ૧૨ કેવો મૂર્ખ છોકરો ? ૧૩. તમે જાણતા નથી કે ગદા છોકરાને કોઇ ચ્હાહતુ નથી ? ૧૪. અરે, મો, હાથ અને ચોપડીઓ સાફ રાખવી તે એટલુ બધુ સારુ છે ૧૫. આજે મેં સાપ જોયો. ૧૬. તમે તે ક્યાં જોયો ? ૧૭. રસ્તામા પડેલો મે તેને જોયો. ૧૮. તે કઇ જાતનો સાપ હતો અને કટલો લાબો હતો. ૧૯. તે મારા હાથ જેવડો લાંબો હતો અને આવડું મોટુ તેનુ માથુ કાઢ્યુ. ૨૦. તમે તેની પાસે ગયા ? ૨૧. હા, હુ પાસે ગયો અને તેણે તેનું માથુ ઉચુ કર્યું ત્યા સુધી ઉભો રહ્યો. ૨૨. તમારે આવા સાપ પાસે જવું નહીં.

Lesson XXXVI. પાઠ ૩૬.

To Hear (ટુ હીયર્) સાંભળવું. Mind (માઈન્ડ્) મન A cap (કૅપ્) ટોપી.
To read (ટુ રીડ્) વાંચવું. Hard (હાર્ડ્) કઠણ Wrong (રૉન્ગ્) ખોટુ
A year (એઇયર્) વર્ષ. To help(ટુ હેલ્પ્)મદદ કo A thing(અથીન્ગ્)ચીજ.
To learn(ટુ લર્ન) શિખવું. A word(અ ઉવર્ડ્) શબ્દ. To call(ટુ કૉલ)બોલાવવું
Able (એબલ્) શક્તિવાન. To Beat(ટુ બીટ્)મારવું. A yard (એ યાર્ડ) વાડ
To wish (ટુ ઉવીશ્)ઇચ્છવુ To ask(ટુ આસ્ક્)પૂછવું. Angry (ઍન્ગ્રી) ગુસ્સે
To hide (ટુ હાઇડ્)સતાડવું. A fault(અ ફૉલ્ટ્)ભૂલ. Mean (મીન્) મતલબ
World (ઉવર્લ્ડ્) દુનિયા. A liar (અ લાયર્)જુઠો Sure (સ્યુઅર્) નક્કી.

1 Come Let me hear how can you read 2 I cannot read yet. 3. How old are you ? 4. I was eight years old in June last. What ! more than eight years old and you cannot read yet ? 6. How long have you been able to read ? 7 I could read when I was five years old. 8. You will soon learn if you mind your book 9 I will tell you any word you ask me 10 Why do you cry ? 11. Ravidat has been beating me. 12. How is that ? 13. What

did you do to him ? 14. I took his knife. 15. Did, you ask him for it ? 16. No, I saw it and took it. 17. You should ask his permission for it. 18. Where were you just now Ravishankar, when I went to call you. 19. I was in the yard at play. 20. If I had told him that I had been there, he would have been angry, for he told me not to go there.

---

૧. આવો, તમે કેમ વાંચો છો તે મને સાંભળવા દો. ૨. હું હજુ વાચી શકતો નથી. ૩. તમારી ઉમ્મર કેટલી છે ? ૪. ગયા જુન માસમાં હું આઠ વર્ષનો હતો. ૫. શું આઠ વર્ષ ઉપરાંત ઉમ્મર અને હજુ તમે વાંચી શકતા નથી ? ૬. કેટલો વખત થયા તમે વાંચી શકો છો ? ૭. હું પાચ વર્ષનો હતો ત્યારે વાંચી શકતો. ૮. તમારી ચોપડી ઉપર ધ્યાન આપશો તો તમે જલ્દી શિખી શકશો ૯. તમે જે શબ્દ મને પુછશો તે, હું તમને કહીશ. ૧૦. શા માટે બૂમ મારો છો ? (રવોછો) ૧૧ રવીદત્ત મને મારે છે. ૧૨. શામાટે ? ૧૩. તમે તેને શું કર્યું ? ૧૪. મેં તેનું ચાકુ લીધું. ૧૫. તેને માટે તમે તેને પુછ્યું ? ૧૬. ના, મેં તે દીઠું અને લીધું. ૧૭. તમારે તે (લેવા) માટે તેની રજા લેવી જોઇએ. ૧૭. રવિશંકર, જ્યાર હું તમને બોલાવા આવ્યો ત્યારે હમણાં તમે ક્યા ગયા હતા ? ૧૯. હું વાડામા રમતો હતો. ૨૦. જો મે તેને કહ્યુ હોત કે હું ત્યા ગયો હતો, તો તે ગુસ્સે થાત કેમકે ત્યા જવાને તેણે મને ના પાડી હતી.

Lesson XXXVII. પાઠ ૩૭.

Strange (સ્ટ્રેન્જ) અજાણ્યું	Difficult (ડીફીકલ્ટ) મુશ્કેલ.
Dunce (ડન્સ) મૂર્ખ.	A language (એ લૅન્ગ્વેજ) ભાષા.
To please (ટુ પ્લીઝ) ખુશી કરવું.	A method (એ મૅથડ) રીત.
To laugh (ટુ લાફ) હસવું.	A pronunciation (પ્રોનાઉનસીએશન) ઉચ્ચાર.
Talk (ટૅાક) વાત.	To translate (ટુ ટ્રાન્સલેટ) તરજુમો કરવો.
English (ઇંગ્લીશ) ઇંગ્રેજી ભાષા.	Trouble (ટ્રબલ) મહેનત.
Following (ફૉલૉઇંગ) અનુકરણ કરતાં પાછળ પડતા.	Excellent (ઍક્સેલન્ટ) ઉત્તમ.
	A letter (એ લેટર) કાગળ.
Rapid (રૅપીડ) ઉતાવળુ,	Pleasant (પ્લેઝન્ટ) આનંદી.

1. Come let us talk. 2. What a strange boy you are; you will never talk in the school. 3 We come to school to learn, not to talk. I do not like to look into my book all the day. 5. I know you do not. But do you know what a dunce you are? 6. Manilal, he who has been here for three months, knows more than you do 7. I don't care, I will talk and *play*. 8 If I don't learn, I shall still be a man in a few years 9. *What* kind of man? 10. A great dunce that can't read. 11. I will mind my book and please my master and my parents. 12. Do you learn English? 12. What do you think of it? 14 I think it is a difficult language to learn 15. The beginning is always difficult. 16. Let us speak English 17 It is the best method of learning it. 18. The pronunciation puzzles me. 19 That is because your ear is not used to it. 20. Do you translate any book? 21. I translate any book? 21. I translate an English book into Gujarati and a Gujarati book into English. 22. That is an excellent method. By following it you are sure to make rapid progress

૧. આવો આપણે વાત કરીએ. ૨. તુ કેવો વિચીત્ર છોકરો છે; (કે) તું કદી નિશાળમાં વાત કરતો નથી ૩. આપણે નિશાળમાં ભણુવાને આવીએ છીએ; વાતો કરવાને નહી. ૪. આખો દીવસ હુ મારી ચોપડીમા જોવાનું (વાંચવાનું) પસદ કરતો નથી. ૫. હું જાણુ છુ કે તમે નથી ચાહતા—પણ તમે જાણો છો કે તમે કેવા મૂર્ખ છો? ૬. માણીલાલ જે અહી આ ત્રણ માસ થયા આવ્યો છે તે તમારા કરતા વધારે જાણે છે ૭ મને કંઈ દરકાર નથી, હું વાતો કરીશ અને રમીશ. ૮ જો હું નહી ભણુ તો પણ થોડા વર્ષમાં હું માણુસ થઇશ. ૯ કેવી જાતનો માણુસ? ૧૦. મોટા મૂર્ખ કે જે કઇ વાંચી શકતો નથી. ૧૧ હું મારી ચોપડીપર ધ્યાન આપીશ અને મારા મહેતાજી અને માબાપને રાજી કરીશ. ૧૨. તમે ઇંગ્રેજી ભણો છો? ૧૩. તે વિષે તમો શું ધારો છો. ૧૪. હું ધારૂ છુ કે ભાષા ભણવી કઠણ છે. ૧૫ શરૂઆત હમેશા કઠણ હોય છે. ૧૬. આપણે ઇંગ્રેજીમા બોલીએ. ૧૭. ભણવાની તે ઉત્તમ રીત છે. ૧૮. ઉચ્ચાર મને ગુચવે છે ૧૯. તેનું કારણ એ છે કે તમારા કાનનો તમે તે તરફ઼ ઉપયોગ કરતા નથી ૨૦ તમે કોઇ ચોપડીનુ ભાષાતર કરી શકો છો? ૨૧. હુ ઇંગ્રેજી ચોપડીનું ગુજરાતીમાં ને ગુજરાતી ચોપડીનું ઇંગ્રેજીમા ભાષાન્તર કરી શકું છું. ૨૨. તે ઘણી ઉત્તમ રિત છે, તેમ કરવાથી તમો જલ્દી અભ્યાસ કરી શકશો.

Lesson XXXVIII. પાઠ ૩૮.

A shoe (એ શુ) જોડો.ઉપાન. Suit (સુટ્) આખો ડ્રેસ. A Terrace(એ ટેરેસ્) અગાશી.

Stockings(સ્ટૉકીંગ્ઝ્)મોજાં.Extra (ઍક્ષ્ટ્રા) વિશેષ " A roof (એ રૂફ્) છાપરૂં. (બેસણી.

A pair (એ પૅર્) જોડ. Gloves (ગ્લવ્ઝ્) મોજાં.A plinth(એ પ્લીન્થ્)પાયો;

A boot (એ બૂટ) જોડો, People (પીપલ્) લોક. Food (ફુડ્) ખોરાક.

A hat (એ હૅટ્) ટોપી. To belong(ટુ બીલૉન્ગ્)નું હોવું A flower (એ ફ્લાવર્) ફુલ.

A turban (એ ટર્બન્) પાઘડી. A plaything (પ્લેથીંગ્) રમવાની ચીજ. Flour (ફ્લૌર્) આટો

1. She has my shoes and my stockings. 2. They have two pairs of boots. 3. My boys have no boots. 4 He has not a hat but a turban. 5 You have a new suit of clothes. 6. She has seven or eight pairs of gloves 7. Has that little girl a good book? 8 Have you a goat or a cow? 9. I have neither the one nor the other. 10 Who is that man? 11. He has my ink. 12. What man is this? 13. Whom do these boxes belong to? 14. What is this play thing made of? 15 Have you the knife which I had or that which my brother had. 16. I have neither that which you had nor that which your brother had

૧. તેની પાસે મારા જોડા તથા મોજાં છે. ૨. તેઓની પાસે બૂટની બે જોડ છે ૩. મારા છોકરાની પાસે બૂટ નથી ૪. તેની પાસે ટોપી નથી પણ પાઘડી છે. ૫. તમારી પાસે કપડાની નવી જોડ છે. ૬. તેણીની પાસે ૭ કે ૮ હાથના મોજાં છે. ૭. પેલી નાની છોકરી પાસે શું સારી ચોપડી છે? ૮ તમારે બકરો છે કે ગાય? ૯. મારી પાસે કંઈ નથી; (પહેલુએ નથી તેમજ બીજુએ નથી) ૧૦ તે માણસ કોણ છે? ૧૧. તેની પાસે મારો ખડીઓ છે. ૧૨. આ માણસ કેવો છે? ૧૩. આ પેટીઓ કોની છે. ૧૪. આ રમવાની ચીજ શાની બનેલી છે. ૧૫ તમારી પાસે મારી પાસે હતુ તે ચાકુ છે કે મારા ભાઇ પાસે હતુ તે છે? ૧૬ મારી પાસે તમારાવાળુ કે તમારા ભાઇવાળું બેમાંનું એકે નથી.

Lesson XXXVIV. પાઠ ૩૯.

A potter (એ પૅાટર્) કુંભાર. A blacksmith (એ બ્લૅકસ્મીથ્) લવાર. A Rupee (એ રૂપી) રૂપિયો.

A barber (એ બાર્બર્) હજામ. A brazier (એ બ્રેઝીયર્) કસારો, A pillow (એ પીલો) ઓશીકુ.

A weaver (એ વીવર્) વણકર. An oilman (એન્ આઇલમૅન્) ઘાચી. A mattress (મ્યાટ્રેસ) રજાઈ.

A confectioner (એ કન્ફેંકશનર) કંદોઇ. A washerman (એ વૅાશર્મેન્) ધોબી. A blanket (બ્લૅન્કેટ્) કાંબળ.

A carpenter (એ કાર્પૅન્ટર્) સુતાર. Silver (સીલ્વર્) રૂપુ A quilt (એ ક્વીલ્ટ્) રજાઈ.

A goldsmith (એ ગોલ્ડ્સ્મીથ) સોની. Gold (ગોલ્ડ્) સોનું. A bedstead (એ બેડસ્ટેડ્) પલંગ.

1. He is a potter. 2. That man is a barber. 3. This man is a weaver. 4. Is he an oilman? 5. No, he is a washermen. 6. What carpenter is this? 7. What blacksmiths are those? 8. There are silversmiths and goldsmiths here. 9. Is there no brazier here? 10. How much gold have you? 11. Just this, which you see here. 12. Have you any more silver and gold? 13 How much money had he? 14. How many rupees had she? 15. She had only one rupee. 16. He had as much as you see now. 17. You have a pillow and mattress. 18. He has a carpet, a blanket, a quilt and a small bedstead 19 This only one is clean. 20. Wherever his friend may be there will he he also. 21. Are there any flowers and fruits in that garden? 22 There are a few. 23. The gardner has a son and a daughter. 24 She is older than I am.

૧. તે કુંભાર છે. ૨. તે માણસ હજામ છે. ૩. આ માણસ વણકર છે. ૪. શું તે ઘાચી છે? ૫. ના, તે ધોબી છે. ૬. આ સુતાર કયો છે? ૭ આ કયો લુવાર છે? ૮ અહીંઆ રૂપાગર અને સોની છે. ૯ અહીંઆ કોઇ કસારો નથી? ૧૦ તમારી પાસે કેટલું સોનું છે? ૧૧. આટલુંજ જે તમે અહીં જુઓ છો તે. ૧૨ તમારી પાસે કંઇ વધુ રૂપુ કે સોનું છે? ૧૪. તેની પાસે કેટલા રૂપીઆ છે? ૧૫. તેની

પાસે ફક્ત એકજ રૂપીઓ હતો. ૧૬. હમણાં તમે જુઓ છો તેટલુંજ તેની પાસે છે. ૧૭. તમારી પાસે ઓશીકું અને ચટાઈ છે. ૧૮. તેની પાસે શેત્રંજી, કાંમળ, રજાઈ અને નાનો ખાટલો છે. ૧૯. આ એકજ ફક્ત ચોખું છે. ૨૦ જ્યાં જ્યા તેનો મિત્ર હશે ત્યા તે પણ હશે. ૨૧. તે બગીચામાં કંઇ ફુલ અને ફળ છે' ૨૨. થોડા છે. ૨૩. બાગવાનને એક છોકરો અને એક છોકરી છે. ૨૪. મારા કરતા તે છોડી મોટી છે.

Lesson XL. પાઠ ૪૦.

A season(એ સીઝન્) ઋતુ. To remember(ટુ રીમેમ્બર્) યાદ કરવું. To worship(ટુ વર્શીપ્) પુજા કરવી.
A stomach(એ સ્ટમક્) જઠર [આતુર. Grief (ગ્રીફ્) દુ:ખ. A blessing(એ બ્લેસીંગ્) આશીર્વાદ.
Anxious(ઍન્ક્શસ્) Wrong(રૉન્ગ્) ખોટુ. Famous(ફેમસ્) પ્રસીદ્ધ.
An Affair(એન્ ઍફેર્)કામ Right (રાઈટ્) સાચુ. A temple(ટૅમ્પલ્) દેવળ.
Wonderful(વન્ડરફુલ્) અજાયબ. Bussiness (બીઝનૅસ્) કામ. Holy (હોલી) પવિત્ર.
A Danger(એ ડેન્જર્)ભય. A visit(એ વીઝીટ્)દર્શન. A thread (થ્રેડ્) દોરી.

1. The sun is larger than the moon. 2. He is stronger than his brother. 3 He is only twelve years old. 4. He is the oldest man in our village. 5. It was very cold yesterday. 6. She was here in the cold season. 7 He was not there in the hot season. 8. It is now the rainy season. 9. I have a pain in the head. 10. He is badly wounded. 12. I am very anxious about this affair. 13. This story is very wonderful. 14. I have no sort of fever. 15. He is in great danger. 16. I do not remember that word. 17. I do not know my lesson. 18. It is easy to remember this. 19. It is difficult to learn so many words. 20. I am very sorry for this. 21 They are in very great grief. 22. It is better that you should go. 23. It is better not to remain here. 24. Is it wrong to do this? 25 It is right that

I should do it? 26. I had no time to do anythnig. 27. He has no time even to pay visits to his friends. 28. We should all worship God and pray to Him for his blessings.

૧. ચંદ્ર કરતાં સૂર્ય મોટો છે. ૨. તેના ભાઈ કરતાં તે વધારે મજબુત છે. ૩. તે ફક્ત બાર વર્ષનો છે. ૪. અમારા ગામમાં તે ઘરડામાં ઘરડો છે. ૫. ગયે કાલ બહુ ટાઢ હતી. ૬. ગયા શિયાળામાં તેણી અહીં હતી. ૭. ઉનાળામાં તે ત્યાં નહોતો. ૮. હાલમાં વર્ષારતુ છે. ૯. મારા માથામાં દર્દ છે. ૧૦. તેના પેટમા દર્દ છે. ૧૧. તેને ખરાબ ઘા વાગ્યો છે. ૧૨. આ કામ વિષે હુ ઘણો આતુર (ચિંતાતુર) છું. ૧૩. આ વાત ઘણી અજાયબ છે. ૧૪. મને કોઇ જાતનો તાવ નથી. ૧૫ તે ઘણા ભયમા છે ૧૬. તે શબ્દ હું યાદ રાખી શકતો નથી. ૧૭ મારો પાઠ મને આવડતો નથી. ૧૮ આ યાદ રાખવું સહેલું છે. ૧૯. આટલા બધા શબ્દ શિખવા તે અઘરૂ છે ૨૦. આ માટે હું ઘણો દીલગીર છું. ૨૧. તેઓ અતિશય દુઃખમા છે ૨૨. તમારે જવું એ સારૂં છે. ૨૩ અહીં રહેવું તે સારૂ નથી. ૨૪. આ કરવું તે (શું) ખોટું છે ? ૨૫. તે ખરૂં છે. (શુ તે હું કરૂ)? ૨૬. કંઈ પણ કરવાનો મને વખત નહોતો. ૨૭. તેના મિત્રોને મળવાનો પણ તેને વખત નથી. ૨૮. આપણે બધાએ પ્રભુના આશીર્વાદ માટે તેની પુજા કરવી જોઈએ અને તેની પ્રાર્થના કરવી જોઈએ

Lesson XLI. પાઠ ૪૧.

Tole(ટોલ્) લલચાવવું	Sacrod thread(સેક્રેડ્ થ્રેડ્) જનોઈ.	Spring (સ્પ્રીંગ) વસંતરૂતુ.
Paternal(પૅટર્નલ્)બાપના તરફનું.	A Grand father(એ ગ્રાન્ડ્ ફાધર) દાદો	Summer (સમર્) ઉનાળો
An uncle(ઍન્ અન્કલ્)કાકો.	A grand mother(ગ્રાન્ડ્ મધર્) આઈ દાદી.	Winter (વીન્ટર) શિયાળો.
Maternal(મૅટરનલ)માના તરફનું.	Alive (ઍલાઈવ્) જીવતુ	Damp (ડૅમ્પ્) ભેજ.
Treat (ટ્રીટ્) તર્ફે વર્તવું.	Difficult (ડીફીકલ્ટ્)મુશ્કેલ.	Rain (રેઈન્) વર્ષાદ.
Oblige (ઓબ્લાઇજ્)આભારી ક૦.	Weather(વૅધર) રૂતુ	A Result (એ રીઝલ્ટ્) પરિણામ.

1. Take my advice. 2. Do not tease those around you; nor go where you are not wanted 3. Try to do good and be kind to all. 4 You will soon find that men will esteem and praise you. 5. A lie has no legs 6. A man will never change his mind; if he has no mind to change it. 7 A good thing when lost is valued most. 8. A wise man eats to live. 9. Be old when young, that you may be young when old 10 Better is an ass that carries you, than a horse that throws you.

૧ મારી સલાહ લ્યો (ધ્યાનમાં રાખો) ૨ તમારી આસપાસનાઓને ચીડવતા નહી તેમજ જ્યા તમારી જરૂર નથી ત્યા જતા નહી. ૩ સારૂ કરવાનો પ્રયત્ન કરો અને બધા તરફ માયાળુ થાઓ ૪. તમને તુરત જણાશે કે માણસો તમને માન આપશે અને વખાણશે. ૫ જુઠાણાને (અસત્યને) પગ નથી. ૬. માણસ પોતાનું મન કાઇ ફેરવશે નહી. જો તેની ફેરવવાની ઇચ્છા ન હોય તો. ૭. સારી ચીજ જ્યારે ખોવાય છે ત્યારે તેની બહુ કીંમત થાય છે. ૮. ડાહ્યો પુરૂષ જીવવાની ખાતર ખાય છે. ૯. જુવાનીમા ઘરડા થાઓ કેમકે જ્યારે તમે ઘરડા થાઓ ત્યારે જુવાન થાઓ ૧૦. તમને પાડી નાંખે તે ઘોડા કરતા તમને લઈ જાય તે ગધેડું વધારે સારૂ છે

Lesson XLII. પાઠ ૪૨.

A nail (એ નેલ્) ખીલો. To laugh (ટુ લાફ) હસવું. To punish(ટુ પનીશ્) શિક્ષા ક.

A deed (એ ડીડ) કામ. To borrow(ટુ બૉરો)ઉછીનુંલેવું. A serpent (એ સરપન્ટ) સાપ.

A shoe (શુ)નાળ જોડું Sorrow (સૉરો) દીલગીરી. To sting(સ્ટીંગ્)ડંખદેવો.

Honesty (ઑનેસ્ટી) પ્રમાણિકપણુ. A rope (એ રોપ્) દોરડું. A word (વર્ડ) શબ્દ.

Principle (પ્રીન્સીપલ્) નિયમ. Anger (ઍન્ગર્) ક્રોધ. Afraid of (ઍફ્રેડ ઑફ્) થી બીવું.

1. Fools learn nothing from wise men. 2. Wise men learn much form fools 3 For want of a nail the shoe was lost. 4. For want of a shoe the horse was lost, 5. For want of a horse the

rider was lost. 6. Good words aro good. but good deeds are better. 7. Honesty is the best policy. 8. This principle is not good. 9. He that goes a borrowing goes a sorrowing. 10. He who has been stung by a serpent is afraid of a rope. 11. He who gives way to angor, punishes himself for the fault of another.

---

૧. ડાહ્યા પુરૂષો પાસેથી મૂર્ખ કાંઈ શિખતા નથી. ૨ મૂર્ખ માણસ પાસેથી ડાહ્યા બહુ શીખે છે. ૩. ખીલો નહી હોવાને લીધે નાળ ખોવાઈ હતી ૪. નાળ નહી હોવાથી ઘોડો રદ ગયો. ૫ ઘોડો નહી હોવાથી બેસનાર ખોવાયો. ૬ સારા શબ્દ સારા છે પણ સારા કૃત્ય તેથી વધારે સારાં છે. ૭. પ્રમાણીકપણું તે ઉત્તમ રીત છે. ૮. આ નિયમ સારો નથી ૯. જે ઉછીનું લીધા કરે છે તે રોયા કરે છે. ૧૦. જે સાપથી ડખાયો હોય છે તે દોરડાથી પણ બીએ છે. ૧૧. જે ગુસ્સા વશ થાય છે તે બીજાની ભૂલ ખાતર પોતાનેજ શિક્ષા કરે છે.

Lesson XLIII પાઠ ૪૩.

A stone(સ્ટોન્)પથ્થર A stable(એ સ્ટેબલ્)તબેલો. A stick (એ સ્ટીક્)લાકડી. To sweep(ટુ સ્વીપ્)વાળવું.A street(એ સ્ટ્રીટ્) પોળ. To burn (ટુબર્ન)બાળવું. To spare(સ્પેર્)બચાવવું.Kindle(કીન્ડલ્) સળગાવવું To propose(ટુ પ્રોપોઝ્) વિચારવું. [વ્યવસ્થા ક૦. A lock (એ લૅાક્) તાળુ.Dry(ડ્રાય્) સુકુ. To Dispose (ડીસ્પોઝ્) A gain (એગેઈન્) નફો. Brighter (બ્રાઈટર્) પ્રકાશી To how(ટુ હૌલ્)ભસવું. To lead (ટુ લીડ્)દોરવું.To shine(ટુ શાઈન્)પ્રકાશવું. A leak (લીક્) કાણું-છીદ્ર. A ship(એ શીપ્)વહાણ. To strike(સ્ટ્રાઈક્) મારવું. Iron(આયરન્) લોઢું. To slip(ટુ સ્લીપ્)લપસવું. To begin(બીગીન્)શરૂક૦.An end(એન્ એન્ડ્)છેડો.

---

1. If each man sweep before his own door, we should have clean street. 2. It is too late to spare when all is spent. 3. It is too late to lock the stable door when the horse is stolen 4. Kindle dry sticks and green ones will burn. 5. Little strokes fell great ones. 6. Look before you leap back. 7. Man

proposes but God disposes. 8. One man may lead a horse to the end of pond but twenty men can never make him drink. 9. Sin is sin, though it be not seen. 10. The brighter the moon shines, the more the dogs howl. 11. Small leaks sink great ships. 12. It is good to begin well, but better to end well.

૧. જો દરેક માણસ પોતાના ઘર આગળ વાળે તો આપણી પોળ સ્વચ્છ રહે. ૨. બધું વપરાઇ રહ્યા પછી બચાવવું એ અવસર બહાર છે (બહુ મોડુ છે) ૩. ઘોડો ચોરાયા પછી તબેલાના બારણાને તાળુ મારવું તે નકામું છે ૪. સુકા લાકડા સળગાવો અને લીલા બળશે ૫ નાના ઘાથી મોટાં ઝાડ કપાય છે. ૬. તમે કુદો તે પહેલા જુવો. ૭ માણસ વીચારે છે અને પ્રભુ વ્યવસ્થા કરે છે (માણસનું ધારવું અને ઈશ્વરનું કરવું.) ૮. ઘોડાને એક માણસ તળાવના આરે લઈ જાય પણ વીસ માણસ તેને પાણી પાઇ શકે નહી. ૯ પાપ જોકે તે જણાતુ નથી તોય પાપ છે ૧૦. ચંદ્રમાનો પ્રકાશ જેમ જેમ વધુ પ્રકાશે છે તેમ તેન કૂતરા વધારે ભસે છે ૧૧. નાના કાણાં મોટા વહાણોને ડુબાવે છે. ૧૨. સારી રીતે શરૂ કરવું તે સારૂ છે પણ સારી રીતે પુરૂ કરવું, તે વધુ સારૂ છે.

Lesson XLIV. પાઠ ૪૪.

To bark(ટુ બાર્ક)ભસવું To Grunt(ટુ ગ્રન્ટ)ગુરગુર૰ક૰ To chirp(ટુ ચર્પ)ચકચક ક૰
To purr(ટુ પર)મ્યાઆઉ ક૰.To low (ટુ લૌ)આરડવું. To neigh(ટુ ને) ખું ખારવું.
To bleet(ટુ બ્લીટ)મે બે ક૰To roar(ટુ રોર)ગર્જના. To bray(ટુ બ્રે) ભુકવુ.
To hiss(ટુ હીસ) ફુંફાડા મારવા. To growl(ટુ ગ્રાઉલ) ગુરકવું. To sweak (ટુ સ્વીક) ચુ ચું ક૰.
To croak(ટુ ક્રોક)કક્ક કરવુ. To crow(ટુ ક્રો) કુકુ ક૰ To bellow(ટુ બેલો)આરડવું
To hum(ટુ હમ્)ગણ ગણક૰To hoot(ટુ હુટ)ગુરર ક૰To howl (ટુ હૌલ)ભુ કવું.

---

1. The dog barks 2. The cat purrs. 3 The sheep bleets. 4 The cow lows 5 The hog grunts. 6. The lion roars 7. The bear growls. 8 The cock crows. 9. The owl hoots. 10. The sparrow chirps. 11. The horse neighs. 12. The ass brays. 13. The

mouse sweaks. 14. The bull bellows. 15. The snake hisses. 16. The frog croaks. 17. The bee hums. 18. The jackal howls

૧. કુતરો ભસે છે. ૨. બીલાડી મીઆઉં મીઆઉં કરે છે. ૩. મેંઢુ બેં બેં કરે છે. ૪. ગાય આરડે છે. ૫. ડુક્કર ગુરગુર કરે છે. ૬. સીંહ ગર્જના કરે છે. ૭ વાઘ ઘુરકે છે. ૮. કાગડો કાકા કરે છે. ૯. ઘુવડ ઘુઘુ કરે છે ૧૦. ચકલી ચકચક કરે છે. ૧૧. ઘોડો ખુંખારે છે. ૧૨. ગધેડું ભુંકે છે. ૧૩. ઉંદર ચુ ચુ કરે છે. ૧૪. બળદ આરડે છે. ૧૫ સાપ ફુંફાડા મારે છે. ૧૬. દેડકો ડે ડે કરે છે. ૧૭. મધમાખ ગણ્-ગણ્ કરે છે. ૧૮. શિયાળ ભૂંકે છે.

Lesson VL. પાઠ ૪૫.

To invade(ઇન્વેડ્)ચઢાઈ ક૦	Civil(સીવીલ)દિવાની	A suit (સુટ્) દાવો.
A queen (ક્વીન્) રાણી	Criminal(ક્રીમીનલ) ફોજદારી	Affedevit(ઍફીડેવીટ્) સોગંદનામુ.
A prince(પ્રીન્સ્)શાહજાદો	A river(રીવર્)નદિ	A clerk (કલૅર્ક્) કારકુન.
A governor(ગવર્નર) સુબો.	A well(વૅલ્) કુવો.	A side(સાઇડ્) બાજુ
A judge (જજ્) ન્યાયાધીશ.	A tank(ટૅન્ક્) તળાવ.	A pen (પેન્) કલમ [પેન.
A court(કોર્ટ્)અદાલત.	A lake(લેક્)સરોવર.	A pencil(પેન્સીલ્)સીસા-

---

1 The Prince of Wales is a son of Queen Victoria of England 2. Prince Dulipsing son of king Ranjitsing of Punjab died in England. 3. Lord Harris was the Governor of Bombay. 4 He is a judge of the Districts Court. 5. There is a bridge over the river Sabarmati. 6. This is a civil court. 7. Several new wells were dug last year 8 A few tanks were built in last famine. 9 This is a new pen 10. He made an affedevit before a judge in the Court. 11. He is a clerk in my office. 12 This is a pure lake

---

૧. પ્રીન્સ ઑફ વેલ્સ ઇંગ્લાંડની રાણી વીક્ટોરીઆનો છે. ૨. પંજાબના રાજા રણજીતસીંહનો કુંવર દુલીપસીંગ ઇંગ્લાંડમાં મરી ગયો. ૩. લૉર્ડ હૅરીશ, મુંબાઇનો સુબો હતો. ૪. તે ડીસ્ટ્રીક્ટ કચેરીનો ન્યાયાધીશ છે. ૫ સાબરમતી નદી

ઉપર પુલ છે. ૬ આ દીવાની અદાલત છે. ૭ ગયા વર્ષે કેટલાક નવા કુવા ખોદાયા હતા. ૮. ગયા દુકાળમા થોડા તળાવ બંધાયા હતાં. ૯. આ નવી કલમ છે. ૧૦. અદાલતમા ન્યાયાધીશ રૂબરૂ તેણે સોગદનામુ કર્યું ૧૧. તે મારી કચેરી (ઑફીસ) માં કારકુન છે. ૧૨. આ નોર્મળ સરોવર છે.

નોટ. અત્યાર સુધીમા નાના નાના વાકયો જે હમેશના ઉપયોગમાં આવે અને શિખનાર સહેલથી વાંચી સમજી શકે તેવા આપવામા આવ્યા છે. હવે વાચન પાઠો આપવામા આવે છે. જે વાંચવાથી શિખનાર પોતાના અભ્યાસમાં વધારો કરી શકશે. આ પાઠોમા આવતા અઘરા શબ્દો ઉચ્ચાર તથા અર્થ મથાળે આપવામાં આવ્યા છે તેમજ પાઠોનું ભાષાન્તર દરેક પાઠની નીચે આપવામા આવ્યુ છે જેથી શિખનાર પોતાની મેળે પાઠ તૈયાર કર્યા પછી પોતાને આવડે છે કે નહી તેની ખાત્રી કરી જુએ તેમજ ગુજરાતીનું ઇંગ્રેજી પણ કરવાનો અભ્યાસ રાખી શકે

Lesson XLVI પાઠ. ૪૬ Kindness. દયા.

Kind (કાઈન્ડ) માયાળુ. To love (ટુ લવ્) ચહાવું. A friend (એ ફ્રેન્ડ) મિત્ર. A lesson (એ લેસન્)પાઠ. A mind (એ માઈન્ડ) મન. To hurt (હર્ટ) ઈજા કo. A thing (એ થીન્ગ્) ચીજ. Strength (સ્ટ્રેન્થ) બળ. To feel (ફીલ) લાગવું.

1. God is good and kind to us. He gives us all things that we have, and we ought to be good and kind to all 2. First love Him with all your heart, with all your mind and with all your strength. 3. Then love all your friends as you love your own self and do to them as you would that they should do to you. 4. Be kind to all, to birds and beasts as well as to man, for all feel pain, as well as you do, when hurt.

૧. પ્રભુ આપણા પ્રત્યે સારો અને માયાળુ છે. સઘળી ચીજો જે આપણી પાસે છે તે તે આપણને આપે છે, અને આપણે સઘળા પ્રત્યે ભલા અને માયાળુ થવું જોઇએ. ૨. પ્રથમ તમે તેને (પ્રભુને) તમારા પૂર્ણ અંતઃકરણથી તમારા પૂર્ણ મનથી અને તમારા સઘળા બળથી ચાહો. ૩. પછી તમારા સઘળા મિત્રોને જેમ

તમે પોતાને ચાહો છો તેમ ચાહો, અને તે વર્ત્તો. ૪. પક્ષિ, પશુ તેમજ માણસ અને સઘળા પ્રત્યે દયા રાખો કેમકે જ્યારે તમને ઈજા થાય છે અને જે દુઃખ થાય છે, તેવુંજ બધાને થાય છે. જેમ તેઓ તમારી મરજી પ્રમાણે તમારી સાથે વર્ત્તે તેમ તમે તેમની સાથે વર્ત્તો.

Lesson XLVII. પાઠ ૪૭. The Good Boy. સારો છોકરો.

A mind (એ માઈન્ડ્) ધ્યાન.　A life (એ લાઈફ્) જીવન.
A task (એ ટાસ્ક્) પાઠ.　Only (ઓન્લી) કેવળ, ફક્ત.
To strive (ટુ સ્ટ્રાઇવ્) યત્ન કર.　A dunce (એ ડન્સ્)મૂર્ખ.

1. A good boy will mind his book, and try to read well. 2. But a bad boy will only mind his play and then he will be a dunce all the days of his life. 3. A good boy will take nothing that is not his own. 4. He will learn his task well, and strive to learn. 5 Tell no tales, play not with bad boys. Use no ill words.

૧. સારો છોકરો પોતાની ચોપડી ઉપર ધ્યાન આપશે, અને સારી રીતે વાચવાનો પ્રયત્ન કરશે. ૨ પણ ખરાબ છોકરો ફક્ત પોતાની રમત ઉપર ધ્યાન આપશે અને પછી પોતાની જીદગીના તમામ દિવસમા તે મૂર્ખ રહેશે. ૩. સારો છોકરો કોઈ ચીજ જે પોતાની નથી તે લેશે નહી. તે પોતાનો પાઠ સારી રીતે શિખશે અને પોતાથી બને તેટલું શિખવા પ્રયત્ન કરશે. ૪. ત્યારે તમે સારા છોકરા થાઓ, તમારી ચોપડી ઉપર ધ્યાન આપો અને શિખવાને પ્રયત્ન કરો. ૫. વાતો કરતા નહી ને ખરાબ છોકરાઓ સાથે રમો નહી. ખરાબ શબ્દ વાપરતા નહીં (બોલતા નહી)

Lesson XLVIII. પાઠ ૪૮. To Boys in School. નિશાળીઆઓ પ્રત્યે.

A school (એ સ્કુલ્) નિશાળ　To sit (ટુ સીટ્) બેસવું.
A noise (એ નોઈઝ્) ગડબડ.　A place (એ પ્લેસ્) જગ્યા.

Still (સ્ટીલ્) ચૂપ.
A stop (એ સ્ટૉપ્) વિરામ.
To spell (ટુ સ્પેલ્) જોડણી કર.
To vex (ટુ વેકસ્) ચીડવવું.
To beat (ટુ બીટ્) મારવું.

1. When you are in the school, take your book and go to your place. 2 In your place sit still, and make no noise, but strive to learn as fast as you can. 3 When you say your lesson, mind that you speak all your words right 4. When you read, mind your stops. Read from stop to stop, as you see them in your book, and make no stop where there is none. 5. Spell those words that you do not know and then you will soon learn to read well. 6. To learn to read well, all you have to do is to read the same as you speak when you are at play 7. Love those boys with whom you read. Do not vex them or beat them, or call them names, or use ill words to them.

૧. જ્યારે તમે નિશાળમાં હો ત્યારે તમારી ચોપડી લ્યો અને તમારી જગ્યાએ જાઓ. ૨. તમારી જગ્યામા ચુપકીથી બેસો અને ગડબડ કરો નહી પણ જેમ જલ્દી બને તેમ ભણવાનો પ્રયત્ન કરો. ૩. જ્યારે પાઠ આપો ત્યારે ધ્યાનમાં રાખજો કે તમે તમારા બધા શબ્દ ખરા બોલો છો. ૪ જ્યારે તમે વાચો ત્યારે વિરામચિન્હપર ધ્યાન આપો. તમારી ચોપડીમાં જ્યા જ્યા તમે વિરામચિન્હ દેખતા જાઓ ત્યાં ત્યાથી વાચો પણ જ્યાં આવું. (ચીન્હ) ન હોય ત્યા અટકતા નહી. ૫ જે શબ્દ તમને આવડતા ન હોય તેની જોડણી કરો અને તેથી તમને જલ્દી સારી રીતે વાંચતાં આવડશે. ૬. સારી રિતે વાચતાં શિખવા માટે તમારે તે જેમ તમે રમતા બોલો છો તેમ તે વાંચવું જોઈએ ૭. તમે જે છોકરાની સાથે વાચો છો તેમને ચાહો તેમને ચીડવતા નહી કે મારતા નહી તેમજ તેમના નામ પડતા નહી અને તેમના પ્રત્યે ખરાબ શબ્દ વાપરતા નહી.

Lesson XLIX. પાઠ ૪૯. God our Maker.
પ્રભુ આપણો સર્જનાર.

The maker (ધ મેકર) સુજનાર.
Wise (વાઈઝ્) ડાહ્યા.
A nose (એ નોઝ્) નાક.
To smell (ટુ સ્મેલ્) સુંઘવું.

A mouth (માઉથ્) મોહું. A tongue (એ ટન્ગ્) જીભ.
Just (જસ્ટ્) ન્યાયી. To serve (ટુ સર્વ્) શેવા ક૦.
To taste. (ટુ ટેસ્ટ્) ચાખવું.

---

1. God is good and great and wise. We cannot see Him, but He sees all that we do and takes care of us. He is kind to all who love and fear Him. 2. He gave us ears to hear, eyes to see, a nose to smell, a mouth to taste, and a tongue to speak, hands to feel and work and legs and feet to walk. Above all He has given us a mind to think and to know right from wrong. 3. God is just and good let us love and serve Him all our days.

---

૧. પ્રભુ સારો મોટો અને ડાહ્યો છે આપણે તેને જોઇ શકતા નથી પણ આપણે જે કરીએ છીએ તે બધુ તે જુએ છે અને આપણી સંભાળ લે છે. તે જે તેને ચાહે છે અને તેનાથી બ્હીએ છે તેના પ્રત્યે માયાળુ છે. ૨. તેણે આપણને સાંભળવાને કાન, જોવાને આખ, સુંઘવાને નાક, ચાખવાને મો, અને બોલવાને જીભ, લાગવાને અને કામ કરવાને હાથ અને ચાલવાને પગ આપ્યા છે. આ બધા ઉપરાંત તેણે આપણને વિચાર કરવાને અને સાચુ જૂઠું જાણવાને મન આપેલું છે. ૩. પ્રભુ ન્યાયી અને સારો છે, ચાલો આપણે બધા દીવસ તેને ચાહીએ અને તેની સેવા કરીએ.

Lesson L. પાઠ ૫૦. How to Become Good.
સારા શી રીતે થવાય.

To become (ટુ બીકમ્) થવું To fly (ટુ ફ્લાય્) ઉડવું.
To buy (ટુ બાય્) ખરીદવું. A use (એ યુસ્) ઉપયોગ.
Wind (વીન્ડ્) પવન Jot (જૉટ્) તલપુર.
Time (ટાઇમ્) વખત Fine (ફાઇન્) સુંદર.
To quit (ટુ ક્વીટ્) તજી દેવું. An evil (એન ઇવિલ્) ખરાબ.
The world (ધ વર્લ્ડ્) દુનિયા. To curse (ટુ કર્સ્) શાપ દેવો.
To swear (ટુ સ્વેર્) સોગન ખાવા. To steal (ટુ સ્ટીલ્) ચોરવું.
A step (એ સ્ટેપ્) પગથીયુ. A vice (એ વાઇસ્) પાપ.
Joy (જૉય્) હર્ષ. Harm (હાર્મ્) ઇજા

---

1. Make good use of time, now that you have it; for it flies like the wind: it will soon be done; and, when once done, it will come no more, nor can much fine gold buy one jot of it. 2. Quit the ways of bad boys and bad men. Pray to God to keep you from all evil ways and He will hear you. 3. Do to all as you would have all do to you; for the Most Wise God will judge you by the works you do in this world, be they good or bad. 4. Be sure you play with good boys and keep from those who curse, swear, lie, and steal. 5. Do not walk in the steps of them that love vice, but try to keep the laws of God, and they will love you and keep you from all harm and give you joy for ever.

---

૧. વખતનો સારો ઉપયોગ કરો, હમણા જે તમારી પાસે છે; કેમકે તે પવનની પેઠે ઉડી (વહી) જાય છે, તે જલદી ચાલ્યો જશે; જ્યારે એક વાર ગયો કે ફરી પાછો આવશે નહી એટલુંજ નહિ પણ વધુ સારૂ સોનું વખતના તલપુર જેટલા ભાગને પણ ખરીદી શકવું નથી. ૨ ખરાબ છોકરા અને ખરાબ માણસના રસ્તા તજી દો. ખરાબ માર્ગમાંથી દુર રાખવા માટે પ્રભુની પ્રાર્થના કરો અને તમારૂ તે સાંભળશે. ૩. તમને બધા જેવી રીતે કરે તે પ્રમાણે બધા પ્રત્યે તમે કરો (વર્તો); કેમકે સૌથી ડાહ્યા પ્રભુ તમે આ દુનીઆમા જે કામ કરો છો તેથી તમારી તુલના કરશે. ભલે તે સારા હો અગર ખોટાં હો. ૪. તમે સારાં છોકરાં સાથે રમો છો (તેની) ખાત્રી રાખજો અને જેઓ શ્રાપ દે છે, સોગંદ ખાય છે; જૂઠું બોલે છે અને ચોરી કરે છે તેમનાથી અળગા રહેજો. ૫. જેઓ પાપ પસંદ કરે છે તેના પગલે ચાલતા નહિ પણ પ્રભુનો કાયદો પાળવાને યત્ન કરો અને તે તમને ચાહશે અને બધા દુ:ખમાંથી દુર રાખશે અને સદાને માટે તમને આનંદ આપશે.

Lesson LI. પાઠ ૫૧. સારા કેમ થવું (ભાગ ૨ જો.)

A subject (એ સબજેક્ટ્) વિષય.
A thief (એ થીફ્) ચોર.
A moth (એ મૉથ્) ઉધઈ.
A sight (એ સાઈટ્) દ્રષ્ટી
Heaven (હેવન્) સ્વર્ગ.
Treasures (ટ્રેઝર્સ) ધન.
Vile (વાઈલ્) નીચ
To corrupt (ટુ કરપ્ટ્) બગડવું.
Rust (રસ્ટ્) કચરો, કાટ.

1. Do not tell lies, or steal, or swear; for those things are evil in the sight of God. 2. Lay not up for yourselves treasures in this world, where moth or rust doth corrupt and where thieves break through and steal: but lay up for yourselves treasures in heaven, where neither moth or rust doth corrupt nor thieves break through or steal. for where your treasure is there will your heart be. 3. Love your enemies. Bless them that curse you and do good to them that hate you.

---

૧. ખોટું બોલતા નહી અથવા ચોરી કે સોગન ખાતા નહિ; કેમકે એ બધી ચીજો પ્રભુની દ્રષ્ટીમા નીચ છે. ૨ આ દુનિયામાં તમારી કાજે ધનનો સંગ્રહ કરતા નહિ કેમકે ઉધઇ અને કાટ તે બગાડી નાખે છે અને ચોર ધાડ પાડે છે અને ચોરી કરે છે; પણ સ્વર્ગમા ધનનો સંચય કરો કે જ્યાં ઉધઈ કે કાટ તે બગાડતુ નથી તેમજ ચોર ધાડ પાડતા નથી કે ચોરતા નથી; કેમકે જ્યાં તમારૂં ધન છે ત્યા તમારૂ અંતઃકરણ છે. ૩. તમારા દુશ્મનને ચાહો, જે તમને શ્રાપ દે છે તેને આશીરવાદ આપો અને જે તમને ધીક્કારે છે તેમનું ભલું કરો.

Lesson LII પાઠ પર. Bees. મધમાંખ.

A bee (એ બી) મધમાખ.	Busy (બીઝી) ઉધોગી.
To deal (ટુ ડીલ્) વ્યવહાર ક.	A flower (એ ફ્લાવર્) ફુલ.
Rest (રેસ્ટ્) આરામ.	Spring (સ્પ્રીંગ્) વસંત રૂતુ.
To shake (ટુ શેક્) હલાવવું.	Minute (મીનીટ્) પળ.
A beehive (એ બીહાઇવ્) મધપૂડો.	To bloom (ટુ બ્લુમ્) ખીલવું.
juice (જ્યુઇચ્) રસ.	To thrust (ટુ થ્રસ્ટ્) ખોસવું.
To suck (ટુ સક્) ચુસવું.	Honey (હની) મધ.
To carry (ટુ કૅરી) લઈ જવું.	

---

1. Look at that bee on the flower. See how it shakes its wings, and works with its little feet Ah! it is off to another flower, It is working again! 2, Now it is off to another! How

busy it is! It does not rest a minute in one place. It seems to have a great deal of work to do, and to be in haste to get it done. 3. A great many bees live each in a hive. See how many are going in! 4. When spring comes, and the flowers begin to bloom, the bees come out of their hives very early in the morning. They fly away and gather the sweet juice out of flowers. 5. The bee has a long tongue, which it thrusts into the flower, to suck up the juice. Then it carries the juice to the hive, and makes it into honey.

---

૧. ફુલ ઉપરની મધમાંખી તર્ફ જુઓ તે કેવી રિતે પોતાની પાંખો હલાવે છે અને તેના પગથી (કેવું) કામ કરે છે (૨) અરે! તે બીજા દુરના ફુલ ઉપર છે તે કેવી ઉદ્યોગી છે? તે એક પણ પળ એક જગ્યા ઉપર રહેતી નથી તેને વધુ કામ કરવાનું હોય તેમ જણાય છે અને તેથી તે જલ્દી કરવા માટે તે ઉતાવળમાં જણાય છે. ૩. દરેક મધપૂડામાં પુષ્કળ મધમાખો રહે છે. તેઓ કેટલી બધી અંદર જાય છે ૪. જ્યારે વસંતરૂતુ આવે છે અને ફૂલ બેસવા માંડે છે. ત્યારે મધમાંખીઓ પોતાના મધપૂડામાંથી ઘણીજ વહેલી બહાર આવે છે તેઓ ઉડે છે અને ફુલોમાથી મીઠો પદાર્થ એકઠો કરે છે. ૫. મધમાંખને લાંબી જીભ હોય છે, જે તે ફુલમાં રસ ચુસવા માટે ઘાલે છે પછી તે રસ મધપુડામાં લઈ જાય છે અને તેનું મધ બનાવે છે.

Lesson LIII. પાઠ ૫૩. Spider. કરોળીઆ.

A spider (એ સ્પાઇડર્) કરોળીઓ.
Honey comb (હની કોમ્) મધપૂડો.
To hatch (ટુ હૅચ્) સેવવું.
A web (એ વૅબ્) જાળ.
Power (પાવર્) શક્તિ.
A spinner (એ સ્પીનર્) કાતનાર.
A hurry (એ હરી) ઉતાવળ.
Duck (ડક્) બતક.
To weave (ટુ વીવ્) વણવું.
A creature (એ ક્રીચર્) પ્રાણી.
A nest (નેસ્ટ્) માળો.
A blunder (એ બ્લન્ડર્) ભૂલ.
Pride (પ્રાઈડ્) મગરૂબી.
To build (ટુ બીલ્ડ્) બાંધવું.

---

1. The spider loves work. It begins to work as soon as it

begins to live. Even the youngest spider knows how to weave its web just as well as the oldest. 2. The spider never has to go to school to learn its task. So, the little duck can swim as soon as it is hatched. And the little bird can build its nest, and the bee can make the honey-comb, without any teaching. 3. God has given these creatures the power to do their work. And that is why they never make any blunders. Not all the weavers and spinners in the world could beat the spider in the works that it does. 4. The spider is never in a hurry. He always takes care to make every thread fast. It takes a pride in doing its work well.

---

૧. કરોળીઓ કામ પસંદ કરે છે. જેવા તે જીવવા લાગે છે કે તુરતજ તે કામ શરૂ કરે છે નાનામાં નાનો તેમજ મોટામાં મોટા કરોળીઓ પોતાની જાળ કેમ વણુવી તે સારી પેઠે જાણે છે. ૨. કરાળીઆને પોતાનો પાઠ શિખવા નિશાળે જવું પડતું નથી. તેમજ નાનુ બતક જેવું સેવાય છે કે તુરતજ તરી શકે છે, અને નાનું પક્ષી પોતાનો માળો બાંધી શકે છે તેમજ વગર શિખવે મધમાખી પોતાનો મધપુડો બનાવી શકે છે ૩. આ પ્રાણીઓને પ્રભુએ તેઓનું કામ કરવાને શક્તિ આપેલી છે. અને તેટલા માટે તે કદિ ભૂલ કરતા નથી. દુનિયાના સઘળા વણકરો અને કાતનારા, કરોળીઓ જે કામ કરે છે તેને (કદિ) હઠાવી શકે નહી ૪. કરોળીઓ કદિ ઉતાવળો થતો નથી. તે હમેશા દરેક તાંતણો જલ્દી કરવાની સંભાળ લેછે. તે પોતાનું કામ સારી પેઠે કરવામા મગરૂબી લેછે.

Lseson LIV. પાઠ ૫૪. The Wolf. વરૂ.

A wolf (એ વુલ્ફ્) વરૂ
To hunt (ટુ હન્ટ્) શિકાર ક૦.
A forest (એ ફોરેસ્ટ્) વન.
A prey (એ પ્રે) શિકાર.
A band (એ બૅન્ડ્) ટોળું.
To search (ટ સર્ચ્) શોધવું.
Depth (ડેપ્થ્) ઉંડાણ.
A den (એ ડેન્) ગુફા.
Fierce (ફીઅર્સ્) ભયંકર.
A pack (એ પૅક્) ટોળુ, સમુહ.
A hare (એ હૅર્) સસલું.
An animal (ઍન્ ઍનીમલ્) પ્રાણી.
To enter (ટુ એન્ટર્) દાખલ કરવું.
Snow (સ્નો) બરફ.

Ground (ગ્રાઉન્ડ્) જમિન.
Howl (હોલ્) ભુંકવું.
Wild (વાઈલ્ડ્) જંગલી.
Loss (લૉસ્) નુકશાન.

---

1. The wolf is one of the fiercest of all the beasts of prey. It is an animal of the dog kind, and is a little like a dog, and a little like a fox. 2. It has its den in the forest, far away from the homes of men. Here in summer it lives on birds, hares, and other small animals. 3. But in winter, wolves often leave the forests in search of food. They then hunt in large packs or bands; and when pressed by hunger they become very fierce and bold. They will even enter villages, and attack lambs, sheep, cows, and horses. 4. In the depth of winter, when the snow, is on the ground, a wild howl is often heard in the stillness of the night. And in the morning the loss of a cow or a horse tells the people of the village that they have had a visit of the wild wolf of the forest.

---

૧. વરૂ સઘળા શિકારી પ્રાણીઓમાંનું એક ભયંકર પ્રાણી છે તે કુતરાની જાતનું એક જાનવર છે, અને તે જરા કુતરા જેવું અને જરા લોકડી જેવું છે. ૨. તેની ગુફા વનમાં માણસના રહેઠાણથી ઘણે દુર હોય છે. અહીંઆ ઉનાળામા તે પક્ષિઓ. સસલાં અને બીજાં નાના પ્રાણીઓ ઉપર જીવે છે. ૩. પણ શિયાળામા વારવાર પોતાના ખોરાક માટે વરૂઓ જંગલ છોડે છે. તેઓ પછી મોટા ટોળામાં કે ટોળીઓમા શિકાર કરે છે, અને જ્યારે તેમને ભુખ લાગે છે ત્યારે તેઓ બહુ ભયકર અને બહાદુર થાય છે. તેઓ ગામમાં પણ પેસે છે અને બકરાં, ઘેટાં, ગાય અને ઘોડા ઉપર હુમલો કરે છે. ૪. ભર શિયાળામાં જ્યારે બરફ જમીન ઉપર હોય છે ત્યારે શાંત રાત્રે જંગલી ભોંકાર (શિયાળનું રડવું) સંભળાય છે. અને સવારમાં ગાય કે ઘોડાના ખોવાયાથી લોક કહે છે કે જંગલનું જંગલી વરૂ તેમના ગામમાં આવ્યું હતું.

Lesson LV. પાઠ ૫૫. The Lion. સિંહ.

A lion (એ લાયન્) સિંહ.
A plain (એ પ્લેન્) મેદાન. રણ.

To tread (ટુ ટ્રેડ) ચાલવું.
Seldom (સેલ્ડમ્) ક્વચીત
Noble (નોબલ્) કુલીન.
Terrible (ટેરીબલ્) ભય કર.
Softly (સૉફ્ટ્લી) ધીમેથી.
Silence (સાઇલન્સ્) ચુપકી.
To bark (ટુ બાર્ક) ભસવું.
To rush (ટુ રશ્) ધસવું.
Light (લાઇટ) અજવાળું.
A flame (એ ફ્લેમ્) ભડકો.
A paw (એ પૉ) પંજો.
A native (એ નેટિવ્) દેશી.
To scare (ટુ સ્કેર્) નસાડી મુ૦.
A king (એ કીંગ્) રાજા.
A sound (એ સાઉન્ડ્) અવાજ.
Abroad (ઍબ્રૉડ્) બહાર
A mountain (એ માઉન્ટન્) પર્વત.
A voice (એ વૉઇસ્) સ્વર.
Thunder (થન્ડર્) અવાજ.
A camel (એ કૅમલ્) ઉંટ.
Terror (ટેરર્) ભય.
To toss (ટુ ટૉસ્) ફેંકવું.
A torch (એ ટૉર્ચ) મશાલ
A flock (એ ફ્લૉક્) ટોળું.
Cattle (કૅટલ્) ઢોર.

1. The lion is called the "king of beasts." He is fierce and bold, very noble-looking, and of great strength. 2. The home of the largest lions is far away in the wild mountains and great plains of Africa 3. The lion lives also in Asia; but there he is not so large and strong as the lion of Africa 4. He is seldom seen abroad during the day; but when the sun is going down, the lion leaves his den and goes forth to hunt. He steals along softly, and makes no sound as he treads. 5. When all is still, his terrible voice is heard In the silence of the night it sounds like thunder. 6 If he is near a village, the dogs bark, and the horses, oxen and camels rush about in terror for they know the voice of the lion The men light fires all around, and toss about flaming torches, to scare him away. 7. But he minds them very little. He goes on to the place where the cattle are kept, and in a few minutes a horse or a cow falls beneath his terrible paw. In this way the natives of the north of Africa often lose a great part of their flocks and herds.

૧. સિંહ પશુરાજ કહેવાય છે. તે ભયંકર, બ્હાદુર, ઉમદા દેખાવવાળો, અને ઘણા જોરવાળો છે. ૨. મોટામાં મોટા સિંહના રહેઠાણ આફ્રિકાના મોટા રણ અને જંગલી ડુંગરોમાં છે. ૩. એશિયામા પણ સીંહ રહે છે પણ ત્યાનો સીંહ આફ્રિકાના જેવો મજબુત અને મોટો નથી. ૪. દિવસે ભાગ્યેજ તે બ્હાર જણાય છે. પણ જ્યારે સૂર્ય આથમે છે ત્યારે સીંહ પોતાની ગુફામાથી નીકળે છે અને શિકાર માટે આગળ જાય છે. તે ધીમેથી ચાલે છે અને ચાલતા કંઇ પણ અવાજ કરતો નથી. ૫. જ્યારે બધુ શાંત હોય છે ત્યારે તેનો ભયકર અવાજ સંભળાય છે. રાત્રે શાત વખતે તે ગર્જનાની માફક અવાજ કરે છે. ૬. જો તે ગામની પાસે હોય છે તો કુતરા ભસે છે અને ઘોડા, બળદ અને ઉંટ ભયથી દોડે છે કેમકે સિંહનો અવાજ તેઓ ઓળખે છે માણસો આસપાસ દેવતા કરે છે અને સળગાવેલી મશાલો તેને ભડકાવી નસાડવા માટે કરે છે. ૭. પણ તે તેની ઘણી ઓછી દરકાર કરે છે તે જ્યાં ઢોર રાખવામાં આવે છે તે જગ્યા આગળ જાય છે, અને થોડી પળમા ઘોડો કે ગાય તેના ભયંકર પંજામાં આવી જાય છે. આવી રીતે ઉત્તર આફ્રિકાના દેશીઓ પણ મેંઢાં અને ઢોરોનો મોટો ભાગ ખુવે છે.

Lesson LVI. પાઠ ૫૬. The Tiger વાઘ.

A tiger (એ ટાઇગર્) વાઘ.	Handsome (હૅન્ડસમ્) સુંદર.
Content (કન્ટેન્ટ્) સંતોષ.	Skin (સ્કીન્) ચામડી.
A stripe (એ સ્ટ્રાઈપ્) પટા.	Dreadful (ડ્રેડફુલ્) ભયકર.
A jungle (એ જંગલ્) જંગલ.	Cruel (ક્રુઅલ્) ઘાતકી.
A havoc (એ હૅવૉક્) નાશ.	To creep (ટુ ક્રીપ્) પેટે ચાલવું.
Alarm (ઍલાર્મ્) ભય.	Swift (સ્વીફ્ટ્) ઉતાવળી.

To spring (ટુ સ્પ્રીંગ્) તલપ મારવી. Fleetest (ફ્લીટેસ્ટ્) ઘણો ઉતાવળો.

A bound (એ બાઉન્ડ્) ફલંગ.

---

1. The tiger lives in jungles, His skin is covered all over with beautiful black stripes 2 Though the tiger is very handsome with his beautiful striped skin, he is more fierce and cruel than any other creature that lives in the forest. People are even more afraid of him than they are of the lion.

The lion is oontent with enough to satisfy his hunger, but the tiger is never satisfied. He tries to kill all he can, and dreadful is the havoc he often makes. 3. The tiger creeps through the jungle softly, that he can get near his prey without noise of alarm. Then with a swift bound he springs upon his victim, and strikes it down. 4. The tiger does not run, as the horse does. He goes over the ground by making bounds or springs, one after the other, faster than tho fleetest horse can run.

---

૧. વાઘ જંગલોમાં રહે છે. તેની ચામડી ઉપર બધે કાળા પટા હોય છે. ૨. જોકે વાઘ તેની સુંદર પટાવાળી ચામડીથી ઘણો રળીઆમણો (દેખાય) છે તોપણ તે જંગલમાં જે પ્રાણી રહે છે તેના કરતાં તે વધુ ભયાનક અને ઘાતકી છે. લોકો તેનાથી (સીંહ કરતા) વધુ બીએ છે. સીંહ તેને ભુખ પુરતુ મળવાથી સંતોષ માને છે પણ વાઘ કદી સંતોષ પામતો નથી. તેનાથી બને તેટલુ મારવાને તે પ્રયત્ન કરે છે અને તે જે વાર વાર ગજબ કરે છે તે ભયાનક હોય છે. ૩. જંગલમા વાઘ ધીમે ધીમે પેટે ચાલે છે. કેમકે તે તેના શિકાર પાસે કંઇપણ ગડબડ કે ભય વિના પ્હોચી શકે. પછી તે એક ઉતાવળી ફલંગથી તેના ભોગ (શિકાર) તલપ મારે છે અને તેને નીચે પાડી દેછે. ૪. ઘોડાની પેઠે વાઘ દોડી શકતો નથી. તે જમીનપર એક પછી એક ફલંગ મારતો અગર તલપ મારતો ઘણાજ ઉતાવળા ઘોડા કરતા પણ વધુ આગળ જાય છે.

Lesson LVII. પાઠ ૫૭.

The Fox and the Grapes. લોંકડી અને અંગુર (દ્રાક્ષ).

A fox (એ ફૉક્શ્) લોકડી.
To jumb (ટુ જંપ્) કુદવું.
Glad (ગ્લૅડ્) આનંદી.
Vine (વાઇન્) દ્રાક્ષનો વેલો.
A side (સાઇડ્) બાજુ.
A top (ટૅાપ્) ટોચ, ભમરડો.
A grape (એ ગ્રેપ્) લીલી દ્રાક્ષ.
In vain (ઇન વેઇન્) ફોકટ.
Nice (નાઇસ્) સુંદર.

---

1. A fox saw a very large vine, on which was a bunch of fine grapes that hung on the top of the tree. 2. "Ah"! said he

"what nice grapes those seem to be; I must get them if I can." So he jumped, and he sprang on this side and on that; but in vain for they were all out of his reach. 3. "Hang the grapes then said he, "I will not have them, or if they are green and sour, they will do me no good: I will leave them for some one who likes them." 4. This fable teaches us that people will often speak ill of that which in truth they want, when they find they cannot get it.

---

૧. એક લોંકડીએ એક મોટી દ્રાક્ષવેલનો જેના ઉપર એક દ્રાક્ષનુ ઝુમખું હતું. જે ઝાડની ટોંચ ઉપર હતું તે જોયુ. ૨. તેણે કહ્યું "અરે પેલી કેવી સુંદર દ્રાક્ષ દેખાય છે, મારાથી બને તો તે હુ લઉં" આટલું કહી તેણે કુદકો માર્યો અને આ બાજુથી પેલી બાજુ તર્ફ કુદી, પણ બધું ફોકટ—કેમકે તે બધું તેની શક્તિ બ્હાર હતુ. ૩ "જવા દો (ઞાનમમાં જવા દો) મારે તે જોઇતી નથી, કેમકે તે લીલી અને ખાટી છે, તે મને કાંઈ પણ લાભ કરશે નહીં; તેના શોખીન માટે હુ તે રહેવા દઇશ." ૪. આ વાત આપણને શિખવે છે કે લોકો જે ચીજ માગે છે તે જ્યારે તેઓ મેળવી શક્તા નથી ત્યારે તેનું ખોટું બોલે છે.—

Lesson LVIII. પાઠ ૫૮.

The boys and the Frogs. છોકરાં અને દેડકાં.

A frog (એ ફ્રૉગ્) દેડકું.	To pelt (ટુ પૅલ્ટ) ફેંકીને મારવું.
To mean (ટુ મીન્) અર્થ હોવો.	A pond (એ પૉન્ડ્) તળાવ.
Strong (સ્ટ્રૉન્ગ્) મજબુત.	Teach (ટીચ્) શિખવવું.
To throw (ટુ થ્રૉ) ફેંકવું.	To think (ટુ થીન્ક્) વિચારવું.
The truth (ધ ટ્રુથ્) સાચુ.	A stone (એ સ્ટોન્) પથ્થર.
To talk (ટુ ટૉક્) વાત.	Sour (સાવર્) ખાટું.

---

1. Once on a time, as some boys were at play, they saw some frogs in a pond. One of the boys said, "Let us throw stones at the frogs, and they all began to stone the poor frogs.

2. And thus said one of the frogs to the boys: "Boys! why do you so pelt us with stones. We do not hurt you, and you should do as you would be done by." 3 Should you like to have stones thrown at you? If boys, who are stronger than you, should pelt you with stones, you would not like it: then why should you hurt us? 4. You must not think that the frogs did or can talk: no, this fable is meant to teach boys what they ought to do and what they ought not to do towards lower animals.

---

૧. એક વખત કેટલાક છોકરાઓ રમતા હતા. (તેવામા) તેઓએ તળાવમા કેટલાંક દેડકાં જોયા. છોકરામાના એકે કહ્યુ "ચાલો આપણે દેડકાં ઉપર પથ્થર ફેંકીએ અને ત ગરીબ દેડકા ઉપર પથ્થર ફેંકવા લાગ્યા. ૨. અને એક દેડકાએ છોકરાઓને આ પ્રમાણે કહ્યું "છોકરાઓ! તમો અમારા ઉપર પથ્થરનો કેમ પ્રહાર કરો છો. અમો તમને ઈજા કરતા નથી અને તમારી સાથે જેમ બીજા વર્તે તેમ વર્ત્તવું જોઇએ. ૩. "શુ તમારા ઉપર પથ્થર ફેંકીશુ તો તમને ગમશે? જે છોકરાઓ જે તમારાથી મજબુત છે તે તમારા ઉપર પથ્થરનો ઘા કરે તો તમને ગમશે નહી, ત્યારે શામાટે અમને ઇજા કરો છો? ૪. તમારે ધારવું નહીં કે દેડકા વાત કરે અગર કરી શકે નહી, આ વાતનું તાત્પર્ય એટલું છે કે છોકરાઓએ નાના પ્રાણીઓ તરફ કેવી રીતે વર્તવું અને કેવી રિતે નહી વર્તવુ.

Lesson LIX. પાઠ ૫૯.

The boy and the wolf. છોકરો અને વરૂ.

A flock (એ ફ્લૉક) ટોળુ (ઘેટાનું)	A fun (એ ફન) મશ્કરી.
Means (મીન્સ) ઉપાય.	Sheep (શીપ) ઘેટાં.
A wolf (એ વુલ્ફ) વરૂ.	A lamb (એ લૅમ્બ) ઘેટું.
A hill (એ હીલ) ટેકરી.	To kill (ટુ કીલ) મારવું.
A field (એ ફીલ્ડ) ખેતર.	Fond (ફૉન્ડ) શોખીલો.
To drive (ટુ ડ્રાઇવ) હાકવું.	To bite (ટુ બાઇટ) કરડવું.

---

1. A boy was sent to keep a flock of sheep on a hill near

the side of a wood: and as he was fond of fun he would cry out "the wolf! the wolf!" when there was no wolf to be seen. 2. Now, you know that the wolf will kill sheep and eat them too: and the boy knew that if he should want help, the men who. were at work near him would come to drive away the wolf. 3. So, by this means, he drew those men who were in the field from, their work and told them he did it only in fun. At last the wolf came and he began to cry, "the wolf, the wolf." But the men, would not now hear him. Still the boy said the wolf was come and would kill all the sheep and lambs. 4. "We know you too well" they said "to give heed to what you say, we do not think any thing you say is true. 5. In vain did he cry and ask for help for no one would go near him. So the wolf fell on the sheep and lambs ran off with one, left two or three dead on the ground, and wounded eight or nine more. 6. Now you see what a bad thing it is to tell lies; you should speak the truth at all times or else no one will like or believe you.

---

૧. જંગલની બાજુ પાસે આવેલી ટેકરી ઉપર ઘેટાઓનું ટોળુ ચરાવવા માટે (રક્ષા કરવા માટે) એક છોકરાને મોકલ્યો હતો. અને તે મશ્કરીનો રસીઓ હોવાથી બૂમ મારતો કે "વરૂ! વરૂ!" જ્યારે કોઇ વરૂ હોતુજ નહી. ૨. હવે, તમે જાણો છો કે વરૂ ઘેટાને મારી નાખે છે અને વળી તેમને ખાઇ જાય છે; અને છોકરો જાણતો કે જો તેને મદદ જોઇએ તો તેની પાસે જે માણસો કામ કરતા તે વરૂને હાકી કાઢવા આવશે. ૩. આવી રીતે જે માણસો ખેતરમા કામ કરતાં હતા તે આવ્યાં અને તેમને કહ્યું કે તે તો મશ્કરી કરતો. છેવટ વરૂ આવ્યું અને તેણે બૂમ મારી કે "વરૂ વરૂ!! પણ કોઈ માણસે હવે તેના કહેવા ઉપર ધ્યાન આપ્યું નહી. આટલું છતા છોકરે કહ્યુ વરૂ આવ્યુ છે અને બધાં મેઢાં અને બકરાંને મારી નાંખશે. ૪. તેઓએ કહ્યુ તને શારી પેઠે અમો ઓળખીએ છીએ (અને) તારા કહેવાપર કેટલો ભરોસો રાખવો તે જાણીએ છીએ તુ જે કહે છે તે ખરૂં હોય તે અમે માનતા નથી. ૫. ફોકટ તેને બૂમ મારી અને મદદ માગી કેમકે કોઈ તેની પાસે ગયું નહીં. હવે વરૂ ઘેટાં બકરા

ઉપર આવ્યુ. એકની પાછળ દોડ્યું, એ ત્રણને જમીનપર મારી નાખ્યા અને વધુ આઠ નવને ઘાયલ કર્યા. ૬. હવે તમે જુઓ છો કે જુઠુ બોલવું એ કેટલું ખોટુ છે; હમેશા તમારે સાચુ બોલવું કેમકે પછી તમને કોઇ ચહાશે નહી કે માનશે નહી.

Lesson LX પાઠ ૬૦.

The dog and the Wolf. કુતરો અને વરૂ.

A chance (એ ચાન્સ્) તક.
Pains (પેઇન્સ્) શ્રમ.
A lodge (એ લૉજ્) વાસો
Plumb (પ્લમ્પ્) મજબુત.
To please (ટુ પ્લીઝ્) ખુશી થવું.
Bare (બેર્) ખુલ્લું
A collar (એ કૉલર્) પટો. (ગળાનો).
To roam (ટુ રોમ્) ભટકવું
Freedom (ફ્રીડમ્) છુટ
A thief (એ થીફ્) ચોર.
Lean (લીન્) પાતળો.
A post (એ પોસ્ટ્) જગ્યા.
A meal (એ મીલ્) આહાર.
To serve (ટુ સર્વ્) શેવા કo.
A neck (એ નૅક્) ગળુ
To tie (ટુ ટાઇ) કસ્ બાધવું.
Sense (સેન્સ્) જ્ઞાન.
A crust (એ ક્રસ્ટ્) રોટલીનો કકડો.

1 A dog and a wolf met by chance on the road. The wolf who was very lean and hungry said to the dog that he was very glad to see him and wished to know how it came to pass, that he was so fat and plump. 2. "Why," said the dog "I keep the house from thieves; and I lodge well and have good meals for my pains." 3. "I wish," said the wolf, "I had as good a post." 4 "Why" said the dog. "If you please to come with me I will speak to my master for you and I doubt not but you will fare as well as I do, if you take care to serve him as I do. 5. The wolf was well pleased, and said, he would do all he could to please his master. 6. So they took the road and talked as they walked along and were good friends by the way. 7. At length, as they came near the house, the wolf by chance saw a bare place on the dog's neck, where the hair was worn off. "Friend,"

says he how comes this I pray. No! that is nothing, says the dog, but the mark of the collar with which I am tied in the day that I may not bite." I "Ah' cried the wolf, if that is the case, keep your pleasure to yourself, and I will roam where I please; for I have more sense than you to sell my freedom for a crust."

---

૧. રસ્તે અનાયાસ કૂતરો અને વરૂ ભેગા થયા વરૂ જે ઘણું દુબળુ અને ભૂખ્યું હતુ (તેણે) કૂતરાને કહ્યું કે તને જોઈ હું ઘણો ખુશી થઉં છુ અને તુ કઈ રીતે આવ્યો તે જાણવા ઇચ્છુ છું અને વળી તુ આવો જાડો અને મજબૂત કેવી રીતે થયો. ૨. કૂતરાએ કહ્યું કેમ, ચોરોથી મારા ઘર બચાવું છું, અને હું રૂડી રીતે રહું છું. અને મને મારી મહેનતના બદલામા સારો ખોરાક મળે છે. ૩. વરૂએ કહ્યું "હુ પણ એવી સારી જગ્યા મળે તેવું ઇચ્છુ છું." ૪. કૂતરાએ કહ્યું 'કેમ જો તમે મારી સાથે આવવા ખુશી હો તો હુ તમારા માટે મારા ધણીને કહીશ અને મને ખાતરી છે કે તમને પણ મારી પેઠે ખવાડશે પણ જો તમે મારી પેઠે તેની સેવા કરો તો. ૫. વરૂ રાજી થયુ અને કહ્યું કે તેના ધણીને તેનાથી બનશે તેટલી રીતે તે રાજી કરશે. ૬ આટલુ કહી તેઓએ રસ્તો પકડયો અને ચાલતા ચાલતા વાતો કરતા અને રસ્તે જતા (તેઓ) સારા મિત્ર થયા. ૭. છેવટ જેવા તેઓ ઘર નજદીક આવ્યા કે અનાયાસે વરૂએ કૂતરાની કોટ ઉપર ખુલ્લી જગ્યા જોઈ કે જ્યા આગળથી વાળ જતા રહ્યા હતા. તેણે કહ્યુ 'મિત્ર, આનું શું કારણ તે મને કહો. કૂતરાએ કહ્યુ તે કશુ નથી, પણ તે પટાની નીશાની છે કે જે મને દિવસે બાધવામા આવે છે કેમકે હુ કાઇને કરડું નહી. ૮. વરૂએ કહ્યુ ખરે! જો એમજ છે તો તારો આનદ તારી પાસેજ રહેવા દે, હુ તો મારી મરજી માફક ભટકીશ કેમકે રોટલીના ટુકડા માટે સ્વતત્રતા વેચવા કરતા મારામાં વધુ સમજ છે.

Lesson LXI. પાઠ ૬૧. The Crow and the Jug.

કાગડો અને પાણીનો કુજો.

A crow (એ ક્રો) કાગડો. A bird (એ બર્ડ) પક્ષી.
People (પીપલ્) લોક. A jug (એ જગ્) સુરાઈ, કુજો.
A top (એ ટોપ્) ટોચ. Care (કેર્) સભાળ.
To quench (ટુ કવૅન્ચ્) તરસ છીપાવવી. Rose (રોઝ્) ઉઠયો.

A thought (એ થૉટ) વિચાર.
Drank (ડ્રંક) પીધું.
A brim (એ બ્રીમ) કીનારી.
Thirsty (થરસ્ટી) તરસ્યું.
Narrow (નૅરો) સાકડું.
Strength (સ્ટ્રેન્ગ્થ) જોર.
Often (ઑફ્ન) વારવાર.

1. A crow that was thirsty, tried to quench his thirst in a jug which had some water in it; but the neck was so long and narrow, that the poor bird could not get her head in. 2. Well, friend, so you want to keep the water said she to the jug; but I think I can tell what to do with you. 3. Let me see, I will fill you with stones up to the brim and then, I dare say the water will rise to the top in spite of you. 4. So she went to work, and in a short time the water rose so high that she drank so much of it as she pleased. 5. Clever people often do by care and thought what strength cannot bring about.

૧. એક કાગડો જે તરસ્યો હતો, તેણે તરસ છીપાવવા માટે સુરાઈમાં પ્રયત્ન કર્યો જેમા થોડુ પાણી હતુ, તતું મોઢું એટલું લાબુ અને સાકડુ હતું કે ગરીબ પક્ષીનુ મો તેમા આવી શક્યુ નહીં. ૨ તેણે કુંજાને કહ્યુ ત્યારે શું મિત્ર તું પાણી રાખવા માગે છે પણ તારૂં કેમ કરવું તે હું જાણું છુ ૩. જો કીનારા સુધી હુ તેમા કાકરા (પથ્થર) નાખીશ તો મારી ખાત્રી છે કે તેના બદલે પાણી ઉપર આવશે. ૪. આમ કહી તે કામ કરવા લાગ્યા અને થોડા વખતમાં પાણી એટલું ઉચે આવ્યું કે તેમાથી તેનાથી પીવાય તેટલું પાણી તેણે પીધું. ૫. ચંચળ માણસો જે બળ કરી શકતુ નથી તે યુક્તિ અને વિચારથી કરી શકે છે.

Lesson LXII પાઠ ૬૨ The Foolishman and the Goose that laid Golden Eggs. મૂર્ખ માણસ અને સોનાના ઈંડા મૂકનાર હંસી.

Foolish (ફુલીશ) મૂર્ખ. A coach (એ કોચ) ગાડી. Set about (સેટ્ ઍબાઉટ્) તૈયાર કરી.
A goose (ગુસ) હંસી. Silly (સીલી) મુર્ખ. To stripe up (ટુ સ્ટ્રાઇપ્ અપ્) ચીરી નાખવું.
Proud (પ્રાઉડ્) મગરૂબ. Rich (રીચ્) ધનવાન. Sharp (શાર્પ્) ચાલાક.

1. A poor foolish man once had a goose which laid golden eggs; and this made him as proud as he could be. 2. "Come come," said he "I may now hold up my head with the best of make the dust fly before me like smoke. 3. "But why did I say in a short time? How silly I am! I shall have only to cut open the goose and then I shall be as rich as a king at once." 4. So he set about it and stripped up the goose the same day; but this was very foolish; for when the poor goose was dead she could not lay any more eggs. 5. Those who covet great riches, are often too sharp for themselves and so become poor.

---

૧. એક ગરીબ મૂર્ખ માણસ પાસે હંસણી હતી જેણી સોનાનાં ઇંડાં મૂકતી અને એથી તે બહુ મગરૂબ થયો. તેણે કહ્યું 'આવો, આવો, હવે હુ મોટા માણસોની સરખામણીમાં આવી જઇશ કેમકે થોડા વખતમાં મારી પાસે બેસવાને ગાડી થશે અને મારા આગળ ધુમાડીની પેઠે ધુળ ઉડશે. "૩. પણ થોડા વખતમા મેં કેમ કીધું? હું કેવો મૂર્ખ છું! મારે ફક્ત હંસીને કાપવી પડશે અને પછી રાજાની માફક એકદમ હું તાલેવંત થઇશ. ૪. આથી તેણે તૈયારી કરી અને હંસણીને તેજ દીવસે ચીરી નાંખી; પણ આ મૂર્ખાઇ હતી; કેમકે જ્યારે હંસણી મરી ગઇ ત્યારે તેણી વધુ ઇંડાં મુકતી બંધ થઇ. ૫. જેઓ ઘણું ધન મેળવવાને લોભ કરે છે તેઓ ઘણીવાર સાહસીક (ચંચળ) હોય છે અને તેથી ગરીબ થઈ જાય છે

Lesson LXIII. પાઠ ૬૩. The Frog and The Bull.

દેડકો અને ગોધો.

Puffed (પફ્ડ) ફુલી ગયું.
Fell (ફેલ) પડયું.
To burst (બર્સ્ટ) ફાટવું.
To strain (સ્ટ્રેઇન) ખેંચવું.
Blew (બ્લ્યુ) ફુંક્યુ.
To swell (સ્વેલ) ઉભરાવું, ફુલાવવું

---

1. A proud frog, who fed in the same field with a bull, had a mind to try if she could swell out her skin till she was as big as he was. 2. "Now for it," said she "let me see what I can do." 3. But her son, who saw what she was about, begged

of her to leave off and try no more: for as he told her, if she were to try for ever, it would be all in vain, and might do her more harm than she could think of. 4. "Harm! you silly young creature," said she; "why, you do not know what I can do, if I try. 5. Do but look at me now, and see how fast I grow; and with that she puffed, and blew, and strained and; swelled till she burst her skin and fell dead on the ground.

---

૧. એક મગરૂબ દેડકો જે એકજ ખેતરમાં એક ગોધા સાથે ખાતો હતો તેનું મન તેની ચામડી તે જેવડો (ગોધો) હતો તેટલી વધારવાનું હતું. ૨. આ માટે તેણે કહ્યું "મને જોવા દો કે તેવા માટે શું કરવું? ૩. પણ તેનો છોકરો જે તે વિષે જાણતો હતો તેણે તેને વિનતી કરી કે તે વાત જવા દો અને વધુ યત્ન કરો નહી; કેમકે તેણે તેને કહ્યું જો તમે કદિ યત્ન કરશો તો તે બધુ ફોકટ જશે અને તમારી ધારણા કરતાં તમને વધુ ઇજા થશે. ૪. ગમે તેમ પણ મારી તર્ફ જુઓ અને હું કેવી રીતે વધું છું તે જુઓ આમ કહી તે ફુલાયો, ફુકાયો, અને જ્યાં સુધી તેની ચામડી તણાઈ ત્યાં સુધી વધ્યો અને છેવટ તે ફાટી ગઇ અને જમીન ઉપર તે મરી ગયો.

Lesson LXIV. પાઠ ૬૪. The Prince and The Prisoners.
રાજા અને કેદી.

A prince (એ પ્રીન્સ્) રાજા.	To rule (ટુ રૂલ્) રાજ્ય ક.
A spite (એ સ્પાઇટ્) અદેખાઈ.	A prisoner (એ પ્રીઝનર્) કેદી.
A chain (એ ચેઇન્) સાંકળ, બેડી.	Guilty (ગીલ્ટી) ગુન્હેગાર.
Visit (વીઝીટ્) મુલાકાત	A wrist (એ રીસ્ટ્) કાંડુ.
Pardon (પાર્ડન્) માફી.	Prison (પ્રીઝન્) કેદખાનુ.
Halt (હૉલ્ટ્) થોભવું.	A crime (એ ક્રાઇમ્) ગુન્હો.

1. There was once a prince who now and then paid a visit to the chief prison in the land over which he ruled. 2. One day he saw in the prison yard five prisoners with chains on their wrists, going to their work. 3. He made them halt before him, and then asked them, one by one, how they came to be in the prison

4. The first man said that he had done no wrong, but that the chief witness against him had told a lie. 5. The second said that the judge who had put him in prison had a spite against him. 6. The third said that he had been found guilty through a mistake. The fourth said that he had been taken for another man. 7. For these reasons they all begged the prince to pardon them. 8. But he turned to the fifth man, and said, "And why are you here?" 9. "Alas" he replied, "I stole a purse, and dare not ask your pardon. 10. Then said the prince, you are not fit to live with such honest men as these, who say that they have done no wrong 11. Turning to the jailor, he said, take off this man's chains, and send him away. He has not added to his crime the sin of telling a lie.

---

૧ એક રાજા હતો તે જે પ્રદેશ ઉપર રાજ્ય કરતો તેના મુખ્ય કેદખાનાની તે વારવાર મુલાકાત લેતો હતો. ૨. એક વખતે તેણે કેદખાનામા કામે જતા પાચ કેદીઓને જોયા. ૩. તેણે તેમને તેના આગળ બોલાવ્યા અને પછી તેમને એક પછી એકને પૂછયુ કે તમે કેવી રીતે કેદખાનામાં આવ્યા. ૪ પહેલા માણસે કહ્યુ તેણે કંઈ ગુન્હો કર્યો નહોતો પણ તેના સામેના મુખ્ય સાક્ષીએ ખોટુ કહ્યુ હતું ૫. બીજાએ કહ્યુ કે જે ન્યાયાધીશે તેને કેદ કર્યો તેની સામા તેને અદેખાઇ હતી ૬. ત્રીજાએ કહ્યું કે ભુલથી તે ગુન્હેગાર ઠર્યો હતો. ચોથાએ કહ્યું કે બીજા માણસના બદલે તે (કેદમાં) આવ્યો હતો ૭ આવા કારણથી તે બધાએ રાજાને માફી બક્ષવા વીનતી કરી ૮. પણ તે પાચમા માણસ તર્ફ વળ્યો અને તેને પૂછયુ કે તે કેમ આવ્યો ? ૯. તેણે જવાબ આપ્યો કે 'અરે ! મેં કોથળી ચોરી અને તેથી માફી માગવાની હીમ્મત કરી શકતો નથી'' ૧૦. આથી રાજાએ કહ્યુ 'આવા પ્રમાણીક માણસો જેઓ કહે છે કે તેઓએ કઇ ગુન્હો કર્યો નથી તેમની સાથે રહેવા તું લાયક નથી.' ૧૧ કેદખાનાના ઉપરી તર્ફ જોઇ તેણે કહ્યુ ''આ માણસની બેડીઓ કાઢી નાખો અને તેને વીદાય કરો. તેણે જુઠુ કહી તેના ગુન્હામાં વધારો કર્યો નથી.

Lesson LXV પાઠ ૬૫. Story of a Parrot પોપટની વાત.

A story (એ સ્ટોરી) વાર્તા. Whistling (વીસ્લીંગ્) સીસોટી વગાડવી.

A cage (એ કેજ્) પાંજરૂં.
A parrot (એ પૅરટ્) પોપટ.
To question (ટુ ક્વેશ્ચન્) સવાલ કર
To throw (ટુ થ્રો) ફેંકવું.
Taught (ટૉટ્) શિખવ્યું.
A market (એ માર્કેટ્) બજાર.
Carried (કૅરીડ) લઈ ગયો.

---

1. A poor man had a parrot. The parrot had been taught to say the words "There is no doubt about it." These words were all he could say, and it might have been heard all day long either whistling a tune, or calling out "There is no doubt about it!" 2. To every question it always gave the same reply—"There is no doubt about it." 3. One day its master went to the market to sell it, who'll buy my parrot? cried he, "Hundred Rupees for my parrot' 4. A man hearing the high price that was asked turned to the Parrot, and said, "Art thou worth hundred Rupees? 5. There is no doubt about it'" was the reply. The man was so pleased, that he bought the bird, and carried it home. 6. Some time after, he was sorry for his bargain. Standing beside the cage of the parrot, he said, "What a fool I was, to throw so much money away'" 7. There is no doubt about it! cried the bird. And this time the parrot was right.

---

૧. એક ગરીબ માણસ પાસે પોપટ હતો; પોપટને 'તેમા કંઇ શક નથી' એ શબ્દો શિખવવામાં આવ્યા હતા. આ શબ્દોજ ફક્ત તે બોલતો—બોલાવતાં કે સીસોટી મારતા તે આખો દીવસ 'તેમાં કંઈ શક નથી, તેમા કંઇ શક નથી' તેજ શબ્દ બોલતો. ૨. દરેક સવાલના જવાબમાં 'તેમા કંઈ શક નથી' તેજ શબ્દ તે બોલતો ૩. એક વખતે તેનો ધણી તેને વેચવા બજારમા ગયો અને બુમ મારવા લાગ્યો કે 'મારા પોપટના સો રૂપિઆ. મારો પોપટ કોણ ખરીદશે ?" ૪. એક માણસ ભારે કીમત માગતો સાંભળી પોપટ તરફ વળ્યો અને કહ્યું "શું તું સો રૂપિઆની કિમતનો છે.' ૫. જવાબમાં 'તેમા કંઈ શક નથી' (તે શબ્દ બોલ્યો) તે માણસ એટલો બધો ખુશ થયો કે તેણે તે પક્ષી ખરીદ્યું અને તે (તેને) ઘેર લઈ ગયો

૬. કેટલાક વખત પછી તેની ખરીદી માટે તે દીલગીર થયો. પોપટના પાંજરા આગળ ઉભો રહીને કહેવા લાગ્યો 'આટલા પૈસા ફેંકી દેવામાં હું કેવો મૂર્ખ હતો ! ૭. 'તેમાં કંઇ શક નથી' પોપટે કહ્યું અને આ વખત પોપટ (તેનું કહેવું) ખરો હતો.

Lesson LXVI. પાઠ ૬૬. The Camel. ઉંટ.

A camel (એ કેમલ઼) ઉંટ.
A traveller (ટ્રાવેલર઼) મુસાફર.
A rock (રૉક઼) ખડક.
A desert (એ ડેઝર્ટ઼) રણ.
Across (ઍક્રૉસ઼) ઉપર થઇને.
Dreary (ડ્રીયરી) ભયંકર.
A sailor (એ સેલર઼) ખારવો.
Wool (વુલ઼) ઉન.
A tree (એ ટ્રી) ઝાડ.
A tract (એ ટ્રૅક્ટ઼) જમીન.
A load (લોડ઼) બોજો.
Crossing (ક્રૉસીંગ઼) ઓળંગીને.
A stream (એ સ્ટ્રીમ઼) ઝરો.
A ship (શીપ઼) વહાણ.
To start (ટુ સ્ટાર્ટ) ઉપડવું.

1. In some parts of the world, there are great tracts of country called *deserts* in these deserts there are no houses no pleasant streams and no trees, 2. Nothing can be seen around, but sand and stones and rocks, as far as the eye can reach. 3. In crossing these dreary deserts, the traveller must take with him every thing that he needs on the way. 4. He must carry enough of food and water to last himself and those who are with him for many days. 5. No horse could carry heavy loads across these great deserts; but God has given to man another animal fitted for work. 6. This animal is the camel. 7. When sailors cross the sea in a ship, the ships must carry everything they need And as the camel has to do the same for its master in the desert, it has been called " the ship of the desert." 8. When the camel is being loaded, it kneels, that its master may put the load on its back ; and when the day's march is over, and the time for rest has come, it kneels again, to have its load taken off. 9. The camel can go without food for a long time; and before it

starts, it drinks enough of water to last it for several days. 10. It is no wonder that the Arab loves his camel, and sings songs in its praise. The horse carries his master, the cow gives him millk, and the sheep gives him wool for clothing. But to the Arab, the camel is all these in one.

---

૧. દુનિયાના કેટલાક ભાગના દેશની ભૂમિનો મોટો ભાગ એવો છે કે જે રણ કહેવાય છે. આ રણમાં ઘર, આનદી ઝરા કે ઝાડ હોતા નથી. ૨. આસપાસ ધુળ, પથ્થર અને ખડક શીવાય બીજું કઇ આપણી નજરે પડે નહીં. આ ભયકર રણ પસાર કરવા માટે (અ ડોળવા) મુસાફરે પોતાની પાસે રસ્તામાં જે કંઈ જોઇએ તે બધું રાખવું જોઇએ. ૪. તેણે પોતાના માટે તેમજ તેની સાથનાના માટે દિવસોના દિવસ ચાલે તેટલો ખોરાક અને પાણી રાખવું જોઈએ ૫. આ રણમાં કોઈ ઘોડો ભારે બોજો ખેંચી શકે નહી; પણ પ્રભુએ આ કામના માટે લાયક બીજું પશુ સરજેલું છે. ૬. આ પશુ (તે) ઉટ છે. ૭. જ્યારે ખારવાઓ વ્હાણ દરિયામા હંકારે છે ત્યારે વ્હાણમાં જે જરૂરનું જોઇએ તે બધુ તે સાથે લઇ જાય છે. અને તેવીજ રીતે ઉંટને તેના ધણીનું રણમા કામ કરવું પડે છે. (અને) તે 'રણના વ્હાણ' તરીકે ઓળખાય છે. ૮. જ્યારે ઉંટ ઉપર ભાર નાખવો હોય છે ત્યારે તે ઘુટણે બેસે છે કેમકે તેનો માલીક તેની પીઠ ઉપર માલ લાદે અને જ્યારે દીવસની કુચ પુરી થાય છે અને આરામ લેવાનો વખત આવે છે ત્યારે તે તેના ઉપરનો ભાર લઇ લેવા ઘુંટણે પાછુ બેસે છે. ૯. ઉટ ઘણો વખત સુધી ખોરાક વિના રહી શકે છે; અને તે ઉપડે છે તે પ્હેલા જોઇએ તેટલું પાણી (તે) પીયે છે કેમકે તે ઘણા દીવસ સુધી (તે શીવાય) રહે. ૧૦. આરબ પોતાના ઉંટને ચહાય છે તેમાં કંઇ અજાયબી નથી અને તેના વખાણના ગીત ગાય છે. ઘોડો તેના ધણીને લઈ જાય છે, ગાય દુધ આપે છે અને ઘેટું લુગડા માટે ઉન આપે છે; પણ આ બધુ આરબને એકલું ઉટમાં મળે છે.

Lesson LXVII પાઠ ૬૭. Lion and the Mouse.

સિંહ અને ઉંદર.

To amuse (ટુ ઍમ્યુઝ્) ગમ્મત કર

To start (સ્ટાર્ટ્) ઉપડવું.

Grateful (ગ્રેટ્ફુલ) આભારી

To awake (ટુ અવેક્) જાગવું.

Rest (રેસ્ટ્) આરામ.

To trust (ટુ ટ્રસ્ટ્) વિશ્વાસ રાખવો.

A Paw (પૉ) પંજો (જાનવરનો)	To Plead (પ્લીડ્) વકીલાત ક૦. [આજીજી ક૦.
To smile (સ્માઈલ્) હસવું.	Idea (આઈડીઆ) વિચાર.
A hole (એ હોલ્) કાણું.	To Catch (કૅચ્) પકડવું.
Net (નેટ્) જાળ.	A rope (એ રોપ્) દોરડું.
A hunter (એ હન્ટર્) શિકારી.	Struggle (સ્ટ્રગલ્) ફાંફાં.
To roar (રોર્) ગર્જના ક૦.	Terror (ટેરર્) ભય.
Sharp (શાર્પ્) તીવ્ર, ચંચળ	Labour (લેબર્) મહેનત.
To gnaw (ન્હૉ) દાંતે કરડવું.	

1 One day as a lion was lying asleep in a forest, some mice began to amuse themselves by running over him. At last they awoke him, and starting up, he laid his paw upon one little thing that could not get away with the rest. 2 The lion was just going to kill the little thing, when it began to plead for its life. It pleaded so hard, that at last the lion let it go, and the grateful mouse said. Noble lion! I trust I may one day be able to repay your kindness to me. 3. The lion smiled at the idea of such a little animal ever being of use to him; and the mouse ran off to its hole. 4. Some time after this, the lion was caught in a strong net made of ropes, that had been spread for him in the forest by some hunters. He struggled in vain to get free and roared with pain and terror. 5. The little mouse heard him and ran to his help. It set to work with its sharp teeth; and at last, after a great deal of labour, it gnawed through the rope and set the lion free.

૧. એક દિવસ જેવો એક સિંહ જંગલમાં સુતો પડયો હતો તેવો તેના ઉપર દોડી કેટલાક ઉંદરો પોતાની મેળે ગમ્મત કરવા લાગ્યા. છેવટે તેઓએ તેને જગાડયો; ઉભા થતાંજ એક નાની ચીજ (ઉંદર) ઉપર તેનો પંજો તેણે મૂકયો જેથી તે બીજાની પેઠે બહાર નીકળી શકયો નહી. ૨. સિંહ (આ) નાના પ્રાણીને તુરતજ મારી ના-

ખતો હતો તેવામાં તેની જીંદગી બચાવવા કેહેવા લાગ્યો. તેણે એટલી બધી આજીજી કરી કે સિંહે છેવટ તેને જતો કર્યો; અને આભારી ઉંદર કહેવા લાગ્યો. "અમીર સિંહ ! હું આશા રાખું છું કે મ્હારા ઉપરની તમારી મહેરબાનીનો બદલો એક દિવસ હું વાળીશ." ૩. આ નાનું પ્રાણી જે તેને ભાગ્યેજ કદી ઉપયોગી થાય એના આવા વિચાર તરફ઼ સિંહ હસ્યો; અને ઉદર તેના દર તરફ઼ દોડી ગયો. ૬. આ પછી કેટલાક વખતે (તે) સિંહ એક દોરડાની જાળ જે તેને પકડવા કેટલાક શિકારીઓએ વનમાં પાથરી હતી તેમા પકડાયો. (તેમાથી) છૂટવા તેણે ફ઼ોકટ ફ઼ાંફ઼ાં માર્યા અને દુઃખ અને ગભરાટમાં ગર્જનાઓ કરી. ૪. નાના ઉંદરે તેને (ગર્જના કરતો) સાંભળ્યો અને તે તેની મદદે આવ્યો. તે તેના બારીક તીક્ષ્ણ દાતથી કામ કરવા લાગ્યો, અને છેવટ કેટલીક મહેનત પછી તેણે દોરડું દાંતે કરડયું અને સિંહને છૂટો કર્યો.

Lseson LXVIII. પાઠ ૬૮. The Bull and The Lion.
ગોધો અને સીંહ.

A side (સાઈડ઼્) બાજુ.	Content (કન્ટેન્ટ઼્) સંતુષ્ટ.
Lasted (લાસ્ટેડ઼્) ટક્યુ.	A match (એ મૅચ઼્) સરખુ.
Presently (પ્રેઝન્ટ્લી) તરતજ.	To strive (સ્ટ્રાઈવ) ફ઼ાંફ઼ા મારવા.
An attack (ઍન ઍટૅક઼્) હુમલો.	A distance (એ ડીસ્ટન્સ઼્) છેડુ.
To whisper (વ્હીસ્પર઼્) કાનમાં કહેવું.	A quarrel (એ ક્વૉરલ઼્) કજીઓ.
A scheme (સ્કીમ઼્) યુક્તિ.	Jealous (જેલસ઼્) ઈર્ષાખોર.
To grow (ટુ ગ્રો) ઉગવું, થવુ.	Cool (કુલ઼્) ઠંડુ.
Downright (ડૌનરાઇટ઼્) પાધરા.	Parted (પાર્ટેડ) છૂટા થયા.
To repent (ટુરીપેન્ટ઼્) પશ્ચિતાપ કરવો.	Folly (ફ઼ૉલી) મૂર્ખાઇ.

1. Four bulls, who were brothers, kept always near each other, and side by side. 2. A lion often saw them and would have been glad in his heart to have made one of them at least his prey. 3. But though he would have been more than a match for them one by one, yet he was afraid to attack them in a body and therefore was content for the present to his distance. 4. At last finding it would be in vain to hope to find them apart

while their love lasted, he strove by hints and whispers to make them jealous of each other and raise a quarrel among them. 5. This scheme turned out so well that the bulls soon began to grow cool and shy, which rose in a short time to downright hatred and at last they parted in good earnest and kept as far out of each other's sight as they could. 6. But they soon had cause to repent of their folly; for the lion, finding that they no longer fed in a body, fell upon them one by one, and made a prey of them with the greatest ease.

૧. ચાર ગોધા જે ભાઇ હતા (તે) તે એક બીજાની જોડે અને સાથે રહેતા. ૨. સિંહ વારંવાર તેમને જોતો, અને તેમાના કાંઈ નહી તો એકનો શિકાર કરવા માટે તેના અંતઃકરણમાં ખુશી પણ થયો હશે. ૩. પણ જોકે તેમનામાંના એક પછી એકના કરતાં તે સરખામણી (સરસાઇમાં) માં વધુ હશે તો પણ તે બધા એક થઈ તેના ઉપર હુમલો કરશે (તેમ ધારી) તે બીતો અને તેટલા માટે તુરતજ તે છેટે રહેવામાં સંતોષી માનતો. ૪. છેવટ જ્યારે જ્યારે (તેને) એમ લાગ્યુ કે તેઓનામા (જ્યાં સુધી) પ્રેમ છે ત્યા સુધી તેઓ છુટા પડવા મુશ્કેલ છે ત્યારે તેણે તેમનામા નીશાનીઓ અને કાનમાં વાતો કહી અદેખાઇ પેદા કરાવી અને તેમનામાં લડાઇ ઉભી કરી. ૫. આ યુક્તિ એટલી બધી સારી નીવડી કે ગોધાઓ તુરતજ શીતળ અને રીકરમંદ થવા લાગ્યા જેથી થોડા વખતમાં તેઓ પાધરા ધીકારથી જોવા લાગ્યા અને છેવટ શાંતરીતે છુટા પડયા અને એક બીજાથી જેટલા દુર રહેવાય તેટલા દૂર રહેવા લાગ્યા. ૬. પણ તેમની ભૂલનો પશ્ચાતાપ તેમને તુરતજ થવાનું કારણ મળ્યું, કેમકે સિંહને જેવું જણાયું કે તેઓ ભેગા ખાતા નથી (તેવોજ) તે તેમના ઉપર એક પછી એક તુટી પડયો અને ઘણીજ સહેલાઈથી તેમનો શિકાર કર્યો.

Lesson LXIX પાઠ ૬૯. Duties of children towards their Parents. છોકરાંઓની માતા પિતા પ્રત્યે ફરજ.

Duty (ડયુટી) ફરજ.
Clothes (ક્લોધ્સ) કપડાં.
To cry (ટુ ક્રાય) રોવું.
A baby (એ બેબી) છોકરૂં.
Parents (પેરેન્ટસ) માબાપ.
A bed (એ બેડ) પથારી.

Since (સીન્સ્) જ્યારથી ત્યારથી.	Instruct (ઇન્સ્ટ્રક્ટ્) શિખવવું.
Pain (પેઇન્) વેદના.	Helpless (હેલ્પલૅસ) નિરાધાર.
Trouble (ટ્રબલ્) મહેનત.	Pity (પીટી) દયા ક૦
To nurse (ટુ નર્સ્) પાલણ્ ક૦.	Health (હેલ્થ્) તંદુરસ્તી.
Proper (પ્રૉપર્) બરાબર.	Comfort (કમ્ફર્ટ્) સુખ.
To assist (ટુએસીસ્ટ્) મદદ ક૦	To suffer (ટુ સફર્) સહન કરવું.

1. Love your father and mother. They love you very dearly and have taken care of you ever since you were born. 2. They loved you and took care of you even when you were poor little helpless babies that could not talk, nor walk about, nor do scarcely anything, but cry and give a great deal of trouble. 3. Who is so kind to you as your parents are ? Who takes so much pains to instruct you ? Who taught you almost everything you know ? 4. Who provides food for you, and clothes, and beds to sleep on at night ? Who is so glad when you are so pleased, and so sorry when you are troubled ? 5. When you are sick and in pain, who pities you, and tenderly waits upon you and nurses you ? Who prays to God to give you health, and strength, and every good thing ? 6. Obey your parents. They know better what is proper for you than you do, and they wish you to be good, wise and happy. 7. If your parents are sick or in trouble do all you can to comfort them If they are poor, work very hard, that you may be able to assist them. Remember how much they have done and suffered for you.

---

૧ તમારા મા અને બાપને ચાહો. તેઓ તમને અતિશય પ્રેમથી ચહાય છે અને તમે જન્મ્યા ત્યારથી તમારી સંભાળ લીધી છે. ૨. જ્યારે તમે ગરીબ નિરાધાર બાળક હતા કે જે વખતે તમે વાત કરી શકતા નહોતા, ચાલી શકતા નહોતા અને બાગ્યેજ રડવા અને મહેનત આપવા શિવાય બીજું કંઇ કરી શકતા ત્યારે તેઓ તમને ચાહતા

અને તમારી સંભાળ લેતા. ૩. તમારા માતા અને પિતા શિવાય બીજું કોણ એટલું માયાળુ છે? તમને શિખવવા આટલી બધી મહેનત કોણ લે છે? (અને) જે તમે જાણો છો તે બધું કોણે શિખવ્યું? ૪. રાત્રે સુવાને પથારી, કપડાં અને ખોરાક તમને કોણ પુરા પાડે છે? અને જ્યારે તમે દુઃખી હોછો ત્યારે પરિતાપ અને ખુશી (સુખી) હોછો ત્યારે આનંદી કોણ હોય છે? ૫ જ્યારે તમે માંદાં અને દુઃખમાં હોછો ત્યારે તમારી કોણ દયા કરે છે અને તમારી કોણ સંભાળ લે છે, પાલણ કરે છે? તમોને તંદુરસ્ત, શક્તિ અને દરેક સારી ચીજ આપવા કોણ પ્રભુની પ્રાર્થના કરે છે? ૬. તમારા માતા પિતાની આજ્ઞા માનો. તમારા માટે સારૂં શું છે તે તમે કરો છો તેના કરતા તેઓ વધારે જાણે છે અને તેઓ તમે સારા, ડાહ્યા અને સુખી થાઓ તે ઈચ્છે છે. ૭ જો તમારા માતા પિતા માંદા અગર દુ:ખમાં હોય તો તેમને સુખ આપવા તમારાથી થાય તેટલો પ્રયત્ન કરો અને જો તેઓ ગરીબ હોય તો તેમને મદદ કરવા બહુ મહેનત કરો. યાદ રાખો કે તમારા માટે તેમણે કેટલું કર્યું છે અને સહ્યું છે?

Lesson LXX પાઠ ૭૦. Filial Piety પુત્ર ધર્મ.

Filial (ફીલીયલ્) માતા પિતા પ્રત્યેનો; સંતાનોચીત
Piety (પાયેટી) ધર્મ.
Flight (ફ્લાઈટ્) દોડવું. (કીમતી
Fire (ફાયર્) આગ.
A shoulder (શોલ્ડર્) ખભો.
Treasure (ટ્રેઝર) ખજાનો.
To admire (ઍડ્માયર્) વખાણવું.
Conduct (કૉન્ડક્ટ્) ચાલ.
Anxious (એન્કશ્યસ્) ચિંતાતુર
To forsake (ટુ ફર્સેક) તજવું.
થી બચાવવું.
To rescue (ટુ રેસ્ક્યુ) દુખમા મદદ ક૦.
Precious (પ્રેશીયસ) કીંમતી.
A flame (એ ફ્લેમ્) ભડકો.
To consume (કન્સ્યુમ્) બળી ખાખ થવું.

---

1. Once upon a timo a great fire broke out in a city, and many houses were in flames. Every one was anxious to save his own property. 2. There were however, in one of these houses, two brothers, whose father and mother both were very old, and unable to save themselves by flight, were in the house trembling with fear. 3 The brother exclaimed, "where shall we find a more precious treasure, than those to whom we owe our very

existence; come let us forsake all our property so that we may but rescue them. Having said thus, one took up his father on his shoulders and the other his mother and brought them through the surrounding flames to a place of safety and thus preserved their lives. 4. Their whole property was consumed, but they were happy in having saved their parents. Their conduct was admired throughout the country.

---

૧. એક શહેરમાં એક વખતે મોટી આગ લાગી અને ઘણાં ઘર બળવા લાગ્યાં. દરેકજણ પોતાની મીલ્કત બચાવવા માટે આતુર હતો. ૨. આ ઘરોમાંના એકમા બે ભાઈ હતા જેના પિતા અને માતા બન્ને બહુ ઘરડાં હતાં અને દોડી પોતાની મેળે બચી શકે તેમ નહોતુ (અને તેથી) ઘરમા ભયના માર્યા ધ્રુજતા હતા. ૩. ભાઈ બોલ્યો 'આપણને વધુ કીમતી ખજાનો કે જે આપણી સ્થીતીને આભારી છે તે કયાં જડશે; ચાલો આપણી બધી મીલ્કત તજી દો અને તેમને વિપત્તિમાથી બચાવીએ' આટલું કહેતાજ એકે તેના બાપને અને બીજાએ તેની માને ખભાપર લીધા અને આસપાસના ભડાકાવાળી જગ્યામાંથી સહી સલામતવાળી જગ્યાપર આણ્યાં અને આમ તેમની જીંદગી બચાવી. ૪. તેમની તમામ મીલ્કત બળી ખાખ થઈ ગઇ પણ તેઓ તેમના માબાપના બચવાથી સંતોષી હતા, તેમની વર્તણુક આખા દેશમાં વખણાઈ હતી.

Lesson LXXI પાઠ ૭૧. God's care for His Creatures.
પ્રભુની તેનાં પ્રાણીઓ માટે કાળજી.

Care (કૅર) કાળજી.	A lamp (એ લૅમ્પ્) દિવો.
A cloud (ક્લાઉડ્) વાદળ.	Dark (ડાર્ક્) અંધારૂ.
To twinkle (ટુ ટ્વીન્કલ્) ટકટક ક૦	Quiet (ક્વાયૅટ્) શાંત.
Bright (બ્રાઈટ્) પ્રકાશીત	To watch (ટુ વૉચ્) સભાળ લેવી.
Close (ક્લોઝ્) પાસે.	To shine (ટુ શાઈન્) પ્રકાશવું.
Family (ફૅમીલી) કુટુંબ.	To Protect (ટુ પ્રોટેક્ટ્) રક્ષણ ક૦.

---

1. There is an eye that never sleep-eth; there is an eye that se-eth in the dark night as well as in the bright sun-shine. When

there is no light of the Sun nor of the moon; when there is no lamp in the house; when there is no star twinkling through the thick clouds: that eye se-eth in all parts and watcheth at all times over all the families in the world. 2. The eye that sleepeth not is God's; his hand is always over and around us. He made sleep to refresh us when we are faint; he made night that we might sleep in quiet. Ye that are spent with toil, and children and each humming insect, sleep in stillness, for God watcheth over you. You may sleep, for He nevor sleeps; you may close oyur eyes in peace, for His eye is always open to protect you.

---

૧. એક આંખ છે કે જે કદી ઉંઘતી નથી, એક આંખ છે કે જે અંધારી રાત્રે તેમજ ઉજ્વલ સૂર્યના પ્રકાશમાં જોઈ શકે છે જ્યારે સૂર્યનો પ્રકાશ હોતો નથી કે ચંદ્રનો જ્યારે ઘરમાં દિવો હોતો નથી, વાદળાના લીધે જ્યારે કોઈ તારો ટકટક કરી રહ્યો હોતો નથી ત્યારે તે આખ બધા ભાગમાં દેખે છે અને દુનિયાના બધા કુટુંબોની સંભાળ લે છે. ૨. જે આંખ ઉંઘતી નથી તે પ્રભુ છે; તેનો હાથ હમેશાં આપણા ઉપર અને આપણી આસપાસ છે; જ્યારે આપણે થાકી જઇએ છીયે ત્યારે આરામના માટે તેણે ઉંઘ કરી; શાંન્તીથી ઉંઘીએ તે માટે તેણે રાત કરી; જેઓ મહેનત અને છોકરાઓ અને દરેક ગણગણુતા જીવડાથી થાકી ગયા છે તેઓ આરામમા ઉંઘે છે કેમકે પ્રભુ તમારી સંભાળ લેછે તમો ઉંઘો પણ તે કદી ઉંઘતો નથી; તમે નીરાંતે તમારી આંખ બંધ કરો પણ તેની આખ તમારા રક્ષણ માટે હમેશાં ખુલ્લી છે.

Lesson LXXII પાઠ ૭૨. A Good Boy એક સારો છોકરો.

Age (એજ્) ઉમ્મર.	To learn (ટુ લર્ન) શિખવું.
A creature (એ ક્રીચર્) પ્રાણી.	Fond (ફોન્ડ્)
A Lesson (એ લેસન્) પાઠ.	A class (એ ક્લાસ્) વર્ગ.

---

1. I will tell you of a good boy. Ranchhod is a boy of about ten years of age. He is good and kind to all, and does what he is told to do. He never quarrels with his brothers and sisters,

but is always kind to them. 2. The boys, who read in the same class with him, are all fond of him. He never takes anything which is not his own and always speaks the truth. 3. He is kind to the poor. He does not hurt birds or beasts, but is kind to all creatures. He learns his lessons well and never does anything which his master or his parents tell him not to do.

૧, એક સારા છોકરા માટે હું તમને કહીશ. રણછોડ કરીને આશરે દસ વરસની ઉમ્મરનો એક છોકરો છે. તે સારો અને સઘળા પ્રત્યે માયાળુ છે, અને જે તેને કરવાનું કહીએ છીએ તે કરે છે. તે કદી તેના ભાઈ બ્હેન સાથે કજીઆ કરતો નથી પણ તેમના પ્રત્યે તે હંમેશા માયાળુ છે. ૨. જે વર્ગમાં તે ભણે છે તેની સાથના છોકરાઓ તેને બહુ ચાહે છે. તે પોતા(ની ચીજ)નું નથી તે કદી લેતો નથી અને હમેશાં સાચું બોલે છે, ગરીબ પ્રત્યે તે દયાળુ છે. તે પક્ષી કે પશુને ઇજા કરતો નથી પણ સઘળા પ્રાણીઓ પ્રત્યે માયાળુ છે. તેના પાઠ સારી રીતે ભણે છે અને જે તેના મહેતાજી કે માતા-પિતા કરવાની ના કહે છે (તે) કદી કરતો નથી.

Lesson LXXIII. પાઠ ૭૩. A Good Thought.
એક સારો વિચાર.

Thought (થૉટ્) વિચાર	An owner (ઍન્ ઓનર્.) માલીક.
A Right (એ રાઈટ્) હક.	Certain (સર્ટન્) અમુક.
To claim (ટુ ક્લેઇમ્) દાવો ક	Puzzling (પઝ્લીંગ્) ગુચવણીયુ.

---

1. In a certain school, a boy once found a rupee in the play ground and took it to his master. 2. It was held up for an owner but no body came forward to claim it. What are we then to do with it. Said the master "Keep it, sir; keep it" was the reply, Why should I keep it. I have no more right to it than any body else here. 3. This was very puzzling to all. A little boy of about seven years stood up and said "Give it to a poor man, sir." All the boys liked the thought and the master approved of it. The rupee was then given to a poor Brahman.

---

૧. અમુક નિશાળમા એક છોકરાને રમતના મેદાનમાથી એક વખત એક રૂપિયો જડયો અને તે (તે) તેના માસ્તર પાસે લઇ ગયો. ૨. ધણીની શોધમાં તે રાખી મુકવામાં આવ્યો હતો પણ તેનો દાવો કરવા કોઇ આવ્યું નહીં. માસ્તરે કહ્યું 'ત્યારે હવે તેનું આપણે શું કરવું?' તે રાખો સાહેબ તે રાખો (એવો) જવાબ મળ્યો. મારે તે શા માટે રાખવો? અહીં (ઉભેલા) કોઇપણ માણસ કરતાં તે રાખવાનો મારો વધુ હક નથી. ૩. આ બધાઓને ગુંચવણ પડતી હતી. એક નાનો સાત વરસનો છોકરો ઉભો થયો અને (તેણે) કહ્યું કે 'સાહેબ, તે ગરીબ માણસને આપો.' બધા છોકરાઓને આ વિચાર પસંદ પડયો અને માસ્તરે તે કબુલ રાખ્યુ રૂપિયો પછી એક ગરીબ બ્રાહ્મણને આપવામા આવ્યો હતો.

Lesson LXXIV. પાઠ ૭૪. Useful Advice. ઉપયોગી સલાહ.

An advice (ઍડ્વાઇસ્) સલાહ.
To endeavour (ટુ એન્ડેવર્) પ્રયત્ન ક૦
A Story (એ સ્ટોરી) વાત.
Untruth (અનટ્રુથ) જુઠ, અસત્ય
To invent (ટુઇન્વૅન્ટ્) નવું બનાવવું.
Consider (કન્સીડર્) વિચારવું.
Relating (રીલેટીંગ્) વર્ણન ક૦.
Prettier (પ્રિટીઅર્) વધારે સુંદર
To hide (ટુ હાઇડ્) સતાડવું

1. Never tell an untruth. When you are relating any thing that you have seen, or heard, endeavour to tell it exactly as you saw or heard it. 2. Do not alter, or invent any part. to make the story pretteir: if you have forgotten any part say that you have forgotten it. 3. Consider well before you make a promise If you say you will do a thing, and you do it not no one will trust or believe you. No persons are trusted, or believed, but those who keep their promise, and speak the truth. 4. When you have done a wrong or careless action, do not deny it even if you are likely to be punished for it. 5. If you do anything wrong and are sorry for it and do so no more, people will very seldom be angry with you, or punish you. 9. They will love you for speaking the truth, they will think that they may always believe what you say, since they find you will not tell a lie, even to hide a fault, or to prevent yourself from being punished.

૧. કદિ જુઠું બોલતા નહી. જ્યારે તમે કંઈ જોયેલી કે સાંભળેલીજ ચીજ વિષે કહો (વર્ણન કરો) ત્યારે તમે જે પ્રમાણે તે જોયુ અગર સાંભળ્યુ હોય તે પ્રમાણે બરોબર કહેવાનો યત્ન કરો. ૨. વાર્તા રસીક કરવા માટે (કંઇ) બદલતાં નહી અગર કઇ નવો ભાગ બનાવતા નહી. ૩. તમે (કંઇ) ચીજ કરવાની કહેશો અને તે તમો કરશો નહી તો તમારો કોઇ ભરૂસો નહી રાખે તેમજ (તમારૂ) માનશે નહી. જે પોતાનું વચન પાળે છે અને સાચુ કહેછે તેના શિવાય બીજાનો કોઇ ભરોસો કે વિશ્વાસ રાખવું નથી. ૪. જ્યારે તમે કંઈ ખોટું અગર બેદરકારીભર્યું કામ કર્યું હોય ત્યારે જો તમને તે માટે શિક્ષા થવાનો સંભવ હોય (તો પણ) તેનો ઇન્કાર કરતા નહી ૫. જો તમે કંઈ ખોટુ કરો અને તેના માટે દીલગીરી થાઓ અને વધુ તેમ કરો નહી તો લોક ભાગ્યેજ તમારા ઉપર ગુસ્સે થશે અથવા તમને શિક્ષા કરશે. ૬. સાચુ કહેવા માટે તેઓ તમને ચાહશે. જ્યાં સુધી તેઓને જણાશે કે ગુન્હો છુપાવવાને કે તમને પોતાને શિક્ષા થતી અટકાવા માટે પણ તમે જુઠુ બોલતા નથી ત્યાં સુધી તમે જે કહેશો તે તેઓ હમેશા માનશે. એવું તેઓ ધારશે

Lesson LXXV. પાઠ ૭૫. Moral Precepts. નીતિવચન.

Moral (મૉરલ) નીતિવાન.
Concern (કન્સર્ન) સબંધ.
Wisdom (વિઝ્ડમ્) ડહાપણ.
A minute (મીનીટ્) પળ.
Wit (વીટ્) બુદ્ધિ.
To spend (ટુ સ્પેન્ડ્) ગુમાવવું.
A precept (એ પ્રીસૅપ્ટ્) આજ્ઞા.
A secret (સીક્રેટ્) છુપી વાત.
Modesty (મૉડેસ્ટી) વિનય.

---

1. Wish not so much to live long, as to live well. Since you are not sure of a minute, throw not away an hour. Your life will soon be gone, therefore spend it well. 2. Drive your business, If not your business will drive you. If you have wit and learning, have wisdom and modesty also. 3. Be not concerned with what does not concern you. If you wish to be safe, speak ill of none.

Give to those who are needy and thankful, more than they ask. 5 Praise others, and not yourself. Know the secrets of your own concerns, but look not after those of others.

૧. સારી રીતે જીવવા કરતાં વધુ જીવવાની ઈચ્છા કરતા નહી. જ્યારે તમને પં-ળનો ભરૂસો નથી ત્યારે કલાક ગુમાવતા નહીં, તમારી જીદગી જલ્દી ચાલી જશે તે-ટલા માટે તેનો સારી રિતે ઉપયોગ કરો. ૨. તમારૂ કામ કરી નાખો. તમારૂ કામ તમને હઠાવે નહી તમારામાં બુદ્ધિ અને વિદ્યા હોય તો વળી જ્ઞાન અને વિનય રાખો. ૩. તમારી સાથે જે સંબંધ રાખતુ નથી તેમા (તમે) ગુંચવતા નહી (સબધ કરતા નહીં). જો તમારે સહીસલામત રહેવું હોય તો કોઇનું બુંડું બોલતા નહી ૪. જે-ઓ ગરીબ અને આભારી છે તેમને તેમના માગ્યા કરતા વધુ આપો. બીજાને વ-ખાણો પણ તમારા પોતાને નહીં. તમારા પોતાના સબધની છુપી વાત જાણો પણ બીજાનુ (રહસ્ય) જોતા નહી.

Lesson LXXVI. પાઠ ૭૬. નીતિવચન ભાગ ૨.

A company (કમ્પની) મંડળી.
Virtue (વર્ચ્યુ) સદ્ગુણ.
To desire (ટુ ડીઝાયર્) ઇચ્છા ક.
A loss (લૉસ્) ખોટ.
To search (સર્ચ) શોધવું
To Retrieve (રીટ્રીવ) પુરૂ પાડવું.
To avoid (ટુ ઍવોઈડ્) તજવું.
Vice (વાઇસ્) દુર્ગુણ.
Pity (પીટી) દયા.

Better to be alone than in bad company.

Displease none, if you can avoid it.

Make a proper use of your time, for the loss of it cannot be retrieved

First deserve, and then desire.

Love all, hate none.

Be silent, or speak something that is good, for speech is silver, but silence is gold.

Consider long before you do what you can do but once.

Spare when you are young; and spend when you are old.

Search others for their virtues, and yourself for your vices.

Do every thing well, that you may not have to do it twice.

ખરાબ મંડળીમાં રહ્યા કરતાં એકલા રહેવું વધારે સારૂં છે.

જો તમારાથી બની શકે તો કોઇને નારાજ કરતા નહીં.

તમારા વખતનો બરોબર ઉપયોગ કરો, કેમકે તેની ખોટ પુરી પાડી શકાતી નથી.

પ્હેલા લાયક થાઓ અને પછી ઈચ્છા કરો.

બધાને ચ્હાઓ, કોઈને ધિક્કારો નહીં.

ચુપ રહો અગર કંઇ સારૂ હોય તે કહો; કેમકે બોલી રૂપુ છે અને ચુપકી સોનું છે.

જે તમે કરી શકો અને તે માત્ર એકજ વખત તે કરવા પ્હેલાં લાબો વિચાર કરો.

તમારી જુવાનીમા બચાવો; અને તમારા ઘડપણમાં વાપરો.

બીજાઓની તેમના સદ્‌ગુણ માટે શોધ કરો અને તમારા દુર્ગુણ માટે તમારી પોતાની શોધ કરો.

દરેક ચીજ સારી કરો, જેથી તે તમારે બીજીવાર કરવી ન પડે.

Lesson LXXVII પાઠ ૭૭. God is the Parent of All.

પ્રભુ સૌનો માબાપ છે.

To bring up (ટુ બ્રીંગ્ અપ્) ઉચ્છેરવું.

A crown (એ ક્રાઉન્) મુગટ

Tender (ટેન્ડર્) કોમળ

To nourish (ટુ નરીશ્) પોષણ ક૦.

A sovereign (સોવરીઇન્) રાજા; મ્હોર—સોનાના સીક્કા.

Royal (રૉયલ્) રાજકિય

To nurse (નર્સ્) માવજત ક૦

A knee (ની) ઘુટણ.

A sceptre (એ સેપ્ટર) દંડ.

To guard (ગાર્ડ) રક્ષણ ક૦

Dominion (ડોમીનીયન્) રાજ્ય.

Lord (લૉર્ડ) પ્રભુ.

The mother loveth her little child; she bringeth it up on her knee; she nourisheth its body with food; she feeds its mind with knowledge: if it is sick, she nurses it with tender love; she watches over it when asleep; she forgets it not for a moment: she teaches it how to be good: she rejoices daily in its growth.

But who is the parent of the mother? Who nourishes her with good things, and watches over her with tender love?

Whose arms are about her, to guard her from harm? and if she is sick, who will heal her.

God is the Parent of the mother; He is the parent of All, for He created all. All men, and all women, who are alive in this wide world; are his children; He loves all; He is good to all.

The king governs his people: he has a golden crown upon his head, and the royal sceptre is in his hand; he sits upon a throne, and sends forth his commands: his subjects fear him: if they do well, he protects them from danger; and if they do evil, he punishes them.

But who is the Sovereign of the king? Who commandeth him what he must do? Whose hand is stretched out to protect him from danger? And if he does evil, who shall punish him?

God is the Sovereign of the king; His crown is of rays of light, and his throne is above the stars. He is King of kings and Lord of lords: If He biddeth us live, we live; and if He biddeth us die; We die. His dominion is over all the world, and His eye is upon all his works.

God is our Father, therefore we will love Him: God is our King therefore we will obey him

---

માતા પોતાના બાળકને ચાહે છે, તેણી તેણીની ઘુંટણ પર તે ઉછેરે છે; તેના પેટને તેણી ખોરાકથી પોષણ કરે છે, તેના મનને તે જ્ઞાનથી ભરે છે; જો તે માંદુ થાય તો તેણી તેની બહુજ પ્રેમથી ચાકરી કરે છે; જ્યારે ને ઉંઘી જાય છે ત્યારે તે તેની સંભાળ લે છે; એક પળ પણ તેની તેને કેવી રીતે સારા થવું તે શિખવે છે, તેના મોટા થવામાં તેણી હમેશાં આનંદ માને છે

પણ માતાનું મૂળ (પીતા) કોણ છે? તેને સારી ચીજોથી કોણ પોષે છે અને નમ્ર પ્રેમથી તેની કોણ સભાળ લે છે? તેને ઈજા થવામાંથી બચાવવા માટે તેની આસપાસ કોના હાથ છે? અને જો તે માંદી થાય તો તેને કોણ આરામ કરે છે?

માતાનો મૂળ (પિતા) પ્રભુ છે; તે બધાનો પિતા છે કેમકે તણે બધાને પેદા

ર્ક્યા. બધા પુરૂષો અને બધી સ્રીઓ જે આ બહોળા જગત્માં હયાત છે તે બધાં તેનાં છોકરાં છે. તે બધાને ચ્હાય છે; તે બધા પ્રત્યે ભલો છે.

રાજા તેની પ્રજાપર રાજ્ય કરે છે. તેના માથાપર સોનેરી મુગટ હોય છે અને તેના હાથમાં રાજ્યદંડ હોય છે; તે તખ્ત ઉપર બેસે છે અને તેની આજ્ઞાઓ (હુકમ) મોકલાવે છે; તેની રૈયત તેનાથી બીહે છે. તેઓ જો સારૂ કરે તો તેમને ભયમાંથી બચાવે છે; અને જો તેઓ પાપ કરે (ગુન્હો કરે) તો તેમને તે શિક્ષા કરે છે.

પણ રાજાનો રાજા કોણ છે? તેણે શું કરવું તેની આજ્ઞા તેને કોણ કરે છે? તેને ભયમાંથી બચાવવા કોનો હાથ લંબાય છે? અને જો તે ગુન્હો કરે તો તેને કોણ શિક્ષા કરશે?

રાજાનો રાજા પ્રભુ છે; તેનું મુખ પ્રકાશના કિરણોનું છે, અને તેનુ તખ્ત તારાઓ ઉપર છે. તે રાજાઓનો રાજા અને મહારાજાઓનો મહારાજા છે; જો તે આપણને જીવવા ફરમાવે તો આપણે જીવીએ છીએ; અને જો આપણને મરવા ફરમાવે તો આપણે મરીએ છીએ; તેનું રાજ્ય આખી દુનિયા પર છે અને તેના તમામ કામોપર તેની દૃષ્ટિ છે.

પ્રભુ આપણો પિતા છે, તેટલા માટે તેને આપણે ચાહીશું; પ્રભુ આપણો રાજા છે અને તેટલા માટે આપણે તેની આજ્ઞા માનીશુ.

Lesson LXXVIII. પાઠ ૭૮. The Dog and the Shadow,
કુતરો અને પડછાયો.

A shadow (શૅડો) છાયો	A desire (ડીઝાયર) ઇચ્છા.
A portion (એ પોર્શન્) ભાગ.	A piece (એ પીસ્) કકડો.
Snapped (સ્નૅપ્ડ) તલપ મારી.	Lawful (લૉફુલ્) કાયદેસર
Greedy (ગ્રીડી) લોભી.	A reflection (રીફ્લૅક્શન્) પ્રતિબીમ્બ.
Covetous (કવેટસ્) લોભી.	

As a dog was crossing a river with a piece of bread in his mouth, he saw, as he thought, another dog under the water with a piece of bread in his mouth From a greedy desire to get the other dog's portion, and without considering that what he saw was only the reflection of himself he snapped at the shadow, and lost the substance.

Covetous men often lose their all, by unlawful attempts to gain more.

જેવો એક કુતરો તેના મોઢામાં રોટલાનો ટુકડો લઇ નદી ઓળંગતો હતો તેવો તેણે ધાર્યું કે તે પાણી નીચે બીજો કુતરો છે તેના મોઢામાં રોટલાનો કડકો બીજા કુતરાનો ભાગ લેવાના લોભી વિચારથી અને જે દેખાતું હતું તે ફક્ત તેના પોતાનું પ્રતિબીંબ હતું તેનો વિચાર કર્યા શિવાય તે છાયા તર્ફ તલપ મારી અને ચીજ (રોટલાનો ટુકડો) ખોઈ બેઠો.

લોભિયા માણસ ઘણી વખત વધુ કમાવવાની ખાતર ગેરકાયદેસર મતી કરવાથી પોતાનું બધુ ખોઇ બેસે છે.

Lesson LXXIX. પાઠ ૭૯. The Lion and the Ass. સિંહ અને ગધેડું.

An ass (એન ઍસ્) ગધેડું.
To mock (ટુ મૉક્) મશ્કરી ક૦.
Insult (ઈન્સલ્ટ્) અપમાન.
Impertinent (ઇમ્પરટીનન્ટ્) ઉદ્ધત.
Vulgar (વલ્ગર્) નીચ.
To jeer (ટુ જીયર્) મશ્કરી ક૦.
Dignity (ડીગ્નીટી) મોટાઈ.
Bray (બ્રે) ભુકવું.

An ass was once so impertinent as to mock and bray at a lion The lion at first thought of punishing the ass for this insult; but, upon second thought he said " Well jeer on, and be an ass still. "

It is beneath the dignity of great minds to trouble themselves about the petty insulting remarks of the vulgar.

એક ગધેડું એક વખત એવું ઉદ્ધત થયુ હતુ કે તે સિંહ આગળ ભુકતું અને મશ્કરી કરતું. સિહે પ્રથમ ગધેડાને તેના અપમાન માટે શિક્ષા કરવાનું વિચાર્યું પણ બીજા વિચારે તેણે કહ્યુ 'ભલે મશ્કરી કરે. એને હજુ ગદ્ધા થવા દે.'

હલકા લોકની નાની અપમાન રૂપ ટિકાઓ માટે તેમને શિક્ષા કરવી તે મોટા માણસો (મન)ની મોટાઇ બ્હાર છે.

Lesson LXXX. પાઠ ૮૦ The Stars.

Darkness (ડાર્કનેસ્) અંધાર.
A bow (એ બો) ધનુષ્ય.
Mild (માઇલ્ડ્) કોમળ.
Horn (હૉર્ન્) શીંગડું.
To shed (ટુ શેડ્) પાડવું.
A shore (એ શૉર્) કિનારો.

The sun is set. The day is at an end. The darkness of the night is now gathering fast around us.

The houses, the trees, the cattle are lost to our view. The labourers have all left the fields. All have gone to their homes.

Now, look, how the moon bends her bright horns like a silver bow and sheds her mild light on all around.

See how the stars one by one appear in the deep blue sky. They are more than you can count, like the sand on the sea shore.

Each of these bright stars is a great world much larger than the earth on which we live. As they are very far off they look so small.

સૂર્ય આથમ્યો છે. દીવસનો છેડો આવ્યો છે. રાત્રીનુ અંધારૂ આપણી આસપાસ એકદમ એકઠુ થવા લાગ્યુ છે.

ઘર, ઝાડ, ઢોર આપણી નજરે દેખાતાં નથી. મજુરો બધા ખેતર છોડી ગયા છે. બધા તેમના ઘેર ગયા છે

હવે જુઓ ચંદ્રમા પોતાનાં પ્રકાશીત શીંગડા કેવી રીતે રૂપેરી ધનુષ્યની માફક વાળે છ એને બધાની આસપાસ નિર્મળ અજવાળું પાડે છે.

ઘેરા આસ્માનમાં જુઓ તારા કેવી રીતે એક પછી એક દેખાય છે તમે ગણી શકો તે કરતા ને દરિઆ કિનારાની રેતી કરતા વધુ છે (અગણિત છે.)

આ પ્રકાશીત તારામાનો દરેક આપણે જે પૃથ્વિપર રહીએ છીએ તેના કરતાં પણ મોટો છે તેઓ ઘણા દુર છે તેથી તેઓ નાના દેખાય છે

Lesson LXXXI પાઠ ૮૧. Brothers and Sisters.

ભાઇ અને બ્હેન.

To tease (ટુ ટીઝ્) ચીઢવવું.	A share (એ શૅર્) ભાગ,
Peace (પીસ્) શાંતિ.	To vex (ટુ વેકસ્) ચીઢવવું.
To grieve (ટુ ગ્રીવ્) દુ:ખી થવું.	Harmony (હારમની) મેળાપ-સંપ.

Love your brothers and sisters. Do not tease nor vex them

nor call their names; and never let your little hands be raised to strike them.

If they have anything which you would like to have, do not be angry with shem, or wish to take it from them. If you have anything they like, share it with them.

Your parents grieve when they see you quarrel: they love you and wish you to love one another, and to live in piece and harmony.

People will not speak or think well of you and the Lord, God will be angry, if you do not behave well to your parents, and to your brothers and sisters. You should therefore respect your parents and love your brothers and sisters.

તમારા ભાઈ બ્હેનને ચ્હાઓ. તેમને ચીઢવતા નહી કે ગુસ્સે કરતા નહી તેમજ તેમના નામ પાડતા નહીં; અને તમારા નાના હાથ તેમને મારવા કદી ઉંચા કરતા નહીં.

જો તેમની પાસે કઇ હોય (અને) તે તમે લેવા માગતા હો તો તેમની સાથે ગુસ્સે થતા નહીં અથવા તેમની પાસેથી લેવા ઈચ્છતા નહી. જો તમારી પાસે કઇ હોય (જે) તેઓ ચ્હાતા હોય તો તેમની સાથે તેનો ભાગ કરો

તમારા માબાપ જ્યારે તમને લઢતાં જુએ છે ત્યારે તે દુઃખી થાય છે; તેઓ તમને ચ્હાય છે અને ઇચ્છે છે કે તમે એક બીજાને ચ્હાઓ અને સલ્હાસપથી અને હળી મળીને રહો.

તમારા માબાપ પ્રત્યે અને ભાઈ બ્હેન પ્રત્યે જો તમે સારી રીતે નહી વર્તો તો લોક તમારૂં સારૂં નહીં બોલે તેમજ તમારા વિષે સારો બિચાર નહી કરે અને મોહા પ્રભુ તમારા પર ગુસ્સે થશે. તમારે તેટલા માટે તમારા માતા પિતાને માન આપવું અને તમારાં ભાઈ બ્હેનને ચ્હાવું જોઇએ.

Lesson LXXXII. પાઠ ૮૨. The Tiger. વાઘ.

A tiger (એ ટાઇગર્) વાઘ. A bracelet (એ બ્રેસલેટ્) કંકણ.
To wade (ટુ વેડ્) પાણીમાં જવું. To wash (ટુ વૉશ) ધોવું.
A traveller (એ ટ્રાવેલર્) મુસાફર. Miro (માયર્) કાદવ.

One day an old tiger went to wash himself in a tank and there found a golden bracelet.

To the travellers who happened to pass by the tiger called out, and said " come and take this golden bracelet. "

An old Brahman, who was passing by became very eager to have the bracelet, but hesitated to risk his life in securing it. The tiger perceived this and assured him that he hed given up his old habit of killing men or animals. Thereupon the Brahman threw off his clothes, and began to wade in the tank.

He had not gone many steps, however when he fell into the deep mire which bordered the tank and out of which he could not escape The tiger then fell upon him and devoured him.

એક દીવસે એક ઘરડો વાઘ (ન્હાવા સારૂ) તળાવમાં ગયો અને ત્યા (તેને) સોનાનું કંકણ્ જડ્યું.

જે મુસાફર વાઘની પાસે થઇ જતા હતા તેને (તે) બોલાવતો (અને) કહેતો કે ' આવો અને આ સોનાનું કંકણ્ લઈ જાઓ '

એક ઘરડો બ્રાહ્મણ્ જે પાસે થઇ જતો હતો તે કંકણ લેવા માટે આતુર (લાલચુ) થયો પણ તે લેતા પોતાની જીંદગી જોખમમા નાખવા (ના વિચારથી) તે જરા થોભ્યો. વાઘે આ જોયું અને તેને ખાત્રી આપીને કહ્યુ કે માણસ અને પશુને મારી નાંખવાની મારી જુની ટેવ મે મુકી દીધી છે. આથી બ્રાહ્મણે પોતાનાં લુગડાં ઉતર્યા અને તળાવમા ચાલવા માંડ્યુ.

તે દુર ગયો નહી તેટલામા તે તળાવના કીનારા આગળના કાદવમા પડ્યો અને તેમાથી તે નીકળ્યો નહી. એટલામાં વાઘ તેના ઉપર તુટી પડયો અને તેને ફાડી ખાધો.

Lesson LXXXIII. પાઠ ૮૩. The Hare and Tortoise.

સસલુ અને કાચબો.

A hare (એ હૅર્) સસલુ.

Set out (સેટ્ આઉટ્) નીકળ્યો.

Tired (ટાયર્ડ) થાકી ગયેલો.

A tortoise (એ ટૉરટૉઇઝ્) કાચબો.

A lake (એ લેક) સરોવર.
A pace (એ પેસ) પગલું.
To frisk (ટુ ફ્રીસ્ક) ઠેકડા મારવા.
Presently (પ્રેઝન્ટલી) તુરતજ.
Goal (ગોલ) ધારેલી જગા. લક્ષ્યબિન્દુ.
To crawl (ટુ ક્રાઉલ) ચાલવું. ધીરે ધીરે ચાલવું.
To beat (ટુ બીટ) મારવું.
A race (એ રેસ) જાત.

A Hare jeered at a Tortoise for the slowness of his pace. But he laughed and said that he would run against her and beat her any day she would name. "Come on" said the hare and they set out at once for a lake a few miles off.

The hare frisked on and off the road, sometimes running across a field and back again. The tortoise moved slowly along the road.

The hare presently said to the tortoise, "Good bye friend;" I cannot walk your pace. I shall get to the tank some hours before you and away tripped the hare

But after a time he was tired of running about, so he lay down, and fell fast asleep.

The tortoise did his best to gain the day. He crawled along and reached the lake while the hare slept suddenly.

When the hare awoke, he looked about to see if the tortoise was coming. But, Ho! the tortoise had passed him long ago, and had already reached the goal.

Slow and steady wins the race.

કાચબાની ધીમી ચાલ માટે સસલાએ (તેની) મશ્કરી કરી, પણ તે હસ્યો અને કહ્યું કે તું કહીશ તે દીવસે તારી આગળ ચાલી તને હરાવીશ. સસલાએ કહ્યું ચાલો અને તેઓ થોડે મૈલ દુર આવેલા સરોવર તર્ફ ચાલ્યા.

રસ્તા ઉપર અહીં તહીં સસલુ ઠેકડા મારવા લાગ્યું કેટલીક વખત ખેતરોમાં થઈ દોડતુ અને પાછું આવતું. કાચબો હળવે હળવે રસ્તે ચાલ્યો.

તુરતજ સસલાએ કાચબાને કહ્યું મિત્ર, છેલ્લી સલામ; હું તમારી ચાલ ચાલી શકતો નથી, તમારા પ્હેલાં થોડા કલાક અગાઉ હું તળાવે પહોંચીશ."

પણ વખત ગયે આમતેમ દોડતાં તે થાકી ગયો તેથી તે સુઇ ગયો અને ભર ઉંઘમાં પડયો.

સરત જીતવા માટે કાચબાએ પોતાનાથી બનતો પ્રયત્ન કર્યો તે પેટ ચાલ્યો અને સરોવરે પહોચ્યો જ્યારે સસલુ નીરાંતે ઉંધ્યું.

જ્યારે સસલું જાગ્યુ ત્યારે તેને આસપાસ જોયું કે કદાચ કાચબો આવે છ. પણ અરે! કાચબો ક્યારનોએ તેની પાસે થઈ ગયો હતો અને ક્યારનોએ ધારેલી જગ્યાએ પહોંચ્યો હતો.

ધીમા ને દૃઢ શરત જીતે છે.

Lesson LXXXIV. પાઠ ૮૪. The Father and His Son.

પિતા અને તેનો પુત્ર.

Honest (ઑનેસ્ટ્) પ્રમાણીક.	A bundle (બન્ડલ્) ભારો.
To bend (બેન્ડ્) વાળવું.	Industrious (ઇન્ડસ્ટ્રીયસ્) ઉદ્યોગી.
To break (બ્રેક્) ભાગવું. સ્થિતિ.	A stick (એ સ્ટીક્) કાળી લાકડી.
Separate (સેપરેટ્) જુદી.	Condition (કન્ડીશન્) સ્થીતિ.
Divide (ડીવાઇડ્) જ્હેચવું.	

એથી મારૂં કામ નહીં પતે.	That won't serve my purpose.
કાલે બેલીફ સમન્સ આપી ગયો.	The baliff served a summons yesterday.
હું તેને બરોબર દેખાડીશ.	I will serve him out.
તેણે મુંબાઇમાં એક દુકાન ઉઘાડી છે	He has set up a shop in Bombay.
રસ્તે જતાં કજીઆ વ્હોરવા.	To quarrel with one's own shadow.
ધ્યાન આપો.	Look sharp.
મારી પાસે પૈસા ખુટયા છે.	I am short of money.
વાત ટુંકી કરો.	Cut the matter short
ફોકટના ફાંફા મારવા.	To make a silk purse.
મુછમાં હસવું.	To laugh in one's sleeve.
તે બહુ ધીમો છે.	He is a slow coach.
એમાં આપણને ફાયદો છે.	It stands us in hand.
હાલ તમારો દહાડો ચઢતો છે.	Your star is in the ascendant.
વકીલ પોતાના ઘરાકને ખુબ નીચોવે છે.	Lawyers sweat their clients.
કુતરો ફરીને નાઠો.	The dog turned tail.
તે ઠગાઈ ગયો.	He was taken in.
તમારો ડગલો ઉતારો.	Take off your coat.
દવાથી કંઈ ફાયદો થયો નહિ.	The medicine did not take effect.
મારી શિખામણ તે શું નકામી ?	How did he take my advice ?
હું તેને ધીક્કારૂં છું.	I think scorn of him.
વખતસર આવો.	Come in time
એ ટિકાથી તેના ઉપર અસર થશે	The remarks are sure to touch [him home.
તે તો રમતારામ છે.	He is a transient person.
તેનો ધંધો નાટકીનો છે.	His business is to tread the stage.

ખોટી સહી કરવાનો વાક ઉભો કર્યો છે. The charge of forgery is trumped up.
તેઓ આસ્તે આસ્તે વાત કરતા હતા. They were talking under the rose.
સઘળું શરીર બગડી ગયું છે. The whole system is upside down.
તે પાયમાલ થવાની અણીપર હતો. He was on the very verge of ruin
ઓફીસમાં મારૂં કઇ ચાલતુ નથી. I have no voice in the office.
અંદર આવો સાહેબ. Walk in please.
હું હમેશ ફીકરમા છુ. I am always in hot water.

PART IX ભાગ ૯.

Proverbs. કહેવત સંગ્રહ.

અગાઉ કેટલાક સાદા વાક્યો શબ્દો, અને રૂઢ વાક્યો આપી અત્રે કેટલીક હમેશ વપરાસમા આવતી કહેવતો લખવામા આવી છે અને તે આપવાની મતલબ એ છે કે શિખનાર પોતાની મેળે ગુજરાતી કહેવતોના ઇંગ્રેજી સાથે મુકાબલો કરી શકે તેમજ ભાષાન્તર કરવામા તેને સુગમ પડે. શિખનારને કહેવતોનો મોટો જથો જોવાની જરૂર હોય તો મી. ભગુભાઇની કહેવત સંગ્રહની ઇગ્રેજી ચોપડી જોવી જેમાથી આ કહેવતો લેવામા આવી છે

અક્કરમીનો પડીઓ કાણો. When sorrows come, they come not in single spies, but in battalions.
અગસ્તના વાયદા False promises.
અણી ચુક્યો સો વર્ષ જીવે. Threatened folks live long.
અજાણ્યુ ને આંધળું બરોબર. Ignorance has no light.
અર્થ સર્યા પછી વૈદ વેરી. When the cow is old, she is soon sold.
" " " A fig to the doctor when cured.
અતી લોભ તે પાપનું મૂળ, Avarice is the root of all evil.
અંધારાની ખાધી જો. Ignorance augments over evils.
અંધારી રાતે સૌ કાળા. When candles are out, all cats are gray.

અધુરો ઘડો છલકાય ઘણો. ઢમઢોલ માંહે પોલ. ભસે તે કરડે નહિ. ખોટો રૂપીયો ચળકે ઘણો.	Empty vessels make most sound. A great cry, little wool. Barking dogs seldom bite.
અગ્ની બોલ્યા અગ્ની ફોક.	To think at night and forget at day.
અવસરના ગીત અવસરે ગવાય.	Yule (Christmas) is good on Yule even [thing.
અલ્પ જ્ઞાન, અતિ હાણ.	A little learning is a dangerous
અફીણનો જીવડો સાકરમાં ન જીવે.	Some souls are slain in merry company.
છાણનો કીડો ઘીમા મરે.	One man's meat is another's poison.
અડખો મુકી આખાને ન ખોળો.	Forsake not good till you can find a better master.
અન્ન તેવો ઓડકાર.	As you make your bed so you lie on it. (he keeps.
સોબત અસર, તુખમે તાસીર.	A man is known by the company.
આખર ધુળની ધુળ.	Dust thou art and shalt to dust return. [well.
અ ગ વિના ડંક નહી, ભાડુઆતે બીડ નહિ.	Borrowed garments never fit
અતિશયમાં સાર નહિ.	Pleasure in excess is criminal.
અભિમાન તો રાજા રાવણનો પણ રહ્યો નથી.	Pride is an ill horse to ride [them
અપકારને બદલે ઉપકાર કરીએ.	Revenge not injuries but forgive
અક્કલથી પૈસા મળે છે, પૈસાથી અક્કલ નથી મળતી.	Some by wit get wealth but none. by wealth can purchase wit.
અંધેરી નગરીને ગંડુ રાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજા.	When the king is blind, the state is thrown into confusion.
આંબા વહેલા ન પાકે.	Rome was not built in a day.
આગ લાગે ત્યારે કુવો ખોદવો.	To shut the stable-door, when steed is stolen. [sperate cures.

Gujarati	English
આડે લાકડે આડો વેહ	Desperate cuts must have desperate cures.
આપ મુવા વિના સ્વર્ગે ન જવાય.	Crosses are ladders that lead to heaven. You must die yourself before you must go to heaven.
આજનું કામ કાલ ઉપર ન રાખવું.	Delay is dangerous. Procrastination is the thief of time. Don't put off till to-morrow, what you can do to-day. Defer not till to-morrow what the morning may accomplish.
આરતી ઉતારને મંગળ ગાઉ તને આપું ત્યારે હું શું ખાઉં.	Self interest is the rule, self-sacrifice the exception.
આપ સમાન બળ નહીં ને મેઘ સમાન જળ નહીં.	Every tub must stand on its own bottom.
આખું લેતા અખું ગયું, ફડી લેતા પાટણ પરવાર્યું.	All grasp, all lose.
આમણની પુઠ દામણમાં	What is got in the country, is lost in the hundred. To rob Peter to pay Paul. Come with the wind and go with the water.
આવે ઘોડાને વેગે જાય કીડીને વેગે.	Mischiefs come by the pound and go by the ounce. Agues come on horse back but go away on foot.
આવતી વહુ ને બેસતો રાજા, વખાણીએ તો વખણાય.	Give a dog an ill name and you may as well hang him.
આગેસેગહ્‌કા આયા લશ્કરકા ભેદ પાયા	Such a wel-come such a fare well.
આંધળો કહે ભીત ને બહેરો કહે મસીદ,	I talk of chalk and you of cheese.
આપ સુખી તો સર્વ સુખી.	All are well if we are well.
આંધળાને હૈયા ફુટયા મળે વ્યસનીને વ્યસની ખોળી લે. ઐસેકું મલ્યા તૈસા, તૈસાકુ મીલા તાઇ. તીનુકે મીલકે દુન દુની બનાઈ.	Birds of a feather flock together.

ઇદ્રવાણીનાં ફળ.	Beauty without honesty is like poison in a casket of gold.
ઇદ્ર પછી રોજા.	After Christmas comes Lent.
ઇંટાળાના દેવને ખાસડાની પુજા.	Contempt is the best return for security.
ઇશક આંધળો છે.	Love is blind
ઉંઘતી બીલાડી ઉંદર પકડે નહીં.	Drowsings shall clothe a man [with rags.
ઉંઘ ન જુવે સાથરો, ભૂખ ન જુવે બાખરો.	Anger is the best sauce and fatigue is the best pillow.
ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર.	Most haste, worst speed Haste makes waste.
ઉજળું એટલું દુધ નહીં	All is not gold that glitters.
ઉતાવળે આંબા ન પાકે.	Apelles is not a master-painter the first day.
ઉંદર ખોતરે, ભોરીંગ ભોગવે.	Foxes dig not their own holes.
ઉંગીનાની મા મુઇ.	He that goes aborrowing goes asorrowing (no choosers
ઉધાર આપ ને ખરૂં લેખ.	Beggars and borrowers could be
એકને પાપે હોડી ડુબે.	All might perish for the sake of one Jonah. One sheep will mar a flock.
એકની પાઘડી બીજાને પહેરાવવી, ગાય દોહી કુતરીને પાવી.	Borrowing of Peter to pay Paul.
અંધેરી જોરૂકા ખુદા રખવાળ,	A blind man's wife needs no (paint.
એકડા વિના સો મીંડા.	With all abundance, one essential thing is wanting.
એક મગની બે ફાડ	Children of the same parents.
એક અંગારો સો મણ જાર બાળે	A rotten sheep infects the whole flock.
આકડું દાતણ જે કરે, મન ભાવ્યું જે ખાય દુધે વાળુ જે કરે, તે ઘેર વઇદ ન જાય	Sobriety, temperance & tranquility are nature's best physicians.

ઓછું પાત્ર ને અદકું ભણ્યો, વઢકણી વહુએ દીકરો જણ્યો. મારકણો સાંઢ ચોમાસું મહાલ્યો ને કરડકણો કુતરો હડકવા હાલ્યો.	Confusion worse confounded. No fool likes an old fool.
કાણું ઘોડું ને કરડકણું.	When the king is blind. the state is thrown into confusion.
કડી લેતા પાટણ ગયું.	King log to king stork.
બકરૂં કાઢતા પેઠું ઉંટ.	Many go for wool and come home shorn.
કરે તેવું પામે.	Gather thistles expect prickles.
કરેગા સો પાવેગા.	Do good if you expect to receive any.
કષ્ટ વિના ફળ નહીં ફરે; ચાકરી તો પામે ભાખરી.	No gains without pain; No sweet no sweat.
કહેવા કરતા કરવું ભલું.	Better to do a thing than to have it
કહેવું થોડું અને કરવું ઘણું	Promise little and do much.
કામળી ભીંજાય તેમ ભારે થાય.	The more noble, the more humble.
કાકા મરશો ? તો કે ચુમાસે જતો.	Patiently should that be born, which no strength can over come nor counsel avoid.
કાગડાની કોટે દહીંથરૂં શું ?	Do not throw pearls before swine.
કપટી મિત્રના કરતાં દાનો દુશ્મન સારો	False friends are worse than open enemies.
કાગડાની કોટે તે રતન શોભે.	Wit is folly unless wisdom has the keeping of it
કરણી તેવી પાર ઉતરણી જેવું વાવશો તેવું લણશો. કરીએ તેવું પામીએ.	As you sow, so shall you reap.
કદી ખતા ન ખાય, વીચારી વાણી ઓચરે.	Hear twice, before you speak. Look before you leap.
કચુકા પીલે તેલ ન નીકળે. પાણી વલોવી માખણ ન પામીએ.	You cannot have blood out of stone.

ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાગો તેલી.	There is a vast difference between an old woman and a princess. Can a pauper be compared with a mighty prince?
કાંકરે કાંકરે પાળ બંધાય ને ટીપે ટીપે સરોવર ભરાય; દમડી દમડી કરતા રૂપીઓ થાય.	Constant dropping wears away stones and little strokes fell great oaks; Many a mickle makes a muckle.
કાજીજી દુબળા કેમ, તો કે બધા શહેરની ચિંતા.	A paul cry is ever uneasy.
કાંઇ નેવના પાણી મોભે ચઢે છે?	Can a physical impossibility be believed as a reality?
કીડી સંચરે ને તીતર ખાય; ખોદે ઉંદર ને ભોગવે ભોરીંગ ખાએ પીએ ખાટણી, કુટાઇ મરે સુપડું.	One sows, another reaps.
કામ આંધળો છે.	Sansuality and sentiment are wide as the poles asunder.
કુવામાં હોય તો હવાડામાં આવે.	What is in the pot will come on the plate.
કુંભાર કરતાં ગધેડાં ડાહ્યા.	Fools rush in, where angels fear (to tread
કુકડો હોય ત્યાંજ શું વહાણું વાય?	If one will not, another will.
કુતરાની પુંછડી વાંકી ને વાંકી. પડી ટેવ તે તો ટળે કેમ ટાળી	What is bread in the bone, will never come out of flesh.
કુવારીને છોકરા જણાવવા; શેખશલ્લીના વિચાર	To build castles in the air.
કુતરાનું મ્હો બિલાડીએ ચાટ્યું.	A gambler and a swindler are near neighbours.
કોઇ દહાડો હસવું ને કોઇ દહાડો રડવું.	Those who smile on Saturdays, weep on Sundays.
કોડી ચોર તે પાળી ચોર.	He that will steal an egg, will (steal an ox

ખપ તેનો છોછ નહીં; ગરજ બીચારી બાપડી, ગરજે ગધેડાને બાપ કહેવો પડે.	Necessity has no law.
ખરે બપોરે બણગું ને પોપાબાઇનું રાજ્ય.	When there is a weak governor, there are riots in the noon day light. (in broad day light.)
ખાઇ જાણે તે પકાવી જાણે.	The wearer best knows, where the shoe pinches.
ખાખરની ખીલોડી સાકરનો સ્વાદ શું જાણે.	Throw not pearls before swine.
ખાનાર પીનારને ખુદા આપનાર	Spend and God will send.
ખાળે ડુચા ને દરવાજા મોકળા.	Penny wise and pound foolish.
ખુશામત તાજે રોજગાર.	Ready flattery and rich provision.
ખોટો રૂપીઓ ચળકે ઘણો.	Empty vessels make great sound.
ગઇ વાત જોશી પણ ન સંભારે.	No weeping for shed milk, what done is done cannot be undone.
ગજ પ્રમાણે ખરચ કરો; જોઈને ડગલા ભરો; પગ જોઈ પાથરણું તાણો.	Cut your coat according to your cloth; Stretch your leg according to your cloth, Stretch your leg according to your coverlet; Make not your sail too large for your ship.
ગયો અવસર પાછો ન આવે	Lost time cannot be recalled.
ગરમી ગરમીને મારે.	Like cures like; Diamonds cut diamonds.
ગરીબનો બેલી રામ.	God helps the poor the rich can help themselves.
ગાડ તળે રેલો, તો પારકી વાત મેલો.	Point not at another's spots with a foul finger.
ગામમા પેસવાના સાંસા ને પટેલને ઘેર ઉના પાણી.	Beggars and borrows should be no choosers.
ગાયને દોહી ગધેડાને પાવું.	To rob Peter to pay paul.

ગુમડું-ફાટયું ને વૈધ વેરી.	A fig to the Doctor when cured. Vows made in storms are forgotten in calms
ગોળ ઘાલે એવું ગળ્યું થાય.	The sweetest wine makes the sharpest vinegar.
ઘઉ ખેતમાં ને બેટા પેટમાં ભેંસ આવતાં પહેલાં ખુટો દાટવો નહિ.	Count not your chikens before they are hatched.
ઘરનાં છોકરા ઘટી ચાટે ઉપાધ્યાને આટો પગ તળે બળેને લંકા કયાં ઓળવવા જઇએ ?	Charity must begin at home. There is no body nearer than one's own
ઘર વેચીને તીર્થ કરવું.	To deal fool's doll; To sell one's house and to set out on a pilgrimage.
ઘાચીના બળદ સો ગાઉ ચાલે તો પણ ત્યાંનો ત્યાં.	Like a mill-horse that goes much but performs no jourmey.
ઘી ગયું પણ ઘીનું માપ ના ગયુ.	Slender always leaves a slur.
ઘી કયા ઢોળાયું તો કે ખીચડીમાં	It is not lost what a friend gets.
ચાકરી કરે તો ભાખરી મળે. નોકરી કરે તો ભાખરી પામે.	No pains no gains. No sweat no sweet.
ચાર દીવસનુ ચાંદરણું.	A new broom sweeps clean.
ચેતતા નર સદાય સુખી.	The dog will return to his vomit.
ચોરનો ભાઇ ઘટીચોર.	A boaster and a liar are cousin-Germans.
છાણના દેવને ખાસડાની પુજા.	Like saint, like worship.
છોકરૂં કેડમા ને ઢંઢેર્યું શાહેરમા.	You cannot see wood for trees.
જબલગ સાસ, તબલગ આસ.	While there is life there is hope.
જર ચાહે સો કરે.	Riches rule till roast., Gifts break rocks.
જ્યાં મળી રોટી ત્યા પડયા ચોટી.	Wasps haunt the honey pot.
જીતનાં વધામણાં.	Success makes a fool look wise
જુવાનીમાં સંઘરવુ, જરામા વાપરવું.	Spare when you are young and spend when you are old. (science.
જેણે મુકી લાજ તેને નાનું સરખુ રાજ.	He that has no shame has no con-

જેવો દેશ તેવો વેશ.	In Rome do as the Romans do. In Rome I am a Roman.
જે પીયે શરાબ ઉસકા ખાના ખરાબ.	Counsels in wine seldom prosper.
જેવા વડ તેવા ટેટા, બાપ જેવા બેટા. ઠામ જેવી ઠીકરી ને મા તેવી દીકરી.	As is the tree so is the fruit; As is the father so is the son. As is the mother so is the daughter
જેવા ભાઈ તેવા બાઇ.	As is the god so is the worshipper.
જો ગધેડાના લીંડે પાપડ થાય તો અડદનો કોઇ ભાવ ન પૂછે.	If wishes were horses, beggars would ride.
જોગી વજીર ત્યાં તુમડું.	As is the minister so is the nation.
ઝાઝી સોથાણીએ વેતર વડે, ઝાઝા મળે ને ખાવા ટળે.	Many cooks spoil soup.
ટકાની ડોસી ને ઢબુ મુડામણ. ખાણવો ડુંગર ને મારવો ઉંદર સોના કરતાં ઘડામણ મોઘુ વા વાયાથી નળીયુ ખસ્યુ, તે દેખીને કુતરૂ ભસ્યુ, બહુ થયો ત્યા શોર બકોર, કોઈ કહે મે દીઠા ચોર.	Great toil, little work. Much bruit, little fruit. Much ado about nothing. Muckle cry and little woo.
ટાઢ જાય રૂએ(રતે)ને આદત જાય મુને દક્ષણ ગયા પણ લક્ષણ ન ગયા. પ્રાણને પ્રકૃતિ સાથે જાય દોરડી બળે પણ વળ ન મુકે. બાર ગાઉએ બોલી બદલાય, તરૂવર બદલે શાખા; જાતે દહાડે કેશ બદલે, લક્ષણ ન બદલે લાખા. સ્વભાવનુ કાંઈ ઓસડ નથી.	Let dogs delight to bark and bite. For God has made them so. What is bred in the bone, will never come out of the flesh. Let bears and lions growl and fight for it is their nature too.
ટુંકુંને ટચ મધ જેવું મીઠું.	Comprehend not few things in many words, but many things in few words.
ઠીકરી ઘડાને ફોડે.	A little leak will sink a great ship.
	Do as I say, but don't do as I do.
ટાઢી સાસરે ન જાય, ને ગાંડીને શીખામણ દે.	An example is better than a precept. How can the blind lead the blind? An unjust judge preaches justice.

ડાહ્યો દીકરો દેશાવર ભોગવે. ડાહી વહુ ચુલામાં પેસે.	The father sends his wisest son to manage his affairs abroad. All lay the load on the willing horse
ડાહ્યો કાગડો હાડકાપર બેસે.	Too far east is west
ડુબતાને તણખલાનો આસરો. બુડતું માણસ સેવાલ પકડે.	Drowning men catch at straws.
ઢેડ ઢેખડે રાજી.	Poor folks are glad of cottage.
તરત દાન મહાપુન્ય.	He gives twice, that gives in a trice. He doubles his gift who gives in time.
તરમાંતર ભણતર.	Knowledge is power.
તેવડ ત્રીજો ભાઈ છે	A stitch in time saves nine.
દગા કીસીકા સગા નહીં.	Cheating play never thrives. Craft counting bringeth nothing home. Frost and fraud both end in evil.
દાઝ્યા ઉપર ડામ. પડ્યા ઉપર પાટુ. બળતામા ઘી.	To apply salt to a wound. To add fuel to fire.
દાવ આવે ત્યારે સોગઠી મારીએ.	Strike the iron while it is hot.
દુ:ખ તેને વેણ.	He jests at scars that never felt a wound. Oh ! have you ever thought upon the dangers of seas ? The gentemen of England that live at home at ease.
દુશ્મનનું દુ:ખ દેખી રાજી થવુ નહિ.	Rejoice not when your enemy stumbleth.
દુધે દાઝ્યો છાસ ફુંકી ફુંકી પીએ. દુધ પાઇને ઉછેરવો સાપ.	The burnt child dreads fire. Breed up a crow and he will flap out your eyes. Vipers will breed vipers.
દેખવુંએ નહિ ને દાઝવુંએ નહીં.	Distance is the best remedy for an evil disposed man. Out of sight, out of mind.

ધરમ કરતાં કરમ નડયું.	If you save a tongue from the gallows, he will rob you the next night.
ધીરજ મોટી વાત છે.	Patience is a plaster for all sores. He that can have patience, can have what he wills.
ધીરાસો ગંભીર.	Wisely and slowly. They tumble.
નદી પછવાડે ઓવાર હોયજ.	Every thing has its own remedy. Every sore has its salve.
નબળા ઢોરને બગાઈઓ ઘણી.	Poor cattle are plagued with virmins.
નરને હજાર હુન્નર.	Man has a thousand schemes and devices.
નસીબ ચાર ડગલા આગળનું આગળ.	The more I try, the further I am off.
નહિ બોલ્યામાં નવ ગુણ.	Silence does seldom any harm. Even a fool when he holds his peace, is counted wise. He that keepeth his mouth, keepeth his life.
નાચવું નહિ ત્યારે આંગણું વાંકુ, નાચનારનું આગણું વાંકુ.	A bad workman quarrels with his tools; In love there is no lack; where there is a will, there is a way; nothing is impossible to a willing mind.
નાદાન દોસ્ત કરતાં ડાહ્યો દુશ્મન સારો.	A sensible foe is preferable to a foolish friend
નાદાનકી દોસ્તી ઓર જીવકા જાન	The friendship of an ape is the loss of a life.
નાનું કાણું મોટું વહાણ ડુબાવે.	A small leak will sink a great ship.
નીવડે વખાણ.	The taste of the pudding is in eating.
પંચ કહે તે પરમેશ્વર.	The voice of the people is the voice of God.
પંચ કરે તે પ્રમાણ.	If jury say it is a cat, it must be so.
પહેલું સુખ તે જાતે નર્યા.	Self preservation is the first law of nature. Health is wealth.

પાઇ પાઇ કરતાં પૈસો થાય.	Little and oft fills the purse.
પાઘડી પહેરે માટીડો ન થાય.	All hoods make on monks. It is not the cowl that makes a frior. It is not the gray coat that makes a gentleman
પાન ભુલાવે ભાન.	When the wine is in, wit is out.
પારકી આશ સદા નીરાશ.	Dependence upon others is perpetual disappointment. Dependence is a poor trade to follow.
પાળેલો કુતરો પગ ચાટે, વખાણી ખીચડી દાતે વળગે.	A full-fed horse kicks his own master.
પૈસો મારો પરમેશ્વર અને સ્ત્રી મારો ગુરૂ.	Money my god, woman my guide.
પુછતાં પુછતાં લંકા જવાય.	An enquiring mind can achieve anything.
પેટ ચોળીને પીડા કરવી	Let not your tongue cut your throat
પૈસાને પગ હોય છે.	Riches have wings.
ફરે તે ચરે ને બાંધ્યો ભુખે મરે.	The hand of the diligent maketh rich, but the soul of the sluggard hath nothing
ફુલ નહીં ને ફુલની પાખડી.	If not the whole flower, give a petal.
ફુલે તે કરમાય.	The best rose will wither at last.
બકરી દુધ આપે પણ લીંડી કરે.	The cow gives milk but kicks over the pail.
બળીઆના બે ભાગ.	Might is right.
બળીઆ સાથે બાથ ન ભીડવી.	A faint heart never wins a fair lady.
બળતું ઘર ભાડે નહીં લેવું.	Never buy a pig in a poke.
બાવા ઉઠ્યા ને બગલમા હાથ.	The beggars fear no rebel lion.
બાયડી વગર ઘર ન શોભે.	The grey mare is the better horse.
બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા.	As is the father so is the son.
બીલાડીના પેટમાં ખીર ન ટકે.	A fool's heart is ever dancing on.

બે ઘરનો પરોણો ભૂખે મરે.	Between two stools we come to the ground.
બે આંખની શરમ.	Out of sight, out of mind.
બોલે તે બે ખાય. ભુખને બીક શી.	He that asks, shall have plenty of bread, Silence doth seldom any harm.
ભણ્યા ભૂલે ને તારા ડુબે	A good mark-man may miss, Man is liable to err.
ભલા કર ભલા હોયગા.	By good nature half the miseries of human life might go assuaged.
ભણતાં પંડિત નીપજે, લખતાં લહીયો થાય.	Practice makes a man perfect. Experience teaches fools.
ભીખનાં હાંલ્લાં સીંકે ચઢે નહિ	What is obtained in driblets does not make rich
ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણો.	What cannot be cured, must be endured.
ભેંસ આગળ ભાગવત.	Give no hearts to the hogs.
ભોગવે તે ભાગ્યશાળી.	Wealth is not his that has it, but his that enjoys it.
મંછા ડાકણ શંકા ભૂત.	An idle mind is the devil's work shop.
મફતનું ખાવું ને મશીદે સુવું.	He is free as the wind.
મફતનાં મરી કાંઈ તીખા હોય ? પારકે પૈસે દીવાળી.	The wholesome meat is at another man's cost
માગ્યા વિના માયે ન પીરસે	A closed mouth catches no flies.
તેજીને ઇશારત, ગધેડાને ડફણા	A word to a wise man, a rod to a fool.
માથું આપે તે મિત્ર.	A friend in need is a friend indeed.
મીયાં પડયા પણ તંગડી ઉંચી.	Poor and proud.
મીયાં થાય ઘોર જોગ, બીબી થાય ઘરજોગ	One at the threshold of life, the other at the threshold of death.

મુખમેં રામ બગલમાં છુરી ભગત ભયે પણ દાનત બુરી.	God in his tongue devil in his heart. Dissembled holiness is double iniquity.
મોટાનાં નશીબ મોટાં.	For one favours the brave.
મોઢું વાઘનું પુછડું શીયાળનું.	Boid in appearance but timid at heart.
મોરનાં ઇંડાં કંઈ ચીતરવા પડે ?	A food face needs no paint.
મોંમાં આવેલા કોળીઆ પાછા જાય.	There is many a slip between cup and the lip. [ed.
શાઈના પાડ રાતે ગયા.	Every rogue is atlengthout-rogu-
શાજને ગમી તે રાણી, ને છાણા વીણતી આણી.	Fair is not faint but that which pleaseth.
લક્ષ્મી ચાહલો કરવા આવે ત્યારે (મો) કપાળ ધોવા ન જવું	Make hay while the sun shines Strike the iron, while is hot. When the nic is proffered hold up the poke. To let go a favourable opportunity. [shalf of it.
લાગે તો તીર નહી તો ટપ્પો.	I will either make a bolt or a
લુખા લાડ બોચીએ ખાડ.	Praise without profit puts little into the pocket.
લોભનો થોભ નહી.	A covetous man never thinks he has enough.
લોભિયા વસે ત્યાં ધુતારા ભૂખે ન મરે.	Credulous hearts are the prey of crafty odes.
વખત કરે તે કોઇના કરે.	Time is a great curer. [master.
વખાણી ખીચડી દાતે વળગી.	A full-fed horse kicks his own.
વગર બોલાવ્યો બોલે તે તરખલાની તોલે.	Uninvited guests sit on thrat.
વડે ચઢ્યા, પીંપળે ચઢ્યા, પણ હેઠળના હેઠળ.	The highest rack is not thesafest roost. comes,
વહુ અને વાછરડાનાં નીવડે વખાણ.	Praise not the day till the night
વ્યસનીને વ્યસની ખોળી લે.	Like draws to like.
વહેલો તે પહેલો.	First come first served,

વાણીયા મગનું નામ મરી ન દે.	Not to give rightname of a thing (out of Policy.)
વાવે તેવું લણે.	As you sow so you will reap. Do evil and look for like (altered.
વિધાત્રીના લેખ ટાળ્યા ન ટળે.	The decree of fate cannot be
વિવાહ પહેલાં માંડવો શો.	Call not a surgeon before you are wounded.
વેપારનો કાંઈ પાર છે.	Trade is the mother of money.
વેશ્યા ઘટાડે, જોગી વધારે (વરસ).	Dissolute habits shorten one's. While a vow of asceticism prolonges it. (no chaossrs.
શીરા સારૂ શ્રાવક થાય.	He adopts new views for loaves and fishes. [play.
શેઠ ગયા કે ચાકરને મિજબાની.	When cats are away, mice are at
શેઠ આવ્યા તો કે નાંખો વખારે.	A constant guest is never welcomed.
શેરને માથે સવાશેર.	Measure for measure tit for tat.
સંઘરેલો સાપ પણ કામનો છે.	Keep a thing seven years and you will find a use for it.
સંતોષ સર્વ સુખનું મુળ છે.	Contentment is the true philosopher's stone.
સંપ ત્યાં જંપ.	Union is strength (cursing.
સતી શ્રાપ દે નહીં ને શંખણીનો લાગે નહીં.	Cattle do not die from cro'ws
સબસે બડી ચુપ.	Silence is the best virtne.
સાંભળીએ સૌનું, કરીએ મનનું.	Hear all, but follow your own counsels.
સાચને કદી ન લાગે આંચ.	A lie has no legs. Truth seeks no corners. A clear conscience will bear any trouble.
સાસરે જતાં કોઇ છિનાળ ન કહે.	Marriage is honourable and the bed undefild.

સુખમાં સુખ સંતોષ; સંતોષ પરમ સુખ.	A contented mind is continual feast; Contentment is a true philosopher's stone.
સુખે સોની, દુઃખે રામ.	In prosperity gold, in adversity God. Danger past God is for gotton.
સુડી વચ્ચે સોપારી.	Between two stools, we come to the ground.
સોગન ખાય તે સદાય જુઠો.	People swear because their words are faithless.
સોના કરતાં ઘડામણ મોઘું.	Great toil and little fork.
સોનુ દેખી મુનિવર ચળે.	Gifts break rocks. Gold is the dust that blinds all eyes.
સોબત તેવી અસર. સોબતે અસર તુખમે તાશીર.	A man is known by the company he keeps.
સોમણ તેલે અંધારૂં.	It is dark under the lamp.
સ્ત્રિ ચરિત્ર ને રોતી બાળ, તેનો કોઇ ન પામે પાર.	Woman's doings are as deep as water.
હસતી હાળી ને રોતી રાડ.	A laughing man and a crying wife.
હાડીઆને મન હસતું ને દેડકાનો જીવ જાય.	Boy's play is death to the bird.
હાથના કર્યાં હૈયે વાગે.	As you sow, so you reap.
હિમ્મતે મરદા તો મદદે ખુદા.	Begin your web properly and God will supply you thread. Undaunted minds defy fortune.
હૈયું બાળ્યા કરતા હાથ બાળ્યા સારા.	It is better to do a thing ourselves than entrust it to others.
હોનાર પદાર્થ આગળ કોઇ ડાહ્યું નથી.	Man proposes and God disposes.

PART X ભાગ ૧૦.

Letter writing-પત્રલેખન.

ઇંગ્રેજી કાગળ લખવાની રીતભાત આપણી ગુજરાતી રૂઢી કરતાં જુદી છે. કાગળો બે પ્રકારના થાય છે. ખાનગી (Private) અને વ્યવહારિક (official)

ખાનગી કાગળમાં શરૂઆત 'પ્યારા સાહેબ' (Dear Sir) વગેરે શબ્દોથી થાય છે, અને કાગળના છેવાડે જેના ઉપર કાગળ લખ્યો હોય તેનું નામ દાખલ કરવામાં આવે છે, જ્યારે વ્યવહારિક કાગળમાં પ્રથમ મથાળે જે ઠેકાણેથી કાગલ લખ્યો હોય તે લખવામાં આવે છે. પછી તારીખ-માસ અને સન લખાય છે અને ત્યાર પછી જે ગ્રહસ્થ કે પેઢીપર કાગળ લખવાનો હોય તેનું નામ લખવામા આવે છે. દાખલા તરીકે.

ખાનગી કાગળ.

Champa Gali-Bombay.
(ચંપાગલી-મુંબાઇ).
25th February 1901.
૨૫ મી ફેબ્રુઆરી ૧૯૦૧.

My Dear Motiram (મારા વ્હાલા મોતીરામ.)

\+ અહિં જે લખવાનું હોય તે. + +

Yours sincerely (તમારો સાચો.)
M. N.

To,
Motiram M. Marfatia Esquire. રા. રા. મોતીરામ. મ. માર્ફતિયા.
Ahmedabad—અમદાવાદ.

- - -

વ્યવહારિકપત્ર.

Champa Gali—Bombay.
25th February 1901.

To,
Motiram M. Marfatia Esquire.

Dear Sir (પ્યારા સાહેબ.)

\+ + જે લખવું હોય તે. + +

I am Yours faithfully.
(હું છું તમારો નિમકહલાલ).
M.

આ સિવાય અવહારી પત્ર લખવામાં ચીઠી લખવાનો રીવાજ બહુધા નીચે પ્રમાણે છાપેલા કાગળોમાં લખાય છે.

Memorandum. (ચીઠ્ઠી.)

From,
Bhagvan Jiva & Co.
Agents.
Bombay.

To,
Ravishaker Baldev Esq.
Broker.
Fort—Bombay.

કાગળ લખવાનો હુન્નર કાગળ લખવાની પોથીઓ વાચવાથી અગર ખુબ ભણુવાથી પ્રાપ્ત થતો નથી પણ તે ફક્ત અનુભવનુંજ કારણ છે—જેમ વધારે કાગળ લખાય તેમ વધારે અનુભવ નિશાળમાં રહેનાર નિશાળ સંબંધી કાગળ સારા લખી શકે તેમજ જે જે ખાતાના અનુભવ હોય ને તે ખાતાવાળા સારા કાગળો લખી શકે છે. ટુંકામા કામ કામને શિખવે છે છતાં કાગળો લખવામાં જે કેટલાંક વાક્યો ખાસ લખવા જોઇએ તેનો આ ચોપડી શિખનારે ખાસ અભ્યાસ કરવો જેથી તેનું કામ સુગમ થશે. (ઇંગ્રેજી પત્ર વ્યવહાર Correspondence શિખવો હોય તો રા. રા. ભગુભાઈ ફતેહચંદ કારભારી કૃત Handbook of everyday Correspondence જે હાલમા પ્રકટ થયેલ છે. તેનો ઉપયોગ કરો. જેમાં ખાસ ખરા અને ઉપયોગી પત્રો આપેલા છે.)

કાગળમાં મુખ્યત્વે નીચેની પાંચ ચીજો હોવી જોઇએઃ—

૧. તારીખ અને લખનાર (દુકાનદાર હોય તો તેનું) નામ, તારીખ જમણી બાજુ અને લખનારનું નામ ખુદ ડાબી બાજુઃ—

Badshah & Co.

II Church Gate,
Bombay **1st February 1901.**

૨. જેને કાગળ લખ્યો હોય તે પેઢીનું શિરનામું અને રૂઢી મુજબ માનપૂર્વક શરૂઆતના શબ્દઃ –

To,
Messrs Co. Ringer & Co.
11 Clive Street.
Calcutta.

Dear Sirs.

૩. કાગળમા જે લખવાનું હોય તે.
(કાગળોમાં બનતા સુધી ફરી ફરી તેની તે વાત લખવી નહી ટુંકામાં હમેશાં લખવાનો રિવાજ રાખવો.)

જો કાગળ ખાનગી હોય તો જોને લખ્યું હોય તેનું શિરનામું લખવાની કંઈ જરૂર નથી. પણ Dear Mr. N. અગર Dear N. વગેરે રૂઢિના શબ્દોજ લખવા

૪. છેવટ ઇંગ્રેજી કાગળો બંધ કરતાં છેવટે જો વ્યવહારીક (official) કાગળો હોય તો:—

I beg to remain yours faithfully, Gentlemen, Your most obedient, Servant, વગેરે શબ્દો લખાય છે.

અને જો ખાનગી હોય તો 'yours truly,' 'yours sincerely,' વગેરે વપરાય છે.

૫. સહી હમેશાં ચોખા અને વંચાય તેવા અક્ષરે કરવી.

કાગળ લખવામાં જો શરૂઆતમાં તમે Mr. વાપર્યું હોય તો તે પછી Esq. વાપરતા નહીં. Mr. નામની પ્હેલા મુકાય છે અને Esq. નામની પછી મુકાય છે. Mr. કે Esq નો અર્થ રા, રા. મે. સા. શેઠ, જેવો થાય છે.

કાગળ લખવામાં હમેશા શરૂઆત અને સમાપ્ત કરવાની રીત ઘણીજ મુશ્કેલ છે અને તેથી શરૂઆતમાં લખવામાં આવતા કેટલાક વાક્યો અત્રે આપ્યાં છે તે શિખનારે બરોબર ધ્યાન આપી તૈયાર કરવાં:—

I am glad to receive your letter	તમારો પત્ર મળવાથી હું ખુશી થયો છું.
I am impatient to hear from you all.	તમારી તરફથી ખબર સાભળવા ઘણોજ આતુર છું.
I shall be happy to get your letter.	તમારો કાગળ મળવાથી હું ખુશી થઈશ.
I hope to hear from you soon	તમારો જવાબ જલ્દી મળશે તેથી હું આશા રાખું છું.
I am quite at a loss to account for your silence.	તમારી તરફથી કંઇ પણ ખબર ન મળવાનું કારણ મને જણાતું નથી.
I am sorry, I have not heard from you for a long time.	દીલગીર છું કે તમારી તરફથી ઘણો વખત થયા કંઈ ખબર મળી નથી.
I am sorry to say that I have not received any letter from you.	કહેવાને દીલગીર છું કે તમારી તરફથી એક પણ પત્ર મળ્યો નથી.
I have long expected to get your letter.	તમારો કાગળ મળવાની ઘણા દીવસથી રાહ જોઉં છું.
I receive your kind letter with thanks.	તમારો પત્ર ધન્યવાદ સાથે સ્વીકારૂં છું.
I offer my sincere thanks for your kind letter.	તમારો પત્ર મળવાથી હું તમને મારા અંતઃકરણ પૂર્વક ધન્યવાદ આપું છું.

I have read your letter with great pleasure.	તમારો પત્ર મેં ઘણોજ આનંદપૂર્વક વાચ્યો છે
I have not heard from you for a long time.	ઘણો વખત થયાં મેં તમારાતરફથી કંઈ પણ સાંભળ્યું નથી (તમારી કંઇ ખબર મળી નથી.)
I am greatly pleased to acknow. lodge receipt of your letter.	તમારા કાગળની પહોચ લખતાં મને ઘણોજ આનંદ થાય છે.
Yours of the 12th inst is to hand.	તમારો તા. ૧૨ મીનો પત્ર મળ્યો છે.
I have not heard from you these two weeks.	આ બે અઠવાડિયાં થયાં તમારી તરફથી કંઇ પણ સમાચાર નથી
I feel uneasy for not getting your letter.	તમારો કાગળ ન મળવાથી મારૂ મન વ્યાકુળ થયું છે.

કાગળમાં વપરાતાં કેટલાંક વાક્યો.

Write to me soon.	મને પત્ર જલદી લખજો.
Let me hear from you soon.	તમારો જવાબ જલદી મળવાની આશા રાખુ છું.
I am anxious for your letter.	તમારો કાગળ મળવાની હું આતુરતા રાખુ છું.
Tell him to write to me soon,	તે મને જલદી લખે તેમ તેને કહેજો.
Drop me a line at your earliest convenience.	ફુરસદે બે લીટી લખશો.
I have not heard from you for a long time.	ઘણો વખત થયાં તમારીકંઈ ખબર મળી નથી.
Let me know how you are doing.	તમારૂ કેમ ચાલે છે તે જણાવશો.
Further particulars will be given in my next letter.	વધુ વીગત મારા હવે પછીના કાગળમાં લખીશ
You will be glad to hear	તમો સાંભળી ખુશી થશો.
Do not write to me till you hear from me again.	જ્યા સુધી તમને મારો પત્ર મળે નહીં ત્યા સુધી મને લખતા નહી.
Pray, let me hear from you.	તમારો કાગળ મળવાની રાહ જોઉં છું.
Please write to me.	પત્ર લખવાની કૃપા કરશો.

Please excuse haste.	ઉતાવળમા પત્ર લખ્યો છે માટે ક્ષમા કરશો.
Excuse this short note.	આ ચીઠી ટુંકી હોવાથી માફ કરશો.

જવાબની શરૂઆતમાં લખાતાં વાકયો.

I thank you most heartily for your letter.	તમારો કાગળ મળવાથી હુ તમને અતઃકરણપૂર્વક ધન્યવાદ આપુ છુ.
I am really much obliged for your kind letter.	તમારો કૃપાપત્ર મળવાથી ખરે તમારો આભારી થયો છું.
I am glad to receive your letter.	તમારો પત્ર મળવાથી હુ ખુશી થયો છું.
I am glad to acknowledge receipt of your letter.	તમારો પત્ર સ્વીકારતા હુ ખુશી થયો છુ.
In reply to yours of the 4th.	તમારા તા. ૪ થીના જવાબમાં.
With reference to your letter.	તમારા કાગળના સબધમા.
I am really glad to inform you in reply.	જવાબમા લખતાં ખુશી ઉપજે છે કે.-
I have the pleasure to state.	લખતાં ખુશી થાય છે કે.
I am glad to hear from you.	તમારો કાગળ મળવાથી હુ ખુશી થયો છું.
I am extremely glad to say in reply.	જવાબમા લખતા હુ અત્યત ખુશી છુ કે.—
Many many thanks for your (letter.	તમારા કાગળ માટે ઘણાજ ધન્યવાદ.
I receive your letter with real pleasure.	તમારો કાગળ ઘણાજ આનદ સાથે સ્વીકારૂ છુ.
I am really sorry to hear.	હુ સાભળી ઘણોજ દીલગીર થાઉ છુ કે.
Accept my best thanks.	મારી તરફથી સલામ કબુલ કરશો.
Will you kindly reply to this?	આ પત્રનો કૃપા કરી જવાબ આપશો ?
Write to me as soon as possible.	તમારાથી બને તેમ જલદીમને પત્ર લખશો.
May I hope that you would kindly write to me at your earliest convenience?	આશા રાખુ છુ કે આપની અનુકુળતાએ કૃપા કરી (જવાબ લખશો.)
Reply to my previous letter.	મારા આગલા પત્રનો જવાબ આપો.

Will you write to me soon? તમો જલદી પત્ર લખશો?

Try to reply to my letter within this week. બને ત્યાં સુધી આ અઠવાડિયામાં મારા પત્રનો જવાબ લખવા તસ્દી લેશો,

સલામ, આશીર્વાદ વગેરે કેમ લખવું તેના વાક્યો.

Give my kindest regards.

Kindly give my love to your children.

Will you kindly tender my best thanks to Harilal for his kind remembrance of me?

Present my best compliments to Mr. B. F Bahadur,

Gopaldas requests me to tender you his very kind regards.

Will you kindly convey my thanks to Haridhar?

Will you kindly kiss the children on my behalf or for me?

Tell Kevaldas that Hirachand wishes to send his compliments to him

I wish you joy and happiness.

Tender my best compliments.

Kiss your children for me.

Make or pay my respects to Manilal.

May I hope that you would give my compliments to Girdharlal.

Remember me to Ratanchand

I am much obliged to Kali Babu for remembering me.

I shall be happy if you will kindly tender my love to your children.

My best compliments to your friends.

I am very happy to see that Barendra Babu sends his good wishes.

Mahidhar requests me to convey his best wishes to you.

I wish you every success.

ઉપલા વાક્યોનો તરજુમો નહી આપવાનુ કારણ એજ છે કે તે વાક્યોના અર્થને સલામ કહેજો—સભારે, માટે આભારી છુ વગેરે તે વિનયનાં હમેશામાં વપરાતા વાક્યો છે—છતા સમજ ન પડે તો ડિક્શનરીનો ઉપયોગ કરવો.

કાગળ સમાપ્ત કરતાં લખવામાં આવતાં વાક્યો.

Hoping you are alright. આશા રાખુ છુ કે તમો સારા છો.

Trusting you are doing well તમો સારા છો તેવો વિશ્વાસ છે.

How are you getting on :	તમારૂ કેમ ચાલે છે ?
I hope you are doing well.	હું આશા રાખું છું કે તમો સારી પેઠે છો.
I am alright, hope you are doing well.	હુ સારી પેઠે છુ, અને આશા રાખુ છું કે તમો સારી પેઠે હશો. [કેમ છો ?
We are alright, how do you do ?	અમો બધા સારીપેઠે છીએ, તમો (બધા)
I am happy to tell you that we are allenjoying sound health	તમને જણાવાને ખુશી ઉપજે છે કે અમો બધા સારી પેઠે આરામમાં છીએ અને આશા રાખું
I am sure you are doing the Same. [well	છુ કે તમારા બધાની સાથે તેમજ હશે.
I am sure you are-doing pretty	મનેખાત્રી છે કે તમો બધા સારી પેઠે છો.
If you do this favour, you will oblige me very much.	જો આટલી કૃપા કરશો તો તમો મને ઘણો આભારી કરશો.
Will you kindly send the book and oblige yours. (health.	કૃપા કરી ચોપડી મોકલશો અને તમારાને આભારી કરશો.
Trust you are enjoying well	આશા રાખુ છુ કે તમો તનદુરસ્તી ભોગવો।
Hoping you are doing very well with lamily at Dumas.	આશા રાખું છું કે ડુમસમા કુટુબ સાથે તમો બધા સારી પેઠે છો.
I hope that you will enjoy good health in the Daccan	દક્ષનમા તમો સારી તંદોરસ્તી ભોગવશો તેવી આશા રાખું છુ.
I am alright, trusting you are the same.	હુ સારી પેઠે છુ અને તમે તેમ હો એવી આશા રાખું છું.
We are alright.	અમો બધા સારી પેઠે છીએ.
How are you with children ?	બાળ બચ્ચા સાથે તમે કેમ છો ?
Hoping you will tender my love to all.	આશા રાખું છું કે બધાંને મારી આશીષ કહેશો.

ઉપર આપેલાં વાકયો કાગળ લખવાનો અભ્યાસ કરવાની ટેવ રાખનારાએ બનતા સુધી મ્હોડેજ કરવા કેમકે તમામ કાગળોમા તે વાકયોનો ખાસ ઉપયોગ થાય છે. અને તેથી તે કાગળ લખતાં મદદરૂપ થઇ પડવાનાં અને નમુના તરીકે કેટલીક ચીઠ્ઠીઓ કાગળો વગેરે આપવામાં આવ્યુ છે તે વાંચનારે જોવાં અને પછી તેવીજ મતલબના બીજા કાગળો લખવાની ટેવ રાખવી.

ચીઠ્ઠીઓ.

Ahmedabad, 11-3-1901.

My Dear Ravishanker,

Please see me at any time between 11 A. M. to 5 P. M. to day at my office as I have some important matter to communicate to you.

Yours truly,
B.

To, Ravishanker Jatashanker Esquire.
Richey Road,

પ્રીય ભાઇ રવીશંકર

તમારી સાથે મારે કઇ જરૂરની બાબત વિષે વાત કરવાની છે માટે તમો મને કૃપા કરી આજરોજ ૧૧ થી ૫ વાગ્યા સુધીમાં ગમે તે વખતે મારી ઓરીસમા મળશો.

રા. રા. રવીશંકર જટાશંકર વૈધ—રીચીરોડ. તમારો સ્નેહી.
N.

Mr. Harishanker.

Will you please let me know at what time I can see you tomorrow ?

Yours &c.,
R.

રા. રા હરીશંકર,

કૃપા કરી જણાવશો કે આવતી કાલ તમને કઇ વખતે હુ મળુ ?

તમારો ઈ.
ર.

Mr. Ravishanker

I shall be happy to see you tomorrow at any time which may be most convenient to you

Yours &c.,
H.

રા. રા. ભાઇ રવીશંકર,

આવતી કાલે તમને જે વખતે સવડ પડે તે વખતે હું તમને મળી શકીશ.

તમારો ઇ.
હ.

My Dear Karunashanker,

I shall feel much obliged if you will favour me with a call at your earliest convenience.

Yours Sincerely.
Dolat M.

મારા વ્હાલા કરૂણાશંકર,

તમો મને તમારી સવડે મળી જશો તો આપનો હું ઘણો આભારી થઈશ.

તમારો સ્નેહી.
દોલત. મ.

Dear,—

I am very anxious to see you. Please see me at your earliest convenience.

Yours Sincerely.

—

પ્યારા—

તમને મળવાને હું ઘણો આતુર છું તો કૃપા કરી જેમ બને તેમ જલ્દી મને મળી જશો.

તમારો સ્નેહાંકીત.

—

1103 *Raja Mehta's Pole.*
Ahmedabad 3rd March 1901.

Dear Mr. Chandulal,

Will you favour us with your company at a family dinner on Wednesday next 8 Oclock ?

Yours Truly.
Somachand.

૧૧૦૩ રાજા મહેતાની પોળ.
અમદાવાદ, તા. ૩ જી માર્ચ ૧૯૦૧.

પ્યારા મી૦ ચંદુલાલ.

આવતા બુધવારે આઠ વાગે તમો તમારી મંડળી સાથે કૃપા કરી અમારા ત્યાં (કુટુંબ) જમણમાં પધારશો ?

તમારો સ્નેહી—સોમચંદ.

Mr. and Mrs. Somachand (with compliments to Chandulal) request the pleasure of his company at dinner on Wednesday next at 8 o'clock.

1103 Raja Mehta's Pole,
3rd March 1901.

મી૦ અને મીસીસ સોમચંદ (ચંદુલાલને સલામ સાથે) તેમની મંડળીને આવતા બુધવારે આઠ વાગે જમવા પધારવાની વીનતી કરે છે.

૧૧૦૩ રાજા મહેતાની પોળ તા. ૩ જી માર્ચ ૧૯૦૧.

Mr.Chandulal requets that a previous engagement prevents his having the p'easure of accepting Mr. *and Mrs. Somachand's* kind invitation to dinner on Wednesday next.

Place_______

Date__________

રા. રા. ચંદુલાલ જણાવવાને દીલગીર છે કે પોતાના રોકાણના લીધે તે મી. અને મીસીસ સોમચંદના આવતા બુધવારે જમણમાં આવી શકશે નહી.

જગ્યા__________

તારીખ______

Mr —has much pleasure in accepting Mr. and Mrs.–'S kind invitation to dinner on Wednesday next.

Place__________

Date__________

મી ....જણાવવાની રજા લે છે કે તે મી. અને મીસીસ............ના આવતા બુધવારના જમણવારનાં નોતરાનો ઘણી ખુશીથી સ્વીકાર કરે છે.

ઠેકાણુ__________

તારીખ.__________

Mr. Chhotalal presents his best compliments to Mr. Bhogilal Bhaidas and requests the pleasure of his company to witness the performance of *Ranak Devi* to be given by the Morvi Theatrical Party in his house on Monday the 8th April 1901 at 9 p.m.

રા. રા. છોટાલાલ, રા રા. ભગવાનલાલ ભાઇદાસને સલામ સાથે પોતાના મિત્રમંડળ સહીત પોતાને ઘેર તા. ૮ મી એપ્રીલ ૧૯૦૧ ના રોજ સોમવારે ૯ વાગે મોરબી નાટક મંડળી તરફથી થનાર રાણકદેવીના નાટકમા પધારવા વિનંતી કરે છે.

Mr Mohanlal **K**ikabhai presents his best compliments to Mr. Popatlal Vadilal and requests the Pleasure of his company

at *Nautch* Party to be held in his house on Saturday the 21st November.

Poona-Budhvar Peth, R. S. V. P.

17th *November* 1899.

રા. રા. મોહનલાલ કીશાભાઈ સલામ સાથે મી. પોપટલાલ વાડીલાલ અને તેમની મંડળીને તેમના ત્યા તા. ૨૧ મી નવેમ્બર ને શનીવારે થનાર નાચમા પધારવા વીનંતી કરે છે.

પુના બુધવાર પેંઠ.

તા. ૧૭મી નવેમ્બર ૧૮૯૯.

Bhadra 12-3 1901.

Sir,

As there is a caste-dinner to day in our relation I humbly request that you will do me the favour of granting leave to my Brother at about half-past three P. M. to day.

I am
Sir,
Your most obedient Servant
B. F. K.

સાહેબ,

આજે અમારા સગાને ત્યાં ન્યાત જમે છે તેથી હું નમ્રતા પૂર્વક અરજ કરૂ છુ કે આપ કૃપા કરી મારા ભાઇને આજે સાડાત્રણ વાગે રજા આપશો.

હું છુ, સાહેબ,
આપનો તાબેદાર સેવક.
ભ. ફ. ક.

To,

119 Byculla,
Bombay 3rd March 1901.

Sir,

As I am laid up with fever to day, I humbly beg to request, you will kindly excuse me for my non attendance in the office

I beg to ramain
Yours most obediently.
M. B. F.

૧૧૯ ભાયખલા–મુંબાઈ તા. ૩ જી માર્ચ ૧૯૦૧.

મહેરબાન ―――――――――――― સાહેબ.

સાહેબ,

આજે મને તાવ આવ્યો છે તેથી હું નમ્રતાપૂર્વક વિનંતી કરૂં છું કે ઓફીસમાંની મારી ગેરહાજરી માટે મને ક્ષમા કરશો. હું છું સાહેબ,

આપનો ઘણોજ તાબેદાર સેવક.

મ. બ. કે.

Sir.

As some urgent private affairs require my presence at *Bhadra*, I request your permission to be away from my duty till 4 P. M. this evening. I beg to remain,

Sir

Your most obedient Servant,

R. V. S.

સાહેબ,

અમુક ખાનગી કામ સારૂ મારે ભદ્રમાં જવાનું છે તેથી આપ સાંજના ચાર વાગ્યા સુધી મને રજા આપવાની પરવાનગી આપશો. હું છું સાહેબ,

આપના ઘણોજ તાબેદાર સેવક.

ર. વ. સ.

Sir,

As the marriage of my brother is to take place today, I humbly request the favour of your granting me leave of absence for two days. I have the honour to be,

Sir

Your most obedient Servant

L. D. E.

સાહેબ,

આજે મારા ભાઈનું લગ્ન હોવાથી કૃપા કરી મને બે દીવસ ગેરહાજર રહેવાની રજા આપશો. હું છું તમારો તાબેદાર સેવક,

L. D. M.

Sir,

I am going to Surat this afternoon, and my brother *Manilal* is to accompany me. Will you have the goodness, therefore to grant him leave for a month? I am

Yours faithfully,
V. R. T.

સાહેબ,

આજે બપોરના હું સુરત જાઉં છુ અને મારો ભાઈ મણીલાલ મારી સાથે આવનાર છે તેથી તેને એક માસની રજા આપવાની મહેરબાની કરશો?

લી. હું છુ. તમારો વિશ્વાસુ.
વ. ર. ઠ.

Dear Mr. Chunilal,

Will you give us the pleasure of your Company at a musical entertainment on the evening of the 4th inst. at 6 O'clock? I hope I shall not be dis-appointed,

Date Yours truly &c.

સ્નેહી ચુનીલાલ,

ચાલુ માસની ૪ થી તારીખે આપ આપની મંડળી સાથે ગાયનના જલસામા પધારી અમારા આનંદમાં વધારો કરશો. આશા છે કે તમો અમને નારાજ નહી કરો.

તા. તમારો ઇ.

Letters of Introduction.

Ahmedabad,
Dear Mr. Ravishanker, *23rd March* 1901

Knowing your extensive connection and influence with the business community of your town, I take the liberty of an old friend, and ask your favour for the bearer, Mr. Bhudardas Vohora. He has been highly educated, particularly in the study of languages. Owing to reduction in the office; his services have lately been dispensed with. He is now in great distress. In pro-

viding him with a suitable post any where you like, I shall, thereby, feel much obliged.

I am as ever
Your friend & well wisher
Prabhashanker.

Ravishanker H. Dave. Esqr,
Ajmere.

પ્રીય રવીશંકર,

તમારા શહેરમા તમો એક મોટી વગસગ ધરાવતા જાણી એક જુના સ્નેહી તરીકે આ ચીઠી લાવનાર મી. ભુદરદાસ વ્હોરા ઉપર કૃપા કરવાની રજા લઉ છું. તેણે ઉંચી કેળવણી લીધી છે અને મુખ્યત્વે કરી ભાષાની. ઓફીસમાં ઘટાડો કરવાના સબબથી તેની નોકરી દુર કરવામાં આવી છે અને તેથી તે દુઃખી સ્થિતિમા છે અને તેથી તેને કાઇ પણ ઠેકાણે યોગ નોકરીએ વળગાડશો તો હું આપનો આભારી થઇશ.

હું છું તમારો સદાનો
સ્નેહી અને શુભેચ્છક.
પ્રભાશંકર.

રા. રા. રવીશંકર દવે.
અજમેર.

Dear Keshavlal,—I am very glad to introduce to you Mr. Mohanlal Dalal, and hope that you will kindly provide him, with a post in your office. I am happy to be able to say that he has been known to me for six years. He is an honest, energetic and painstaking young man of good conduct. He has with him a good many testimonials, the copies of which he will send you along with his application.

Should you give him a chance, I am sure your selection will be of a right person.

Yours truly,
Somchand.

સ્નેહી કેશવલાલ—તમને મી. મોહનલાલની ઓળખાણ કરાવતાં મને આનંદ થાય છે તમો તેને તમારી ઓફીસમા જગ્યા આપવાની કૃપા કરશો. કહેવાને મને આનંદ થાય છે કે તેને હું છ વરસ થયા ઓળખુ છું. તે પ્રમાણીક, મહેનતુ અને ઉદ્યોગી સદાચરણી યુવાન ગૃહસ્થ છે. તેની પાસે ઘણા સારા પ્રમાણ પત્રો છે જે તે તેની અરજી સાથે તમને મોકલાવશે.

જો તમો તેને નોકરીની તક આપશો તો તમોએ એક ખરા માણસને તક આપેલી હું સમજીશ.

તમારો સાચો,
સોમચંદ.

My Dear Mohanlal—The bearer of this is a personal friend of mine who is going up country for change. He is also desirous of visiting the places of interest in your town, and I therefore request you to show him as much attention as you would do to me.

Yours very sincerely,

Bhogilal Manilal Esq. Surajlal.

મારા સ્નેહી મોહનલાલ, આ ચીઠી લાવનાર મારો એક ખાસ સ્નેહી છે. તે હવાફેર માટે પ્રદેશ જાય છે અને રસ્તામા તમારા શહેરની જાણવા જેવી જગ્યા જોવાનો તેનો વિચાર છે અને તેટલા માટે તેના ઉપર તમારાથી બનતુ ધ્યાન અપાય તેટલુ આપવા મારી વીનતી છે.

તમારો અંતઃકરણપૂર્વક,

રા. રા. ભોગીલાલ મણીલાલ. સુરજલાલ.

My Dear Manilal—As I intend setting out immediately for Nasik, I shall esteem it a favour if you can oblige me with a letter of introduction to Sheth Dipchandbhai, a Zemindar of the locality.

Yours truly. V.

મારા વ્હાલા મણીલાલ,—થોડા વખતમા હુ નાસીક જવાનો છુ અને તેથી તમો ત્યાંના જમીનદાર શેઠ દીપચંદભાઇ ઉપર ભલામણ પત્ર લખી મોકલાવશો તો હું તમારો આભારી થઇશ.

તમારો સાચો; ઈ

Dear Sir,—Allow me to introduce to you Mr. Popatlal P. of the firm of Messrs. Popatlal Brothers, general order suppliers of Richey Road Ahmedabad, whom I have always found prompt and honest in their transactions with a personal friend of mine, at Baroda, for over three years. If you take them in to your confidences, rest assured you will never have to regret your choice.

I remain,

પ્યારા સાહેબ—મેસર્સ પોપટલાલ અને ભાઈઓ જે રીચીરોડ ઉપર સામાન પુરો પાડવાનો ધંધો કરે છે તે પેઢીના મી. પોપટલાલ માટે ભલામણ કરવાની મને રજા આપો. આ પેઢી સાથે મારો વડોદરાંના એક સ્નેહી ત્રણ વરસ ઉપર થયાં વ્યવહાર ચલાવે છે અને તે પ્રમાણીક અને નિયમીત કામ કરતા માલુમ પડયા છે. જો તમો તેમનાપર વિશ્વાસ રાખશો તો તમને પશ્ચાતાપ કરવાનું કારણ કદી મળશે નહીં.

હું છું તમારો.

Business Letters.

My Dear Ratanram,—As I have to meet tomorrow a small demand of Rs. 250 I therefore request you to lend me the amount for a fortnight. Believing you will not dis-appoint me.

Yours sincerely V.

મારા વ્હાલા રતનરામ—મારે આવતે કાલ રૂ. ૨૫૦) ની જરૂર છે તો આ રકમ એક પખવાડિયા માટે તમો મને ધીરશો. આશા છે કે તમો મને નિરાશ નહી કરો. તમારો અંતઃકરણપૂર્વક ઈ.

